# નાસ્તિક-મત-વાદનું નિરસન

ૐ

: પ્રથમ ભાગ :

: લેખક :

પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ.

: પ્રકાશક :

શેઠ ઘોંડીરામ બાળારામ, નિપાણી.

श्री वीतराग-परमात्मने नमः।

# નાસ્તિક-મત-વાદનું નિરસન

: પહેલો ભાગ :


: લેખક :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગસ્થ આ. શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મ.ના પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.ના પટ્ટાલંકાર પૂ. પરમ શાસનપ્રભાવક, સમર્થ વિદ્વાન, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન

## પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ



: પ્રકાશક :

શેઠ ધોંડીરામ બાળારામ

નિપાણી : : : : જીલ્લા બેલગામ

[ દક્ષિણ મહારાષ્ટ્ર ]

**વીર સં. ૨૪૬૫ ]**    **ભેટ**    **[ વિ. સં. ૧૯૯૫**

# સાદર સમર્પણ



જેઓની આસ્તિકતા અને સુદૃઢ સિદ્ધાન્તાનુસારિતા આજે નાસ્તિકોની નાસ્તિકતાને કંપાવી રહી છે તથા આસ્તિકોની આસ્તિકતામાં અપૂર્વ પ્રાણસંચાર કરી રહી છે તથા જેઓ પોતાના શિષ્યગણમાં એ મહાન ગુણનો અપ્રતિમ વારસો અને સુવાસ આપતા ગયા છે, તે પૂજ્યપાદ સુગૃહિતનામધેય, સુવિહિતશિરોમણિ, પ્રાત:સ્મરણીય, શાસનમાન્ય, પરમ ગીતાર્થ, સકલાગમરહસ્યવેદી, દીક્ષાદાતા, પરમ ગુરૂદેવ સ્વ૰ **શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** કરકમલમાં આ પુસ્તક સાદર સમર્પણ કરી કિંચિત્ કૃતાર્થતા અનુભવું છું.

અતીવ દુષ્પ્રતિકાર ઉપકારના ભાર તળે કચડાયેલો,

આપના દાસના દાસનો

દાસ—કિંકર ભદ્રંકર

પૂ. સુગૃહિતનામધેય, સુવિહિતશિરોમણિ, પ્રાતઃસ્મરણીય
શાસનમાન્ય, પરમ ગીતાર્થ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્



વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

# પ્રકાશકનું નિવેદન

આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા મનનીય લેખો પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકર-વિજયજી મહારાજે અમારા ઉપર અનુગ્રહ કરીને લખી આપેલા છે. અમારા ભાગ્યોદયે તેઓશ્રીનું ગત ચાતુર્માસ અમારા ગામમાં થવાથી, અમને, અમારા કુટુંબને તથા અમારા ગામના સંઘને અપૂર્વ ધાર્મિક ફાયદો થયો છે. પૂ. મહારાજશ્રીની છત્રછાયા નીચે અમારા ઘરમાંથી શ્રી અઠ્ઠાવીસ લબ્ધિ તપ તથા શ્રી અક્ષયનિધિ તપ થવા ઉપરાન્ત, અમારા ચિ. ભાઈ કાન્તિલાલ તથા ચિ. માણે-કલાલ વિગેરે, કે જેઓ હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે, તેમણે શ્રી ઉપધાન તપ પણ કર્યો છે તથા સમ્યગ્ જ્ઞાનાદિકના અભ્યાસ માટે પણ યથાશક્તિ પ્રયાસ કર્યો છે.

અમારાં ધર્મપત્નિ સૌભાગ્યવતી ચંપાબાઈ, કે જેમણે શ્રી પંચમી તપ તથા શ્રી એકાદશી તપનું આરાધન પૂર્ણ કર્યું છે, તે તપના ઉધાપન નિમિત્તે આ પુસ્તક ભેટ આપવા માટે તૈયાર કર્યું છે.

તપના ઉદ્યાપન નિમિત્તે સમ્યગ્જ્ઞાનની ભક્તિ કરવાનો વિચાર અમને ઘણા વખતથી હતો. પૂ. મહારાજશ્રીને તે સંબંધી વાત કરતાં, તેઓશ્રીએ ફરમાવ્યું કે–' પ્રાચીન પૂર્વાચાર્યવિરચિત ઘણા ગ્રન્થો હાલ છપાયા વિના રહ્યા છે, તેમાંથી કોઈ સારા ગ્રન્થને પસંદ કરી છપાવવામાં આવે તો મહાન લાભ થાય. ' અમને પણ તે વાત પસંદ આવી, પરન્તુ હાલ અમારે મોટું ખર્ચ કરવાની અભિલાષા નહિ હોવાથી, વર્તમાન જમાનામાં ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોના અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસન પ્રત્યે જડવાદના પ્રભાવે લોકોની ઘટતી જતી શ્રદ્ધા સ્થિર થાય, તેવું થોડુંક સાહિત્ય લખી આપવાની વિનંતિ કરી. તેના પરિણામે તેઓએ પ્રસંગસર પોતાના અભ્યાસ માટે સ્વપરને ઉપયોગી થાય તેવા કેટ-લાક લેખો નિપાણીના ચાતુર્માસ દરમ્યાન લખ્યા હતા તે અમને બતાવ્યા

અને બાકીના ખૂટતા પણ લખી આપવા માટે કૃપા કરી, જે અમને અતિશય ઉપકારક લાગવાથી, અમારી ભાવનાનુસાર આ પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરીએ છીએ.

આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા લેખોમાં ભગવાન્ શ્રી વીતરાગદેવના શાસન પ્રત્યે ઘટતી જતી શ્રદ્ધાનું સાચું નિદાન કરવામાં આવ્યું છે અને તે શ્રદ્ધારૂપી ધન ફરી પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયેલનું સંરક્ષણ તથા વૃદ્ધિ કરવા માટે શાસ્ત્રનિર્દિષ્ટ સુંદર ઉપાયોનું પણ આછું દર્શન કરાવવામાં આવ્યું છે. અમને આશા છે કે–વર્તમાનમાં જેમ અનેક પ્રકારનું જેણે તેણે અને જેમ તેમ લખેલું સાહિત્ય વાંચીને શ્રદ્ધા અને ચારિત્રની પાયમાલી કરવામાં આવે છે, તેમ સુશ્રદ્ધા અને સમ્યક્ચારિત્રને પોષક, યોગ્ય પુરૂષોના હાથે લખાયેલું આ જાતિનું સાહિત્ય વાંચવા માટે પણ થોડો ઉદ્યમ કરવામાં આવશે, તો જૈન કોમની ધાર્મિક પડતી દશા ઘણા અંશે અટકી જવા પામશે.

નિપાણી ( દ. મહારાષ્ટ્ર )
વિ. સં. ૧૯૯૫,
પોષ સુદ ૧૫, ગુરૂવાર.

લી. શ્રીસંઘનો સેવક
**ઘોંડીરામ બાળારામ**

## અ૦નુ૦ક્ર૦મ૦ણિ૦કા


| | | |
|---|---|---|
| ૧ | પ્રાક્કથન | ૫ |
| ૨ | આજના જમાનાની ત્રણ વિનાશક ચેપી બદીઓ | ૧ |
| ૩ | આત્મા અને પરલોક છે કે નહિ ? | ૮૮ |
| ૪ | પુણ્ય અને પાપનો વિવેક | ૧૧૫ |
| ૫ | શ્રી જિનપ્રતિમા શ્રી જિન સમાન શાથી ? | ૧૩૭ |
| ૬ | સર્વદર્શન–સમભાવની પોકળ માન્યતા | ૧૯૪ |
| ૭ | આવશ્યક સુધારા | ૨૧૧ |

નિપાણી( જી. બેલગામ )નિવાસી સુશ્રદ્ધાવંત

**શેઠ ધોંડીરામ બાળારામનાં ધર્મપત્ની**

# સૌ. ચંપાબાઈ



જેમણે શ્રી પંચમી તપ તથા શ્રી એકાદશી તપનું આરાધન પૂર્ણ કરતાં તે તપના ઉદ્યાપન નિમિત્ત

-:- આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. -:-

# પ્રાક્ કથન

આત્માની હયાતિનો ઇન્કાર કરવો, એ નિરન્તર ઉદય અને અસ્ત પામતા સહસ્રભાનુ સૂર્યની હયાતિનો ઈન્કાર કરવા કરતાં પણ અતિશય અજ્ઞાનતાભર્યું કૃત્ય છે. દૃશ્ય જગતને ભ્રાન્ત માનનાર દર્શન-કારોને પણ એ ભ્રાન્તતાનું ભાન કરનાર કોઈ એક પદાર્થની સત્યતાનો સ્વીકાર અવશ્ય કરવો પડ્યો છે. પરન્તુ દૃશ્ય જગત્ને જ એક પરમાર્થ સત્ય માનનાર અને એના ભોગવટા ઉપર જ સર્વ સુખોની મદાર બાંધનાર (નાસ્તિકમતી) લોક જ્યારે આત્મા અને પરલોકાદિ પદાર્થોનો ઈન્કાર કરવા તૈયાર થાય છે, ત્યારે તે ખરેખર, પોતાના અજ્ઞાનનું ભારેમાં ભારે પ્રદર્શન કરાવે છે. દૃશ્ય જગત્ જો સત્ય છે, તો એ જગત્ને જોનાર અને જાણનાર તેથી પણ અધિક સત્ય છે. નિયમિત સૂર્યના અસ્તોદયને સ્વીકારનારાઓ, એ અસ્તોદયની ક્રિયાને અભ્રાન્તપણે જાણનાર અને સમજનારને જ માનવાનો ઈન્કાર કરે, ત્યારે–'તેઓ સૂર્યના અસ્તોદયને જાણીને અને સમજીને બોલનારા છે કે માત્ર વૃથા પ્રલાપ કરનારા છે?' –એ પ્રશ્ન આવીને ઉભો જ રહે છે. પરન્તુ આજ સુધી આસ્તિક-મતી કે નાસ્તિકમતી, કોઈ પણ પ્રકારના લોકે સૂર્યના અસ્તોદયની ક્રિયાના જ્ઞાનને કે કથનને અસત્ય કે પ્રલાપ માત્ર તરીકે માનેલ કે

કહેલ નથી : અને સૂર્યનો અસ્તોદય એ જો સત્ય અને નક્કર હકીકત છે, તો તે નક્કર હકીકતને જાણનાર અને જોનારના હોવાની હકીકત એથી પણ અધિક સત્ય અને નક્કર છે, એમ માન્યા સિવાય કોઈને પણ ચાલે તેમ નથી.

દૃશ્ય જગત્‌ને માનવા છતાં તે જગત્‌ને જાણનાર અને દેખનારને નહિ માનનારા, દીપકના પ્રકાશથી દેખાતી વસ્તુઓને માને છે, પણ દીપકને જ માનવાની ના પાડે છે ! જો દીપક નથી, તો વસ્તુને દેખાડનાર કોણ છે ? અને જો દેખાડનાર નથી, તો વસ્તુઓ દેખાય છે શાથી ? વસ્તુને માનવા છતાં તેને દેખાડનારને નહિ માનનારા આ બેમાંથી એક પણ પ્રશ્નનો સત્ય અને સમાધાનકારક ઉત્તર કદી પણ આપી શકવાના નથી. સમાધાનકારક અને સત્ય ઉત્તર તો જ મળી શકે તેમ છે કે–વસ્તુ માનવાની સાથે તેને દેખાડનારને પણ તેટલા જ વિશ્વાસપૂર્વક માનવામાં આવે.

જગત્‌ના સમસ્ત વ્યવહારમાં તેજ પ્રમાણેની માન્યતા ચાલી રહેલી અનુભવાય છે. માત્ર જ્યારે આત્માની વાત આવે છે ત્યારે જ, તેવા પ્રકારના આત્માઓને, સત્ય પદાર્થનો પણ ઈન્કાર કરવાનું મન થાય છે. ‘ દૃશ્ય જગત્ એ સત્ય છે તો એ દૃશ્ય જગત્‌ને જોનાર એથી પણ અધિક સત્ય છે.’–આટલી સાદી વાત પણ આજે લોકને મનાવવી આટલી મુશ્કેલ કેમ બની ગઈ છે ?–એવો પ્રશ્ન થવાનો અહીં અવકાશ છે. પરન્તુ આત્મા એ સ્વાનુભવસિદ્ધ સત્ય પદાર્થ હોવા છતાં, એની હયાતિનો સ્વીકાર કરવામાં વિષયલોલુપી જગત્‌ને ભારેમાં ભારે કષ્ટ ભાસે છે. અસાર અને તુચ્છ એવા વિષયોની પ્રાપ્તિ અને તેના ઉપભોગમાં જ સાચું સુખ અને શાન્તિ છે, એવી કલ્પના માનવીઓની જ્યાં સુધી નાશ પામવાની નથી, ત્યાં સુધી સ્વપ્રત્યક્ષસિદ્ધ આત્માનો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર તેઓ તરફથી કદી પણ થવાનો નથી. વિષયોમાં સુખની કલ્પના જેટલા અંશમાં જવા લાગે છે, તેટલા અંશમાં આત્મજ્ઞાનની સ્થિરતા અને પ્રતીતિ દૃઢ થતી જાય છે : અર્થાત્–આત્મજ્ઞાનની

શ્રદ્ધાથી આત્માને ભ્રષ્ટ કરનાર મોટામાં મોટો શત્રુ કોઈ હોય, તો તે વિષયાસક્તિ છે.

વિષયાસક્તિના કારણે, અધિકમાં અધિક સત્ય એવા સ્વપ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ, આત્માના અસ્તિત્વ માટે અનેક પ્રકારની ભ્રાન્તિ ફેલાવનાર વિચારો આ દુનિયામાં હંમેશને માટે હયાતિ ધરાવી શકે છે : તેમાં સૌથી નિકૃષ્ટ કોટિના વિચારો આત્માના અસ્તિત્વનો સર્વથા ઈન્કાર કરનાર નાસ્તિક–મત–વાદિઓના છે. એ વિચારોને ધારણ કરનારા અને પ્રચારનારા આત્માઓ શાસ્ત્રોમાં પાપિષ્ઠમાં પાપિષ્ઠ તરીકેની ખ્યાતિને પામેલા છે : કારણ કે–આત્માની ઉન્નતિ કરનારી સર્વ પ્રકારની સત્પ્રવૃત્તિઓના તેઓ હંમેશાં કટ્ટરમાં કટ્ટર વિરોધી રહે છે.

એક આત્માના અસ્તિત્વનો ઇન્કાર કર્યા પછી, કોઈ પણ સત્પ્રવૃત્તિને સત્પ્રવૃત્તિ માનવાની રહેતી જ નથી. બીજા શબ્દોમાં યથેચ્છ વિષયોપભોગની આડે આવનાર સઘળી પ્રવૃત્તિઓ તેઓ માટે વિઘ્નરૂપ અને વિરોધ કરવા લાયક બને છે અને માત્ર સુખપૂર્વક વિષયોપભોગ થઈ શકે તેટલી જ પ્રવૃત્તિઓ તેઓને કર્તવ્યસ્વરૂપ ભાસે છે. એ કારણે નાસ્તિક–મત–વાદનો આશ્રય, એ નિર્ભીકપણે જગત્માં પાપનો પ્રચાર કરવાનું એક મહાનમાં મહાન હથિયાર છે. અતિશય પાપી આત્માઓ પોતાનાં તે પાપોને ઢાંકવા માટે એ હથિયારનો આશ્રય કરે છે.

કેટલાક એવા પણ આત્માઓ હોય છે, કે જેઓ પાપના રસીયા હોતા નથી કિન્તુ સ્વભાવથી જ પાપને ધિક્કારનારા હોય છે. એ આત્માઓ પણ કેટલીક વખત નાસ્તિકમતના શિકાર બની જતા જોવાય છે. એનું કારણ એક એ પણ કલ્પી શકાય છે કે–આત્માનું અસ્તિત્વ એ સૂર્યના અસ્તિત્વથી પણ અધિક સત્ય અને સર્વને પ્રત્યક્ષ હોવા છતાં, એ પ્રત્યક્ષ ઐન્દ્રિયક પ્રત્યક્ષ નથી કિન્તુ અતીન્દ્રિય અર્થાત્ માનસિક પ્રત્યક્ષ છે, અને માનસિક પ્રત્યક્ષ એ થોડી પણ વિચારણા માગે છે. ઐન્દ્રિયક પ્રત્યક્ષ ગ્રહણ કરવું એ જેટલું સુલભ છે, તેટલું સુલભ અનૈન્દ્રિયક પ્રત્યક્ષનું હોઈ શકતું નથી. અને એ જ કારણે કેટલાકો

ઐન્દ્રિયક પ્રત્યક્ષને 'લૌકિક પ્રત્યક્ષ' અને અનૈન્દ્રિયક (યાને માનસિક) પ્રત્યક્ષને 'અલૌકિક પ્રત્યક્ષ' પણ કહે છે. લોકમાં અતિ પરિચિત તે લૌકિક અને લોકમાં અપરિચિત અગર અલ્પ પરિચિત તે અલૌકિક એવો એનો અર્થ છે.

આંખોથી જોયેલું રૂપ કે કાનોથી સાંભળેલો શબ્દ ઇન્દ્રિયોને ગોચર હોવાથી, એના અનુભવનો કોઈ ઇન્કાર કરતું નથી, એટલું જ નહિ કિન્તુ એ અનુભવ સાચો છે, એવું સિદ્ધ કરી આપવાની કોઈને પણ જરૂર પડતી નથી: પરન્તુ મનથી ચિન્તવેલા પદાર્થો સત્ય છે કે અસત્ય છે એનો સંદેહ શીઘ્ર ટળતો નથી. એ પરીક્ષા માગે છે અને પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તો જ તે પદાર્થો સત્ય છે, એવી પ્રતીતિ થાય છે.

આત્માનું પ્રત્યક્ષ એ પણ સ્વસંવેદન માનસિક પ્રત્યક્ષ છે, તેથી તે સત્ય છે કે અસત્ય, તેનો નિર્ણય કરવા તે કસોટી માગે છે અને એ કસોટી બીજી કોઈ જ નહિ, કિન્તુ અનુભવિઓનાં વચનો અથવા શાસ્ત્ર રૂપી કસોટી છે. એ કસોટી ઉપર, આત્માનો અનુભવ કરાવનાર સ્વાનુભવ પ્રત્યક્ષને કસી લેવામાં આવે અને જો તે શુદ્ધ છે એમ ખાત્રી થાય, તો પછી જે જાતિનો આત્મનિશ્ચય થાય છે તે જાતિના આત્મનિશ્ચયથી આત્માને ચળાવવા માટે દેવો કે દેવેન્દ્રો પણ શક્તિમાન થઈ શકતા નથી. આત્મજ્ઞાન અને આત્મનિશ્ચયનો મહિમા ઘણો છે, તેથી તેની પ્રાપ્તિ અતિ દુષ્કર છે, તો પણ સામાન્યતયા તેની પ્રાપ્તિનો ઉપાય ઉપર વર્ણવ્યો તેજ છે.

વિષયોની લોલુપતાના કારણે નહિ, કિન્તુ સત્ય વિચારણાના અભાવે જે કોઈ આત્મા નાસ્તિકમતી વિચારોનો ભોગ થઈ પડયા હોય, તેવાઓને માર્ગદર્શક બનવું, એ આ ગ્રન્થમાં સંગ્રહિત લેખમાળાઓનો વિષય છે. એમાં દર્શાવેલા વિચારોનું ધીરજથી અને કદાગ્રહરહિતપણે અધ્યયન કરવામાં આવશે, તો અમારૂં એમ માનવું છે કે—ભયંકરમાં ભયંકર નાસ્તિકતાને આધીન થયેલો આત્મા પણ ક્ષણવારમાં આસ્તિક બની જશે: કારણ કે—આ લેખોમાં દર્શાવેલા વિચારો એ

કોઈ મનઃકલ્પનાથી કલ્પેલા નથી, કિન્તુ ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી સર્વજ્ઞ શાસનનાંજ અમૂક અંશે નિર્ઝરણાંઓ છે. એમાં અસત્યનો લેશ નથી અને સત્યનું આબેહુબ દર્શન છે.

શ્રી સર્વજ્ઞ શાસનની ખૂબી એ છે કે–વસ્તુ જેવી હોય તેવું તેનું જ્ઞાન કરાવવું. બીજા શબ્દોમાં–શ્રી સર્વજ્ઞ શાસનને નવું કાંઈ જ કહેવાનું હોતું નથી, પરન્તુ જગત્ જેવું છે તેને તે રૂપે દેખાડવાનું છે. જગત જેવું છે તેને તે રૂપે દેખવાની તાકાત જ્યાં સુધી પ્રાણિઓમાં આવી નથી, ત્યાં સુધી તેને તે રૂપે તેનું સદાય ભાન કરાવ્યા કરવું, એ શ્રી જૈનશાસનનું કાર્ય છે: અર્થાત્–જગતના પદાર્થો વિષયક પ્રાણિઓની ભ્રાન્તિનો નાશ કરવો, એ એનું પરમ લક્ષ્ય છે. આત્મા, પરલોક વિગેરે જે પદાર્ક્ષોનો શ્રી સર્વજ્ઞશાસન બોધ કરાવે છે, તે પદાર્થો કાંઈ નવા નથી, કિન્તુ આ જગતમાં અનાદિ કાળથી છે, છે અને છે: પરન્તુ કેટલાક તેને નથી એમ માને છે અને કેટલાક તેને છે એમ માને છે તો પણ અન્ય અન્ય સ્વરૂપે છે એમ વર્ણવે છે, એથી તેવા અતીન્દ્રિય પદાર્થો સંબંધી અનેક જાતિની ગેરસમજો આ જગતમાં હંમેશાં ફેલાયેલી ચાલુ રહે છે. શ્રી સર્વજ્ઞનું શાસન એ ગેરસમજોને દૂર કરવા માટે દીપક યાને સર્ચલાઈટની ગરજ સારે છે. શ્રી સર્વજ્ઞશાસન રૂપી દીપક યા સર્ચલાઈટના ઝળહળતા પ્રકાશથી એ સઘળા પ્રકારની ભ્રાન્તિઓ નાશ પામે છે. શ્રી સર્વજ્ઞશાસનનો જગત ઉપર એજ એક મોટામાં મોટો ઉપકાર છે. એ ઉપકાર એટલો મોટો છે કે–એનો બદલો આપણાથી કદી પણ વળી શકે એવો નથી.

આ પુસ્તકમાં આવેલા લેખો એ આત્મા અને પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થોનો નિશ્ચય કરાવે છે, તો પણ એ નિશ્ચય કેવળ સામાન્ય પ્રકારનો છે, એ ભૂલવું જોઈતું નથી. આત્મા અને પરલોકાદિ પ્રમાણ-સિદ્ધ પદાર્થોનો વિશેષ નિશ્ચય તો શ્રી સર્વજ્ઞકથિત શાસ્ત્રોના વિશેષ અવગાહનથી જ થઈ શકે તેમ છે, તો પણ સામાન્ય નિશ્ચય એજ

વિશેષ નિશ્ચયની જિજ્ઞાસા પેદા કરાવનાર હોવાથી, સૌથી પ્રથમ સામાન્ય નિશ્ચયને જ સુદૃઢ બનાવવાની આવશ્યકતા રહે છે.

તેમાં પણ આજના જમાનામાં કે જ્યારે આત્મા, પરલોકાદિ પદાર્થોને ભૂલીને જ સઘળી વાતો કરવામાં આવે છે, તેવા સમયે આ પુસ્તક અર્થી આત્માઓને અતિશય ઉપકાર કરનારૂં થઈ પડે, તો ના કહી શકાય નહિ. જેઓ વિષયલોલુપતાના કારણે નાસ્તિકમતી બન્યા હશે, તેવા આત્માઓને છોડી દઈએ, તો બીજા આત્માઓને તો, અમારી ખાત્રી છે કે–આમાં દર્શાવેલા વિચારો સત્ય માર્ગનું દર્શન કરાવવા માટે એક અપૂર્વ આદર્શ (દર્પણ)ની ગરજ સારશે અને એક વખત સત્ય માર્ગનું દર્શન થયા પછી ધર્મનો વિરોધ કરવો એ કેટલું ભૂલભર્યું છે, એ સમજાવવાનું બાકી રહેશે નહિ.

આ લેખમાળાઓમાં શ્રી સર્વજ્ઞશાસનના સિદ્ધાન્તો ઉપરાન્ત અન્ય યુક્તિવાદનો પણ આશ્રય લેવાયો છે, કે જેની આજના જમાનામાં સત્યની પ્રતીતિ કરાવવા માટે જરૂર છે, એમ અમને સમજાયું છે. 'આત્મા અને પરલોક છે કે નહિ?' તથા 'પુણ્ય અને પાપનો વિવેક'–એ બે લેખમાળાઓમાં વૈદિક અને લૌકિક યુક્તિઓનો ઘણા ભાગે આશ્રય લેવાયો છે: અને એમાં અમારો ઉદ્દેશ લૌકિક સિદ્ધાન્તો તથા વૈદિક સિદ્ધાન્તોને માન્ય રાખનારાઓને પણ તેમની જ યુક્તિઓથી આત્માદિ પદાર્થોનો નિશ્ચય કરાવવાનો છે.

'નાસ્તિક–મત–વાદના ખંડન માટે લખાયેલા આ પુસ્તકમાં શ્રી જિનપ્રતિમાનું મહત્ત્વ સ્થાપન કરવાની શી આવશ્યકતા હતી?'–એવો પ્રશ્ન–'શ્રી જિનપ્રતિમા શ્રી જિનસમાન શાથી?'–એ લેખને જોવાથી કોઈને પણ થાય, એ સહજ છે. પરન્તુ તેનો ઉત્તર એ છે કે–'નાસ્તિક–મત–વાદ' એ પાયા વિનાનો અને મહાન અહિત કરનારો છે, એ વાતનો નિશ્ચય થયા પછી તેના સતત્ પ્રતિકાર માટે સ્હેલાઈથી આચરી શકાય એવો ઉપાય શું? એવી 'જિજ્ઞાસા' કોઈને પણ થવી એ સુસંભવિત છે. સમજો કે–એ 'જિજ્ઞાસા'ની પૂર્તિ માટે જ

'શ્રી જિનપ્રતિમા' સંબંધી લેખ પણ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યો છે. શ્રી જિનપ્રતિમાનું દ્રવ્ય–ભાવથી પૂજન એ ત્રણે કાળમાં દેવ, દાનવ અને માનવ, સઘળાઓ માટે એક એવી લોકોત્તમ ક્રિયા છે કે–તેને શુદ્ધભાવથી આચરનાર વ્યક્તિનું તે નિશ્ચિત કલ્યાણ કરે છે અને દિનપ્રતિદિન કલ્યાણપથમાં તેને આગળ ને આગળ વધારે છે. નાસ્તિકતાદિ ચેપી રોગો એ ગમે તેવા જબ્બરજસ્ત હોય, તો પણ શ્રી જિનપૂજનને નિરન્તર ભાવપૂર્વક આચરનાર આત્મા ઉપર તેની રતિભર પણ અસર થઈ શકતી નથી. એ જ કારણે અમે આ પુસ્તકની પ્રથમ જ લેખમાળાના ઉપસંહારમાં જણાવ્યું છે કે–'નાસ્તિાકતાદિ બદીઓથી બચવા અને આસ્તિકતાદિ સદ્દગુણોને પામવા માટે સમ્યગ્દર્શનની નિર્મળતા કરાવનાર સડસઠ (૬૭) પ્રકારના વ્યવહારોનું સેવન અહર્નિશ જરૂરી છે અને તેમાં શ્રી અરિહંત અને તેમની પ્રતિમાનો વિનય એ મૂખ્ય છે.'

'શ્રી અરિહંત અને તેમની પ્રતિમાનો વિનય'–એ ભારેમાં ભારે ઉપકારક લોકોત્તમ ક્રિયા હોવા છતાં, એના મહત્ત્વનો પૂરતો ખ્યાલ ન આવે ત્યાં સુધી, આત્માર્થી આત્માઓ પણ તેનો આદર કરવા તૈયાર ન થાય, એ બનવાજોગ છે. એ કારણે તેવા પ્રકારના કલ્યાણકામી આત્માઓ શ્રી જિનની પ્રતિમાના પૂજનનો અચિન્ત્ય ફળદાયી અને અતિશય ચમત્કારિક મહિમા સમજવા ભાગ્યશાળી બને, એ કારણે 'શ્રી જિનપ્રતિમા શ્રી જિન સમાન શાથી? યાને શ્રી જિનપ્રતિમાના પૂજનની પ્રમાણપુરઃસર સિદ્ધિ.'–એ વિષયનું વિવેચન કરનાર લેખને આ પુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

શ્રી જિનમતના આસ્તિક આત્માઓની શ્રદ્ધા ઉપર લૂંટ ચલાવનાર અને શ્રી જિનમતની સત્ય જિજ્ઞાસાને કાપી નાંખનાર, એક નવીન પ્રકારના મતનું જોર આજકાલ વધતું ચાલ્યું છે અને તે મતનું નામ છે–'સર્વ–દર્શન–સમભાવ.' બહારથી સુંદર અને મોહક જેટલું તેનું નામ છે, તેટલું જ અસુંદર અને ભયંકર તેનું અંદરથી કામ છે. માણસની


સત્ય માટેની જિજ્ઞાસાને કચડી નાંખવા માટે તે કારમું હથિયાર છે તથા જગત્‌ના અસત્ય મતોને પણ સત્ય તરીકે પ્રચારવા માટેનું તેની પાછળ ભયંકર કૌટિલ્ય છે. એ કુટિલ મતની કુટિલતાને આજે પ્રયત્ન પૂર્વક બહાર પાડવાની જરૂર છે. વિસ્તારથી નહિ તો પણ સંક્ષેપથી આ પુસ્તકમાં 'સર્વ–દર્શન–સમભાવ'ની માન્યતા કેટલી પોકળ છે, તે દાર્શનિક પદ્ધતિએ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અમે ઇચ્છીએ છીએ કે–બુદ્ધિશાળી આત્માઓ આનો ઉપયોગ કરે અને નાસ્તિકમતી આત્માઓના પ્રચારકાર્યથી આજે જગત્‌ને જે હાનિ થઈ રહી છે, તેને ઘેર ઘેર ફરીને દર્શાવે : અર્થાત્–નાસ્તિકમતનું કુસાહિત્ય અને વાસનાઓ આજે ઘેર ઘેર વંચાઈ અને ફેલાઈ રહી છે, તેમ આસ્તિકમતનું સુસાહિત્ય અને સુવાસનાઓ પણ ઘેર ઘેર વંચાય અને ફેલાય તેવો પ્રયત્ન કરે. એ જાતિના પ્રયત્નમાં સમય, શક્તિ અને આયુષ્યનો જેટલો વ્યય છે, તેટલો સ્વપરને અતુલ ફાયદો કરનાર છે, એ યાદ કરાવવાની અમારે જરૂર હોય નહિ.

કોલ્હાપુર<br>(દક્ષિણ મહારાષ્ટ્ર)<br>સં. ૧૯૯૫ના પોષ શુદી<br>૧૧, સોમવાર

—મુનિ ભદ્રંકરવિજય

સમાપ્ત




## લેખાંક ૧ લો :

### વાતાવરણની અસર:

બહારથી સુંદર લાગતી વર્તમાન જમાનાની મોહકતા પાછળ જે વિનાશકતા છપાયેલી છે, તેને કળી શકવા માટે, દુનિયામાં સારો ગણાતો વર્ગ પણ આજે અસમર્થ બન્યો છે. વાતાવરણની અસર, અયોગ્ય કેળવણીની અસર અગર જડ-વાદની અસર–વિગેરે વસ્તુઓ કેટલું સામર્થ્ય ધરાવે છે, એ નજરે નિહાળવા માટે વર્તમાન જમાનો એક આદર્શ પ્રદર્શન છે. આસ્તિક પ્રજાને નાસ્તિક બનાવવા માટે, વિષયથી વિરક્ત પ્રજાને વિષયલંપટ બનાવવા માટે તથા ધર્મને પ્રધાન સમ-જનાર પ્રજાને લોકપ્રધાન બનાવવા માટે જે ઝેરી પ્રચારકાર્ય છેલ્લાં પાંચ–પચાસ વર્ષમાં આ ભારતભૂમિ પર થયું છે, તે તત્ત્વજ્ઞ અને વિચારક પુરૂષોને આશ્ચર્યની સાથે ભારે ખેદ ઉપજાવનારૂં છે, એમ કહેવું એ લેશ માત્ર અતિશયોક્તિભર્યું નથી.

**તત્ત્વજ્ઞોનું દુઃખ:**

જગતના તત્ત્વને જાણનારા મહાપુરૂષો, વર્તમાન જમાનાની મોહકતાની પાછળ છૂપાયેલી વિનાશકતાને એટલી બધી સ્પષ્ટપણે નિહાળી રહ્યા છે કે-એ વિનાશકતાનો ભોગ બની રહેલ દુનિયાનું ભાવિ અનિષ્ટ તેમના હૃદયને ભારે દુઃખ ઉપજાવે છે: કિન્તુ તત્ત્વજ્ઞ પુરૂષોને દુઃખ થાઓ કે સુખ, એ વિષયની અતત્ત્વજ્ઞ દુનિયાને કોઇ કાળે પણ પરવા હોતી નથી. તત્ત્વજ્ઞ પુરૂષોના એ દુઃખને જે જોઇ શકે છે, તેવા આત્માઓની સંખ્યા જગતમાં બહુ અલ્પ હોય છે. જગત ન જોઇ શકે એટલા માત્રથી તત્ત્વજ્ઞ પુરૂષોની એ ચિંતા લેશ માત્ર ઓછી થઈ શકતી નથી. એ ચિન્તાના બોજામાંથી તત્ત્વજ્ઞ પુરૂષોને મુક્ત કરાવવાની ચિન્તા જે આત્માઓના હૃદયમાં જાગે છે, તે આત્માઓ કૃતજ્ઞતા ગુણને સાર્થક કરે છે. તે સિવાયના આત્માઓ કૃતજ્ઞતા એટલે ઉપકારિઓના ઉપકારની કદર બુઝવા જેટલી લાયકાતને પણ હજુ પામ્યા નથી.

**કૃતજ્ઞતા ગુણ:**

અધમ સ્થિતિમાં રહેલા આત્માને ઉંચે ચઢવા માટે જે અનેક પ્રકારના ગુણોનું અવલંબન લેવું અનિવાર્ય છે, તે સર્વે ગુણોમાં કૃતજ્ઞતા ગુણ સર્વ પ્રથમ છે. બીજા તરફથી પોતાના ઉપર થયેલા ગુણોને જાણવા જેટલી તાકાત પણ જે ધરાવતો નથી, તે આત્મા પોતાના ઉપર કોઈ પણ પ્રકારનો ઉપકાર નહિ કરનાર આત્માઓ ઉપર પણ ઉપકાર કરી શકશે, એવો દાવો ધરાવતો હોય, તો તે મિથ્યા છે. પરોપકારાદિ મહાન્ ગુણો પામવા માટે, કૃતજ્ઞતા, એ પ્રથમ પગથીયું છે. કૃતજ્ઞતા ગુણની ખાતર પોતાની સમસ્ત જાતનો ભોગ આપવાની શક્તિ

આવ્યા પછી જ, બીજા ગુણોની પ્રાપ્તિ આત્માને થવા માંડે છે. કૃતજ્ઞ આત્મા તે છે, કે જે બીજાએ પોતાના ઉપર કરેલા ગુણને કદી વિસરતો નથી. જ્ઞાનિપુરૂષો ફરમાવે છે કે-'કરેલા ગુણને પણ નહિ જાણનાર આત્મા અતિ નિષ્ઠુર પરિણામને ધારણ કરવાવાળો છે.' પરિણામની કોમળતા માટે અને પરિણામની વિશુદ્ધિ માટે કૃતજ્ઞતા ગુણ પણ પરમ આવશ્યક છે, એમાં કોઈનો પણ વિવાદ ચાલે તેમ નથી.

દુષ્પ્રતિકાર કોણ?

ગુણની શરૂઆત જ્યારે કૃતજ્ઞતાથી થાય છે, ત્યારે સૌથી પ્રથમ જગતના જીવો તે ગુણ પામી શકે, એ માટે તત્ત્વદર્શી આત્માઓએ ઘણી જ તકેદારી રાખી છે. '**दुष्प्रतिकारौ मातापितरौ**' એ પ્રસિદ્ધ ઉક્તિ જગતના જીવોને એ જ બોધ આપે છે. કોણ નથી જાણતું કે-'માતાપિતા સંતતિની ઉત્પત્તિમાં અને ઉત્પન્ન થયેલી સંતતિના સંરક્ષણમાં પોતાના મોહ ખાતર જ પ્રવર્તે છે? પોતાની સંતતિનું ભલું ચાહવામાં કે ભલું કરવામાં, કોઈ પણ પ્રકારનો પૌદ્ગલિક મોહ કે ઐહિક સ્વાર્થ ન જ હોય, એવાં માતાપિતાની શોધ કરવામાં આવે, તો આ જગતમાંથી કેટલા જડે તેમ છે? તત્ત્વજ્ઞાનિઓ આ નહોતા જાણતા એમ નહિ. જાણવા છતાં પણ એ દીર્ઘદર્શી મહાપુરૂષોએ માતાપિતાને દુષ્પ્રતિકાર તરીકે ઓળખાવી, તેમની સેવા માટે જ જગતને પ્રેર્યું છે. જગતની આગળ માતાપિતાના મોહ કે સ્વાર્થને આગળ ધર્યો નથી, કિન્તુ ઉપકારને જ આગળ ધર્યો છે. એ ઉપકારનો બદલો કદી પણ વળી શકે એવો નથી, એમ ભારપૂર્વક જણાવ્યું છે. એ ઉપકારનો બદલો જે પ્રકારે વાળી શકાય તેમ છે, તે પ્રકાર પણ સ્પષ્ટતયા દર્શાવ્યો છે.

**જ્ઞાનિઓનો ઇરાદો:**

જગતના જીવો ઉપર માતાપિતાનો ઉપકાર અમાપ છે. એ ઉપકારનો બદલો સામાન્ય ઉપાયોથી વળી શકે તેમ નથી, એ કારણે માતાપિતા જીવે ત્યાં સુધી તેઓની ઉત્તમોત્તમ રીતિએ ભક્તિ કરવી એ ગૃહસ્થોનો ધર્મ છે, એમ કહેવામાં જ્ઞાનિઓ લેશ પણ સંકોચ ધરાવતા નથી. જ્ઞાનિઓના આ આદેશની પાછળ કોઈ પણ હેતુ હોય, તો તે માત્ર કૃતજ્ઞતા ગુણનો વિકાસ કરવાનો છે. ગૃહસ્થપણામાં કૃતજ્ઞતા ગુણનો વિકાસ એ રીતે જ થઈ શકે એમ છે. એ ગુણના વિકાસની ખાતર માતાપિતાના મોહની કે સ્વાર્થની સામે જોવાનો સર્વથા નિષેધ છે. એમનો મોહ કે સ્વાર્થ એમના માટે ગમે તેટલો નુકશાનકારક હોય, તો પણ એનાથી જેઓને ફાયદો થયો છે, તેઓએ તો આગળ વધવા માટે એ ફાયદાને જ મૂખ્ય બનાવવાનો છે. એ ફાયદાને જેઓ મૂખ્ય બનાવે નહિ, તેઓ કૃતજ્ઞતા ગુણને પામી શકે નહિ અને જે આત્માઓ કૃતજ્ઞતા ગુણથી વંચિત રહી જાય, તે આત્માઓ બીજા એક પણ સાચા ગુણને કદી જ પામી શકે નહિ.

**ગુણોનું બીજ:**

દુનિયાની કોઈ પણ ચીજથી માતાપિતાના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી, એનો સ્વીકાર કર્યા સિવાય આત્મા ધર્મના માર્ગમાં આગળ પ્રગતિ કરી શકતો નથી. 'માતાપિતા દુષ્પ્રતિકાર છે.'-એવી માન્યતા ધરાવનાર આત્મા, જ્યાં સુધી સંસારમાં રહે છે, ત્યાં સુધી તે માતાપિતાની ભક્તિમાં જ તત્પર રહે છે. એથી તે અનેક દુર્ગુણોનો ભોગ થતો બચે છે. જેના જીવનમાં માતાપિતા કે વડિલોની ભક્તિ એ મૂખ્ય

છે, તેના જીવનમાં અભિમાનાદિ દુર્ગુણો કે વિષયવિલાસાદિ પાપવાસનાઓ અમર્યાદિતપણે કદી જ પ્રવેશ પામી શકતી નથી. આ કૃતજ્ઞતા ગુણનું અધિકાધિક પાલન કરવા માટે આત્મા જેમ જેમ ઉત્સાહિત થતો જાય છે, તેમ તેમ તેનામાં બીજા અનેકાનેક ગુણો વિકાસ પામતા જાય છે. એ, દૃષ્ટિએ કૃતજ્ઞતા, એ ગુણોનું બીજ છે. એ બીજમાંથી જ્યારે અંકુરા પ્રગટવાની તૈયારી થાય છે, ત્યારે આત્મા માતાપિતાના દુષ્પ્રતિકાર ઉપકારને સુપ્રતિકાર બનાવવાનો માર્ગ શોધવા તલસે છે.

**ધર્મસેવા :**

કૃતજ્ઞતા ગુણનું પરિપૂર્ણ પાલન કરવા માટે કૃતજ્ઞ આત્માને સૌથી પ્રથમ જે માર્ગનું દર્શન થાય છે, તે માર્ગનું નામ ધર્મની સેવા છે. એક ધર્મની સેવા જ માતાપિતાના દુષ્પ્રતિકાર ઉપકારને સુપ્રતિકાર બનાવે છે. એ જ્ઞાન થયા પછી આત્મા જે રીતે એ ધર્મની પ્રાપ્તિ માતાપિતાને થાય તેવા ઉપાયો યોજે છે. તેના કૃતજ્ઞતા ગુણની માતાપિતા ઉપર પણ છાપ પાડે છે. એ છાપની અસર તળે આવેલ યોગ્ય માતાપિતા યા વડિલ ધર્મની પ્રાપ્તિ કરે છે. એ રીતિના યોગ્ય પ્રયત્નો દ્વારા ધર્મને પામેલા તેઓ દુષ્પ્રતિકાર મટી સુપ્રતિકાર બની જાય છે. ધર્મપ્રાપ્તિ માટે અયોગ્ય માતાપિતા પણ કૃતજ્ઞ આત્માને તો ધર્મની સેવામાં જ આગળ વધારનારા થાય છે. કૃતજ્ઞ આત્મા એવાં માતાપિતાને ધર્મી બનાવવા ખાતર સ્વયં ધર્મી બનવા પ્રયત્ન કરે છે અને એ ખાતર જ બીજો ઉપાય નહિ જણાતાં, '**ग्लानौषधवत्**' માતાપિતાનો ત્યાગ પણ કરે છે. એ રીતે માતાપિતાનો ત્યાગ કરનાર તેજ જન્મમાં અગર જન્માન્તરમાં તેવા પ્રકારના સામર્થ્ય દ્વારા અનેક

આત્માઓ ઉપર ઉપકાર કરી સ્વયં દુષ્પ્રતિકાર બની જાય છે.

**મૂખ્ય વિષય :**

કૃતજ્ઞતા ગુણનું આ મહત્ત્વ સમજનાર હરકોઈ આત્મા એ ગુણના પાલન ખાતર હિતૈષી અને તત્ત્વજ્ઞ પુરૂષોની ચિન્તાના બોજાને હલકો કરવા માટે સઘળા શકય પ્રયાસો કરે, એમાં લેશ માત્ર અધિકતા નથી. આપણે અહીં જે વિષય વિચારવાનો છે, તે એ છે કે-આજે તત્ત્વજ્ઞ પુરૂષોની ચિન્તાનું મૂખ્ય કારણ કોઈ પણ હોય, તો તે વર્તમાન જમાનામાં નાસ્તિકતા આદિ વિનાશક બદીઓનો ભોગ થનાર પ્રજાનો ભાવિ અનર્થ છે. એ અનર્થ એટલો ભારે છે કે-જેનું માપ કાઢી શકવું, એ શબ્દો દ્વારા શકય નથી. અયોગ્ય વાતાવરણ અને વિપરીત કેળવણી દ્વારા પ્રસાર પામતી નિર્ભીક્ નાસ્તિકતા, સફાઈદાર વિષયલંપટતા અને અજ્ઞાનતાભરી લોકહેરી ભારતવર્ષના અનેક નિર્દોષ આત્માઓનો કારમી રીતિએ ભોગ લઈ રહી છે. આસ્તિકતા-પ્રધાન, સંતોષપ્રધાન અને ધર્મપ્રધાન દેશમાં નાસ્તિકતા, અસંતોષ અને અધર્મનો પ્રચાર જેટલી જાગૃતિથી આજે થઇ રહ્યો છે, એટલી જાગૃતિથી યાને ઈરાદાપૂર્વક પૂર્વે કદી થયો હશે કે કેમ ?-એ એક શંકાસ્પદ વાત છે.

* * *

## લેખાંક ૨ જો :

**ચેપી રોગ :**

રોગ પણ અનેક પ્રકારના હોય છે. તાવ, ખાંસી, પેટની શૂલ વિગેરે દર્દો એવાં હોય છે કે-એ જેને થાય તે

પોતે જ હેરાન થાય છે : પણ મરકી, કૉલેરા કે કોઢ આદિ એવા દુષ્ટ પ્રકારના રોગો છે કે–અન્ય વ્યક્તિઓમાં પણ સહેલાઈથી પ્રસરી જાય છે. એનું જ નામ ચેપી રોગ છે. એવા ચેપી રોગો આ આર્યભૂમિમાં પૂર્વે થોડા અને કવચિત્ દેખા દેતા હતા. આજે તેની સંખ્યા વધતી જ જાય છે. ઈન્ફ્લ્યુ-એન્ઝા, મેનેન્જાઈટીસ, કંઝપ્શન આદિ જૂદા જૂદા સ્વરૂપે એ રોગો આ દેશમાં પ્રસાર પામતા જાય છે, છતાં તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ એ રોગો એટલા ભયંકર નથી, કે જેટલા ભયંકર નાસ્તિક-તાદિ ચેપી રોગો છે.

નાસ્તિકતા :

નાસ્તિકતા, એ કોઈ શારીરિક રોગ નથી. એ જો શારીરિક રોગ હોત, તો એની ચિન્તા કરનાર દયાળુઓની સંખ્યા આ દુનિયામાં પણ ઉભરાયા વિના રહેત નહિ. શરીરસુખને ચાહનારની સંખ્યા આ દુનિયામાં ઘટી ગઈ છે, એમ માનવું કોઇ પણ પ્રકારે સાચું નથી. ઉલટું શરીરસુખની ચિન્તા કરનારા આ દુનિયામાં જેટલા વધ્યા છે, તેટલા પૂર્વે કદાચ હશે કે કેમ ?–એ પણ શંકાસ્પદ છે. આમ તો શરીરસુખની ચિન્તા સૌ કરે છે, કરતા હતા અને કરશે : પરન્તુ પોતાને ભણેલા, ગણેલા અને સમજદાર કહેવડાવનાર વર્ગમાંથી કેવળ શરીરના સુખની જ ચિન્તા કરનાર જેટલા આ જમાનામાં ઉત્પન્ન થયા છે, તેટલા પૂર્વે કદી ઉત્પન્ન થયા નહિ હોય, એમ કહેવું અત્યુક્તિવાળું જણાતું નથી. આજના ભણેલાઓની ચિન્તા એક જ છે કે–'શરીરસુખ કેમ અધિક ભોગવાય ?' જેમ જેમ ભણતર વધે તેમ તેમ શરીરસુખનો મોહ વધે, તો એ ભણતર કહેવાય કે ભણતરાભાસ, એ પણ એક વિચારણીય વસ્તુ છે.

**ભણતર યાને વિદ્યા:**

ભણતરનો પર્યાય શબ્દ વિદ્યા છે. જેમ જેમ વિદ્યા વધે તેમ તેમ અવિદ્યા નાશ પામે, એ એક સિદ્ધ વસ્તુ છે. પ્રકાશ અને અંધકાર એક સ્થાને કદી જ રહી શકતા નથી. વિદ્યા એ પ્રકાશ છે, અવિદ્યા એ અંધકાર છે. એ બેઉને પરસ્પર સહ અનવસ્થાન લક્ષણ વિરોધ છે. આજના જમાનામાં જો ભણતર યાને વિદ્યા જ વધી છે અને વધે છે, તો શરીરસુખનો આટલો મોહ એ કયી રીતિએ ઘટિત છે? આજના માનવીઓએ પોતાના શારીરિક સુખના સંરક્ષણ ખાતર હિંસાને હિંસા ગણી નથી અને પાપને પાપ ગણ્યું નથી. જીવતા પંચેંદ્રિય પ્રાણિઓના સંહાર દ્વારાએ પણ પોતાને શરીરસુખ મળતું હોય, તો તેનો આજના ભણેલાઓને ઈન્કાર નથી. મદિરા, માંસ આદિ મહા અભક્ષ્યોના પણ ભક્ષણ દ્વારા પોતાનું શારીરિક સ્વાસ્થ્ય સચવાતું હોય, તો તેનું સેવન કરવા આજનો ભણેલો તૈયાર છે. શરીરસુખનો આ જાતિનો મોહ, અવિદ્યામાંથી જન્મે છે કે વિદ્યામાંથી, એની પણ આજના ભણેલા કહેવાતાઓને ગમ રહી નથી.

**અવિદ્યા શું છે?**

અવિદ્યા, એ એક જાતિનું ઘોર અજ્ઞાન છે. દુઃખને સુખ માનવું, અસ્થિરને સ્થિર સમજવું, અપવિત્રમાં પવિત્રપણાની બુદ્ધિ પેદા થવી અને અનાત્મ પદાર્થોમાં આત્મત્વનો ભ્રમ થવો, એ બધાં અવિદ્યાનાં વિલસિત છે. જો આજનો ભણેલો-ગણેલો વર્ગ પણ એવી જ જાતિના બુદ્ધિના વિપર્યાસમાં ઘેરાતો જતો હોય, તો એને તત્ત્વજ્ઞ પુરૂષો ભણતર કહેવાની ના પાડે, એમાં આશ્ચર્ય શું છે? તે ભણતર ભણતર જ નથી,

કે જે ભણતર થવા પછી સ્વયં દુ:ખસ્વરૂપ અને દુ:ખનાં જ કારણોને આત્મા સુખસ્વરૂપ કે સુખનાં સાધનો માની શકે? હિંસા એ સ્વયં દુ:ખ છે કે સુખ ? જૂઠ એ સ્વયં દુ:ખ છે કે સુખ ? ચોરી, અનીતિ કે અન્યાય એ સ્વયં દુ:ખ છે કે સુખ? મૈથુન, પરદારાગમન કે વિધવાગમન એ દુ:ખ છે કે સુખ? પરિગ્રહ, લોભ, અહંત્વ કે મમત્વ, એ દુ:ખ છે કે સુખ ? જે ભણતર આટલો પણ વિવેક કરાવી આપવાને નિષ્ફળ નિવડે છે, તે ભણતરને ભણતર શબ્દથી કહેવું કે કહેવડાવવું, ઓળખવું કે ઓળખાવવું, એ ભણતર શબ્દની ઘોર વિટંબના છે. તત્ત્વજ્ઞાનિઓએ એને વિદ્યાનો પ્રચાર નથી માન્યો, કિન્તુ તેઓની દૃષ્ટિએ એ કેવળ અવિદ્યાનો પ્રચાર છે.

### દુ:ખનાં પરમ કારણ :

હિંસા, જૂઠ, અનીતિ, વ્યભિચાર કે પરિગ્રહ આદિ ક્રિયાઓ એ કેવળ દુ:ખરૂપ જ છે એમ નથી, કિન્તુ દુ:ખનાં પરમ નિમિત્ત છે. 'હિંસા, જૂઠ, અનીતિ આદિ દુ:ખ છે કે સુખ? અને તે દુ:ખનાં નિમિત્ત છે કે સુખનાં ?'–એ જાતિના પ્રશ્નને બુદ્ધિમાનો સમક્ષ અવકાશ જ નથી. જગતનો કોઈ પણ પ્રાણી હિંસા, જૂઠ, અનીતિ આદિ કાર્યોને દુ:ખરૂપ ન માનતો હોય, એમ છે જ નહિ. પરન્તુ આસ્તિક અને નાસ્તિકમાં અંતર એટલું જ છે કે–નાસ્તિક આત્મા જ્યારે પોતાને કોઈ પીડે, પોતાને કોઈ ઠગે, પોતાના પ્રત્યે કોઈ અનીતિભર્યો વર્તાવ રાખે, ત્યારે જ માત્ર સામાને દુ:ખ આપનાર અને પાપી માને છે: આસ્તિક આત્મા તો જેવી રીતે પોતાને દુ:ખ આપનાર, છેતરનાર કે વિશ્વાસઘાત કરનારને પાપી અને દુષ્ટ માને છે, તેવી જ રીતે પોતે પણ જે જે આત્માઓને પીડે છે, દુ:ખ દે છે

કે ઠગે છે, તેને પણ પાપ અને ગૂન્હો માને છે અને તેવા પાપ અને ગૂન્હાઓનું બૂરૂં ફળ પોતાને પણ ભોગવવું પડવાનું છે એમ સ્વીકારે છે. હિંસા આદિ ઘોર પાપો પોતાના પ્રત્યે કોઈ આચરે, ત્યારે તેને પાપ માનવાં અને પોતે બીજા પ્રત્યે આચરે ત્યારે તેને પાપ ન માનવાં, આ જાતિનો ઘોર અન્યાય કર્મસત્તા જેવી ન્યાયી સત્તા ચલાવી લે, એ શું સંભવિત છે ?

**કર્મસત્તા :**

પરન્તુ નાસ્તિકતાના કારમા રોગથી રીબાતા આત્માઓ કર્મસત્તા જેવી કોઈ સત્તા આ જગતમાં વિદ્યમાન છે, એ માનવા જ તૈયાર નથી. એટલા જ માટે જ્ઞાનિપુરૂષોએ એ આત્માઓને તત્ત્વવિચારણાના માર્ગની બહાર રહેલાઓ તરીકે ગણ્યા છે. તત્ત્વની વિચારણામાં તેઓની સંમતિ છે કે અસંમતિ, તે જાણવાની પણ જ્ઞાનિપુરૂષોએ દરકાર રાખી નથી. પરમોપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ **હેમચંદ્રસૂરિશ્વરજી** મહારાજા એક સ્થળે ફરમાવે છે કે–

" विमतिः सम्मतिर्वाऽपि, चार्वाकस्य न मृग्यते ! "

**અર્થાત્**–" આત્મા, પરલોક, કર્મ અને મોક્ષ જેવા પ્રમાણસિદ્ધ પદાર્થોમાં પણ જેઓની મતિ મુંઝાય છે, તેવા નાસ્તિકોની સંમતિ છે કે વિમતિ છે, તે જાણવાની પણ ઈચ્છા નથી."

હિંસાદિક પાપો પોતાને જ્યારે દુ:ખરૂપ છે અને પોતાના પ્રત્યે તેને આચરનારો સર્વ પ્રકારની શિક્ષાને પાત્ર છે, એવું માનનાર આત્મા પણ તેજ ક્રિયાઓ પોતે બીજા પ્રત્યે આચરે, ત્યારે તેનું ફળ કે શિક્ષા નથી એવું માનવાની ધૃષ્ટતા કરે, તેના જેવો અજ્ઞાન, અવિવેકી કે દયાપાત્ર બીજો કોણ હોઈ શકે ?

## તત્ત્વજ્ઞોની ચિન્તા :

એવી જ રીતે નાસ્તિક આત્માની મતિમન્દતાનાં ઉદાહરણો આ જગતમાં એટલા વિપુલ પ્રમાણમાં છે કે-તત્ત્વજ્ઞ પુરૂષોને તેમના જેવા દયાપાત્ર, પામર અને દીન આત્માઓ અન્ય કોઈ નજરે ચઢયા નથી. પોતાની અજ્ઞાન અને વિવેકશૂન્ય માન્યતાઓના પ્રતાપે નાસ્તિક બનેલો આત્મા, આ મનુષ્ય-જીવનમાં એકલા પાપનો જ સંચય કરે છે. એ પાપના ભારથી ભારે થયેલો તે આત્મા જીવન પૂરૂં થયા બાદ કારમા દુઃખનો ભોગ થઈ પડે છે. તે વખતે એના બચાવ માટે એની પાસે કોઈ સાધન રહ્યું હોતું નથી. તત્ત્વજ્ઞ પુરૂષો આ બધી વસ્તુ-સ્થિતિથી સુજ્ઞાત હોવાના કારણે, જગતના નાસ્તિક આત્માઓ પ્રત્યે સૌથી અધિક દયાની નજરે જૂએ છે. પરન્તુ જે જમાનામાં ચેપી રોગની જેમ આ નાસ્તિકતાનો વાયુ પ્રસાર પામી રહ્યો હોય, તે જમાનામાં એના ચેપથી અન્ય આત્મા-ઓને બચાવી લેવાનું કાર્ય ગમે તેટલું જોરદાર હોય, તો પણ તે ધાર્યું ફળ આપનાર ન નિવડે, તો તેમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી.

## નાસ્તિક-મતનો પ્રચાર :

નાસ્તિક-મતનો પ્રચાર, એ જગતના જીવો માટે ભારે જોખમરૂપ છે, એ વસ્તુ આજે સારા ગણાતા માણસોમાં પણ લગભગ ભૂલાઈ ગયા જેવી બની ગઈ છે. એના પ્રતાપે જગ-તના ચોગાનમાં નાસ્તિક-મતનું પ્રચારકાર્ય જોસભેર ચાલી રહ્યું છે. ચેપી રોગની જેમ ઘેર ઘેર આજે નાસ્તિક-મતનો વાયુ પ્રવેશ પામી ચૂકયો છે. સૌ કોઈ એને જ ભણે છે અને એને જ વખાણે છે. એના પ્રસારથી થતી હાનિની કોઈ વાત કરવા

માંગે, તો તેને સાંભળવા જેટલી પણ ધીરજ, ફુરસદ કે દરકાર રહી નથી. નાસ્તિક-મતને વખાણનારા અને પ્રચારનારા વખણાય છે અને પૂજાય છે. એને ભણનારા અને ભણીને અમલ કરનારા પોતાની જાતને ધન્ય માને છે અને મનાવે છે. આજના મેળાવડા, માનપત્રો કે અભિનન્દનપત્રો મોટા ભાગે તેઓના માટે જ ગોઠવાય છે, કે જેઓ આસ્તિક મટી નાસ્તિક બનવામાં પૂરેપૂરૂં અભિમાન લેવા માટે સજ્જ થાય છે. આજનાં પ્રેસ (છાપાંઓ) અને પ્લૅટફૉર્મો (સભાઓમાં થનારાં ભાષણો) પણ તે (નાસ્તિકતા)ની જ વકીલાત અને તે (નાસ્તિકતા)નો જ ગર્જારવ કરી રહ્યાં છે. આ પરિસ્થિતિમાં નાસ્તિકતાની સઘળી ભયંકરતા તત્ત્વજ્ઞોના હૃદયમાં છૂપાઇ ગઈ હોય નહિ તેમ અદૃશ્ય જેવી બની ગઈ છે. તે (ભયંકરતા)નો અવાજ બધિરીભૂત બની ગયો છે. તેની ભીષણતા આજના પ્રાણિઓને ભય આપનારી મટી ગઈ છે.

## નાસ્તિકતાની ભીષણતા:

નાસ્તિકતાના પ્રચાર માટે દુનિયાના ચોકમાં ભારે પ્રયત્નો થઇ રહ્યા છે, એજ એક કારણે નાસ્તિકતાનો પ્રચાર ઝડપથી વધતો જાય છે, એમ પણ એકાન્ત નથી. જેટલા જોરથી આજે નાસ્તિકતાનો પ્રચાર થઈ રહ્યો છે, તેના કરતાં કેઈગુણા અધિક પ્રાબલ્યથી આસ્તિકતાનો પ્રચાર કરવામાં આવે, તો પણ નાસ્તિકતા જેટલો આસ્તિકતાનો પ્રચાર થઈ શકવો શકય નથી. એ ભૂલવું જોઈતું નથી કે-નાસ્તિકતા એ એક પ્રકારનો ચેપ છે અને આસ્તિકતા એ એક પ્રકારનું ઔષધ છે. ચેપનો પ્રચાર સ્વયં પણ થઈ શકે છે. ઔષધનો પ્રચાર પ્રયત્નસાધ્ય છે. વગર પ્રયત્ને નાસ્તિકતાનો પ્રચાર શકય છે, જ્યારે આસ્તિ-

કતાનો પ્રચાર પ્રયત્ન જેટલો પણ ફળે એવો નિયમ નથી. નાસ્તિકતાનું ઉત્પત્તિસ્થાન વિષયલંપટતા છે. જગતનો પ્રત્યેક પ્રાણી વિષયલંપટતાને આધીન છે. પોતાની વિષયલંપટતાના કારણે જગતના જીવોને નાસ્તિક–માર્ગ જેટલો શીઘ્ર પસંદ આવે છે, તેટલો આસ્તિક–માર્ગ કદી પણ પસંદ પડતો નથી. એટલાજ માટે ડાહ્યા પુરૂષોએ નાસ્તિક આત્માઓનો સંસર્ગ દૂરથી જ તજવા યોગ્ય છે, એમ ભારપૂર્વક જણાવ્યું છે. જે આત્મા નાસ્તિક–મતના સંસર્ગમાં આવે છે, તે આત્મા ચાહે તેટલો ઉત્તમ હોય તો પણ, થોડા જ કાળમાં પોતાની ઉત્તમતા ગુમાવી બેસે છે.

**નાસ્તિકોનું પ્રિય સૂત્ર :**

નાસ્તિક–મતનો પ્રભાવ કુમળી વયનાં બાળકોથી માંડી વિદ્વાનમાં વિદ્વાન ગણાતા વર્ગ ઉપર પણ ઝડપથી પડી જવાનું કારણ કોઈ પણ હોય, તો તે વિષયલંપટતાને પોષનારૂં નાસ્તિકોનું નીચેનું પ્રિય સૂત્ર છે.

"तपांसि यातनाश्चित्राः, संयमो भोगवञ्चना ।"

નાસ્તિકોનું આ પરમપ્રિય સૂત્ર છે. જગતમાં તપ અને સંયમ એ નિરર્થક છે, એવું નિર્ભીક્ શિક્ષણ આપવા માટે નાસ્તિક–મત સમાન કોઈ શાળા આજ સુધી થઈ નથી અને થવાની નથી. તપ અને સંયમને નિર્ભયપણે જગતના ચોકમાં બીનજરૂરી તરીકે જાહેર કરવા માટે જો કોઈએ પણ બીડું ઝડપ્યું હોય, તો તે એક નાસ્તિક–મતે ઝડપ્યું છે. નાસ્તિક–મત સિવાય કોઇ પણ મત તપ અને સંયમને નિરર્થક કહેવાની હિંમત કરી શકે તેમ નથી. એજ કારણે નાસ્તિક–મત આજે જગતના મોટા ભાગને બીજા બધા મતો કરતાં પરમ રૂચિકર

બની ગયો છે. ભણેલો કે મૂર્ખ, ઘરડો કે જુવાન, પુરૂષ કે સ્ત્રી, માલીક કે મજુર, ધની કે નિર્ધન, કુળવાન કે કુળહીન, શહેરી કે ગામડીઓ સૌ કોઇ આજે સર્વાંશે નહિ પણ ઘણા અધિક અંશે નાસ્તિક-મતનો ભોગ બની રહ્યા છે.

**જર્જરિત કિલ્લો :**

એક નાસ્તિક-મતને છોડી, પ્રત્યેક મતવાળાઓ આત્મા, પરલોક, પુનર્જન્મ આદિ પદાર્થોને કોઇ ને કોઈ સ્વરૂપે માનવા-વાળા હોવાથી, પોતાના અનુયાયિઓને એક યા અન્ય પ્રકારે તપ અને સંયમનું આચરણ કરવા માટે નિયંત્રણ કરે છે. પ્રાણિઓની અનાદિકાલીન સ્વાભાવિક વિષયલંપટતા, એ નિયં-ત્રણની આડે આવે છે. નાસ્તિક-મતનો સહવાસ એ વિષયલંપટ-તાને ઉશ્કેરે છે. એ કારણે નાસ્તિક-મતનો સંસર્ગ અજાણતાં પણ ન થઈ જાય, એની સાવધાની રાખવા દરેક મતવાળા ફરમાવે છે. એ સાવધાની પ્રત્યે જેટલી બેદરકારી, તેટલો આત્માનો વિનાશ, -એમ ભારપૂર્વક ઉપદેશે છે. એ ફરમાનોને અને ઉપદેશોને પ્રજા જ્યાં સુધી વફાદાર રહી, ત્યાં સુધી નાસ્તિક-મત ગમે તેટલો મોહક હોવા છતાં, તેનો ચેપ પ્રજા ઉપર લાગી શકયો નથી. નાસ્તિક-મતના જોરદાર પ્રચારકાર્યે આજે એ ઉપદેશો અને ફરમાનો ઉપર લોકોને પગ મૂકતા કરી દીધા છે. એના પ્રતાપે સુરક્ષિત પ્રજા અરક્ષિત બની ગઈ છે. હિતકર ફરમાનો ઉપર એક વખત પગ મૂકયા પછી, તેના પ્રત્યે તે જાતિનું બહુમાન કેળવવા માટે ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે, તો પણ તે નિષ્ફળ જાય છે. નાસ્તિકતાના પ્રચાર સામે રક્ષણ કરવાનો મજબૂતમાં મજબૂત કિલ્લો તેનો સંસર્ગ તજવાનો હતો, તે આજે જર્જરિત બની ગયો છે. જ્યાં સુધી એ કિલ્લો ફરી

સુસજ્જ ન બને, ત્યાં સુધી નાસ્તિક-મતથી પ્રજાનું સંપૂર્ણ રક્ષણ થવું, એ કોઈ પણ રીતિએ શક્ય નથી.

## જ્ઞાનિઓનું મંતવ્ય :

'તપ તપવાં એ નિરર્થક યાતનાઓ છે અને સંયમ પાળવું એ મળેલા ભોગોથી ઠગાવાનું છે.'–આ એક જ સૂત્ર દ્વારાએ નાસ્તિક-મતે આસ્તિક પ્રજાના આસ્તિકતા રૂપી પ્રાણને કારમી રીતિએ હણી નાખ્યા છે. તપ અને સંયમ, એ નિરર્થક યાતના અને વંચના છે, એવું શીખવનાર નાસ્તિક-મત આજના જગતને પસંદ આવી ગયો છે. એનું કારણ આજના જીવોની બુદ્ધિમત્તા છે એ નથી, પણ તેનું કારણ આજના જીવોની વિષયલંપટતા છે. કોઈ પણ કાળે બુદ્ધિમત્તા નાસ્તિકતાની તરફેણમાં ઉભી રહી નથી અને ઉભી રહી શકે તેમ પણ નથી.

નાસ્તિકતાની તરફેણ કરનાર આત્માઓ અતિશય બુદ્ધિહીન હોવા છતાં, વિષયલંપટતાના કારણે પોતાની જાતને બુદ્ધિમાન માનવાનો વ્યર્થ આડંબર કરી ખુવાર થાય છે. આજ સુધીના સઘળાએ જ્ઞાનિઓએ નાસ્તિકોનો એકીમતે ઉપહાસ કર્યો છે: અજ્ઞાની સિદ્ધ કર્યા છે : અને દયાપાત્ર ગણી દયા ચિંતવી છે ! જ્યરે વિષયલંપટતાને આધીન બની નાસ્તિક આત્માઓએ જગતના જીવોનું આજ સુધી જેટલું ભૂંડું કર્યું છે, તેટલું બીજા કોઈએ કર્યું નથી, બીજું કોઈ કરી શકનાર નથી.

## લેખાંક ૩ જો :

**બોલવાનો પણ અનધિકાર :**

નાસ્તિક–મતવાદિનું સ્થાન પંડિતોની પરિષદ્‌માં એક મૂર્ખના સ્થાન કરતાં લેશ પણ અધિક નથી. પંડિતોની સભામાં મૂર્ખની શોભા તેના મૌન સુધી જ છે, તેમ પંડિતોની પરિષદ્‌માં નાસ્તિક–મતવાદિની શોભા તે ન બોલે ત્યાં સુધી જ છે. નાસ્તિક–મતનું સ્થાપન કરવા માટે બોલવાનો પ્રયત્ન કરનારને ન્યાય-વિશારદ તત્ત્વવેત્તાઓ **'न साम्प्रतं वक्तुमपि'** 'તું બોલવા માટે પણ લાયક નથી'–એમ કહીને તુરત જ અટકાવી દે છે. કારણ એ છે કે–નાસ્તિકમતી કેવળ પ્રત્યક્ષ પ્રમાણને માનનારો છે. પ્રત્યક્ષ સિવાય અનુમાનાદિ પ્રમાણો માનવાથી તેનો મત હણાઈ જાય છે. એ ભયથી બચવા માટે તે અનુમાનાદિ સત્ય પ્રમાણોનો પણ તિરસ્કાર કરે છે: પરન્તુ એ તિરસ્કાર કરવા જતાં તે એટલી બધી દયામણી સ્થિતિમાં આવી પડે છે કે–કોઈની સાથે બોલવાને પણ તે લાયક રહેતો નથી. જેની સાથે તે બોલવા માટે તૈયાર થાય છે, તે માણસનો અભિપ્રાય શું છે, તેને કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી જાણી શકવો સર્વથા અશક્ય છે: કારણ કે–પ્રત્યક્ષ કેવળ ઈંદ્રિયના સંબંધમાં આવતા પદાર્થોનું જ થઈ શકે છે, જ્યારે બીજાઓના માનસિક અભિપ્રાયો એ બાહ્યેન્દ્રિય અગ્રાહ્ય હોવાથી, એ જાણવા માટે નાસ્તિક આત્માઓને પણ અનુમાનપ્રમાણ સિવાય બીજો કોઈ આધાર નથી. મુખાકૃતિ આદિ બાહ્ય ચેષ્ટાઓ દ્વારા સામા મનુષ્યના આંતરિક અભિપ્રાયોનું અનુમાન કરી, પછી જ તેની સાથે બોલવાનો વ્યવહાર કરી શકાય છે. અનુમાનને નહિ માન-

નાર કેવળ પ્રત્યક્ષવાદી નાસ્તિક આ રીતે પંડિતોની પરિષદ્‌માં કોઈની સાથે બોલવાનો પણ પોતાનો અધિકાર ન્યાયની રીતિએ ગુમાવી બેસે છે.

ચાર્વાક:

પંડિતોની પરિષદ્‌માં બોલવાનો હક્ક ચાલ્યો જાય એટલા માત્રથી જ નાસ્તિકમતી આત્માઓ પોતાનો મત છોડી દેવા તૈયાર થાય, એવી આશા રાખવી વ્યર્થ છે. નાસ્તિકમતી આત્માઓ પાસે બુદ્ધિનું બળ નહિ હોવા છતાં પણ, વિષય-લંપટ લોકસમૂહનું બળ મોટું છે. એટલા જ માટે વિદ્વાનોને પણ નાસ્તિક–મત માટે ચાર્વાક ( ચારૂ વાક્ ) અને લોકાયતિક જેવાં અન્વર્થ બીરૂદો આપવાં પડયાં છે. 'ચાર્વાક' શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ તો તે છે કે–"**चर्वन्ति भक्षयन्ति, तत्त्वतो न मन्यन्ते पुण्यपापादिकं परोक्षं वस्तुजातमिति चार्वाकाः ॥**" **અર્થાત્**–"પુણ્ય–પાપાદિક પરોક્ષ વસ્તુઓને જે સત્ય ન માને, ભક્ષણ કરી જાય, યાવત્ ચાવી ખાય તે ચાર્વાક." પરન્તુ કેટલાક કોશકારોએ 'ચાર્વાક' શબ્દનો એવો અર્થ પણ કર્યો છે કે–"**चारुः लोकसंमता वाग् वाक्यम् यस्य सः।**" **અર્થાત્**–"ચારૂ એટલે સુંદર–લોકસંમત, વાગ્ એટલે વાકચ છે જેનું તે ચાર્વાક." તાત્પર્ય કે–લોકોને પસંદ પડનાર વચનોને બોલનાર જે મત હોય, તેનું નામ ચાર્વાક મત છે.

લોકાયતિક :

લોકાયતિક શબ્દની વ્યુત્પત્તિ પણ લગભગ તેવા જ અર્થને કહે છે. "**लोकाः निर्विचाराः सामान्यलोकास्तद्वदाचरन्ति स्मेति लोकायता, लोकायतिका इत्यपि।**" **અર્થાત્**–"લોક એટલે વિચારશૂન્ય જે સામાન્ય લોકો, તેના સમાન છે આચ-

રણ જેમનું, તે લોકાયતો અથવા લોકાયતિકો.” આ અર્થ પણ નાસ્તિકોની વિષયાસક્ત લોકસમૂહને અનુકૂળ થવાની વૃત્તિને સૂચવનારો છે. જગતમાં વિષયાસક્ત જીવોની બહુમતિ છે. એ બહુમતિના બળે નાસ્તિક મત બુદ્ધિ કે યુક્તિશૂન્ય હોવા છતાં પણ, તેની પ્રબળતા દરેક કાળમાં ઓછા-વધતા અંશે હોય જ છે. વર્તમાન જમાનામાં પણ આ નાસ્તિક મતની પ્રબળતાની પાછળ પણ જો કોઈ હેતુ મૂળ્ય હોય, તો તે વિષયાસક્ત જીવોની વિષયલંપટતા સિવાય બીજો કોઈ નથી. જે કોઈ એમ કહેવાનો દાવો ધરાવતું હોય કે-વર્તમાન જમાનામાં દિન-પ્રતિદિન જ્ઞાનનો વિકાસ થતો જાય છે, તો તેનો આ દાવો મિથ્યા છે. દિન-પ્રતિદિન ચેપી રોગની જેમ વધતો જતો નાસ્તિક મતનો પ્રચાર જ તેનો દાવો મિથ્યા સિદ્ધ કરવા માટે બસ છે.

## વિકાસ જ્ઞાનનો કે અજ્ઞાનનો ?

‘વર્તમાન જમાનામાં જો જ્ઞાનનો વિકાસ જ થાય છે, તો અજ્ઞાનજન્ય નાસ્તિક મતની વૃદ્ધિ કોના પ્રતાપે થઈ રહી છે ?’ -આ એક પ્રશ્ન સમજદાર વ્યક્તિઓની સામે ખડો જ છે. નાસ્તિક-મત એ અજ્ઞાનજન્ય નથી કિન્તુ જ્ઞાનજન્ય છે, એમ સિદ્ધ કરવા માટે કોઈ પણ પંડિત તૈયાર થઇ શકે તેમ છે કે ? જો કોઈ પંડિત, વિદ્વાન, બૅરીસ્ટર યા સૉલીસીટર એ સિદ્ધ કરવા તૈયાર હોય, તો તેની સામે આસ્તિક મતનો એક સામાન્યમાં સામાન્ય અભ્યાસી પણ તેને નિરૂત્તર કરવાની સંપૂર્ણ શક્તિ ધરાવે છે. જે વિશાળ સાહિત્ય કોઈ પણ સાચા વિદ્વાનને કબૂલ કરવું પડે તેવી રીતિએ દુનિયાની સર્વશ્રેષ્ઠ ભાષામાં નાસ્તિક મતને પ્રમાણશૂન્ય સિદ્ધ કરવા માટે આજે

પણ દુનિયાની સમક્ષ ખડું છે, તે જોતાં પોતાની બુદ્ધિનું ગમે તેટલું અભિમાન ધરાવનાર કોઈ પણ નાસ્તિકમતી વિદ્વત્-પરિષદ્‌માં પોતાના મતને પ્રમાણયુક્ત સિદ્ધ કરવા માટે એક ક્ષણ પણ ટકી શકે તેમ નથી.

**પ્રમાણશૂન્યવાદ :**

દુનિયામાં અનેક મતો એવા પ્રચલિત છે કે-જેની પાછળ તે મતોના સિદ્ધાન્તોને સત્ય સાબીત કરવા તે તે મતવાળાઓ પાસે કેટલાંક પ્રમાણો હોય છે, પરન્તુ તે પ્રમાણો પર્યાપ્ત હોતાં નથી. પરન્તુ તે સર્વ મતોમાં નાસ્તિક મત, એ એવા પ્રકારનો મત છે કે-જે સર્વથા પ્રમાણશન્ય છે. પોતાના મતને પણ મત કે દર્શન તરીકે સ્થાપન કરવા માટે પ્રત્યક્ષ પ્રમાણ તેને માન્ય છે, એવો દેખાવ જરૂર કરવો પડ્યો છે: પરન્તુ તેનો એ દેખાવ એટલો બધો પોકળ છે કે-વિચક્ષણ પુરૂષો પાસે તે ટકી શકે તેમ નથી. પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ એવી ઘણી વસ્તુઓ છે કે-જેનો સ્વીકાર કરવા જતાં તે નાસ્તિક-મતીને પોતાના સિદ્ધાન્તનો સર્વથા પરિત્યાગ કરવો પડે તેમ છે. પ્રત્યક્ષ પણ તેને તેટલું જ માન્ય છે કે-જેટલું તેની ઈન્દ્રિય-પોષણમાં કોઈ પણ જાતનો અંતરાય ઉભું કરનાર ન હોય. પાંચે ઇન્દ્રિયોના ભોગો યથેચ્છ રીતિએ ભોગવી શકાય એજ એક નાસ્તિકમતનું નિશાન છે. એ નિશાન કે ધ્યેયની આડે આવનાર કોઈ પણ વસ્તુ, ચાહ્ય તે પ્રત્યક્ષ પ્રમાણથી પણ સિદ્ધ થનારી હોય, તો પણ તેને માનવા તે તૈયાર નથી. આત્મા આદિ અનેક પદાર્થો એવા છે કે-સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થનારા હોવા છતાં પણ, નાસ્તિકમતી પોતાની ભોગલાલસાના કારણે તેનો તિરસ્કાર કરે છે. એટલા જ માટે નાસ્તિકવાદ એ પ્રમાણશૂન્યવાદ છે.

## લેખાંક ૪ થો :

**કેવળ ભોગનો અર્થી :**

પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થનારી પણ સઘળી વસ્તુઓ નાસ્તિક મતને માન્ય નથી, એ વાત સારી રીતે ખ્યાલમાં હોવાથી, દર્શનશાસ્ત્રવેત્તાઓએ નાસ્તિકની વ્યુત્પત્તિ અન્ય રીતિએ પણ કરી છે. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા સ્વરચિત સ્વોપજ્ઞ '**અભિધાન ચિન્તામણિ**' નામમાલામાં નાસ્તિક શબ્દની વ્યુત્પત્તિ સમજાવતાં ફરમાવે છે કે–"**नास्ति पुण्यं पापमिति मतिरस्येति नास्तिकः।**' અર્થાત્–અહીં વ્યુત્પત્તિકાર એમ નથી સમજાવતા કે–"પ્રત્યક્ષ સિવાય અન્ય કોઈ પ્રમાણો છે નહિ એવી મતિ જેની હોય તે નાસ્તિક." પરન્તુ એમ કહે છે કે–"પુણ્ય અને પાપ, ઉપલક્ષણથી આત્મા અને પરલોક, સદ્ગતિ અને દુર્ગતિ આદિ પદાર્થો નથી, એવી જેની મતિ હોય તે નાસ્તિક." આ અર્થ ખરોખર ઘટિત છે : કારણ કે–નાસ્તિકને પોતાનાં ઐહિક ભોગ-સુખોને બાધક જેમ પરોક્ષ પ્રમાણો માનવાં નથી, તેમ પ્રત્યક્ષ પ્રમાણો પણ માનવાં નથી : તેવી જ રીતે પોતાના ઐહિક ભોગસુખોને સાધક પ્રત્યક્ષ પ્રમાણો માનવાં છે, તેમ અનુમા-નાદિ પરોક્ષ પ્રમાણો પણ માનવાં છે. અર્થાત્–તેનું ધ્યેય પ્રમાણ–અપ્રમાણ ઉપર નથી, કિન્તુ યથેચ્છ ભોગસુખોને ભોગ-વવા ઉપર છે : જ્યારે અન્ય દર્શનકારોનું ધ્યેય તેથી વિપરીત છે. ભોગસુખની આડે આવતું પ્રમાણ ઈતર દર્શનકારોને ત્યાજ્ય નથી પણ માન્ય છે અને પ્રમાણની આડે આવતાં ભોગસુખો તેમને ત્યાજ્ય છે પણ સ્વીકાર્ય નથી. અર્થાત્–નાસ્તિક મત, એ ભોગનો અર્થી છે કિન્તુ સત્યનો અર્થી નથી.

## અમારું લક્ષ્ય :

સત્ય કરતાં પણ ભોગની કિંમત અધિક આંકવાના કારણે જ નાસ્તિક મત વિદ્વાનોમાં અપ્રિય થઈ પડયો છે : પરન્તુ વિદ્વાનોમાં નાસ્તિક મત જેટલો અપ્રિય છે, તેટલો જ આજની દુનિયામાં પ્રિય થઈ પડયો છે : એટલા જ માટે જ્ઞાનિઓને કહેવું પડે છે કે–'આ જમાનો જ્ઞાનનો નથી, કિન્તુ અજ્ઞાનનો છે : વિદ્યાનો નથી, કિન્તુ અવિદ્યાનો છે : સદાચારનો નથી, કિન્તુ અનાચારનો છે.' વર્તમાન જમાના માટે તત્ત્વવેત્તાઓ તરફથી અપાતાં આ વિશેષણો જે કોઈ આત્માને ખૂંચતાં હોય, તે આત્માને અમે ભાગ્યવાન માનીએ છીએ અને તેવા આત્માઓ માટે જ અમારો આ પ્રયાસ છે. આજે એવા ઘણા આત્માઓ છે કે–જેઓ આ જમાનામાં જ્ઞાનના બદલે અજ્ઞાનનો, વિદ્યાના બદલે અવિદ્યાનો અને સદાચારના બદલે અસદાચારનો પ્રચાર થઇ રહ્યો છે, છતાં જાણતાં કે અજાણતાં તેને જ્ઞાનનો, વિદ્યાનો અને સભ્ય આચરણનો પ્રચાર માની રહ્યા છે. એવા આત્માઓની ભ્રાંતિ નાશ પામે અને સત્ય જ્ઞાન, સત્ય વિદ્યા અને સત્ય આચરણ શું છે તેનો ખ્યાલ આવે, તે ખાતર આ લેખનો પ્રયાસ છે. જમાનાને લગાડાતાં અજ્ઞાનાદિ વિશેષણો જેને ખૂંચે છે, તે આત્માને અમે ભાગ્યવાન તેટલા માટે કહીએ છીએ કે–તે આત્મા અંતરથી જ્ઞાન, વિદ્યા અને સદાચારનો અર્થી છે. વર્તમાન જમાનામાં એ ત્રણની વૃદ્ધિ થઈ રહી છે, એવી તેની માન્યતા પોતાની બુદ્ધિથી અગર અન્યની વાતોથી કે વાતાવરણથી થયેલી છે, એટલા જ માટે તે આ જમાનાનો પક્ષ કરે છે. તેને જો એમ સમજાઈ જાય કે–'ખરેખર જ, આ જમાનામાં જ્ઞાનના નામે જ ભયંકર

અજ્ઞાન, વિદ્યાના નામે જ ઘોર અવિદ્યા અને સભ્ય આચરણના નામે જ કારમું અસદાચરણ ફેલાઈ રહ્યું છે.'-તો તે આત્મા તેની સામે થયા સિવાય રહેનાર નથી. પરન્તુ જે આત્માઓને જ્ઞાન, વિદ્યા કે સદાચાર-એ ત્રણના ભોગે પણ પોતાની ભોગવાસના જ સંતોષવી છે, તેઓ તો આ લેખને વાંચવાના જ નથી : અગર વાંચે તો પણ-"આજના ભણેલાઓને 'નાસ્તિક' શબ્દની ઉપમા આપીને નિન્દવા, એજ આ લેખના લેખકનું ધ્યેય છે."-એમ કહીને સાચી વાતની પણ ઉપેક્ષા જ કરવાના છે. એવા આત્માઓ ઉપેક્ષા કરો યા નિંદા કરો, પરન્તુ જે આત્માઓ જ્ઞાન, વિદ્યા અને સદાચારના સાચા અર્થી છે, તેઓ વર્તમાન જમાનાની મોહકતા અને બાહ્ય સુંદરતા જોઈ અયોગ્ય રીતિએ ઠગાઇ જતાં બચી જાય, એજ અમારૂં લક્ષ્ય છે.

## બુદ્ધિનો દ્રોહ :

બાહ્ય સુંદરતા-મોહકતાની પાછળ પાગલ બનનારાઓની હાલત કેવી પામર બની જાય છે, એ આ દુનિયાના અનુભવિઓની જાણબહાર નથી. સળગતા દીવાની ચળકતી જ્યોતના ચમકતા મોહમાં ઝંપલાતા પતંગીઆના પ્રાણનો એક ક્ષણવારમાં હોમ થઈ જાય છે. પતંગીયું ચતુરિંદ્રિય હોવાથી અસંજ્ઞી પ્રાણી છે, તેથી તે ભવિષ્યની આપત્તિનો વિચાર કરી શકતું નથી એમ માની લઈએ, તો પણ ભવિષ્યની આપત્તિનો વિચાર કરી શકનાર પંચેંદ્રિય અને સંજ્ઞી એવા મનુષ્ય પણ ગણિકાના કે પરસ્રીના દેહના બાહ્ય રૂપ કે અલંકારના બાહ્ય ચળકાટમાં પતંગીઆની માફક ઝંપલાનારા ક્યાં ઓછા છે ? એ રીતે જે કોઇ આત્મા બાહ્ય મોહકતા કે સુંદરતા જોઇને ભવિષ્યનો ખ્યાલ કર્યા વિના જ તેના ઉપર મોહ પામે છે, તે

આત્મા થોડા કાળમાં જ પોતાનો સર્વનાશ નોંતરે છે, એમાં લેશ માત્ર સંદેહ નથી. બુદ્ધિમાન પ્રાણી માટે ભવિષ્ય એ મૂખ્ય વસ્તુ છે. વર્તમાનની મોહકતા ભવિષ્યની પાયમાલી ભૂલાવી દે તો તે બુદ્ધિમત્તાનું લક્ષણ નથી, કિન્તુ નિર્બુદ્ધિ-મત્તાનું વિલસિત છે. ભવિષ્યની પાયમાલી થતી હોય, તો તેવી વર્તમાનની મોહકતા સુંદર નહિ કિન્તુ ભયંકર છે. આટલો વિવેક કરી શકતો હોય તે જ બુદ્ધિમાન છે. સંજ્ઞી અને અસંજ્ઞીમાં જો કોઈ પણ જાતિનો તફાવત પડતો હોય, તો તે જ છે કે–' અસંજ્ઞી આત્માઓ કેવળ વર્તમાનકાળના નિર્વાહની ચિંતા કરે છે અને સંજ્ઞી આત્માઓ વર્તમાનની સાથે ભૂત અને ભવિષ્યનો પણ વિચાર કરે છે. ભૂત અને ભવિષ્યનો વિચાર નહિ કરનાર જેમ સચેતન હોવા છતાં અસંજ્ઞી છે, તેમ વર્તમાનકાળના સુખની ખાતર ભવિષ્યનાં સુખોની ઘોર ખોદનારા બુદ્ધિમાન હોવા છતાં નિર્બુદ્ધિમાનોના આગેવાનો છે. તત્ત્વ એ છે કે–' બાહ્ય મોહકતા અને સુંદરતા આકર્ષક હોવા છતાં, તેના આકર્ષણમાં પડી આંતરિક અને સત્ય જીવનનો સર્વથા વિનાશ કરી નાખવો, એ પુણ્યથી મળેલી બુદ્ધિનો દ્રોહ કરવા બરાબર છે.'

**આસ્તિકો સામે પ્રશ્ન:**

આપણે અનેક વાર સિદ્ધ કરી આવ્યા છીએ કે– 'અવિદ્યા એ નાસ્તિકમતનું બીજ છે.' અહીં કોઈ ભણેલા ભાઇને શંકા થશે કે–' આજની વિદ્યાને તમે અવિદ્યા કેમ કહો છો?' આ શંકા એમની વ્યાજબી છે : કારણ કે–કોઈ પણ વસ્તુનું જ્ઞાન મેળવવું એનું નામ વિદ્યા છે અને એવી વિદ્યા તો આ જમાનામાં જેટલી ઉદ્ભવ પામી છે તેટલી પૂર્વે કદી પણ

નહોતી. આજનો વિજ્ઞાનવાદ અને રસાયણવાદ, રેડીઓ અને વાયરલેસ, ટેલીપથી અને ટેલીગ્રાફી, રેલ્વેઓ અને મોટરો, ઍરોપ્લેનો અને સબમરીનો, સ્ટીમરો અને ક્રુઝરો, ટોરપીડો અને મશીનગનો, દૂરદર્શી દુર્બીનો અને સૂક્ષ્મદર્શક યંત્રો, સીનેમાઓ અને ટૉકીઝો, એ વિગેરે એના પ્રત્યક્ષ પૂરાવાઓ છે. વિના વિદ્યાએ આમાંની એક પણ શોધ થવી અશક્ય છે. એવી હજારો શોધો થઈ ચૂકી અને સૈંકડો નવી થતી જાય છે, છતાં આ જમાનો વિદ્યાનો નથી, એમ માનવું એ પ્રત્યક્ષ પ્રમાણનો અપલાપ કરવા બરાબર છે. એ જ કારણે વર્તમાન શિક્ષણ પામેલાઓ કેટલાક કહે છે કે–' દુનિયાની આટઆટલી શોધોને પણ તમે વિદ્યા કહેવા તૈયાર ન હો અને કેવળ ધર્મસ્થાન કે ઘરના ખૂણામાં બેસી રહીને જૂના જમાનામાં બનેલાં તેનાં તે પુસ્તકોને વારંવાર વાંચી વ્યર્થ ટાઇમ બરબાદ કરવો, તેને જ જો તમે વિદ્યા કહેતા હો, તો તેવી વિદ્યા સ્વીકારવા માટે જાગૃત થયેલા એવા અમે તૈયાર ન હોઈએ, એમાં ખોટું શું છે ? આજ સુધી અમારી અજ્ઞાનદશાનો લાભ લઇને તમોએ જેમ કહ્યું તેમ અમે કર્યું, પરન્તુ હવે વર્તમાન દુનિયાએ અમારી આંખ ખોલી નાખી છે, તેથી ઝડપથી પ્રગતિ કરી રહેલ જમાનામાં આજ સુધી અમે જેટલા પાછળ પડી ગયા છીએ, તેટલા જ જોરથી આગળ વધવા માટે જુના જમાનાની શાસ્ત્રીય વાતો ઉપર ધ્યાન આપનાર નથી. '

## વિવેકનો અભાવ:

આ રીતે વર્તમાન જમાનાની વિદ્યાનો પક્ષ કરનારા આત્માઓ છેક જ અજ્ઞાન છે અગર દુષ્ટ ઇરાદાવાળા છે, એમ

કહેવા માટે આપણે હરગીજ તૈયાર નથી. પ્રગતિની દાઝ વિના, ઉન્નતિની ધગશ વિના અગર અમૂક પ્રકારના જ્ઞાન વિના આટલા વિચારો આવવા એ શકય નથી. આ જાતિના વિચારો જેઓને આવતા હોય, તેઓ પોતાની અને સમાજની ઉન્નતિના અર્થી છે, એટલું જ નહિ પણ આપણે હવે વધુ પછાત ન પડી જઇએ, તેની પૂરેપૂરી કાળજીવાળા પણ છે. આ જાતિની કાળજી અને આ જાતિનું અર્થિપણું અવશ્ય વખાણવા લાયક છે, પરન્તુ એકલી ધગશ કે એકલી કાળજીથી કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. ધગશ અને કાળજીની પાછળ એક એવી જાતિની શક્તિની આવશ્યકતા રહે છે, કે જે ન હોય તો સઘળી ધગશ અને સઘળી કાળજી ઉન્માર્ગે વપરાઈ જાય છે. એ શક્તિનું નામ છે વિવેક: અને એ વિવેકનો આજે જોવાય છે અભાવ. એક વિવેકના અભાવે આજે અનેક ઉછળતા લોહીવાળાઓની અમૂલ્ય શક્તિઓ પ્રત્યાઘાતી કાર્યોમાં વપરાઇ રહી છે. જે શક્તિઓનો સદુપયોગ ધાર્યું કાર્ય આપવા સમર્થ હતો, તે શક્તિઓ દ્વારાએ આજે ભીષણ અકાર્યો થઈ રહ્યાં છે.

જડની પૂજા:

વિવેક એ આત્માનો ગુણ છે, કિન્તુ જડનો ગુણ નથી. સારૂં અને ખોટું, એનું પૃથક્કરણ કરવું–એ વિવેકને આધીન છે. હિતકર અને અહિતકર–એ બંનેની પરીક્ષા કરી હિતનો સ્વીકાર કરવો અને અહિતનો ત્યાગ કરવો, એ વિવેકનું કાર્ય છે. જડવાદનો પ્રચાર, એ વિવેકગુણનો વિનાશ કરનાર છે. એટલા માટે–'જડ શું અને ચૈતન્ય શું ?'–એનો વિચાર કર્યા વિના વિવેકની પ્રાપ્તિ થવી અશકય છે. જેઓ કેવળ જડના જ પૂજારી બને છે અને જડની ઉન્નતિને પોતાની ઉન્નતિ સમજે

છે, તેઓ વિવેકગુણથી લાખો કોશ દૂર વસે છે. જડની પૂજાનો અર્થ અહીં એ છે કે–'અચેતન પદાર્થોના ભિન્ન ભિન્ન પ્રકારના આવિર્ભાવો જોઈ હર્ષિત થવું અને આનન્દ માનવો.' આ દુનિયા જડ અને ચેતન એ બે પ્રકારના પદાર્થોનું સંગ્રહ-સ્થાન છે. જેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ છે તે જડ કહેવાય છે. જેને રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી અને શબ્દ નથી, કિન્તુ જ્ઞાન છે, બુદ્ધિ છે, સુખ–દુઃખનો અનુભવ છે, તે ચેતન કહેવાય છે. સંસારિઓનું ચૈતન્ય જડની સાથે એવી રીતિએ મળી ગયેલું છે કે–જડની સહાય વિના રહી પણ શકતું નથી અને આવિર્ભાવ પણ પામી શકતું નથી. એજ એક કારણ છે કે–'સંસારસ્થ જીવો ચૈતન્ય સ્વરૂપવાળા હોવા છતાં જડને ચાહે છે, જડની પ્રાપ્તિમાં આનન્દ માને છે અને જડના વિયોગમાં દુઃખ અનુભવે છે.' જડની સાથે આ રીતે એકમેક થઇ ગયેલું ચૈતન્ય, એ અત્યારે જડને જ એક પોતાનો આધાર માને છે. આ જાતિની જડની પરાધીનતા એ જ ચૈતન્યના વિવેકગુણનો વિનાશ કરવા માટે પ્રબળ નિમિત્ત છે.

**જડ–ચેતનનું પૃથક્કરણ:**

ચેતન અને જડ, એ આપસમાં એકમેક જેવા થઈને રહેલા હોવા છતાં, જડ તે જડ છે અને ચેતન તે ચેતન છે. જેમ દુધ અને પાણી, લોહ અને અગ્નિ, વાયુ અને જળ, એ પદાર્થો ભિન્ન ભિન્ન હોવા છતાં, એકત્ર થયા પછી તેની ભિન્નતા અનુભવવી મુશ્કેલ પડે છે, તેમ ચેતન અને જડ એ બન્નેનો પરસ્પર એકમેક સંબંધ બેની ભિન્નતા કળી શકવામાં પ્રતિબંધક નિવડે છે: તો પણ હંસની ચાંચ જેમ દુધ અને પાણીને અલગ કરી આપી શકે છે, જળનો છંટકાવ લોહ

અને અગ્નિનો વિયોગ કરાવી આપે છે અને લૅબોરેટરીનો પ્રયોગ વાયુ અને જળનું પૃથક્કરણ કરી આપે છે, તેમ પ્રયોગ દ્વારાએ ચેતન અને જડ-એ બે સ્વતંત્ર દ્રવ્યોને ભિન્ન કરી શકાય છે: એટલું જ નહિ પરન્તુ એ બેના સંયોગ વખતે પણ ચેતન અને જડ પોતપોતાનાં ભિન્ન ભિન્ન લક્ષણો દ્વારા પોતાનો ભેદ સ્પષ્ટ દર્શાવી આપે છે. સુખ-દુઃખનો અનુભવ જડ નહિ પણ ચેતન કરી શકે છે: જડને સુખ-દુઃખની લાગણી થતી નથી અને ચેતનને તે થાય છે. એ વાત સિદ્ધ કરવી પડે તેમ નથી, કિન્તુ દરેકને સ્વાનુભવસિદ્ધ છે. શરીર ઉપર થયેલો પ્રહાર કે શરીરને પહેરાવેલો હાર, એ સુખ-દુઃખના અનુભવમાં નિમિત્ત બને છે અને શરીરથી દૂર રહેલા જડ પદાર્થો ઉપર ચઢાવેલો હાર કે કરેલો પ્રહાર તેને સુખ-દુઃખનો લેશ માત્ર અનુભવ કરાવનાર થતા નથી. એથી એ સિદ્ધ છે કે- 'સુખ-દુઃખનો અનુભવ કરનાર કોઈ પદાર્થ શરીરમાં રહેલો છે અને શરીરની બહાર તે નથી.' એ પદાર્થનું નામ ચેતન છે અને વર્તમાન અવસ્થામાં તે અચેતનના બન્ધનથી બંધાયેલો છે.

### જડવાદિઓ સામે પ્રશ્ન:

વર્તમાન જગત સામે આસ્તિકવાદિઓનો આ પ્રશ્ન છે કે-'તમે શોધખોળોની જે હારમાળાઓ જોઈ જોઇને ખૂશી થાઓ છો, તે શોધખોળોની હારમાળાઓમાં ચૈતન્ય-તત્ત્વનો વિકાસ થઈ રહ્યો છે કે જડ-તત્ત્વનો ?' તાર કે ટેલીફોનથી મોહ પામનારા, રેલ્વેઓ કે મોટરો જોઇને ખૂશી થનારા, સીનેમાઓ અને ટૉકીઝોને જોઇને રાચી જનારા, કોઇએ કદી એટલો વિચાર કર્યો છે કે-'આ બધા આવિર્ભાવો જડના છે કે ચેતનના ?' અને જો તે બધા જ ચેતનના નહિ કિન્તુ

જડના જ આવિર્ભાવો છે, તો તેવા આવિર્ભાવો આ જગતમાં ક્રોડોની સંખ્યામાં પણ પ્રગટ થઈ જાય, તો પણ તેથી ચેતનને કોઇ પણ જાતનો ફાયદો થનાર છે ? ચેતનનો ફાયદો જડના આવિર્ભાવોમાં નથી, કિન્તુ સુખના અને જ્ઞાનના આવિર્ભાવોમાં છે. હજારો અચેતન પદાર્થો ચેતનના સુખ કે જ્ઞાનમાં વધારો કરી આપે, એ સ્વપ્ને પણ શકય નથી. સુખ કે જ્ઞાનની વૃદ્ધિ માટે જડની પાછળ પ્રયત્ન કરનારાઓનો પ્રયત્ન આકાશના તારાઓની ગણત્રી કરવા તુલ્ય છે. આકાશના તારાની ગણત્રી કરવા તૈયાર થનાર જેમ પોતાના વખતનો અને પોતાની શક્તિનો નિરર્થક વ્યય કરે છે, તેમ જડ પદાર્થોના આવિર્ભાવ પાછળ સુખની શોધ કરનારાઓ પણ પોતાની સઘળી શક્તિને અને અમૂલ્ય વખતને બરબાદ કરી નાંખે છે. પરિણામે નિરાશા અને દુ:ખ સિવાય જડની પૂંઠે પડેલા તેઓના ભાગ્યમાં કાંઇ બચતું નથી. આજના વિજ્ઞાનવાદે જગતને મોટામાં મોટું નુકશાન કર્યું હોય, તો તે આ જ છે. કહેવાતા વિજ્ઞાને આત્માના ચેતન્યગુણનો વિકાસ કરવાનું માનવીનું ધ્યેય નષ્ટ કરી નાંખ્યું છે અને જડના વિકાસને વિજ્ઞાન, વિદ્યા આદિ અણછાજતાં ઉપનામો આપી, લોકોને નિર્લજ્જપણે જડની પૂજા કરતા બનાવી દીધા છે.

**<u>વિજ્ઞાનવાદની અસર :</u>**

જડની પૂજા પૂર્વે નહોતી એમ નહિ : કારણ કે–જગતમાં નાસ્તિકવાદની હયાતિ એક કાળે નહોતી અને પછી થઇ એમ નથી, કિન્તુ જગતની હયાતિની સાથે તેની પણ હયાતિ હતી અને છે, પણ તે મર્યાદિત હતી. નાસ્તિકવાદને માનવો એ શરમભર્યું ગણાતું હતું. નાસ્તિકવાદના અનુયાયિઓ સજ્જન

પુરૂષોની સન્મુખ પોતાનું મુખ પણ ઉંચું કરી શકતા નહોતા. જગતમાં તેમનું માન અને સ્થાન અધમ જાતિઓમાં હતું. આજે કહેવાતા વિજ્ઞાનવાદે કોણ અધમ કે કોણ ઉત્તમ, સર્વત્ર નાસ્તિકવાદનું સામ્રાજ્ય પ્રવર્તાવ્યું છે. આજનો કહેવાતો વિજ્ઞાનવાદ, એ એના ખરા અર્થમાં કેવળ જડવાદ હોવાથી, એના અનુયાયિઓ જડ બન્યા છે. તેઓ નાસ્તિક બનવામાં પોતાની શોભા માને છે અને આ જન્મ સિવાય અન્ય જન્મનો વિચાર નહિ કરવામાં પોતાનું ગૌરવ સમજે છે. એ સ્થિતિ વિજ્ઞાનવાદની અસરથી આવી છે, એમ કોઈને પણ કબૂલ કર્યા સિવાય ચાલે તેમ નથી. અન્યથા, આ ભારતવર્ષ પરલોકના વિચારથી રહિત બને, એ વાત જ અસંભવિત છે. જે ભૂમિની અંદર પરલોકની ખાતર આ લોકની ચક્રવર્તિતા-ઓને પણ ઠોકરે મારનારા અનેકાનેક મહાપુરૂષો ઉત્પન્ન થયા છે, તે ભૂમિમાં આ લોકના કહેવાતા રાજ્યની ખાતર ધર્મને ઠોકરે મારનારા ઉત્પન્ન થાય, એ કોઈ પણ રીતિએ સંભવિત નથી. આવી અસંભવિત ઘટનાને પણ સંભવિત બનાવનાર કોઈ હોય, તો તે કેવળ કહેવાતા વિજ્ઞાનવાદનો વ્યામોહ છે. એ કૃત્રિમ વિજ્ઞાનવાદના વ્યામોહથી દુનિયાની કોઈ પણ પ્રજા આજે બચી શકી નથી અને એ વિજ્ઞાનવાદના ચેપથી ન બચાય ત્યાં સુધી નાસ્તિકવાદના ચેપથી બચવું સર્વથા અશક્ય છે. ચેપી રોગ જેમ પ્રસર્યા પછી રોકાવો મુશ્કેલ છે, તેમ નાસ્તિકવાદ પણ અજ્ઞાન જગતમાં એક વખત પ્રસરી ગયા પછી રોકી શકવો ઘણો જ દુષ્કર છે.

## લેખાંક ૫ મો :

### સુખ એ શું છે?

'સુખ એ શું વસ્તુ છે?'–એ વિચારકોની સામે એક મહાન્ પ્રશ્ન છે. એ પ્રશ્નના નિર્ણય ઉપર જ પ્રાણિઓની સઘળી પ્રવૃત્તિઓનો આધાર છે. સુખ માટે સૌ કોઈ તલસે છે, પણ સૌની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન છે, તેથી–'સુખ કોને કહેવાય?' –એનો નિર્ણય સૌનો એક નથી, એમ નિશ્ચિત થાય છે. આ દુનિયામાં સુખ માટેની કલ્પના કોઈ એક નથી, કિન્તુ અનન્ત છે. પ્રત્યેક આત્માની સુખની કલ્પના જૂદી છે, એટલું જ નહિ કિન્તુ એક જ આત્માની સુખવિષયક કલ્પના અનેક છે. જેટલા સંયોગો ફરે છે તેટલી સુખની કલ્પના પણ ફરે છે. નિર્ધનના સુખની કલ્પના ધનની પ્રાપ્તિમાં છે અને ધનવાનના સુખની કલ્પના પુત્રની પ્રાપ્તિમાં છે : ભૂખ્યાના સુખની કલ્પના ખાવામાં છે અને ખાધેલાના સુખની કલ્પના તેના પાચનમાં છે : રોગીને સુખની કલ્પના આરોગ્યમાં છે અને નિરોગીને સુખની કલ્પના આરોગ્યના ભોગમાં છે. આ રીતે પ્રત્યેક આત્માની સુખ માટેની કલ્પનાઓ ભિન્ન ભિન્ન છે, એટલું જ નહિ પણ પ્રત્યેક અવસ્થાઓમાં એક જ આત્માની તે કલ્પનાઓ બદલાતી જાય છે. આ સ્થિતિમાં–'સુખ એ શું છે?'–એ વસ્તુનો એક જ અભિપ્રાય નક્કી કરવો, એ કઠિનમાં કઠિન કાર્ય છે.

### ઉપકાર માટે જરૂરી :

'સુખ એ શું છે?'–એનો નિર્ણય કરવો ગમે તેટલો કઠિન હોય, તો પણ એનો નિર્ણય કર્યા સિવાય જ કોઈ પણ જાતિની પ્રવૃત્તિ કરવી, એ બુદ્ધિમાનોને સંમત નથી. એ

નિર્ણય કરવા ઉપર જ બુદ્ધિનું ફલ અવલંબેલું છે. જ્ઞાનિપુરૂષો કહે છે કે-જે આત્માઓ બુદ્ધિ મળવા છતાં તેના દ્વારાએ તત્ત્વનો નિર્ણય કરતા નથી, તેઓ બુદ્ધિહીન પશુઓ કરતાં કોઈ પણ રીતિએ ચઢીયાતા નથી. **"बुद्धेः फलं तत्त्वविचारणं च ।"** 'બુદ્ધિનું ફલ તત્ત્વની વિચારણા છે.' અને એ જ્ઞાનિઓનો પ્રસિદ્ધ ઉપદેશ છે. સુખ માટેની જેટલી કલ્પનાઓ આ દુનિયામાં પ્રચલિત છે, તે યથાર્થ છે કે અયથાર્થ છે, એ સમજવા માટે જે કોઈ આત્મા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતો નથી, તે આત્મા તત્ત્વજ્ઞાની દ્રષ્ટિએ પ્રશંસાપાત્ર નથી. કારણ એ છે કે-સુખનો યથાર્થ નિર્ણય કર્યા સિવાય સાચી પ્રવૃત્તિ થઈ શકતી નથી. સાચી અને સ્વ-પર હિતકર પ્રવૃત્તિ કરવા માટે અને તે સિવાયની પ્રવૃત્તિઓ છોડવા માટે સુખના યથાર્થ નિર્ણય સિવાય બીજો કોઈ આધાર નથી. જેઓ-'સુખ કોને કહેવાય?'-એનો વાસ્તવિક નિર્ણય કરવાની ઉપેક્ષા સેવે છે, તેઓ કોઈ પણ કાળે પોતાના જીવન દ્વારાએ સ્વ-પર ઉપકારક થઇ શકતા નથી. જીવનને સ્વ-પર ઉપકારક બનાવવાની અભિલાષાવાળા પ્રત્યેક આત્માની એ પ્રથમ ફરજ છે કે-તેણે 'સુખ કોને કહેવાય?'-એ નિર્ણય સૌથી પ્રથમ કરી, પછી જ કોઈ પણ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવું જોઈએ. જેઓ એ જાતિના કોઈ પણ નિર્ણય ઉપર આવ્યા પહેલાં જ પરોપકારાદિ કરવા પ્રવૃત્ત થાય છે, તેઓ પરનો કે સ્વનો ઉપકાર સાધવાને બદલે, કેવળ અપકારને જ સિદ્ધ કરે છે.

## ઉપકારની ભાવના:

સ્વ-પરને અપકારક ન બની જવાય, એ ખાતર સુખનો યથાર્થ નિર્ણય પ્રથમ આવશ્યક છે. પરોપકાર કરવાના આવે-

શમાં જેઓ આટલો પણ નિર્ણય કરવા થોભતા નથી, તેઓ પરોપકારના નામે જ પરનો ઉપઘાત કરનારા થાય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી. સાચા પરોપકાર-રક્ત મહાપુરૂષો પોતાની કોઈ પણ પ્રવૃત્તિની શરૂઆતમાં જ આ જાતિનો વિચાર કરે છે કે-'મારી પ્રવૃત્તિથી ઉપકાર થવા સંભવ છે કે અપકાર? જો અપકાર થવાનો સંભવ છે તો તે પ્રવૃત્તિ જગતને ગમે તેટલી ઈષ્ટ હોય, તો પણ તે મારે કલ્પે નહિ.' આ જાતિનો વિચાર કરનારા એક વખત જગતને અપ્રિય પણ બને છે, તો પણ સાચા ઉપકારના અર્થી તેઓ જગતને પ્રિય બનવાની ખાતર ઉપકારના નામે અપકારના માર્ગને કદી ગ્રહણ કરતા નથી. કહેવાતા વિજ્ઞાનવાદ અને સાચા વિજ્ઞાનવાદમાં આ જ મોટું અંતર છે. આધુનિક વિજ્ઞાનવાદમાં ઉપકાર-અપકારની વિચારણાને સ્થાન જ નથી. 'જગતને ઉપકારક હોય તેટલી જ પ્રવૃત્તિઓ કરવી અને અપકારક હોય તેવી પ્રવૃત્તિઓ જગતને ગમે તેટલી આકર્ષક હોય તો પણ ન જ કરવી.' -એ વિચાર વર્તમાન વિજ્ઞાનવાદમાં છે જ નહિ. વર્તમાન વિજ્ઞાનવાદનું ધ્યેય ઉપકારની સિદ્ધિ માટે નથી, પણ સ્વાર્થની સિદ્ધિ માટે છે, એ વાત કોઈ પણ વિચારકને માલૂમ પડ્યા સિવાય રહે તેમ નથી. જો ઉપકારની સિદ્ધિનું પણ તેમાં ધ્યેય હોત, તો આટલા વિપુલ પ્રમાણમાં પંચેંદ્રિય પ્રાણિઓ અને મનુષ્યો સુદ્ધાંનો સંહાર કરનાર શોધો થઈ હોત નહિ. એલોપથી ( હિંસ્ર દવાઓ ) અને કેમિસ્ટ્રી ( રસાયણિક શોધો ), ટોરપીડો અને મશીનગનો, ઝેરી ગેસો અને પાઉડરો, એ વિગેરે વસ્તુઓ ભલે નવી શોધાણી હોય, તો પણ તેની પાછળ જગત ઉપર ઉપકાર કરવાની લેશ માત્ર ભાવના હોય, એ સંભવિત નથી.

**ભોગૈષણાની પૂર્તિ :**

કેવળ સંહારક વસ્તુઓની શોધો પાછળ જ સ્વાર્થની ભાવના રહેલી છે અને બીજી શોધો પાછળ તે નથી એમ પણ નથી. રેલ્વેઓ, ઍરોપ્લેનો, વાયરલેસો, કેમેરાઓ, રેડીઆઓ, મોટરો અને મશીનો આદિ વસ્તુઓ, કે જે મનુષ્યોના સુખ અને તેમની સગવડો ખાતર શોધવામાં આવી છે એમ કહેવાય છે, તેની પાછળ પણ ઉપકારની ભાવના રહેલી છે, એમ સિદ્ધ કરી શકાય તેમ નથી. જેટલા નવીન શોધકો છે અને જેટલા તેને સહાય કરનારા છે, તે કોઈ ને કોઇ પ્રકારના પોતાના સ્વાર્થની સિદ્ધિમાં જ રમતા હોય છે. કોઈને ધનનો સ્વાર્થ છે તો કોઈ ને રાજ્યનો, કોઇને નામનાનો સ્વાર્થ છે તો કોઇને કામનાનો અને કોઈ ને ભોગનો સ્વાર્થ છે તો કોઇને રોગનો. વિજ્ઞાનવાદની પૂંઠે પડેલાઓ પ્રત્યેકને કોઇ ને કોઈ પ્રકારનો ઐહિક સ્વાર્થ વળગેલો જ છે. ઐહિક સ્વાર્થ નથી અને વિજ્ઞાનવાદને માને છે, એવી કોઈ પણ પ્રકારના સ્વાર્થભાવ વિનાની પરોપકારી વ્યક્તિઓની શોધ વિજ્ઞાનવાદિઓમાંથી કરવા માંગીએ, તો તેમાં નિરાશ થવું પડે તેમ છે. તેનું કારણ એ છે કે–જે કોઈ એમાં ઝંપલાયા છે અને ઝંપલાય છે, તેઓ સાચા સુખનો વિવેક કરી શકવા જેટલી હદે પહોંચી શકયા નથી. ઈન્દ્રિયપોષણાને જ જ્યાં સાચું સુખ માની લેવાયું હોય, ત્યાં મનુષ્યોનાં સુખ અને તેમની સગવડોના નામે સારાં રૂપ, સારા રસ, સારા ગંધ, સારા સ્પર્શ અને સારા શબ્દ ભોગવવાનાં સાધનો રોજનાં રોજ ઉભાં થતાં જાય, એમાં નવાઇ નથી. સારાં રૂપો જોવા માટે સીનેમા અને ટૉકીઝો, સારા રસો ભોગવવા માટે હૉટેલો અને રૅસ્ટોરન્ટો,

સારી સુગંધો લેવા માટે બગીચાઓ અને ગાર્ડનો, સારા સ્પર્શો અનુભવવા માટે અનેક પ્રકારની હોઝયરી અને ફરની-ચરો તથા સારા શબ્દો સાંભળવા માટે રેકોર્ડો અને રેડીઆઓ ઉભરાતા જાય છે. આજના જમાનાના આ જાતિના બધા આવિર્ભાવો વ્યાપાર આદિક ઐહિક સ્વાર્થોની અને ભોગૈષણાની પૂર્તિ માટે થઇ રહ્યા હોવા છતાં, તેને મનુષ્યજાતિના સુખ અને તેમની સગવડોની ખાતર ઉભા કરવામાં આવે છે, એમ કહેવું એ નિતાન્ત અસત્ય છે.

<u>વિવેકશૂન્ય શોધો:</u>

એમ છતાં વિજ્ઞાનની કેટલીક શોધો માટે એમ કહી શકાય તેમ છે કે-તે મનુષ્યજાતિનાં દુ:ખો અને દર્દોને ઓછાં કરવા માટે થઈ છે અને થઈ રહી છે, છતાં તે શોધોથી મનુષ્યોનાં દુ:ખો કે દર્દો ઓછાં થયાં નથી પણ વધ્યે જ જાય છે, એ પણ એક આશ્ચર્યની બીના છે. મનુષ્યોનાં શારીરિક અને માનસિક દર્દો ઓછાં કરવા માટે શોધાએલી દવાઓ અને ખોરાકો, રેસો અને રમતો, કસરતો અને કુસ્તીઓ પણ વિવેકશૂન્ય હોવાના પ્રતાપે મનુષ્યોને આરામ કે શાન્તિ આપી શકવા માટે નિષ્ફળ નિવડેલ છે. જેની પાછળ યાવત્ પંચેંદ્રિય પ્રાણિઓની પણ રક્ષા નથી કિન્તુ સંહાર છે, તે પ્રવૃત્તિઓ મનુષ્યદયાના નામે પણ કરવામાં આવતી હોય, તો પણ તે અધર્મ છે: અને જ્યાં અધર્મ છે ત્યાં સુખ નથી. અધર્મની સાથે દુ:ખને અને ધર્મની સાથે સુખને સમવ્યાપ્તિ છે. જ્યાં ધર્મ નથી ત્યાં સુખ નથી અને જ્યાં સુખ નથી ત્યાં ધર્મ નથી. આ જાતિની સુખ અને ધર્મની વ્યાપ્તિ સમજવા પહેલાં અહીં એટલું જ વિચારવું જરૂરી છે કે-વર્તમાન વિજ્ઞાનવાદની કહેવાતી સઘળી શોધો

જગતના ઉપકાર માટે નિર્મિત થયેલી છે કે સૌ સૌના ઐહિક સ્વાર્થની સિદ્ધિ માટે છે ? એ શોધોમાંની કેટલીક ધન અને રાજ્યની લોલુપતાથી થઈ છે, કેટલીક વ્યાપાર અને વાણિજ્યના લોભથી થયેલી છે તથા કેટલીક ઇંદ્રિયો અને તેની વાસનાનાઓની તૃપ્તિ માટે થયેલી છે. જે કેટલીક દયાના નામે ઓળખાય છે, તે પણ વિવેકશૂન્ય હોવાથી, દયાના પ્રચારના બદલે હિંસાનો જ પ્રચાર કરાવીને, પારણામે તો મનુષ્યજાતિને અધમાધમ બનાવનાર છે.

**સાચા ઉપકારી :**

આ જાતિની પરિસ્થિતિ સુખ વિષયક ઘોર અજ્ઞાનને આભારી છે. આપણે જેને સાચો વિજ્ઞાનવાદ કહેવો છે, તેના શોધકોએ સૌથી પ્રથમ પ્રયત્ન સુખ વિષયક જ્ઞાન સંપાદન કરવા અને કરાવવા માટે કર્યો છે: કારણ કે–તે વિના ઉપકારના નામે જ અપકાર થવાનો સંભવ છે. ઉપકાર પણ તે જ સાચો મનાય છે, કે જે એકાંતિક અને આત્યંતિક હોય. એકાન્તિક એટલે જે દુ:ખથી મિશ્રિત ન હોય અને આત્યંતિક એટલે જે મળ્યા પછી કાંઈ મેળવવાનું બાકી રહેતું ન હોય. તે સિવાયના ઉપકારો અનેકાન્તિક અને અનાત્યંતિક હોવાથી, તેની ગણના તાત્ત્વિક ઉપકાર તરીકે થઈ શકતી નથી. વિષયોપભોગનાં સાધનો અને તેને સિદ્ધ કરાવી આપનાર લક્ષ્મી આદિ પ્રાપ્ત કરવાના ઉપાયો એકાન્તિક અને આત્યન્તિક ઉપકારને કરનારા નથી. એ જ કારણે જ્ઞાનિઓએ એની ઉપેક્ષા કરી છે. જ્ઞાનિઓની એ ઉપેક્ષા જ્ઞાનજન્ય છે, તેથી જ્ઞાનિઓના તે કાર્યની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. જેઓ જ્ઞાનિઓના આ ભાવને કળી શકતા નથી, તેઓ ભલે વર્તમાન વિજ્ઞાનવાદને પ્રધાનપદ

આપે અને જ્ઞાનિઓના સાચા વિજ્ઞાનવાદની ઉપેક્ષા કરે, પરન્તુ જેઓ પોતાની નિર્મળ બુદ્ધિ વડે એમ સમજી શકે છે કે-'જગત ઉપર એકાન્તિક અને આત્યન્તિક ઉપકાર કરવાની ભાવનાથી જ જ્ઞાનિઓએ જડવાદની ઉપેક્ષા કરી છે.' -તેઓ તો સાચા ઉપકારી તરીકે એક તેમને જ સ્વીકાર્યા સિવાય રહે તેમ નથી. મનુષ્યોની પાશવી વૃત્તિઓને ઉત્તેજન આપીને પોતપોતાનો સ્વાર્થ સાધવા ખાતર ઉભો થયેલો ક્યાં વર્તમાનનો વિજ્ઞાનવાદ અને જગતના પ્રાણીમાત્ર ઉપર એકાન્તિક અને આત્યન્તિક ઉપકાર કરવાની સુવિશુદ્ધ ભાવનામાંથી ઉદ્‌ભવ પામેલો ક્યાં અનન્તજ્ઞાનિઓનો યથાર્થ વિજ્ઞાનવાદ ? એ બે વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર છે : કારણ કે-એકની ઉત્પત્તિ સ્વાર્થમાંથી છે અને બીજાની ઉત્પત્તિ પરમાર્થમાંથી છે.

## સાચો વિજ્ઞાનવાદ :

સ્વાર્થ અને પરમાર્થ દ્વારાએ બન્ને જાતિના વિજ્ઞાનવાદો વચ્ચે ઉત્તર-ધ્રુવ અને દક્ષિણ-ધ્રુવ જેટલું મોટું અંતર પડી જતું હોવાથી, બન્ને માટે એક જ જાતિની કલ્પના કરવી, એ કોઈ પણ રીતિએ ઘટિત નથી. જગતનું શ્રેય કરવા માટે ઉત્પન્ન થયેલો વિજ્ઞાનવાદ, કોઈનું પણ અશ્રેય થાય એવી પ્રવૃત્તિ કદી જ આચરે નહિ. જે વિજ્ઞાનવાદના આવિર્ભાવમાં જગત માત્રનું હિત થતું હોય અને કોઈનું પણ અહિત થતું ન હોય, તે જ વિજ્ઞાનવાદ પોતાના વિજ્ઞાનવાદ નામને સાર્થક કરનારો છે. વિજ્ઞાનવાદ એવું નામ ધારણ કરવા છતાં, તેના દ્વારા થતાં કામો અજ્ઞાનવાદિઓને પણ હંફાવે તેવાં હોય, તો કોઈ પણ વિવેકી માણસ તેને વિજ્ઞાનવાદ તરીકે સ્વીકારવા તૈયાર થઈ શકે નહિ. આધુનિક વિજ્ઞાનવાદ આ રીતે જગતના શ્રેયમાં

વૃદ્ધિ કરનારો નહિ હોવા છતાં, વર્ત્તમાન જગતમાં તે પુષ્કળ મનાય છે અને પૂજાય છે, તેનું કારણ પણ આજના જમાનામાં વધી પડેલી વિષયલંપટતા છે. નાસ્તિકતા અને આધુનિક વિજ્ઞાનવાદ ઉભયના પ્રચારનું પણ કારણ એક જ છે અને તે અહોળા જનસમૂહની વિષયલંપટતા સિવાય બીજું કાંઈ નથી. નાસ્તિકવાદ અને વિજ્ઞાનવાદમાં એટલો ભેદ અવશ્ય છે કે–'નાસ્તિકવાદ કેવળ બુદ્ધિશૂન્ય છે અને વિજ્ઞાનવાદ બુદ્ધિયુક્ત છે.' બુદ્ધિયુક્ત હોવાથી એકને વિજ્ઞાનવાદનું ઉપનામ અપાય છે અને બુદ્ધિશૂન્ય હોવાથી બીજાને નાસ્તિકવાદનું ઉપનામ અપાય છે. બુદ્ધિના વિકાસ વિના જડના આવિર્ભાવો પણ આટલા વિપુલ પ્રમાણમાં શોધી શકાવા અશકય છે, પરન્તુ એ જાતિનો બુદ્ધિનો વિકાસ વિજ્ઞાનવાદ જેવા પવિત્ર શબ્દનો સદુપયોગ કરાવવા માટે સમર્થ થઈ શકે તેમ નથી. જે બુદ્ધિનો વિકાસ જડના આવિર્ભાવોમાં સુખ મનાવવાનો પ્રયત્ન કરે છે, તે બુદ્ધિનો વિકાસ સર્વસ્વના વિનાશ માટે થનારો છે : અને જે બુદ્ધિનો વિકાસ ચેતનના આવિર્ભાવોમાં જ સુખની બુદ્ધિ પેદા કરાવે છે, તે બુદ્ધિનો વિકાસ સર્વ કોઈના ઉદય માટે થનારો છે, એ તો ઘણી જ સ્પષ્ટ બીના છે.

## જડપૂજા અનાવશ્યક :

જ્ઞાન અને વિજ્ઞાન–એ બંને શબ્દો જ્ઞાનને જ કહેવાવાળા હોવા છતાં, એક મિથ્યા જ્ઞાન માટે પણ વાપરી શકાય છે અને બીજો યથાર્થ જ્ઞાન માટે વાપરવો એજ વધુ યોગ્ય છે. મરૂ–મરૂચિકામાં જલનું જ્ઞાન કે છીપમાં રજતનું જ્ઞાન, એ જ્ઞાન નથી એમ નહિ, પણ ભ્રાન્ત–જ્ઞાન છે. એ જ્ઞાન ઉત્તરકાળની પ્રતીતિથી બાધિત છે, તેથી તેને યથાર્થ જ્ઞાન કહી

શકાય તેમ નથી. અહીં વિજ્ઞાનને આપણે વિશિષ્ટ જ્ઞાન કહેવા માગીએ છીએ, અને તેનું એ વિશિષ્ટત્વ બીજું કોઈ નહિ લેતાં, માત્ર યથાર્થત્વ લેવા માગીએ છીએ. યથાર્થ જ્ઞાન એ વિજ્ઞાન છે, અને સંશયવિપર્યયાદિ ભ્રાન્ત જ્ઞાનો યથાર્થ નહિ હોવા છતાં જ્ઞાન તો છે જ. તેવાં ભ્રાન્ત જ્ઞાનોની વૃદ્ધિ જગતમાં ગમે તેટલી થાય, તો તેથી લેશ માત્ર ખૂશ થઈ જવા જેવું નથી : કારણ કે–તેવા જ્ઞાનની વૃદ્ધિથી જગત ઉપર અનેક પ્રકારની નિરર્થક આપત્તિઓ આવી પડે છે. વર્તમાન વિજ્ઞાન-વાદને આપણે ભ્રાન્ત જ્ઞાન એટલા માટે કહીએ છીએ કે–તે જગતને સુખી બનાવવા માટે જડવાદના માર્ગ તરફ દોરી જાય છે. જડવાદનો વિકાસ એ સુખનો સાધક નથી પણ બાધક છે. સુખ એ ચેતનનો ધર્મ છે અને ચેતનનો ધર્મ જડમાંથી પ્રાપ્ત થઈ શકતો નથી. ચેતનનો ધર્મ ચેતનમાંથી જ ઉદ્દ્ભવ પામનારો છે, એટલા માટે સુખની અર્થી દુનિયાને જડવાદમાંથી ઉગારી લેવામાં જ તેનું કલ્યાણ છે. સુખના માટે જગતને જડપૂજાથી છોડાવી ચૈતન્યવાદની પૂજારી બનાવવી આવશ્યક છે. ચૈતન્યવાદની પૂજા ચૈતન્યવાદિઓની પૂજા દ્વારા શક્ય છે અને ચૈતન્યવાદિઓની પૂજા ચૈતન્યવાદિઓની આજ્ઞાના પાલન ઉપર અવલંબેલી છે. ચૈતન્યવાદિઓની આજ્ઞાના પાલન માટે નાસ્તિકતા, વિષયલંપટતા અને લોકહેરીના ત્યાગની આવશ્યકતા છે. નાસ્તિકતા, વિષયલંપટતા અને લોકહેરીનો ત્યાગ ગમે તેટલો મુશ્કેલ કે અરૂચિકર હોય, તો પણ તે ત્રણેને છોડયા વિના ચૈતન્યવાદના માર્ગ પર આવી શકાવું અશક્ય છે. સુખ એ જો ચેતનનો જ ધર્મ છે, તો તેની સિદ્ધિ માટે જે કોઇ ઉપાયો તેને અનુરૂપ હોય તે જ સ્વીકારવા જોઈએ. નાસ્તિ-

કતાદિ ભાવો ચૈતન્યના વિકાસને અનુરૂપ નથી : કારણ કે-તે ચૈતન્યને ભૂલાવી કેવળ જડના જ ભક્ત બનાવે છે. તેવી જડભક્તિ અનન્તકાળ સુધી કરવામાં આવે, તો પણ તે દ્વારા ચેતનના સુખના એક અંશનો પણ આવિર્ભાવ થઈ શકે, એ કોઈ કાળે પણ શકય નથી.

ચૈતન્યવાદનો આશ્રય :

જડ દ્વારા પણ ચેતનને જે સુખનો અનુભવ થાય છે, તેનું કારણ પણ ચેતન જ છે : પરન્તુ તે સુખાનુભવ–સુખસ્વરૂપ છે કે દુઃખાભાવ સ્વરૂપ છે-તે જોવું આવશ્યક છે. જડ સાધનો દ્વારા થનારાં સુખ એ સુખ નથી, પણ દુઃખનો પ્રતિકાર છેઃ જ્યારે ચૈતન્યના વિકાસ દ્વારા થનારાં સુખ એ સુખસ્વરૂપ છે. દુઃખાભાવને સુખ માની લેવાથી અને દુઃખના પ્રતિકારોને સુખનાં સાધનો માની લેવાથી, આ જગતમાં પાર વિનાની ભ્રાન્તિ ફેલાઈ રહી છે. તે ભ્રાન્તિને દૂર કરવા માટે ચૈતન્યવાદનો આશ્રય લીધા સિવાય કોઈને પણ ચાલે તેમ નથી. ચૈતન્યવાદનો આશ્રય દુઃખાભાવ અને સુખ–એ બે વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી આપે છે : અને એ સ્પષ્ટીકરણ થયા પછી સુખની ખાતર જડ પદાર્થોની પાછળ ભટકવાની આત્માની વૃત્તિ શમી જાય છે. જે ક્ષણે જડ પદાર્થોની પાછળ ભટકવાની આત્માની વૃત્તિ શમી ગઈ, એ જ ક્ષણે આત્મા અપૂર્વ આનન્દનો અનુભવ કરી શકે છે, કે જેના પરિણામે થોડા જ કાળની અંદર તે જ્યાં દુઃખનો સર્વથા અભાવ છે અને સુખનો સર્વદા સદ્‌ભાવ છે, ત્યાં કાયમ માટે જઈ વસે છે. એ સ્થાન પ્રાપ્તવ્ય તરીકે જ્યાં સુધી આત્માને ભાસ્યું નથી, ત્યાં સુધી તેની સઘળી પ્રવૃત્તિઓ તેના જ અહિત માટે થાય છે. એ

કારણે જ્ઞાનિઓ સૌથી પ્રથમ પ્રાપ્તવ્ય સ્થાનનો નિશ્ચય કરાવે છે. એ નિશ્ચય કરાવ્યા પછી ત્યાં પહોંચવા માટે વર્તમાન સ્થાન છોડવા લાયક છે તેવો બોધ કરાવે છે. એ બોધ થયા પછી એ છોડવા માટેના ઉપાયો દર્શાવે છે. એ ઉપાયોનો જેટલા પ્રમાણમાં અમલ થાય, તેટલા પ્રમાણમાં દુઃખ છૂટતું જાય છે અને સુખ મળતું જાય છે. આ જાતિના ઉપાયો દર્શાવનાર જે છે, તેને આપણે ચૈતન્યવાદ કહીએ છીએ: અને એ ચૈતન્યવાદ એ જ એક દુઃખથી ત્રાસેલ અને સુખની અર્થી દુનિયાને માટે પરમ આધાર છે.

## લેખાંક ૬ ઠ્ઠો :

**સાચી શાંતિ :**

પાંચ ઇંદ્રિયોના શબ્દાદિ પાંચ વિષયો છે. તેની અતિ આસક્તિ, એ વિષયલંપટતા છે. નાસ્તિકતા અને લોકહેરી–એ ઉભયનો જન્મ વિષયલંપટતામાંથી થાય છે. જ્યાં સુધી આત્મા કર્મનાં બંધનોથી બંધાયેલો છે, ત્યાં સુધી તેને પ્રત્યેક જન્મમાં જૂદા જૂદા દેહને ધારણ કર્યા સિવાય ચાલતું નથી. શરીરધારણની સાથે જ યોગ્યતા મુજબ ઇંદ્રિયોની પ્રાપ્તિ અવશ્ય થાય છે. છેવટ એક સ્પર્શનેન્દ્રિય તો પ્રત્યેક પ્રાણિને હોય જ છે. કેટલાકને બે, કેટલાકને ત્રણ, કેટલાકને ચાર અને કેટલાકને પાંચે પાંચ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રિયોની પ્રાપ્તિ થવાથી, પ્રત્યેક ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં નિરન્તર તત્પર રહે છે. અનુકૂળ વિષયોના ગ્રહણ

વખતે આત્મા સુખ અનુભવે છે અને પ્રતિકૂળ વિષયોના ગ્રહણ વખતે દુ:ખ અનુભવે છે. આત્મા દુ:ખનો દ્વેષી છે અને સુખનો અર્થી છે, એ કારણે સુખની ઈચ્છાથી તે અનુકૂળ વિષયોના સંયોગ માટે અને પ્રતિકૂળ વિષયોના વિયોગ અર્થે નિરન્તર તલસે છે. અનુકૂળ કે પ્રતિકૂળ વિષયો, એ બાહ્ય અને જડ હોવાથી, આત્માની સાથે તેને તાદાત્મ્ય-સંબંધ નથી, કિન્તુ સંયોગ-સંબંધ છે. સંયોગ હંમેશાં ભિન્ન દ્રવ્યોનો અને પરિમિત કાળનો જ હોય છે. પરિમિત કાળ પૂર્ણ થયે સંયોગ-સંબંધથી જોડાયેલાં ભિન્ન ભિન્ન દ્રવ્યો અવશ્ય વિયોગને પામે છે. આ રીતે વિષયોમાં સુખ-દુ:ખની કલ્પનાવાળો આત્મા, તે વિષયોના પ્રત્યેક સંયોગ અને વિયોગ વખતે ચલચિત્ત રહ્યા કરે છે, તેથી સાચી શાન્તિનો કે મન:સ્વાસ્થ્યનો તે કદી પણ અનુભવ કરી શકતો નથી.

<u>દોષોની જનેતા-વિષયલંપટતા:</u>

બહિરંગ તથા જડ વિષયોની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં સુખ તથા દુ:ખની કલ્પના કરનાર આત્મા તે વિષયોને આધક આધક મેળવવા અને ભોગવવા પ્રયાસ કરે છે. મળે છે તો આનન્દ પામે છે અને નથી મળતા તો શોક કરે છે. ભોગવવામાં તેને રતિ ઉત્પન્ન થાય છે અને ન ભોગવી શકે તો તેને અરતિ યાને ગ્લાનિ થાય છે. મળેલા ન ચાલી જાય એનો એને સદા ભય રહ્યા કરે છે. સારાના બદલે નરસા મળી જાય, તો દુગંછા યાને જુગુપ્સા થાય છે. બાહ્ય વિષયોમાં સુખ માનનારો હંમેશાં તેના લોભથી ગ્રસ્ત રહે છે. મળે એ માટે અનેક પ્રકારની માયાઓ આચરે છે. મળી જાય તો અભિમાન કરે છે અને ન મળે તો રોષ કરે છે. વિષયના લોલુપી આત્માઓને

હિંસા એ પાપસ્વરૂપ લાગતી નથી. હિંસા એ પાપ છે, એમ કોઈ તેને સમજાવવા માગે તો તેને તે હસી કાઢે છે. વિષયોની પ્રાપ્ત્યર્થે કોઇ પણ જાતિની શંકા રાખ્યા વિના તે હિંસા આચરે છે, અસત્ય બોલે છે, કોઇ પણ ન જાણી જાય એ રીતે ચોરી કે અનીતિ, વેશ્યા કે પરદારાગમન, અભક્ષ્ય-ભક્ષણ કે અપેય-પાન કરવામાં આંચકો ખાતો નથી. આ બધાં પાપો કરવા છતાં પોતે સભ્ય અને સારા તરીકે પ્રસિદ્ધિ પામી શકે, એ માટે તે નાસ્તિકતાને પસંદ કરે છે, નાસ્તિકમતના પ્રચારકોને અભિનન્દન આપે છે અને આસ્તિકોની હાંસી ઉડાવવા માટે તેઓના ભેગો હળે છે, મળે છે અને ભળે છે. વિચારશીલ વ્યક્તિઓના વિચારોને વજન આપવાને બદલે નિર્વિચાર લોકોની બહુમતિને વજન આપવા માટે તે પ્રચાર કરે છે. જે કોઈ પ્રકારે પોતાની વિષયલંપટતા સભ્યતાના લેબાશમાં પ્રકાશિત રહે, એ જાતિના સર્વ ઉપાયો તેને પસંદ આવી જાય છે અને તેને તે આચરે છે.

## <u>વિષયવિરક્તિ-ગુણોની જનેતા:</u>

વિષયલંપટતા એ જેમ દોષોની જનેતા છે, તેમ વિષયો પ્રત્યે વિરક્તતા એ સર્વ પ્રકારના ગુણોની જનેતા છે. વિષયો એ આત્મ-બાહ્ય અને અચેતન હોવાથી સુખ માટે તેને આધીન થવું, એ ઇરાદાપૂર્વક દુઃખી થવાનો રસ્તો છે. સુખ માટે વિષયોને આધીન થનારો આત્મા, પોતાની સ્વભાવસિદ્ધ સ્વતંત્રતાને વેચી નાંખે છે. સ્વતંત્ર આત્મા પણ વિષયોમાં સુખની કલ્પના કરીને સદાને માટે પરતંત્ર બને છે. વિષયોને પરતંત્ર બનેલો, જેટલાં પરિવર્તનો વિષયોમાં થાય છે તેટલાં પોતાનાં માને છે. એ રીતે અનેક પ્રકારના નિરર્થક નાચો કરીને મહા

દુઃખી થાય છે. એ સઘળાં દુઃખોમાંથી છોડાવનાર વિષયવિરક્તિ છે! વિષયવિરક્તિ રૂપી જડીબુટ્ટીનો નિરંતર પ્રયોગ કરનાર આત્મા, જગતનાં સર્વ પ્રકારનાં દુઃખોથી અલિપ્ત રહે છે. દુનિયાનાં સઘળાં પરિવર્તનો તેનું પરિવર્તન કરવા માટે નિષ્ફળ નિવડે છે. નાસ્તિકતા તેનાથી દૂર ભાગે છે. લોકહેરી તેનો સ્પર્શ કરી શકતી નથી. લોભ તેનામાં સ્થાન પામી શકતો નથી. માયા કે દંભ તેનાથી હજારો કોશ દૂર રહે છે. અહંકાર કે ક્રોધ તેને સ્પર્શી શકતા નથી. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ કે અભક્ષ્ય–ભક્ષણાદિ ઘોર પાપો વિષયોથી વિરક્તિ ધરાવનાર આત્મામાંથી ધીમે ધીમે નાબૂદ થતાં જાય છે. વિષયવિરક્ત આત્મા થોડા જ કાળમાં સર્વ પાપથી રહિત બને છે. નિષ્પાપ બનેલો તે નવું પાપ ઉપાર્જન કરતો નથી અને વિશુદ્ધ અધ્યવસાયો વડે જૂનાં પાપોનો પણ ક્ષય કરે છે. એ રીતે સર્વ પાપોનો ક્ષય કરીને તે આત્માનું સ્વભાવ-સિદ્ધ સ્વાતંત્ર્ય હસ્તગત કરે છે અને અનન્ત કાળ સુધીના અનન્ત આનન્દનો ભોક્તા બને છે.

## લોકહેરી :

નાસ્તિકતા જેમ વિષયલંપટતામાંથી જન્મે છે, તેમ લોકહેરી પણ તેમાંથી જ જન્મ લે છે. વિષયોથી વિરક્ત આત્માને લોકહેરી ત્યજવી જેટલી સુલભ છે, તેટલી જ વિષય-લંપટ આત્માને તે ત્યજવી દુષ્કર છે. જેમ પ્રત્યેક પ્રાણી સ્વભાવથી જ વિષયલંપટ છે, તેમ સ્વભાવથી જ લોકહેરીને અનુસરનાર છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહાદિ સંજ્ઞાઓ જેમ જીવને અનાદિકાળની છે, તેમ લોકસંજ્ઞા–અજ્ઞાન લોકને અનુસરવાની વૃત્તિ પણ તેટલી જ જૂની છે. લોક એ અજ્ઞાન

હોવા છતાં, જ્ઞાની આત્માઓ પણ લોકના સારા–ખોટા અભિપ્રાય સાંભળી સુખી–દુઃખી થાય છે, તે અનાદિકાળની લાગુ પડેલી લોકસંજ્ઞાનો જ પ્રભાવ છે. જે મહાપુરૂષો અજ્ઞાન લોકને અનુસરવાની આ કારમી વૃત્તિને સર્વથા જીતી ગયા છે, તેઓએ પોતાના જ્ઞાનને પૂરેપૂરૂં સાર્થક કર્યું છે. ભવાભિનન્દી અજ્ઞાન લોકના અભિપ્રાયને વજન આપવું, એ ઈરાદાપૂર્વક સન્માર્ગથી પોતાના આત્માને ભ્રષ્ટ કરવા બરોબર છે. વિષયલંપટતા કરતાં પણ લોકહેરી એક પ્રકારે વધારે વિવેકશૂન્યતાને સૂચવનારી છે: કારણ કે–વિષયો તો સાક્ષાત્ સંબંધ પામીને સુખ–દુઃખનો અનુભવ કરાવનારા છે, જ્યારે લોકહેરી તો દૂરથી લોકોનાં વચનો સાંભળીને સુખ–દુઃખની લાગણી ઉત્પન્ન કરે છે. અજ્ઞાન અને ભવાભિનન્દી લોકોનાં વચનો સાંભળીને સુખી યા દુઃખી થવું, એ જ્ઞાનનું લીલામ છે. એટલા જ માટે સમ્યગ્જ્ઞાની મહાપુરૂષો લોકહેરીને કદી જ વજન આપતા નથી.

<u>સત્યાસત્યનો નિર્ણય:</u>

જગતમાં લોકના બે વિભાગ પડી જાય છે: એક અજ્ઞાન અને ભવાભિનન્દી: બીજો જ્ઞાની અને ભવવિરક્ત. પ્રથમ વિભાગના લોકની સંખ્યા બીજા વિભાગ કરતાં હંમેશાં ઘણા મોટા પ્રમાણમાં હોય છે. એટલા જ માટે જ્ઞાનિપુરૂષોએ સત્યના નિર્ણયમાં બહુમતિ કે અલ્પમતિને સ્થાન આપ્યું નથી. બહુમતિ તરફેણમાં હોય તેથી અસત્ય સત્ય બની જતું નથી અને બહુમતિ વિરૂદ્ધમાં હોય તેથી સત્ય અસત્ય બની જતું નથી. સત્યાસત્યનો આધાર તેના વક્તા ઉપર છે. વક્તા જો જ્ઞાની અને વીતરાગ છે, તો તેણે કહેલું વચન સત્ય છે.

વક્તા જો અજ્ઞાની અને રાગદ્વેષાદિથી યુક્ત છે, તો તેનું વચન અસત્ય છે. એટલા માટે સત્યના અર્થિએ બહુમતિને અનુસરવાનું હોતું નથી, કિન્તુ જ્ઞાની અને વીતરાગનાં વચનોને અનુસરવાનું હોય છે. આ વાત સર્વથા સત્ય હોવા છતાં, અજ્ઞાન લોકહેરીને વશવર્તી થયેલા આત્માઓ, બહુમતિના નામે, પોતાના જીવનને અને પરનાં જીવનોને બરબાદ કરે છે. જે આત્માઓએ પોતાની જાતને જ્ઞાનિઓના વચનને વશવર્તી બનાવી દીધી છે, તે આત્માઓએ અજ્ઞાન લોકના ગમે તેવા અભિપ્રાયોથી લેશ માત્ર ભય પામવાની આવશ્યકતા રહેતી નથી. પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ જ્ઞાનિનાં વચનોથી નિયંત્રિત છે કે નહિ, એટલો જ વિચાર કર્તવ્ય છે. જો તે જ્ઞાનિઓનાં વચનોથી નિયંત્રિત છે, તો પછી લોકના અભિપ્રાય જાણવાની આવશ્યકતા રહેતી નથી. જો તે જ્ઞાનિઓના વચનથી નિયંત્રિત નથી કિન્તુ સ્વમતિ કે લોકમતિથી વિકલ્પિત છે, તો તે સત્ય નથી, બુદ્ધિમાન માટે તે આચરવા લાયક નથી. જ્ઞાનિઓનાં વચનથી વિપરીત લોકમતિથી નિર્ણિત કે સ્વમતિવિકલ્પિત જેટલી પ્રવૃત્તિઓ છે, તેટલી આ દુનિયામાં ગમે તેટલી પંકાતી હોય, ગમે તેટલી તે સભ્ય અને આવશ્યક પણ ગણાતી હોય, તો પણ તેનાથી હિત થનાર નથી.

## હિતનો પરમ આધાર:

હિતનો પરમ આધાર જ્ઞાનિઓનું વચન છે. અલ્પજ્ઞ અને અનેક પ્રકારના રાગદ્વેષોથી ગ્રસ્ત આત્માઓ પણ જો પોતાના કે પોતાથી પણ મંદતર લોકના અભિપ્રાયો ઉપર વજન આપીને ચાલે, તો વિનિપાત સુનિશ્ચિત છે. જાત્યંધ આત્મા પણ દેખતા માણસની જેમ લાકડીના ટેકા વિના

સ્વતંત્રપણે ચાલવાનો આડમ્બર કરે, તો દુર્ભાગ્યે મળેલ અંધાપાની સાથે વગર કારણે હાથ, પગ આદિ બીજાં અંગોથી પણ રહિત બનવા રૂપ અપંગપણાનો લાભ પ્રાપ્ત કરે. જન્માંધ હોવા છતાં પોતાની મરજી મુજબ ચાલવાની ઈચ્છા રાખનાર જેમ અનેક પ્રકારની નિરર્થક આપત્તિઓનો ભોગ થાય છે, તેમ અલ્પજ્ઞ અને અશુદ્ધ આત્માઓ પણ પોતાની ઈચ્છા મુજબ જ વર્તવાનો આગ્રહ સેવે, તો લાભ તો દૂર રહ્યો, કિન્તુ અનેક પ્રકારનાં નિરર્થક નુકશાનોના ભોગ બની પોતાની જાતને મહાદુઃખના ભાગી બનાવનાર થાય છે! એટલા માટે પોતાની જ જાતના હિત ખાતર આંધળા માણસે ચાલવા માટે બીજા દોરવનારના કે લાકડી આદિના ટેકાને સ્વીકારવાની આવશ્યકતા છે: તેમ અજ્ઞાન અને અશુદ્ધ આત્માઓએ પણ પોતાના જ હિતની ખાતર સંપૂર્ણ જ્ઞાની અને સંપૂર્ણ વિશુદ્ધ પરમાત્માનાં વચનોનું અવલંબન લેવાની અનિવાર્ય આવશ્યકતા છે. જે કોઈ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં જ્ઞાનિઓનાં વચનોનું અવલંબન લે છે, તે આત્મા સર્વથા નિર્ભય બને છે. વિષયલંપટતા, નાસ્તિકતા અને લોકહેરીને આધીન થઇ જે કોઈ આત્માઓએ અનન્તજ્ઞાનિઓનાં વચનોનું અવલંબન સ્વીકારવું છોડી દીધું છે, તે આત્માઓ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં ડગલે ને પગલે સ્ખલના પામે છે અને તેમ સ્ખલના પામતા પ્રતિક્ષણ અનુભવાય છે. તેવા આત્માઓ જો એક મિથ્યા ઘમંડને આધીન ન હોત, તો તેઓ પોતાની પામર દશાને તત્કાળ પીછાની શકયા હોત: પરન્તુ મિથ્યા ઘમંડ તેટલો વિવેક કરવા દે, એ સંભવિત નથી.

<u>વિષયોના શિકાર:</u>

મિથ્યા ઘમંડથી નિર્વિવેકી બનેલો પોતાની જાતને વિવેકી બનાવવાની ખાતર જ્ઞાનિઓનાં વચનોનું અવલંબન લેવું, એ પરમ આવશ્યક છે. જ્ઞાનિઓનું વચન અજ્ઞાનતારૂપી વિષનું ઝેર ઉતારી નાંખવા માટે પરમ મંત્ર સમાન છે. અજ્ઞાનતારૂપી વિષનું ઝેર ઉતરી જવાની સાથે જ નાસ્તિકતારૂપી અંધકાર નાશ પામે છે: નાસ્તિકતા નષ્ટ થઈ તેની સાથે વિષયલાંપટ્ય રૂપી પાપ ચાલ્યું જાય છે: વિષયલાંપટ્ય ગયું તેની સાથે લોકહેરી પણ અદૃશ્ય બની જાય છે. સર્વ ગુણોનું મૂળ જ્ઞાનિઓનાં વચનોનું અવલંબન છે. અજ્ઞાની આત્મા પરલોકાદિ નથી એમ કહી દે, એટલા માત્રથી જ્ઞાની આત્માઓએ પોતાના જ્ઞાનથી જાણીને જગજ્જંતુઓના એકાન્ત હિતને અર્થે પ્રકાશિત કરેલા પરલોકાદિ પદાર્થો અવિદ્યમાન બની જતા નથી. આત્મા છે, પરલોક છે, સ્વર્ગ છે, નરક છે, પાપ છે, પુણ્ય છે, બન્ધ છે, મોક્ષ છે, યાવત્ જેટલા પદાર્થો જ્ઞાનિઓએ પોતાના જ્ઞાનબળે જોઇને પ્રકાશિત કર્યા છે, તે ભલે બહિરિન્દ્રિયને પ્રત્યક્ષ ન થતા હોય, તો પણ જગતમાં છે, એમાં કોઈ પણ અજ્ઞાનિની તકરાર ચાલી શકે તેમ નથી. જે આત્માઓ વિદ્યમાન એવા અતીંદ્રિય પદાર્થોને પણ વિષયલાંપટ્ય આદિ તુચ્છ વાસનાઓ પોષવાની ખાતર માનવાનો ઈન્કાર કરે છે, તે આત્માઓની દશા ઘણી ભયંકર બને છે. મધના બિન્દુની લાલચથી નીચે રહેલ અંધ, કૂપ કે અજગરાદિના ભયંકર ભયોની અવગણના કરનાર અધમ પુરૂષની અધમતા કરતાં પણ, તેવા આત્માઓની અધમતા ટપી જાય છે. ખરેખર ! વિષયની લાલચ એ બૂરી ચીજ છે. ઉત્તમને પણ તે અધમ બનાવે

છે, અમૂઢને પણ તે મૂઢ બનાવે છે અને બુદ્ધિમાન પાસે પણ તે નિર્બુદ્ધિમાન જેવાં આચરણ કરાવે છે. જેઓ એ લાલચને વશ પડે છે, તેઓના હાલ બૂરા થાય છે. મધુબિન્દુની અતિશય તુચ્છ લાલસાએ, તે પુરૂષની પાસે ઉપકારિનાં વચનોની પણ અવગણના કરાવી અને પરિણામે તે પુરૂષે પોતાની જાતને સદાને માટે આપત્તિનો ભોગ બનાવી દીધી. એજ રીતે વિષયલાં-પટ્ય આ દુનિયાના તુચ્છ વૈષયિક સુખોના ક્ષણિક ઉપભોગોની ખાતર સારા સારા માણસોને પણ અનન્તજ્ઞાનિઓનાં વચનો ઉપર પગ મૂકવાની વૃત્તિઓ ઉત્પન્ન કરાવે છે: એટલું જ નહિ કિન્તુ નાસ્તિકતા આદિ વિવેકશૂન્ય વિચારોના શિકાર બનાવી દઈ પાયમાલ કરે છે.

## લેખાંક ૭ મો:

**જ્ઞાનનાં સાધન:**

આત્મા પરલોકાદિ અતીંદ્રિય પદાર્થો બહિરિન્દ્રિયોને અગોચર હોવા છતાં, તે છે કે નહિ–તેનો નિર્ણય કેવળ બહિ-રિન્દ્રિય–પ્રત્યક્ષ દ્વારા કરવા તૈયાર થવું, એ બુદ્ધિની ન્યૂનતા સૂચવે છે. જે વસ્તુ જેના વિષયની બહાર છે, તે વસ્તુનો નિર્ણય તેના દ્વારા કરવાનો આગ્રહ સેવવો, એ મિથ્યા અભિ-નિવેશ સિવાય બીજું કાંઈ જ નથી. આત્મા જો મિથ્યા અભિ-નિવેશને આધીન થયેલો ન હોય, તો આત્મા આદિ બહિરિન્દ્રિયથી અગોચર પદાર્થોને બાહ્યરિન્દ્રિય–ગોચર કરવાનો આગ્રહ કદી જ સેવે નહિ. આથી કોઈએ એમ માની લેવાનું નથી કે–

'આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થો બહિરિન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ થઈ શકતા નથી, માટે તે કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થતા નથી અને તેમ છતાં પણ તેને માની લેવાનો આગ્રહ કરવામાં આવે છે.' અહીં તો વાત એ છે કે-જેઓ પદાર્થોનું જ્ઞાન કરવા માટે કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષનો જ આગ્રહ સેવે છે, તેઓ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ કરતાં પણ અધિક સત્ય અને વિદ્યમાન એવાં અન્ય પ્રમાણોનો અયોગ્ય રીતિએ તિરસ્કાર કરનારા છે. વસ્તુનું જ્ઞાન મેળવવા માટે બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ, એ તો એક અલ્પવત્ સાધન છે. બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ જેમ અભ્રાન્ત છે, તેમ ભ્રાન્ત પણ છે : એટલું જ નહિ કિન્તુ તે પ્રમાણ કેવળ વર્તમાન-કાળનો જ વિષય કરનારૂં છે : જ્યારે બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ સિવાયનાં આગમાદિ અમૂક પ્રમાણો તો સર્વ વસ્તુ, સર્વ કાળ અને સર્વ દેશને વિષય કરનારાં છે : એટલું જ નહિ કિન્તુ સર્વથા અભ્રાન્ત પણ છે.

### અભ્રાન્ત પ્રમાણો :

જ્ઞાનનાં સાધન-પ્રમાણ બે પ્રકારનાં છે : એક ભ્રાન્ત (અયથાર્થ) અને બીજાં અભ્રાન્ત (યથાર્થ). તે પ્રત્યેકના પણ પાછા બે પ્રકારો છે : એક પ્રત્યક્ષ અને બીજો પરોક્ષ. કેવળ, અવધિ, મનઃપર્યવ આદિ પ્રત્યક્ષ છે અને મતિ-શ્રુત આદિ પરોક્ષ છે : અથવા બહિરિન્દ્રિયજન્ય જ્ઞાન એ પ્રત્યક્ષ પ્રમાણ છે અને સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન, આગમાદિ એ પરોક્ષ પ્રમાણ છે. આ રીતે વસ્તુનું જ્ઞાન મેળવવા માટે અનેક પ્રકારનાં પ્રમાણો વિદ્યમાન હોવા છતાં, તે સઘળાનો ઈન્કાર કરી કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષને જ મૂખ્ય બનાવવું, એ પ્રમાણ સંબંધી વિજ્ઞાનની અજ્ઞાનતા સૂચવનાર છે. આત્મા, પરલોક, સ્વર્ગ, નરકાદિ

બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ નહિ હોવા છતાં-સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમાદિ પરોક્ષ અને કેવળ, મનઃપર્યવ અને અવધિ આદિ પ્રત્યક્ષ પ્રમાણોથી સુજ્ઞાત છે. કેવળજ્ઞાનાદિ પ્રત્યક્ષ પ્રમાણો આજે મૌજૂદ નથી, એ વાત સત્ય હોવા છતાં-'આગમાદિ પરોક્ષ પ્રમાણો પણ મૌજૂદ નથી.'-એમ કહેવું એ સર્વથા અસત્ય છે : અગર આગમાદિ પ્રત્યક્ષ પ્રમાણો મૌજૂદ હોવા છતાં તે બધાં ભ્રાન્ત છે અને એક કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ પ્રમાણ અભ્રાન્ત છે, એમ કહેવું એ પણ તેટલું જ ખોટું છે. જેમ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ એ ભ્રાન્ત અને અભ્રાન્ત ઉભય પ્રકારનું છે, તેમ આગમાદિ પ્રમાણો પણ ઉભય પ્રકારનાં છે, એ વાત સત્ય છે : પરન્તુ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ ભ્રાન્ત પણ હોય છે, છતાં તેટલા માત્રથી તેનો તિરસ્કાર કરવા માટે નાસ્તિક પણ તૈયાર નથી, તેમ આગમાદિ પ્રમાણો પણ ભ્રાન્ત હોય છે તેટલા માત્રથી જ તેનો તિરસ્કાર કોઈથી પણ થઈ શકે તેમ નથી. બહિરિન્દ્રિય-પ્રત્યક્ષમાં ભ્રાન્તતા લાવનાર જેમ ઇન્દ્રિય સંબંધી દોષો છે, તેમ આગમાદિ પ્રમાણોમાં ભ્રાન્તતા લાવનાર અયથાર્થ વક્તા આદિ દોષો છે. તે દોષો જો દૂર કરી દેવામાં આવે, તો બન્ને પ્રકારનાં પ્રમાણો એક-સરખાં સત્ય છે : એટલું જ નહિ કિન્તુ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ કેવળ વર્તમાન વિષયક અલ્પ પદાર્થોનું જ્ઞાન કરાવનાર છે, જ્યારે આગમાદિ પ્રમાણો ત્રિકાળ વિષયક સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવનાર છે, માટે તેના કરતાં અતિશય ચઢીયાતાં છે.

**આગમપ્રમાણ :**

આપ્તવચન તે આગમ છે અને યથાર્થ વક્તા તે આપ્ત છે. ' કહેવા લાયક વસ્તુને જે જેવી છે તેવી જાણે છે અને

જેવી જાણે છે તેવી જ કહે છે.'–તે યથાર્થ વક્તા છે. એવા વક્તાનું વચન અપ્રમાણ છે, એમ કોઈથી પણ કહી શકાય તેમ નથી. કેવળ બહિરિન્દ્રિય–પ્રત્યક્ષથી જ નહિ, કિન્તુ યથાર્થ વક્તાના વચનપ્રમાણ દ્વારા જ જગતના તમામ લોક અને લોકોત્તર વ્યવહારો અસ્ખલિતપણે ચાલી રહ્યા છે. આથી એ જાતિના વચનપ્રમાણની ઉપેક્ષા કરવામાં આવે તો એકલો લોકોત્તર વ્યવહાર જ બંધ થઈ જાય છે એમ નથી, કિન્તુ લોકવ્યવહાર પણ તે જ ક્ષણે સ્થગિત થઈ જાય છે. લોક અને લોકોત્તર–ઉભય વ્યવહારના એકના એક કારણભૂત વચનપ્રમાણનો જેઓ તિરસ્કાર કરે છે, તેઓ પોતાની જાતને ઓળખવા માટે પણ નિષ્ફળ નિવડ્યા છે. 'પોતે અમૂક પિતાનો પુત્ર છે.'–એવી જાતિની જે માન્યતા ધરાવે છે, તે માન્યતાનું પણ મૂળ જો કોઈ પણ હોય તો તે વચનપ્રમાણ છે. માતાનું વચન, એ જ પિતાને ઓળખવાનું એકનું એક સાધન છે. બહિરિન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણ ત્યાં નિષ્ફળ નિવડે છે. આ રીતે નાનાથી માંડી મોટા સુધી જગતનો તમામ વ્યવહાર જ્યારે યથાર્થ વક્તાના વચનપ્રમાણ ઉપર અવલંબેલો છે, ત્યારે આગમ પણ ભ્રાન્ત હોય છે, તેટલા માત્રથી જ જો તેનો તિરસ્કાર કરી દેવામાં આવે, તો તે જેવી–તેવી મૂર્ખતા નથી. ભ્રાન્તતાની સંભાવના માત્રથી આગમપ્રમાણનો ત્યાગ કરી દેવાને તૈયાર થયેલા આત્માઓ, ભ્રાન્તતાની સમ્ભાવના માત્રથી પોતાના જનેતા પિતાનો પણ ત્યાગ કરી દેવાનું અસમ્બદ્ધ ચેષ્ટિત કરે, તો નવાઈ પામવા જેવું નથી.

## શ્રી જૈનશાસનની વિશિષ્ટતા :

આગમપ્રમાણની ભ્રાન્તતા દૂર કરવા માટે માત્ર તેના પ્રણેતાની અયથાર્થતા દૂર કરવાની આવશ્યકતા રહે છે, નહિ

કે-આગમપ્રમાણને છોડી દેવાની. પ્રણેતાની અયથાર્થતાના દોષે યથાર્થ પ્રણેતાઓનાં વચનોનો પણ ત્યાગ કરી દેવામાં આવે, તો આ સંસારમાં પ્રાણિઓને કેવળ અજ્ઞાનના અંધારામાં જ આથડવાનું બાકી રહે છે. અંધારામાં આથડનારાઓ જેમ પોતાનાં અંગોપાંગોને સાજાં રાખી શકતા નથી, એટલું જ નહિ કિન્તુ અનન્ત કાળ આથડવા છતાં ઈષ્ટ સ્થાનને પામી શકતા નથી, તેમ યથાર્થ વક્તાઓનાં વચનોરૂપી કિરણોના પ્રકાશનું અવલંબન છોડી દેનારા આત્માઓ પણ, અજ્ઞાન-અંધકારમાં આમથી તેમ ભટકી ભટકીને જીવનને પાયમાલ કરી નાંખે છે: એટલું જ નહિ પરન્તુ અનન્તકાળ સુધી ભટકવા છતાં ઈષ્ટ સ્થાનને મેળવી શકતા નથી. પરલોકના માર્ગમાં કે અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં આગમપ્રમાણ એ જ એક પરમ આધાર છે. ઇન્દ્રિયગ્રાહ્ય લૌકિક વિષયોમાં પણ તે તે વિષયોના યથાર્થ જ્ઞાતા અને યથાર્થ વક્તાઓનાં વચનો ઉપર જેટલો આધાર રાખવામાં આવે છે, તેટલો આધાર પ્રત્યક્ષ ઉપર રાખવામાં આવતો નથી. પ્રત્યક્ષ જ્ઞાનથી સુખરૂપ લાગતું કુપથ્ય પણ યથાર્થ જ્ઞાતા અને વક્તા વૈદ્યના વચનથી દુ:ખરૂપ માનીને તુરત છોડી દેવામાં આવે છે. પ્રત્યક્ષ જ્ઞાનથી થાળી જેવડો લાગતો સૂર્ય, સમસ્ત પૃથ્વીમંડળ કરતાં પણ ઘણો મોટો છે, એમ આજના વિજ્ઞાનવેત્તાઓના વચનથી માનવા માટે મોટા મોટા ભણેલાઓ પણ તૈયાર છે. ચક્ષુ વડે સૂર્યનું પરિભ્રમણ નિરન્તર પ્રત્યક્ષ અનુભવવા છતાં પણ, પૃથ્વી ફરે છે અને સૂર્ય છે તેની તે જગ્યાએ સ્થિર છે, એમ માનવામાં આજે તેવા પ્રકારનું અંગ્રેજી ભણેલાઓને શરમ જેવું જરા પણ લાગતું નથી. પ્રત્યક્ષ પ્રમાણ કરતાં પણ અનુમાન

અને આગમાદિ પ્રમાણો અધિક સત્ય હોઈ શકે છે, એવું પ્રતિપાદન કેવળ શ્રી જૈનશાસન જ કરે છે એમ નથી, કિન્તુ પ્રત્યેક શાસ્ત્ર, પછી તે ધાર્મિક હો કે લૌકિક હો, એ સિદ્ધાન્તને સ્વીકારે છે. વિશેષ એટલો છે કે–શ્રી જૈનશાસન વક્તાની યથાર્થતા–અયથાર્થતા ઉપર જેટલો ભાર મૂકે છે, તેટલો ભાર ઈતર શાસનો મૂકવા તૈયાર નથી : કારણ કે–ઈતર શાસનો પણ જો વક્તાની યથાર્થતા–અયથાર્થતા ઉપર શ્રી જૈનશાસન જેટલો જ ભાર મૂકવા જાય, તો તેઓ આ સંસારમાં હયાતિ ભોગવવા માટે પણ શક્તિમાન બની શકે તેમ નથી.

## શ્રી જૈનશાસનની યથાર્થતા:

શ્રી જૈનશાસન ઈતર શાસનોથી ભિન્ન પડતું હોય તો તે આ એક જ કારણે છે. ઈતર શાસનો તેના પ્રણેતાઓની અપૂર્ણતાઓ નિભાવી લેવા તૈયાર છે, જ્યારે શ્રી જૈનશાસન પોતાના પ્રણેતાઓની કોઈ પણ અપૂર્ણતા નિભાવી લેવા તૈયાર નથી. તે કહે છે કે–'જો શાસનનો પ્રણેતા જ અપૂર્ણ, અલ્પજ્ઞ યા દોષવાન છે, તો તેનું નિરૂપણ વિશ્વસનીય કેવી રીતે થઈ શકે તેમ છે ?' અવિશ્વસનીય નિરૂપણોને પણ જો વિશ્વસનીય માની લેવામાં આવે, તો તે વિશ્વાસ અંધવિશ્વાસનું જ એક રૂપાંતર છે. ઐન્દ્રિયક વિષયોમાં હજુ અમે અપૂર્ણ જ્ઞાનિનાં કથનોને સ્વીકારી લેવા તૈયાર છીએ, કિન્તુ અતીન્દ્રિય પદાર્થોના વિષયોમાં લેશ પણ અધુરા જ્ઞાનિના કથન ઉપર વિશ્વાસ મૂકવા માટે અમે તૈયાર નથી. બાહ્યેન્દ્રિય–ગોચર પદાર્થોમાં અપૂર્ણ વક્તાના દોષથી થયેલી ભૂલોને સુધારવા માટે, તે પદાર્થોને ઇન્દ્રિય–ગોચર કરીને પણ અમે થયેલી ભૂલોને સુધારી શકીશું : કિન્તુ બાહ્યેન્દ્રિય–અગોચર પદાર્થો સંબંધી અલ્પજ્ઞ

અને અયથાર્થ વક્તાઓનાં કથનો દ્વારાએ થયેલી ભ્રાન્તિઓનું નિવારણ કરવા માટે અમારી (છદ્મસ્થોની) પાસે આધાર શું છે? ઇન્દ્રિયાતીત વિષયો સંબંધી અધુરાં અને અયથાર્થ વક્તાઓનાં કથનો ઉપર વિશ્વાસ મૂકી દઈએ, તો અમારી અનન્તકાળની જીંદગી જોખમમાં મૂકાઈ જાય. તેવી જાતિનું જોખમ ખેડવા માટે અમારી લેશ પણ તૈયારી નથી. 'અતીન્દ્રિય વિષયમાં અધુરા જ્ઞાની અને રાગી-દ્વેષી વક્તાઓ અપ્રમાણ છે.' —આ જાતિના આગ્રહે જ શ્રી જૈનશાસનને આજ સુધી યથાર્થ શાસન તરીકે જગત સમક્ષ ટકાવી રાખ્યું છે.

**સમ્યગ્દર્શનની નિર્મળતા:**

આત્મા, પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થો આ રીતિએ જો આગમપ્રમાણથી સિદ્ધ હોય, તો પછી તેને જાણવા માટે બીજાં પ્રમાણોનો આગ્રહ રાખવો, તે એક જાતિનું હઠીલાપણું છે. ન્યાયના માર્ગમાં એવી હઠ કામ આવી શકતી નથી. એટલા જ માટે શાસનશિરતાજ, લબ્ધિનિધાન, શ્રી **ગૌતમ** મહારાજાને મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં ભગવાનની સાથે પ્રથમ મુલાકાત થઈ, ત્યારે તેમનો સંદેહ દૂર કરવા માટે, ભગવાને સર્વજ્ઞ એવા પોતાનાં વચનો ઉપર વિશ્વાસ રાખીને માની લેવાનું કહ્યું છે. ભગવાન શ્રી **ગૌતમ** મહારાજા યથાર્થ વક્તાના વચનને પ્રમાણ તરીકે સ્વીકારનારા હતા, તેથી તેમણે ભગવાનના વચનથી ભગવાને કહેલી અતીન્દ્રિય આત્માની વાત તે જ ક્ષણે સ્વીકારી લીધી હતી: પરન્તુ આજે આગમપ્રમાણ સંબંધી અનેક પ્રકારની કૂટ માન્યતાઓ પ્રચાર પામી રહી છે, તેથી અજ્ઞાન આત્માઓનાં અન્તરોમાં આગમપ્રમાણની તેવી મહત્તા ટકી શકી નથી. તે કારણે આગમપ્રમાણ ઉપરાંત

સર્વ લોકસિદ્ધ અનુમાનાદિ પ્રમાણો દ્વારા પણ આત્મા અને પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થો સિદ્ધ છે, એ વાતનો પણ નિશ્ચય કરી લેવો અહીં જરૂરી છે. એક વાત યાદ રાખી લેવા જેવી છે કે–અનુમાનાદિ લૌકિક પ્રમાણોના આધારે આગમાદિ લોકોત્તર પ્રમાણોની સિદ્ધિ નથી જ. 'પ્રમાણોમાં સર્વશ્રેષ્ઠ પ્રમાણ શ્રી તીર્થંકરાદિ લોકોત્તર પુરૂષોનાં વચનો છે.'–એમાં એક રતિભર પણ સંદેહ નથી: છતાં જગતના તમામ આત્માઓ તે લોકોત્તર પ્રમાણને પરમ પ્રમાણભૂત માની લે તેટલી સહજસિદ્ધ યોગ્યતા કે અતિશય કર્મલઘુતાને પામેલા હોય, એ બનવું શક્ય નથી. લઘુકર્મી આત્માઓને અનન્તજ્ઞાનિનાં વચનો ઉપર શ્રદ્ધા કરવા માટે ઈતર પ્રમાણોની આવશ્યકતા રહેતી નથી, કિન્તુ તેવા પ્રકારની કર્મલઘુતા અત્યંત આસન્નભવી સિવાય અન્ય આત્માઓમાં પ્રગટી શકતી નથી. અનાસન્નભવી, દુર્ભવી, ગુરૂકર્મી આદિ આત્માઓને લોકોત્તર પ્રમાણની પ્રતીતિ કરાવવા માટે તથા આસન્નભવી અને લઘુકર્મી આત્માઓને પણ સુદૃઢ શ્રદ્ધાયુક્ત બનાવવા માટે અનુમાનાદિ પ્રમાણો પણ કારગત નિવડે છે, એમ જાણનાર જ્ઞાનિપુરૂષોએ અનુમાનાદિ લૌકિક પ્રમાણો દ્વારા પણ આત્માદિ અતીન્દ્રિય પદાર્થોની યથાર્થ સિદ્ધિ કેવી રીતે થાય છે, તેને વિસ્તારપૂર્વક જણાવ્યું છે. તેને ધ્યાનપૂર્વક વાંચનાર ગુરૂકર્મી આત્મા પણ લઘુકર્મી બની જાય છે, દુર્ભવ્ય આત્મા પણ આસન્નભવ્ય બની જાય છે તથા સંશયાદિયુક્ત આત્મા પણ નિસંશય અને સુનિશ્ચિત બની જાય છે. એટલા જ માટે અનુમાનાદિ પ્રમાણો દ્વારા અતીન્દ્રિય પદાર્થોની પ્રતીતિ કરાવનાર શાસ્ત્રને દ્રવ્યાનુયોગના એક મુખ્ય અંગ તરીકે

સ્વીકારવામાં આવ્યું છે અને તેને ભણવાથી આત્માના સમ્યગ્-દર્શન ગુણની અસાધારણ નિર્મળતા થાય છે, એમ ભારપૂર્વક ફરમાવવામાં આવ્યું છે.

*　　*　　*

## લેખાંક ૮ મો

**છદ્મસ્થોનું કર્તવ્ય :**

અનુમાનાદિ પ્રમાણોથી આત્માદિ અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ જે રીતે શ્રી જિનશાસનમાં કરવામાં આવી છે, તેનો એક અલ્પ નમુનો વાંચકો માટે અહીં રજુ કરવામાં આવે છે. સર્વજ્ઞોના વચનપ્રમાણથી સિદ્ધ પદાર્થોની સિદ્ધિ માટે અન્ય પ્રમાણોની આવશ્યકતા રહે છે, તેમાં કારણ સર્વજ્ઞોના વચનપ્રમાણની ન્યૂનતા નથી, કિન્તુ છદ્મસ્થોની તેવા પ્રકારની યોગ્યતાની ન્યૂનતા છે, એ વાત કદી પણ ભૂલી જવી જોઇએ નહિ. યોગ્યતાના અભાવે સૂર્યનો પ્રકાશ પણ તેવી જાતના પ્રાણિઓનો અંધાપો દૂર કરવા સમર્થ થઈ શકતો નથી, તેથી સૂર્ય અસમર્થ છે એમ કોઈ પણ પ્રકારે સિદ્ધ થઈ શકતું નથી. મધ્યાન્હ કાળનો વાદળરહિત સૂર્ય ઉદયમાન હોવા છતાં પણ, જેમ ગર્ભગૃહ ( ભોંયરા )માં રહેલા માણુસને પ્રકાશ માટે દીપકની આવશ્યકતા રહે છે, તેમ જગતના તમામ પ્રકારના અજ્ઞાનાંધકારને દૂર કરી નાંખવા માટે સમર્થ શ્રી જિનોક્ત આગમપ્રમાણ વિદ્યમાન હોવા છતાં પણ, તેવા પ્રકારની અયોગ્યતા રૂપી આવરણથી ઢંકાયેલા આત્માઓ માટે દીપક સમાન અન્ય પ્રમાણોની પણ આવશ્યકતા રહે છે.

આત્મા, પરલોક, સ્વર્ગ, નરકાદિ પદાર્થો છે, એવો એક વખત સામાન્ય નિશ્ચય થઇ ગયા પછી, વિશેષ નિશ્ચય કરાવનાર આગમપ્રમાણનું અવલંબન ભારે ઉપકાર કરનારૂં થઈ પડે તેમ છે. અનુમાનાદિ પ્રમાણો દ્વારા થનારો નિશ્ચય, એ ગમે તેટલો યથાર્થ હોવા છતાં પણ, તે સામાન્ય નિશ્ચય છે એ ભૂલવું જોઈતું નથી. આગમ એનો વિશેષ નિશ્ચય કરાવે છે અને કેવલજ્ઞાન એનો સર્વાંશે નિશ્ચય કરાવે છે. સર્વાંશ નિશ્ચય કેવલજ્ઞાન સિવાય શકય નથી, પણ ત્યાં સુધી ક્રમે ક્રમે અધિક નિશ્ચય થાય તેવો પ્રયત્ન કરતા જવું, એ છદ્મસ્થોનું કર્ત્તવ્ય છે.

**યથાર્થ જ્ઞાન :**

અહીં એટલી વાત સમજી લેવી જોઇએ કે-વિશેષ ધર્મોનો અધુરો નિશ્ચય, એ યથાર્થ જ્ઞાનને અયથાર્થ કરી શકતો નથી. એક વ્યક્તિને મનુષ્ય તરીકે જાણી લીધા પછી, તે કયાંનો વતની છે અને કોનો દીકરો છે, એ વિગેરે વિશેષ ધર્મોને નહિ જાણવા છતાં પણ, મનુષ્ય તરીકે થયેલું તેનું જ્ઞાન, એ કોઈ પ્રકારે અયથાર્થ નથી. વિશેષ ધર્મોનું અજ્ઞાન એ સામાન્ય પ્રકારના જ્ઞાનને લેશમાત્ર બાધક નથી. જેઓ સઘળાયે પ્રકારના વિશેષ ધર્મોનું જ્ઞાન થયા પૂર્વે તે જ્ઞાનને યથાર્થ જ્ઞાન માનવા તૈયાર નથી, તેઓએ ચતુર્દશ પૂર્વધર શ્રુત-કેવળી મહા મુનિવરોને પણ અયથાર્થ-જ્ઞાની માનવા પડશે : કારણ કે-સંપૂર્ણ શ્રુતજ્ઞાનનો વિષય પણ ( "**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु।**" ) દ્રવ્યોના સર્વ વિશેષોને જાણવા માટે અસમર્થ છે. અનુમાનાદિ પ્રમાણો, કે જે મતિ-શ્રુતજ્ઞાનની અંતર્ગત છે, તે સર્વ દ્રવ્યોનું જ્ઞાન કરાવવા સમર્થ હોવા છતાં, તે દ્રવ્યોના સર્વ પર્યાયોનું જ્ઞાન કદી જ કરાવી શકે તેમ નથી.

સર્વ પર્યાયો સહિત સર્વ દ્રવ્યોનું જ્ઞાન કરાવવાનું સામર્થ્ય કેવળ એક કેવળજ્ઞાન રૂપી પ્રત્યક્ષ પ્રમાણમાં જ રહેલું છે. એટલા જ માટે છદ્મસ્થ આત્માઓએ અમૂક અમૂક વિશેષોયુક્ત દ્રવ્યોના જ્ઞાનદ્વારાએ જ પોતાનો નિર્વાહ કરવાનો હોય છે. એ વિશેષોના જ્ઞાનમાં તરતમતા અવશ્ય રહેવાની છે, તો પણ સર્વવિશેષ વિષયક જ્ઞાન છદ્મસ્થકાળમાં કદી થઈ શકનાર નથી. ચક્ષુરિન્દ્રિયના અવગ્રહાદિ દ્વારાએ થનારા ઘટના જ્ઞાન કરતાં મન દ્વારાએ થનાર અપાયાદિ ઘટના જ્ઞાનમાં જેમ વિશેષતા અવશ્ય હોય છે, તેમ સ્મરણ દ્વારાએ થનારા ઘટજ્ઞાન કરતાં પ્રત્યભિજ્ઞાન દ્વારાએ થતા ઘટજ્ઞાનમાં વિશેષતા અવશ્ય રહેવાની છે. તેટલા માત્રથી અપાય એ પ્રમાણ છે અને અવગ્રહ એ અપ્રમાણ છે, અગર પ્રત્યભિજ્ઞાન એ યથાર્થ જ્ઞાન છે અને સ્મરણ એ અયથાર્થ જ્ઞાન છે, એમ કહેવું એ લેશ પણ યુક્તિવાળું નથી.

**આત્મસિદ્ધિ :**

આત્મા એ વ્યુત્પત્તિમત્ (જેની વ્યુત્પત્તિ થઈ શકે તેવું) શુદ્ધ (અસામાસિક) પદ છે. એવો એક નિયમ છે કે–'જે પદ વ્યુત્પત્તિવાળું અને સમાસ વિનાનું હોય, તે પદ દ્વારા વાચ્ય પદાર્થ હોય જ છે.' આત્મા એ પદ ડિત્થ–ડવિત્થાદિની જેમ વ્યુત્પત્તિ વિનાનું પણ નથી અને ખરવિષાણાદિની જેમ સમાસવાળું પણ નથી. આત્મા નથી એ જાતિનો નિષેધ જ આત્માની હયાતિ સિદ્ધ કરે છે : કારણ કે–વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદનો નિષેધ તેના સર્વ નિષેધને જણાવનારો નથી, કિન્તુ તેના સંયોગાદિ નિષેધને જણાવનારો છે. નિષેધ બે પ્રકારનો છે : એક પર્યુદાસ અને બીજો પ્રસહ્ય. વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદનો પ્રસહ્ય (સર્વથા) નિષેધ કદી સંભવી શકતો નથી. 'અઘટ'

કહેવાથી ઘટનો સર્વ નિષેધ સિદ્ધ થતો નથી, કિન્તુ પટાદિ ઘટ સ્વરૂપ નથી એટલું જ ' અઘટ ' પદનું તાત્પર્ય છે. એ રીતે વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદનો નિષેધ જ તેની હયાતિને સિદ્ધ કરે છે. જો જગતમાં ઘટ હયાતિ જ ધરાવતો ન હોય, તો પટાદિને કદી પણ ' અઘટ ' પદથી સંબોધી શકાય જ નહિ. પ્રસજ્ય ( સર્વથા ) નિષેધ વ્યુત્પત્તિરહિત કે સામાસિક પદોનો સંભવી શકે છે : જેમકે—અડિત્થ, અડવિત્થ, અખર-વિષાણ ઇત્યાદિ. આત્મા એ વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદ છે, માટે તે છે : એટલું જ નહિ પણ–' જે દેખાય છે તે આત્મા નથી '– એ જાતિનું આત્માનો નિષેધ કરનાર વચન જ–' આત્મા છે '– એમ સિદ્ધ કરે છે.

**દેહ અને આત્મા:**

જે વસ્તુનો નિષેધ કરવામાં આવે છે, તે વસ્તુ જેમ અવશ્ય હયાતિ ધરાવે છે : તેમ જે વસ્તુનો સંશય હોય છે તે વસ્તુ પણ આ જગતમાં અવશ્ય હયાતિ ધરાવનાર હોય છે. ' આ છીપ છે કે રજત છે ? '–' આ રજ્જુ છે કે સર્પ છે ? '–' આ સ્થાણુ છે કે પુરૂષ છે ? '–એ જાતિનો સંશય ઉભય પદાર્થોની હયાતિનો નિશ્ચય હોય તો જ થાય છે. તેમ– ' આ દેહ છે કે આત્મા છે ? '–એ જાતિનો સંશય જ એમ સાબીત કરવા માટે પર્યાપ્ત છે કે–આત્મા અને દેહ ઉભય પદાર્થો જગતમાં હસ્તી ધરાવે છે. જો આત્મા ન જ હોય તો–' દેહ એ જ આત્મા છે કે તે તેનાથી ભિન્ન છે ? '–એ જાતિનો સંશય કદી ઉદ્‌ભવ પામી શકે નહિ. એજ રીતે દેહ અને આત્મા–એ બે શબ્દો જ દેહ અને આત્માનું પાર્થક્ય સિદ્ધ કરવા માટે સમર્થ છે. ઘટ અને આકાશ–

એ બે પદાર્થો ભિન્ન હોવાથી જ, ભિન્ન શબ્દોથી વાચ્ય બને છે. કેટલીક વાર એક જ પદાર્થ ભિન્ન શબ્દોથી વાચ્ય થતો જોવામાં આવે છે, તો પણ તે પદાર્થને કહેનારા જેટલા શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે, તે બધા કોઈ ને કોઈ ભિન્ન ધર્મને જણાવનારા તો અવશ્ય હોય જ છે. એક ધર્મિને જણાવનાર પૃથક્ શબ્દો ઘણા મળી શકે છે, પરન્તુ એક જ ધર્મનો પૃથક્ શબ્દોથી વ્યપદેશ કરવો સર્વથા અશકય છે. શરીર અને કાય-એ બે શબ્દો દેહ રૂપી એક જ ધર્મિનું પ્રતિપાદન કરનારા હોવા છતાં, શરીર શબ્દ દેહના શીર્ણ (નાશ) થવા રૂપ ધર્મને પ્રગટ કરે છે, જ્યારે કાય શબ્દ દેહના ઉપચીયમાન (પુષ્ટ) થવા રૂપ ધર્મને કહે છે. અહીં દેહ અને આત્મા-એ બેઉને જીવરૂપી એક જ ધર્મિના પર્યાય-વાચક માની શકાય તેમ નથી. ધર્મ અને ધર્મિનો તાદાત્મ્ય સંબંધ છે. જેવી રીતે ચયાપચય રૂપ ધર્મોનો દેહની સાથે તાદાત્મ્ય સંબંધ છે, તેવી રીતે દેહત્વ અને આત્મત્વ-એ બંનેનો જીવની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. ચયાપચય ધર્મ-વાળા દેહનો જીવની સાથે સંયોગસંબંધ છે, જ્યારે દેવ-નારકાદિ પર્યાયો પામવા રૂપ આત્માનો જીવની સાથે તાદાત્મ્ય સંબંધ છે. દેહ જેમ સ્વયં ચય-અપચય રૂપ પરિણામોને પામે છે, તેમ જીવ સ્વયં દેહરૂપે પરિણમતો નથી. એ કારણે જીવ અને દેહ-એ બેઉનો તાદાત્મ્ય સંબંધ નથી, જ્યારે આત્મા અને જીવનું કથંચિત્ તાદાત્મ્ય છે. આથી સિદ્ધ થાય છે કે-દેહ અને આત્મા, એ બે ભિન્ન શબ્દો ભિન્ન ધર્મિને કહેનારા છે, તેથી પણ આત્મા એ હયાતિ ધરાવનારો પદાર્થ છે, પણ ખરવિષાણાદિની જેમ તુચ્છાભાવરૂપ નથી.

**સ્વસંવેદન પ્રત્યક્ષ :**

પ્રત્યક્ષ બે પ્રકારના છે : એક વ્યવહારિક અને બીજો પારમાર્થિક. પારમાર્થિક પ્રત્યક્ષ આજે આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. વ્યવહારિક પ્રત્યક્ષ પણ બે પ્રકારના છે : એક ઐન્દ્રિયક પ્રત્યક્ષ અને બીજું માનસિક સ્વસંવેદન પ્રત્યક્ષ. આત્મા ઇંદ્રિયોને અગોચર હોવાથી તેનો ઐન્દ્રિયક પ્રત્યક્ષ નથી, તો પણ તેનો સ્વસંવેદન માનસિક પ્રત્યક્ષ સૌને અનુભવસિદ્ધ છે. 'હું છું.' –એવો અનુભવ સૌ કોઇને પ્રત્યક્ષ થાય છે. એ અનુભવ જો ભ્રાન્ત હોય તો બીજો કોઈ પણ અનુભવ અભ્રાન્ત બની શકે તેમ નથી. જ્યાં સુધી આત્માને પોતાની ભ્રાન્તિ છે, ત્યાં સુધી તે બીજા પદાર્થોનું અભ્રાન્ત જ્ઞાન કયાંથી કરી શકવાનો હતો ? ઘટ, પટાદિ અન્ય પદાર્થોનું જ્ઞાન આત્માને અભ્રાન્ત રીતિએ થઈ શકે છે, એ જ એમ બતાવે છે કે–તેને પોતાનું જ્ઞાન તો સુતરાં અભ્રાન્ત છે. આત્મા જો સ્વસંવેદન પ્રત્યક્ષ ન હોય, તો–'હું છું.'–એવો પ્રત્યક્ષ કદી ઘટે જ નહિ. એટલું જ નહિ, પણ–'હું છું કે નથી ?'–એવો સંશય પણ ઘટે નહિ. જેને એ પ્રકારનો સંશય થાય છે, તે જ આત્મા છે. આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ નહિ માનનારના મતે આત્મા સંબંધી ત્રિકાલ વિષયક વ્યપદેશ પણ ઘટી શકતો નથી. 'મેં કર્યું, હું કરૂં છું, હું કરીશ.'–એ જાતિનો ત્રિકાળ વિષયક વ્યપદેશ પ્રત્યેક આત્મા પોતાના માટે કરે છે, એ જ આત્માના સ્વસંવેદન પ્રત્યક્ષનો મોટામાં મોટો પૂરાવો છે.

**છદ્મસ્થ પ્રત્યક્ષ :**

છદ્મસ્થને સર્વ વસ્તુ દેશથી જ પ્રત્યક્ષ થાય છે. દીપક આદિના પ્રકાશ વડે ઘટાદિ પદાર્થોનો પ્રત્યક્ષ થાય છે. તેનો

અર્થ એટલો જ છે કે-ઘટાદિના રૂપનો જ માત્ર એક દેશથી પ્રત્યક્ષ થાય છે, છતાં તેને પ્રત્યક્ષ જ કહેવાય છે. કોઈ પણ વસ્તુનો સર્વ પ્રકારે પ્રત્યક્ષ થવો, એ કેવળજ્ઞાનિના જ્ઞાન સિવાય અસંભવિત છે. રૂપી પદાર્થોનો પ્રત્યક્ષ જેમ તેના રૂપ-રસાદિ અમૂક ગુણો દ્વારા થાય છે, તેમ અરૂપી આત્માદિ પદાર્થોનો પ્રત્યક્ષ પણ અમૂક અમૂક ગુણો દ્વારા જ શક્ય છે. ગુણીનો પ્રત્યક્ષ તેના ગુણોના પ્રત્યક્ષ દ્વારાએ જ થનારો હોય છે, એ નિયમ છદ્મસ્થો માટે નિરપવાદ છે. છદ્મસ્થ આત્મા જે કોઈ વસ્તુને પ્રત્યક્ષ કરે છે, તે તેના કેટલાક ગુણો કે પર્યાયોનો જ કરે છે, છતાં તે પ્રત્યક્ષ વસ્તુનો જ પ્રત્યક્ષ માનવામાં આવે છે: કારણ કે-પર્યાય કે ગુણોથી વસ્તુ કોઈ ભિન્ન પદાર્થ નથી. કેરીનો પ્રત્યક્ષ, એ છદ્મસ્થો માટે તેના રૂપ-રસાદિ કેટલાક વિશેષોનો પ્રત્યક્ષ છે, નહિ કે-સમસ્ત વિશેષો સહિત કેરીનો! એજ ન્યાયે છદ્મસ્થ આત્માઓને આત્માનો પ્રત્યક્ષ તેના કેટલાક ગુણો અને પર્યાયો દ્વારાએ જ શક્ય છે. સ્મૃતિ, જિજ્ઞાસા, ચિકીર્ષા, સંશય, વિપર્યય આદિ જ્ઞાનવિશેષો એ આત્માના ગુણો છે અને તે બધા ગુણો પ્રત્યેક આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે. છદ્મસ્થો માટે ગુણોનો પ્રત્યક્ષ એ જ ગુણીનો પ્રત્યક્ષ છે: કારણ કે-ગુણીને છોડી ગુણો કદી રહી શકતા નથી.

## લેખાંક ૯ મો :

**આત્માને સિદ્ધ કરનારાં અનુમાનો:**

આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ સિદ્ધ હોવા છતાં, તેની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણો પણ અનેક છે.

શરીરનો કર્તા:

શરીર આદિમાન પ્રતિનિયત આકારવાળું છે, માટે તેનો કર્ત્તા હોવો જોઈએ. જેમ ઘટ, પટાદિ આદિમાન પ્રતિનિયત આકારવાળા છે, તેથી તેના કર્ત્તા કુલાલ, વણકરાદિ અવશ્ય હોય છે. દ્વીપ, સમુદ્ર, મેરૂપર્વતાદિ આદિમાન નથી, તેથી તેના કોઈ કર્ત્તા નથી: અને મેઘ, મેઘધનુષ્યાદિ પ્રતિનિયતાકારવાળા નથી, માટે તેનો કોઈ કર્ત્તા નથી. શરીર એ આદિમાન્ પણ છે અને પ્રતિનિયત આકારવાળું પણ છે, તેથી તેનો કર્તા અવશ્ય હોવો જોઈએ. જે કોઈ તેનો કર્ત્તા છે, તે જ આત્મા છે.

શરીરનો ભોક્તા:

શરીર ભોગ્ય છે, માટે તેનો કોઈ ભોક્તા હોવો જોઈએ. જેમ ભોજન-વસ્ત્રાદિ ભોગ્ય છે, તો તેનો કોઈ ને કોઈ ભોક્તા અવશ્ય હોય છે.

ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા:

ઇન્દ્રિયો એ જ્ઞાનનાં કરણ છે, માટે તેનો અધિષ્ઠાતા (ચૈતન્ય સંપાદક) કોઈ હોવો જોઈએ: જેમ દંડ-ચક્ર-ચીવરાદિ કરણો છે, તો તેનો અધિષ્ઠાતા કુલાલ અવશ્ય હોય છે.

વિષયોનો આદાતા:

ઈન્દ્રિયો આદાન છે અને વિષયો આદેય છે. આદાન-આદેય હોય ત્યાં આદાતા અવશ્ય હોવો જોઇએ: જેમ સાણસો આદાન છે અને લોઢું આદેય છે, તો તેનો આદાતા લુહાર પણ છે: એ જ રીતિએ ઈન્દ્રિયો દ્વારા વિષયોનું આદાન કરનારો જે છે, તે આત્મા છે.

## શરીરનો સ્વામી :

શરીર પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી યુક્ત છે, માટે તેનો કોઈ અર્થી (સ્વામી) અવશ્ય હોવો જોઈએ. જેમ સંઘાત અને રૂપાદિથી યુક્ત ઘર વિગેરેનો સ્વામી અવશ્ય હોય છે. પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી જે યુક્ત નથી, તેનો સ્વામી પણ કોઈ નથી. જેમ જંગલના ટેકરા અથવા રેતીના ઢગલા.

એ રીતે શરીર, ઇન્દ્રિય વિગેરેનો કર્ત્તા, ભોક્તા, અધિષ્ઠાતા, આદાતા અને અર્થી (સ્વામી) આત્મા છે, પણ આત્મા સિવાય અન્ય કોઈ પદાર્થ સિદ્ધ થતો નથી. ઈશ્વરાદિને તેના કર્ત્તા માનવામાં અનેક પ્રકારની આપત્તિઓ ઉભી છે, જે અન્યત્ર વિસ્તારથી ચર્ચવામાં આવી છે.

## પરલોક-સિદ્ધિ :

'આત્મા એ સત્ પદાર્થ છે, પણ અસત્ નથી.'–એ વાત વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદ તથા આત્મા સંબંધી સંદેહ અને વિપર્યાસ તથા સ્મૃતિ, જિજ્ઞાસા આદિ ગુણોનો સ્વસંવેદન પ્રત્યક્ષ ઈત્યાદિ અનેક હેતુઓ દ્વારા પ્રમાણુસિદ્ધ છે. જે સત્ છે તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય–એ ત્રણે ધર્મોથી યુક્ત હોય છે. એક જ ક્ષણમાં આત્માનો ઘટચેતના રૂપે ઉત્પાદ, પટચેતના રૂપે વિનાશ અને સંતાનસ્વરૂપે અવસ્થાન અનુભવસિદ્ધ છે. એ જ રીતે મનુષ્યપર્યાય રૂપે ઉત્પાદ, દેવપર્યાય રૂપે વિનાશ અને જીવત્વસ્વરૂપે અવસ્થાન પણ કાયમ રહે છે! અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ થતી નથી : અન્યથા, ખરશ્રૃંગાદિની પણ ઉત્પત્તિ થઈ જવી જોઈએ. વિદ્યમાન વસ્તુઓનો સર્વથા વિનાશ થતો નથી : અન્યથા, જગતનો વિલય થઈ જવો જોઈએ. પ્રત્યેક

વસ્તુનો અમૂક એક ધર્મ વડે ઉત્પાદ અને અન્ય ધર્મ વડે વિનાશ થાય છે તથા વસ્તુરૂપે વસ્તુ કાયમ રહે છે. આત્મા એ સત્ પદાર્થ છે, એ કારણે તેનો સકર્માવસ્થાને અંગે નારકાદિ ચતુર્ગતિ રૂપ સંસાર પણ કાયમ છે અને એનું જ નામ પરલોક છે.

**કર્મની સિદ્ધિ:**

આત્મા હયાત છે માટે તેને પરલોક છે અને તે પરલોક ચતુર્ગતિ રૂપ સંસાર છે. તેનું કારણ કર્મ છે. કર્મથી મુક્ત બનેલ આત્માને ચતુર્ગતિ રૂપ સંસારનું પરિભ્રમણ નથી, કિન્તુ તેના માટે મુકત્યવસ્થાન રૂપ જ એક પર એટલે ઉત્કૃષ્ટ લોક હયાત છે. એ મુકત્યવસ્થા કર્મના સર્વથા વિનાશથી થનાર છે. જ્યાં સુધી આત્મા કર્મથી બદ્ધ છે, ત્યાં સુધી તેને ચતુર્ગતિ રૂપી સંસાર છે. આત્મા જેમ સ્વસંવેદન પ્રત્યક્ષ છે, તેમ કર્મ સ્વ-સંવેદન પ્રત્યક્ષ નથી : કારણ કે–તે આત્માનો ગુણ નથી, કિન્તુ તે કાર્મણ વર્ગણાનાં સૂક્ષ્મ પુદ્ગલો છે, જે કેવળ સર્વજ્ઞોના જ્ઞાનને પ્રત્યક્ષ છે. છદ્મસ્થ આત્માઓને વિદ્યમાન એવા કર્મનાં પુદ્ગલો પણ પ્રત્યક્ષ નથી : કારણ કે–તે સૂક્ષ્મ છે : છતાં તે અનુમાનથી સાધ્ય છે. વિદ્યમાન એવાં પરમાણુઓ અતિશય સૂક્ષ્મ હોવાથી જેમ ઇંદ્રિયોને અગોચર છે પણ સ્કંધાદિ કાર્યદ્વારા અનુમાનગમ્ય છે, તેમ વિદ્યમાન એવા પણ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો આત્માની સાથે સમ્બદ્ધ હોવા છતાં, માત્ર તેનાં કાર્યો દ્વારાએ તે કેવળ અનુમાનગમ્ય છે.

કર્મની સિદ્ધિ માટે અહીં ઘણાં અનુમાનો નહિ આપતાં, માત્ર બે–ત્રણ અનુમાનો જ આપીએ છીએ:—

**સુખ–દુ:ખાનુભવનું કારણ :**

સુખ–દુ:ખનો અનુભવ એ કાર્ય છે, માટે તેનો હેતુ

કર્મ છે! અંકુરરૂપ કાર્યનો હેતુ બીજ છે, તેની જેમ અહીં કોઈ એમ કલ્પના કરે કે-'સુખદુ:ખાનુભવના હેતુ આહારકંટકાદિ પ્રત્યક્ષ વસ્તુઓને છોડી અપ્રત્યક્ષ કર્મ માનવાની શું આવશ્યક્તા છે?'-તો તે કલ્પના બરાબર નથી: કારણ કે-આહારકંટકાદિ સુખદુ:ખનાં તુલ્ય સાધનોવાળાને પણ સુખદુ:ખાનુભવ રૂપ ફળમાં અનેક પ્રકારની તરતમતા અનુભવાય છે. ફળની તરતમતા એ પણ કાર્ય છે, એથી પણ સમજી શકાય તેમ છે કે-તેનું કારણ કર્મ સિવાય અન્ય કોઈ નથી.

**બાળ-શરીરનું કારણ:**

યુવાન શરીર જેમ બાળ-શરીરપૂર્વક છે, તેમ બાળ-શરીર પણ શરીરાન્તરપૂર્વક છે. બાળ-શરીરનું કારણ જે શરીર છે, તે શરીરનું નામ કાર્મણ-શરીર યાને કર્મ છે.

**સુખી થોડા અને દુ:ખી ઘણા તેનું કારણ:**

ક્રિયા માત્ર ફળદાયી છે. દાનાદિ પણ ક્રિયા છે, માટે તે પણ ફળદાયી છે. 'કૃષિ ક્રિયાની જેમ પ્રશંસાદિ દૃષ્ટ ફળો જ દાનાદિ ક્રિયાનાં ફળ છે, કિન્તુ અદૃષ્ટ ફળ કાંઇ નથી.' -એમ માનવા જતાં હિંસાદિ શુભ ક્રિયાઓનું ફળ અપકીર્તિ આદિ દૃષ્ટ ફળ જ માનવું પડશે, કિન્તુ અદૃષ્ટ ફળ કાંઇ રહેશે નહિ: તેથી સઘળા પાપી આત્માઓનો પણ મરણ બાદ મોક્ષ થઈ જશે: કારણ કે-દૃષ્ટ ફળ પ્રાપ્ત થઈ ગયું અને અદૃષ્ટ ફળ તો છે નહિ. એ કારણે શુભ અગર અશુભ પ્રત્યેક ક્રિયાનું અદૃષ્ટ ફળ તો અવશ્ય છે, જ્યારે દૃષ્ટ ફળ એકાંતિક નથી. કોઈને થાય છે અને કોઇને થતું નથી. એક જ જાતિની ક્રિયા કરવા છતાં તેના દૃષ્ટ ફળમાં અનેક પ્રકારની તારતમ્યતા જણાય છે, એ જ વસ્તુ દૃષ્ટ ફળ અનેકાંતિક છે એમ સિદ્ધ

કરે છે: એટલું જ નહિ, કિન્તુ દૃષ્ટ ફળમાં એ જાતિની તારતમ્યતા રૂપી કાર્યનું કારણ પણ કર્મ જ છે. અદૃષ્ટ ફળ એકાંતિક છે: કારણ કે–સંસારમાં ઘણા જીવો કેવળ દૃષ્ટ ફળની ઈચ્છાથી જ ક્રિયા કરનારા છે, છતાં અનિચ્છાએ પણ તેમને અદૃષ્ટ ફળ ભોગવવું પડે છે! સૌ, સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી હોવા છતાં, સંસારમાં સુખી થોડા અને દુઃખી ઘણા જણાય છે, એ પણ અદૃષ્ટ ફળની એકાંતિકતાનો અચૂક પૂરાવો છે. દાનાદિ શુભ ક્રિયાઓ કરનારા થોડા છે અને હિંસાદિ અશુભ ક્રિયાઓ કરનારા ઘણા છે, તેથી શુભ અદૃષ્ટને બાંધનારા થોડા હોય અને અશુભ અદૃષ્ટને બાંધનારા ઘણા હોય, એમાં કાંઈ આશ્ચર્ય નથી. એ જ એક કારણ છે કે–સુખની ઈચ્છા બધાને હોવાં છતાં, સુખી થોડા છે અને દુઃખની ઈચ્છા કોઈને પણ લેશ માત્ર નહિ હોવા છતાં દુઃખી ઘણા છે.

**કર્મ અમૂર્ત નથી:**

અમૂર્ત કર્મ સુખ–દુઃખાદિમાં નિમિત્ત બની શકે નહિ. જેમ આકાશ. આકાશ અમૂર્ત હોવાથી તે આત્માને સુખ-દુઃખાનુભવ કરાવી શકતું નથી. આત્માને સુખાનુભવ યા દુઃખાનુભવ કરાવનાર મૂર્ત પદાર્થો છે, એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. અનુકૂળ આહારાદિનાં પુદ્ગલો આત્માને સુખ આપે છે અને અગ્નિ–કંટકાદિ પ્રાતકૂળ પદાર્થો આત્માને દુઃખ આપે છે. અહીં એક શંકા થવી સંભવિત છે કે–'સુખદુઃખાદિનો અનુભવ એ એક પ્રકારનું ચૈતન્ય છે અને ચૈતન્ય એ જ્ઞાનાદિની જેમ અમૂર્ત છે. શરીરાદિ મૂર્ત છે માટે તેનું કારણ મૂર્ત કર્મ ઘટી શકે છે, પરંતુ અમૂર્ત સુખદુઃખાદિનું કારણ મૂર્ત કર્મ કેવી રીતિએ ઘટી શકે?' આ શંકા તો જ વ્યાજબી

ઠરી શકે કે-જો આપણે મૂર્ત કર્મને સુખદુ:ખાદિનું સમવાયી કારણ માનીએ. સુખદુ:ખાદિનું સમવાયી કારણ તો અમૂર્ત આત્મા છે, જ્યારે મૂર્ત કર્મ તો તેનું નિમિત્તકારણ છે.

આહાર-કંટકાદિની જેમ કર્મ મૂર્ત છે, એની સિદ્ધિ માટે એક બીજું પણ પ્રમાણ છે કે-આત્માથી ભિન્ન જે જે વસ્તુ પરિણામી હોય, તે અવશ્ય મૂર્તિમાન પણ હોય. જેમ દૂધ, દહીં આદિ આત્માથી ભિન્ન છે અને પરિણામી પણ છે, તેથી મૂર્તિમાન્ પણ છે. ધર્માસ્તિકાયાદિ અમૂર્ત દ્રવ્યો પણ પરિણામી છે, છતાં મૂર્તિમાન્ નથી, તેનું કારણ તેમનો સૂક્ષ્મ અગુરૂલઘુ પરિણામ છે. અહીં સ્થૂલ ગુરૂ-લઘુ પરિણામની વિવક્ષા છે.

**મૂર્તનો સંબંધ અને ઉપઘાત:**

સંબંધ બે પ્રકારનો છે: એક સંયોગસંબંધ, કે જે માત્ર ભિન્ન ભિન્ન દ્રવ્યોનો જ હોય છે અને બીજો સમવાયસંબંધ, કે જે અભિન્ન એવા ગુણ-ગુણી, ક્રિયા-ક્રિયાવાન, અવયવ-અવયવી આદિની સાથે હોય છે. આત્મા અને કર્મ-એ બંને ભિન્ન દ્રવ્યો છે, તેથી તે બેઉનો ઘટ અને આકાશના સંબંધની જેમ સંયોગસંબંધ છે. બદ્ધાત્મા કથંચિત્ મૂર્ત હોવાથી, તેનો કર્મની સાથે કથંચિત્ સમવાયસંબંધ માનવામાં પણ હરકત નથી: કારણ કે-મૂર્ત કર્મનો મૂર્ત આત્મા સાથે સમવાય-સંબંધ અવિરૂદ્ધપણે ઘટી શકે છે. સંસારી આત્મા કથંચિત્ મૂર્ત છે, તેનો અર્થ એ છે કે-તે અનાદિકાળથી ક્ષીરનીર અને લોહાગ્નિની જેમ કર્મ પુદ્ગલોથી બદ્ધ છે. પૂર્વે કદી પણ કર્મપુદ્ગલોથી તે બદ્ધ નહોતો એમ નથી. એ કારણે તેનું વર્તમાન સ્વરૂપ સર્વથા અમૂર્ત નથી કિન્તુ મૂર્ત છે. આત્માને જો સર્વથા અમૂર્ત માનીએ, તો મૂર્ત દ્વારાએ તેનો અનુગ્રહ થઈ

શકે નહિ. કિન્તુ મદિરાપાનાદિ અયોગ્ય દ્રવ્યો વડે આત્માને થતો ઉપઘાત અને બ્રાહ્મી ચૂર્ણાદિ ઉત્તમ દ્રવ્યો વડે આત્માને થતો અનુગ્રહ પ્રત્યક્ષ અનુભવાય છે. બીજાંકુર અને પિતા-પુત્રના ન્યાયે જીવ અને કર્મમાં અનાદિ હેતુ-હેતુમદ્ (કાર્ય-કારણ) ભાવ છે, તેથી સંસારી જીવ એકાંતે અમૂર્ત નથી

પુણ્ય અને પાપ:

આત્મા છે, તેનો પરલોક છે અને પરલોકનું કારણ કર્મનો સંબંધ પણ છે, તો પછી પુણ્ય અને પાપની સિદ્ધિ કરવા માટે કોઈ નવાં અનુમાનોની આવશ્યકતા નથી. સુખાનુભવમાં નિમિત્ત થનારાં કર્મનાં શુભ પુદ્ગલો તે પુણ્ય છે અને દુ:ખાનુભવમાં નિમિત્ત થનારાં કર્મનાં અશુભ પુદ્ગલો તે પાપ છે. પુણ્ય અગર પાપ બે એક જ પદાર્થ છે અથવા બેમાંથી એક પણ નથી, એમ માનવાથી જગતમાં સુખદુ:ખાનુભવની વ્યવસ્થા ઘટી શકે તેમ નથી. પુણ્ય અને પાપ બન્ને ભિન્ન છે: કારણ કે-તેના કાર્યભૂત સુખ અને દુ:ખ એકીસાથે અનુભવી શકાતાં નથી. થોડું પુણ્ય એ સુખ અને થોડું પાપ એ દુ:ખ, એમ માનીને પુણ્ય અગર પાપ-બેમાંથી એક જ પદાર્થને માની લેવાથી પણ કામ ચાલી શકે તેમ નથી. સુખ-દુ:ખના કારણભૂત પુણ્ય અને પાપ-એ બે જૂદાં સ્વતંત્ર દ્રવ્યો છે. સમ્મીલિત પુણ્યપાપાત્મક એક જ કર્મ કોઈ રીતિએ ઘટિત થઈ શકતું નથી: કારણ કે-તે પ્રકારના સમ્મીલિત પુણ્યપાપાત્મક કર્મના બંધનું કોઈ કારણ હોવું જોઇએ: પરંતુ તે આ જગતમાં હયાત નથી. કર્મબંધનાં કારણ મિથ્યાત્વ, અવિરતિ આદિ હેતુઓ છે. તે સર્વ હેતુઓની સાથે મન-વચન-કાયાના યોગરૂપી હેતુ રહેલો હોય જ છે.

યોગ હંમેશાં એક સમયે શુભ યા અશુભ જ હોઈ શકે છે, કિન્તુ શુભાશુભ ઉભયસ્વરૂપ યોગ એક જ સમયે કદી હોઈ શકતો નથી. એજ કારણે તેના કાર્યરૂપ પુણ્ય અને પાપ–એ બે સ્વતંત્ર છે, એમ સહજ રીતિએ સિદ્ધ થાય છે.

સ્વર્ગ અને નરક :

પરલોકની સિદ્ધિમાં આપણે એ જોઈ ગયા કે–ચતુર્ગતિ રૂપી સંસારમાં પરિભ્રમણ એજ આત્માનો પરલોક છે. એ ચાર ગતિઓમાં મનુષ્ય અને તિર્યંચ ગતિ, એ તો સૌ કોઇને પ્રત્યક્ષ છે, પરન્તુ દેવ અને નારક–એ બે ગતિ કોઇને પણ પ્રત્યક્ષ નથી, તો પછી તે પણ જગતમાં છે એમ શી રીતે માની શકાય ?–આ જાતિનો પ્રશ્ન કરનાર આગમપ્રમાણને માનનારો નથી, એ તો આપોઆપ સિદ્ધ થાય છે : માટે તેની આગળ આગમપ્રમાણ ધરવું એ અંધા આગળ આરસી ધરવા સમાન છે : છતાં પણ દેવલોક અને નારકી પ્રત્યક્ષાદિ પ્રમાણો દ્વારા પણ જેટલી રીતિએ સિદ્ધ છે, તેટલી રીતિએ બતાવવાથી તેવા આત્માઓમાં પણ જે યોગ્ય હોય તેઓમાં આગમપ્રમાણ પ્રત્યે પ્રતીતિ ઉત્પન્ન થવાનો સંભવ છે. એ કારણે પ્રત્યક્ષાદિ પ્રમાણો આપવાં એ અનુચિત નથી. દેવલોકને નહિ માનનારની આંખ સામે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક દેવોનાં વિમાનો રોજ ભટકાય છે, તેનો કોઈ પણ રીતિએ તે ઈન્કાર કરી શકે તેમ નથી. એ ઉપરાન્ત વ્યન્તરાદિ દેવોકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ પ્રત્યક્ષ નથી, એમ કહેવું એ સર્વથા ખોટું છે. અનુમાનથી પણ દેવગતિની હસ્તી ( વિદ્યમાનતા )નો કોઈ પણ બુદ્ધિમાનને સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી. અતિશય પાપનું ફળ ભોગવવા માટે જેમ

નરકગતિ માનવાની આવશ્યકતા છે, તેમ અતિશય પુણ્યનું ફળ ભોગવવા માટે દેવગતિને માન્યા સિવાય પણ છૂટકો નથી. મનુષ્યગતિમાં અતિ સુખી મનુષ્યો પણ રોગ-જરાદિ દુઃખોથી ગ્રસ્ત છે અને તિર્યંચગતિમાં અતિ દુઃખી તિર્યંચો પણ સુખને આપનાર હવા, પ્રકાશ આદિની પ્રાપ્તિ કરી શકે છે, માટે અતિશય પુણ્ય અને અતિશય પાપનું ફળ એકાંત સુખ કે એકાંત દુઃખ ભોગવવા માટે દેવ અને નરક-એ બે ગતિઓને માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.

દેવો આવતા કેમ નથી ?

હવે પ્રશ્ન માત્ર એક જ રહે છે કે-'નારકો તો દુઃખી અને પરાધીન હોવાથી અહીં આવી શકે નહિ, પરન્તુ દેવો તો ઈચ્છા મુજબ ફરી શકનારા અને દેવતાઈ પ્રભાવથી યુક્ત છે, પછી તેઓ અહીં શા માટે આવતા નથી ?' એનું સમાધાન એક જ છે કે-દેવો અત્યંત સુખી છે. અતિશય સુખી મનુષ્ય પણ જ્યારે પોતાના બંગલા, મોટરો અને મોજશોખોમાંથી પરવારતો નથી, તો પછી તેના કરતાં અનન્તી ઋદ્ધિને પ્રાપ્ત થયેલા દેવો પોતાનાં સુખમય સ્થાનોને છોડી દુર્ગંધથી ભારોભાર ભરેલા મનુષ્યલોકમાં પગ મૂકવાનું પણ કેમ પસંદ કરે ? છતાં પણ ભક્તિમાન દેવો શ્રી જિનેશ્વરદેવોનાં કલ્યાણકો વખતે, પોતાના સંશયો શ્રી તીર્થંકરદેવોને પૂછી તેનાં સમાધાનો મેળવવા માટે અથવા કોઈ મહર્ષિના તપોગુણથી આકૃષ્ટ થઈ આ મનુષ્યલોકમાં અનેક વાર આવે છે. આજે તેવા પ્રકારના પૂર્વજન્મના અનુરાગથી અગર વૈરના અનુબન્ધથી, પૂર્વકૃત સંકેતથી કે કામાનુરાગથી દેવો મનુષ્યલોકમાં નથી આવતા એમ નથી : પરન્તુ તેવા બનાવો આ કાળમાં કવચિત્ બનતા

હોવાથી તેની તેટલી પ્રસિદ્ધિ દેખાતી નથી. બીજી વાત એ છે કે-ઉત્તમ મનુષ્યોને કેટલીક વાર દેવની ઉપમા આપવામાં આવે છે, તે પણ મૂખ્ય દેવની હયાતિ સિદ્ધ કરે છે. મૂખ્ય વસ્તુ કોઈ જગ્યાએ હોય તો જ તેનો ઉપચાર અન્યત્ર ઘટી શકે છે. "**अन्यत्र सिद्धस्य वस्तुनोऽन्यत्र आरोप उपचारः।**" અથવા "**मुख्याभावे सति निमित्ते प्रयोजने च उपचारः क्रियते।**"-એ જાતિની ઉપચારની વ્યાખ્યા જ, મૂખ્ય દેવની સિદ્ધિ કરાવી આપનાર છે.

બન્ધ અને મોક્ષ :

આત્મા અને કર્મ-એ બે પદાર્થોના સંબંધથી જેમ પુણ્ય, પાપ, પરલોક, સ્વર્ગ, નરકાદિની સિદ્ધિ થાય છે, તેમ બન્ધ અને મોક્ષ-એ બે પદાર્થોની પણ સિદ્ધિ એ સમ્બન્ધ અને અસમ્બન્ધથી થનારી છે. આત્મા અને કર્મનું એક પ્રદેશાવગાહન રૂપ આપસમાં મળવું એ બંધ છે અને કર્મની સાથે મળેલ આત્માનું એ કર્મના બંધનથી સર્વથા મુક્ત થવું એ મોક્ષ છે. અહીં એક શંકા અવશ્ય ઉત્પન્ન થાય તેમ છે કે-'જીવ અને કર્મનો સંબંધ આદિમાન છે કે અનાદિમાન ? જો આદિમાન છે તો પહેલાં જીવ શુદ્ધ હતો તો કર્મ લાગ્યાં શી રીતે ? શુદ્ધાત્માને પણ જો વગર કારણે કર્મનો બંધ થઈ જાય તો મુક્તાત્માને કેમ ન થાય ? એ આપત્તિ ટાળવા માટે જો જીવ અને કર્મનો સંબંધ અનાદિમાન છે એમ માનશો, તો જીવ અને આકાશનો સંબંધ જેમ અનાદિમાન હોવાથી અન્ત વિનાનો છે તેમ જીવ અને કર્મનો સંબંધ પણ કદી દૂર થઈ શકશે નહિ.' જીવ અને કર્મના સંબંધ માટે ઉપર જણાવેલી બન્ને પ્રકારની યુક્તિઓ સર્વથા અયોગ્ય છે. જીવ અને કર્મનો સંબંધ બીજાં-

કુરની જેમ હેતુ–હેતુમદ્દ ( કાર્ય–કારણ ) ભાવવાળો છે, તેથી તે અનાદિ હોવા છતાં પણ અન્તવાળો માની શકવામાં કોઈ પણ જાતનો વિરોધ નથી. બીજાંકુર, પિતાપુત્ર આદિની અનાદિ પરમ્પરા પણ કોઈ પણ એક વસ્તુ કાર્યને ઉત્પન્ન કર્યા વિના નાશ પામે, તો નાશ પામી શકે તેમ છે : અથવા સુવર્ણ અને માટીનો સંયોગ અનાદિ હોવા છતાં અગ્નિ આદિના તાપથી તેનો અંત આણી શકાય છે. અભવ્ય આત્માઓનો કર્મસંબંધ અનાદિ–અનન્ત પણ હોય છે, કિન્તુ ભવ્ય આત્મા-ઓનો સંબંધ તેવા પ્રકારનો હોતો નથી. યોગ્ય સામગ્રી અને પ્રયત્ન દ્વારા તેનો અંત પણ કરી શકાય છે. લોકમાં પણ જેમ પ્રાગ્ભાવ અનાદિ હોવા છતાં સાંત છે, તેમ તેવા પ્રકારના ભવ્ય આત્માઓનું ભવ્યત્વ અનાદિ હોવા છતાં પણ સાંત છે. પ્રાગ્ભાવ અવસ્તુરૂપ છે તેમ પણ નથી : કારણ કે–ઘટનો પ્રાગ્ભાવ માટીના પીંડ–સ્વરૂપ હોવાથી ભાવરૂપ છે. એ રીતે અનાદિબદ્ધ આત્મા પણ બંધના હેતુઓને દૂર કરી, યોગ્ય ઉપાયો દ્વારા પૂર્વબદ્ધ કર્મોનું પરિશાટન કરી સર્વ-કર્મનિર્મોક્ષ–સ્વરૂપ આત્માના સ્વાભાવિક અવસ્થાન રૂપ મોક્ષને પામી શકે છે.

<u>મોક્ષમાં સુખ શુ ?</u>

'સર્વ કર્મોનો નિર્મોક્ષ–એ જ જો મોક્ષ છે, તો તેવા મોક્ષમાં શરીરાદિનો અભાવ હોવાથી, સુખ પણ શી રીતિએ હોઇ શકે ?'–આ પ્રશ્ન શ્રી જૈનશાસનથી અપરિચિત ભલભલા-ઓને પણ મુંઝવે તેવો છે : પરન્તુ તેવા આત્માઓ સુખના સ્વરૂપને સમજવા જેટલા સમ્યગ્જ્ઞાનને પામ્યા નથી, તેથી જ તેમને આ જાતિની મુંઝવણ થાય છે. દેહ અને ઇન્દ્રિયો દ્વારા

શબ્દાદિ વિષયોનો ઉપભોગ એ સુખ નથી, કિન્તુ ઇન્દ્રિયાદિ-જન્ય ઔત્સુક્યાદિ દુઃખનો પરિહાર માત્ર છે. સિદ્ધાત્માઓ તો જ્ઞાનાવરણીયાદિ સર્વ ઘાતિ-કર્મોના આવરણોથી રહિત થયેલા હોવાથી ઉત્કૃષ્ટ જ્ઞાનવાન છે અને દુઃખના હેતુભૂત વેદનીયાદિ અઘાતિ-કર્મોનો ક્ષય થયેલો હોવાથી નિરાબાધ સુખી છે. શરીર અને ઇન્દ્રિયજન્ય સુખ એ સુખ નથી, કિન્તુ દુઃખ છે: પરન્તુ તે દુઃખના પ્રતિકાર રૂપ હોવાથી મોહમૂઢ આત્માઓને સુખની કલ્પના કરાવે છે. રોગોપશાન્તિ માટે કરેલું કટુક ઔષધપાન દુઃખ રૂપ હોવા છતાં પણ સુખ રૂપ મનાય છે, તેમ મોહજન્ય ઔત્સુક્યથી થયેલ અરતિરૂપ દુઃખનો પ્રતિકાર હોવાથી વિષયસુખ એ ઉપચારથી લોકમાં સુખ મનાય છે. ઉપચાર એ સત્ય વસ્તુનો જ હોય છે અને એ સત્ય સુખ તે બીજું કોઈ નહિ, પણ સર્વ-કર્મ-રહિત મુક્તાત્માઓનું નિરૂપાધિક સુખ છે. મુક્તાત્માઓનું સુખ નિષ્પ્રતિકાર હોવાથી નિરાબાધ છે, એટલા માટે નિરૂપચરિત મોક્ષસુખ એ જ સુખ શબ્દના વ્યપદેશને યોગ્ય છે. એ સિવાયનું સુખ ઉપચરિત હોઈ સુખનો માત્ર આભાસ જ કરાવનાર છે.

## લેખાંક ૧૦ મો :

### પરસ્પરની હિતચિંતા :

આત્મા, પરલોક, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, બંધ અને મોક્ષ આદિ અતીન્દ્રિય પદાર્થો શ્રી સર્વજ્ઞવચનના પ્રમાણ્યથી સિદ્ધ છે, તેમ પ્રત્યક્ષ અનુમાનાદિ પ્રમાણો દ્વારાએ

પણ ગમ્ય છે, એ વાત આપણે બને તેટલા વિસ્તારથી જોઈ આવ્યા છીએ. અસાર વિષયલંપટતાની ખાતર જે કોઈ આત્મા પ્રમાણસિદ્ધ પરલોકાદિ તરફ બેદરકાર બની, કેવળ આ લોક તરફ જ મીંટ માંડીને પોતાનું સમગ્ર જીવન પસાર કરી નાખે છે, તે આત્માનું ભાવિ અતિશય ભયાનક બને છે, એમાં કોઈ પણ જાતનો સંદેહ નથી. પરલોકને ભૂલી આ લોકની મોજ ઉડાવવામાં મશગુલ બનનારા જ્ઞાનિઓની દૃષ્ટિએ અતિશય દયાપાત્ર મનુષ્યો છે. પરલોક તરફ જેટલું દુર્લક્ષ્ય આજના મનુષ્યોમાં નજરે પડે છે, તેટલું દુર્લક્ષ્ય પૂર્વે હોવાનું જાણવામાં આવ્યું નથી. (અહીં પૂર્વ શબ્દનો અર્થ વર્તમાન વીસમી સદીની પૂર્વની સદીઓ કરવાનો છે: બાકી ત્રિકાલની દૃષ્ટિથી તો આ જાતિના મોહમૂઢ ભાવો આ જગતમાં અનન્તી વાર બન્યા છે અને બનનારા છે; કિન્તુ વર્તમાનકાલની દૃષ્ટિએ આ વીસમી સદીમાં જે જાતિનું પરલોક પ્રત્યેનું દુર્લક્ષ્ય વધી પડયું છે, તે જાતિનું દુર્લક્ષ્ય પૂર્વની સદીઓમાં હોવું સંભવતું નથી.) પરસ્પરના હિતની ચિન્તા કરનારો વર્ગ હયાત હોય છે, ત્યારે આ જાતિની પરિસ્થિતિ હોતી નથી. આજે મનુષ્યોમાંથી પરહિત–ચિંતા રૂપ સાચી મૈત્રીભાવના જ મોટા ભાગે નષ્ટ થઈ ગઈ છે. સૌ કોઈ પોતપોતાના જ ઇહલૌકક સ્વાર્થની ચિંતા કરે છે. બીજાના ઇહલૌકિક કે પારલૌકિક સ્વાર્થની ચિન્તા કરનારા આત્માઓ આ દુનિયામાં વિરલ રહ્યા છે. જે છે તે અતિશય અલ્પ સંખ્યાવાળા હોવાથી, તેમનો અવાજ બહુસંખ્ય જનો સુધી પહોંચી શકવો અશક્ય થઇ પડ્યો છે. હિતચિન્તા રૂપ મૈત્રીભાવના નષ્ટ થવાથી ઉત્પન્ન થયેલી સ્વાર્થમય પરિસ્થિતિ આજની દુનિયાને કારમી રીતિએ પીડી રહી છે. વિજ્ઞાનવાદ

જેવા સભ્ય શબ્દને આગળ ધરી, લગભગ સૌ કોઈ પોતાનો એકનો એક સ્વાર્થ સાધવાની તનતોડ મહેનતમાં પડયા છે. પોતાને સુધરેલા દેશો તરીકે અને સુધરેલા મનુષ્યો તરીકે ઓળખાવનારા સૌ કોઇ સ્વાર્થની જ એક મોટી ચિન્તામાં પડયા છે. આ જાતિની સ્વાર્થી ચિન્તાએ માનવીઓને માનવી મીટાવી રાક્ષસ બનાવ્યા છે. મનુષ્યોને માનુષી વૃત્તિથી છોડાવનાર અને રાક્ષસી વૃત્તિવાળા બનાવનાર કોઈ પણ હોય, તો તે મર્યાદા વટાવી ગયેલ આજની દુનિયાની સ્વાર્થચિન્તા છે. કેવળ આ લોકના જ સ્વાર્થની ચિન્તાથી પરલોકને ભૂલાવનાર નાસ્તિકતાને હદ ઉપરાન્તનું જોર મળ્યું છે.

" एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचरः ॥ "

—આ જાતિના નાસ્તિક પ્રલાપોએ આજે બુદ્ધિમાનોને પણ ઘેરી લીધા છે. પરિણામ એ આવ્યું છે કે–ઈચ્છા મુજબની વિષયલંપટતાને અસાધારણ ઉત્તેજન મળ્યું છે. એ વિષયલંપટતાને પોષવા અજ્ઞાન લોકોના અભિપ્રાયોને પણ કિંમતી ગણાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ રીતે જોતાં જણાશે કે–સઘળા અનર્થોનું મૂળ પારકાની હિતચિન્તાનો અભાવ અને પોતાની સ્વાર્થચિન્તાનો અમર્યાદિત પ્રાદુર્ભાવ છે.

## સાચા હિતચિન્તકો :

પરહિતચિન્તા રૂપ મૈત્રીભાવ પ્રગટ કરવા માટે, પરહિત-ચિન્તક મહાપુરૂષો પ્રત્યે હૃદયનો શુદ્ધ પ્રમોદભાવ પ્રગટાવવાની પ્રથમ આવશ્યકતા છે. આ દુનિયામાં જેમ સ્વાર્થની ચિન્તા કરનારા છે, તેમ સ્વ–પરની હિતચિન્તા કરનારા પણ નથી એમ તો નહિ જ: કિન્તુ તેઓ વર્તમાન જગતના લક્ષ્યની

બહાર છે. સ્વ–પર હિતની જ એક ચિન્તા કરનારા મહાપુરૂષો વર્તમાન જગત્‌ની દૃષ્ટિ બહાર એટલા માટે છે કે–'સાચા હિતચિન્તક મહાપુરૂષો દુનિયાનાં આ લોકનાં સુખોની તેટલી દરકાર કરનારા હોતા નથી, કે જેટલી પરલોક માટેની દરકાર કરનારા હોય છે.' પરલોકને ભૂલી આ લોકને જ પ્રધાન માનનાર દુનિયા પરલોકની કાળજીવાળા મહાપુરૂષોની દરકાર ન કરે, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી. આ લોકનાં કાલ્પનિક સુખોની મોટી મોટી લાલચો આપી, પ્રજાને મહા સંકટમાં નાંખનારાઓને પણ જે પ્રજા પરમેશ્વરની માફક પૂજનારી છે, તે પ્રજા સ્વ–પરના સાચા હિતચિન્તક મહાપુરૂષોની સામે દૃષ્ટિ પણ ન દોડાવે, એમાં એની ક્ષુદ્ર વિષયલંપટતા સિવાય બીજું કોઈ પણ કારણ કલ્પી શકાતું નથી : પણ જગત તેમના પ્રત્યે દરકારવાળું છે કે બેદરકાર છે, તેની ચિન્તા સ્વ–પરના સાચા હિતચિન્તકોને કદી હોતી નથી. એનું જ એ કારણ છે કે–એ સાચા હિતચિન્તકો પ્રત્યે આટલી હદ સુધી બેવફા બનેલી પ્રજા પણ–'સન્માર્ગ પામો'–એ જાતિની તેઓની કારૂણ્ય ભાવના લેશ પણ શુષ્ક બનતી નથી. કરૂણા અને દયાની સ્વભાવસિદ્ધ ભાવનાથી તરબોળ બનેલ સાચા હિતચિન્તક મહાપુરૂષો પોતાને મળેલ સાધનો અને સામગ્રીઓ દ્વારા જગતને નાસ્તિકતા આદિ મહા અનર્થોથી બચાવવા માટે પોતાની જેટલી શક્તિ હોય તે સઘળી શક્તિ વડે અવિરત પ્રયત્નો કરી રહ્યા હોય છે. એમના એ પ્રયત્નો બીજાઓને કેટલા પ્રમાણમાં લાભદાયી નિવડે છે, તે નિશ્ચિત રૂપે કહી શકાય નહિ : છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે–તેવા સાચા સ્વપર–હિતચિન્તક મહાપુરૂષોનો યોગ પામનારા યોગ્ય આત્માઓને

અનુપમ પ્રકારનો લાભ થયા વિના રહેતો નથી. આમ છતાં, એક વાત એ પણ સમજી લેવી જોઈએ કે-સાચા સ્વપર-હિતચિન્તક મહાપુરૂષોના પ્રયત્નો બીજાઓને લાભદાયી નિવડો યા ન નિવડો, તો પણ તેઓને પોતાને તો તે પ્રયત્નો મહાન લાભ આપનારા નિવડે જ છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.

## આંતર્ અને બાહ્ય રોગો:

'નાસ્તિકતાદિ ચેપી અને વિનાશક આંતરિક બદીઓથી બચવા માટે સાચા સ્વપર-હિતચિન્તક મહાપુરૂષો જગતમાં વિદ્યમાન હોય, તો અમને તેમનો સમાગમ કેમ ન થાય ?'-એ જાતિના પ્રશ્નને અહીં અવકાશ નથી. જે કોઇ આત્મા હૃદયથી એ બદીઓના શિકારનો ભોગ થતાં બચવાનો ઈરાદો ધરાવે છે, તે આત્માઓ તેવા મહાપુરૂષોનો સમાગમ ગમે ત્યાંથી પણ મેળવી શકે છે, એમાં શંકા નથી. આન્તરિક ચેપી રોગો અને બાહ્ય ચેપી રોગોમાં મોટું અંતર છે! બાહ્ય ચેપી રોગોને દૂર કરવાના ઉપાયો રોગીની ઈચ્છા ન હોય તો પણ દયાળુ વૈદ્યો કરી શકે છે, જ્યારે આંતરિક દર્દોના ઉપાયો રોગી જ્યાં સુધી ઈચ્છે નહિ, ત્યાં સુધી ગમે તેવા ઉપકારિઓ પણ કરી શકતા નથી. પ્લેગ, કૉલેરા આદિ દર્દોના ભોગ થયેલા દર્દિઓની દવા કરવા માટે તમામ દુનિયા તૈયાર છે અને દર્દિઓની ઈચ્છા ન હોય તો પણ બળાત્કારે તેના ઉપાયો કરાવવા પડે છે. આંતરિક દર્દોની વાત તેથી તદ્દન વિપરીત છે. પ્રથમ તો તે રોગો છે એવું ભાન દર્દિને થવું પણ દુષ્કર છે, તો પછી તેનું ભાન અન્ય લોકોને થવું એ તેથી પણ વધુ દુષ્કર જ ગણાય! વળી માનો કે-તે આંતરિક રોગોનું ભાન કદાચ થઇ જાય, તો પણ બાહ્ય રોગોની જેમ

તેના માટે બળાત્કારે ઔષધપ્રયોગો થઈ શકતા નથી. જો કોઈ બળાત્કાર કરવા માગે તો લોકલાગણી બાહ્ય રોગોના બળાત્કાર માટે જેટલી અનુકૂળ છે, તેટલી જ અહીં પ્રતિકૂળ છે. લોકલાગણી અનુકૂળ પણ હોય, તો પણ દર્દી પોતાને રોગી ન માને અને રોગી માન્યા પછી પણ તે દૂર કરવાની ઈચ્છા ન ધરાવે, ત્યાં સુધી ગમે તેવા દયાળુ વૈદ્યોના ઔષધપ્રયોગો પણ તેના ઉપર જોઈતા પ્રમાણમાં કામ આવી શકતા નથી.

__લાભ નહિ થવાનું કારણ :__

બાહ્ય રોગ અને આંતરૂ રોગનો આ જાતિનો તફાવત જે આત્માઓ સમજી શકે છે, તે આત્માઓ એવી શંકા કદી જ નહિ કરે કે–'આંતરૂ રોગોના ઔષધ બતાવનારા હિતચિંતકો હયાત હોય, તો અમને તેમનો સમાગમ કેમ ન થાય ?' કારણ કે–એવો સમાગમ અનેક વાર થવા છતાં પણ, પોતાની જાતને રોગી નહિ માનનાર અગર માનવા છતાં તેમનું શરણ નહિ સ્વીકારનાર આત્માઓ તે નિષ્કારણ પરોપકારિઓ તરફથી લેશ માત્ર લાભને પામી શકતા નથી. નાસ્તિકતાદિ એ શરીરના દોષો નથી, કિન્તુ આત્માના છે : તેથી તે બેના પ્રતિકારમાં અવશ્ય ભેદ રહેવાનો જ છે. શારીરિક રોગોના પ્રતિકારો રોગીની ઈચ્છા વિના બળાત્કારે પણ કરી શકાય છે અને આત્મિક રોગોના પ્રતિકારો રોગીની ઈચ્છા વિના કેવળ બળાત્કારે કરી શકાતા નથી. એજ એક કારણ છે કે– શારીરિક રોગોથી જગતને મુક્ત કરવાની દયાભાવનાવાળા કરતાં આત્મિક રોગોથી પીડાતા પ્રાણિઓને રોગમુક્ત કરવાની ભાવનાવાળા કેઈગુણા દયાળુ અને શક્તિમાન પણ હોવા છતાં, બધાને લાભ કરી શકતા નથી. આત્મિક રોગોનો

પ્રતિકાર આ રીતે જ્યારે અત્યંત દુષ્કર છે, ત્યારે તે રોગથી રીબાતા કલ્યાણાર્થી આત્માઓએ વધારે સાવધાન બનવું જોઈએ. શરીરના રોગોથી બચવાની સાવધાની અનાદિસંસિદ્ધ છે, જ્યારે આત્મિક રોગોનો તેવા પ્રકારનો ભય ઉત્પન્ન થવો એ પણ અતિશય કષ્ટથી સાધ્ય છે. તે ગમે તેટલા કષ્ટથી સાધ્ય હોય, પરન્તુ જો તેનાથી બેદરકાર રહેવામાં આવે તો નુકશાન પોતાને જ છે અને તે પણ અસાધારણ છે. આટલું સમજાય તો તે સમજનાર આત્મા સાવધ બન્યા સિવાય રહેતો નથી. જો કે-આટલું તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજાઈ જવું એ સ્હેલું નથી. આત્મામાં કાંઈક પણ લઘુકર્મિતાના યોગે પ્રગટતી યોગ્યતા પ્રગટ્યા વિના આ વસ્તુ હૈયે જચવી મુશ્કેલ છે : છતાં સામાન્ય પ્રકારે તો એમજ કહી શકાય કે-યોગ્ય પ્રયત્નને આ દુનિયામાં શું અસાધ્ય છે ? તત્ત્વજ્ઞ મહાપુરૂષો આ જ કારણે ફરમાવે છે કે-'જે આત્માઓને આત્માના રોગો તથાવિધ સ્વરૂપે સમજાય તે આત્માઓ પણ પરમ ભાગ્યશાલી છે.

## નાસ્તિકતાની ભયંકરતા :

વિષયલંપટતા, એ નાસ્તિકતાને ઉત્પન્ન કરનાર છે, એ વાત સાચી હોવા છતાં પણ, જે આત્મા સર્વથા વિષયલંપટતાનો ત્યાગ ન કરી શકે, એ પણ પોતાના આત્મામાં નાસ્તિકતા પ્રવેશ ન કરી જાય એટલી હદ સુધીની વિષયલંપટતાને આધીન ન થાય, તો બસ છે : તેથી પણ તેનો ઘણો બચાવ થઈ શકે છે. જેમ મિથ્યાત્વથી સહચરિત કાષાયિક પરિણતિ અનન્ત સંસારનો અનુબન્ધ કરાવનારી થાય છે, તેમ નાસ્તિકતા-સહચરિત વિષયલંપટતા આત્માને કારમી રીતિએ પાયમાલ કરનારી બને છે. એ રીતે નાસ્તિકતા-સહચરિત લોક-

હેરીનું અનુસરણ અને નાસ્તિકતા પ્રવેશ ન પામી હોય તેવી સાવધાની પૂર્વકની લોકહેરીનું અનુસરણ, એ બે વચ્ચે પણ તેટલો જ તફાવત પડી જાય છે. અસત્ય અને ચોરી–એ ગૂન્હાહિત કાર્યો હોવા છતાં, અસત્ય બોલનાર અને ચોરી કરનાર આત્મા પકડાયા પછી પોતાના ગૂન્હાને કબૂલ કરે છે, તો તેટલા પ્રમાણમાં શિક્ષાપાત્ર બનતો નથી, કે જેટલા પ્રમાણમાં શિક્ષાપાત્ર ગૂન્હો કર્યા પછી પણ તેને નહિ કબૂલ કરનાર બને છે. એ જ ન્યાયે વિષયલંપટતા અને લોકહેરી–એ કારમા દુર્ગુણો હોવા છતાં પણ, તે દુર્ગુણોને વશ પડેલા આત્માઓ તેને દુર્ગુણો નહિ માનવા રૂપ નાસ્તિકતાને આધીન થતા નથી, તો તેઓનો બચાવ થવો તેટલો દુષ્કર બનતો નથી : કિન્તુ જે આત્માઓ વિષયલંપટતાને પોષવા ખાતર જ્ઞાનિઓનાં વચનો ઉપર પગ મૂકી અજ્ઞાન લોકનાં વચનોને અને અભિપ્રાયોને આગળ કરનારા છે, તે આત્માઓ બેવડા ગૂન્હેગાર બને છે : એટલું જ નહિ કિન્તુ તેમના તે ગૂન્હાઓનું પાપ વજ્રલેપ સમાન બની જાય છે. વિષનો વઘાર અને શસ્ત્રનો દુષ્પ્રયોગ જે રીતે તત્કાળ પ્રાણનો નાશ કરનાર અને પોતાના જ શરીરનો ઘાત કરનાર થાય છે, તે રીતનો તત્કાળ વિઘાત વઘાર વિનાના વિષથી કે પોતાના શરીરનો ઘાત અદૃષ્પ્રયુક્ત શસ્ત્રથી કદી થતો નથી. એ રીતે નાસ્તિકતા એ પાપ રૂપી વિષ ઉપર માયાનો વઘાર છે અને વિષયલંપટતા રૂપી શસ્ત્રનું અવળું ધારણ છે. આથી જેઓએ પોતાના ભાવપ્રાણોનું સંરક્ષણ કરવું હોય, તેઓએ નાસ્તિકતા પૂર્વકની વિષયલંપટતાને અને એજ રીતિએ નાસ્તિકતા પૂર્વકની લોકહેરીને પણ સર્વાંશે તજવા સૌથી પહેલાં કટિબદ્ધ થવું જ જોઈએ.

## સાચી આસ્તિકતા :

ગૂન્હાને બેવડો કે વજ્રલેપ સમાન બનાવનાર કોઈ હોય, તો તે માત્ર નાસ્તિકતા છે. નાસ્તિકતાનો જન્મ મિથ્યાત્વમાંથી થાય છે, એટલા માટે શ્રી જૈનશાસનની પરિભાષા પ્રમાણે મિથ્યાત્વ એજ નાસ્તિકતા છે. 'આત્મા, પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થો નથી.'–એવી બુદ્ધિ એ નાસ્તિકતા છે, એ સર્વજનમાન્ય લૌકિક વ્યાખ્યા છે ! જ્યારે આત્મા–પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થોને માનવા છતાં, તે છે તે કરતાં અન્ય સ્વરૂપે માનવા, એ પણ સ્પષ્ટ નાસ્તિકતા જ છે, એમ શ્રી જૈનશાસન પ્રબોધે છે. શ્રી જૈનશાસનમાન્ય નાસ્તિકતાની આ લોકોત્તર વ્યાખ્યા છે. શ્રી જિનવચનના પ્રામાણ્યથી સિદ્ધ થતા પદાર્થોને નહિ માનવા એ જેમ મિથ્યાત્વ છે, તેમ તેને અન્યથા માનવા એ પણ મિથ્યાત્વ છે : એટલા માટે સાચી આસ્તિકતાની વ્યાખ્યા તો એક જ છે કે–" **तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।**" 'તેજ સાચું અને શંકા વિનાનું, કે જે સર્વજ્ઞ એવા શ્રી જિનવરેન્દ્રોએ ફરમાવ્યું છે.'–આ પ્રકારનો વાસ્તવિક વિશ્વાસ, એજ સાચી આસ્તિકતા છે. છતાં પણ–'પરલોકાદિ પદાર્થો છે જ નહિ.'–એવી માન્યતાવાળા નાસ્તિક આત્માઓ કરતાં, કોઈ પણ સ્વરૂપવાળા પરલોકાદિ પદાર્થો વિદ્યમાન છે, એમ લૌકિક રીતિએ પણ માનનારા તે આત્માઓ સ્વભાવથી જ ઘણા ઉત્તમ દરજ્જાના છે, એમાં લેશ માત્ર શક નથી. નાસ્તિક આત્માઓની જેમ અમર્યાદિત વિષયલંપટતા કે માત્રાતીત લોકહેરી તેઓમાં કદી જ પ્રવેશ પામી શકતી નથી, એટલા પૂરતો તે આત્માઓનો ભાવિ અનર્થોથી બચાવ થઈ જવામાં કોઇ જાતનો સંદેહ નથી : કિન્તુ સર્વ પ્રકારના

અનર્થોથી બચવા માટે તો સાચી આસ્તિકતા પામવી આવશ્યક છે. સાચી આસ્તિકતાની પ્રાપ્તિ થયા સિવાય અનર્થોથી સંપૂર્ણપણે કોઈ પણ રીતિએ બચી શકાતું નથી. જો કે-સાચી આસ્તિકતાની પ્રાપ્તિ થયા પછી પણ વિષયલંપટતા અને લોકહેરીનો સર્વથા વિલય થવા માટે વખત જોઈએ છે : પરન્તુ આત્મામાં સાચી આસ્તિકતા પ્રગટયા પછીથી, અમૂક સમયમાં તો તે વિષયલંપટતા અને લોકહેરી જેવી વિનાશક બદીઓથી સર્વથા વિમુક્ત બની જવાય છે, એમાં કશો જ સંદેહ નથી.

**પ્રાપ્તિના ઉપાયો :**

સાચી આસ્તિકતાની પ્રાપ્તિ મિથ્યાત્વના ત્યાગ ઉપર અવલંબેલી છે અને મિથ્યાત્વનો ત્યાગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ઉપર આધાર રાખે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે શ્રી જૈનશાસનમાં અસંખ્ય માર્ગો દર્શાવેલા છે. તે સઘળા આ સ્થળે દર્શાવવા અશકય છે. શકય હોય તો પણ સઘળાનું એક સાથે પાલન થવું તો સર્વથા અશકય છે. સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિના ઉપાય રૂપે ૬૭ પ્રકારના વ્યવહારો જીવનમાં આચરવા માટે જ્ઞાનિ-પુરૂષોએ દર્શાવ્યા છે. આ વ્યવહારો ગુણપ્રાપ્તિના આશયવાળી બુદ્ધિએ સેવાય તો સમ્યક્ત્વ નહિ પામેલાઓ જરૂર સમ્યક્ત્વને પામી શકે તેમ છે તથા પામેલા આત્માઓ તેને કદી પણ ન જાય તેવું સુદૃઢ બનાવી શકે તેમ છે. અર્થી આત્માઓએ તે સડસઠે વ્યવહારોને સમજી, તે વ્યવહારોથી જીવનને ઓતપ્રોત બનાવી દેવાની આવશ્યકતા છે. નાસ્તિકતા આદિ દોષો ગમે તેવા દુષ્ટ અને ચેપી હોય, તો પણ આ ૬૭ પ્રકારના વ્યવહારથી પોતાના જીવનને ઓતપ્રોત બનાવી દેનાર આત્મા ઉપર પોતાનો લેશ પણ પ્રભાવ બતાવી શકે તેમ નથી. સમ્યક્ત્વના એ ૬૭

પ્રકારો એટલા બધા પ્રસિદ્ધ છે કે-તેનો આટલો બધો મહિમા જાણ્યા પછી, તેને સમજીને જીવનમાં ઉતારવા માટે સાચા દીલથી જે કોઈ આત્મા ઇચ્છા અને પ્રયત્ન કરે, તેને તે સમજવા અને પાળવાનાં સાધનો ન મળી શકે એ શક્ય નથી. સૌ કોઈ-કલ્યાણકામી આત્માઓ તે બધા વ્યવહારોને સારી રીતે સમજી, શક્તિ મુજબ આદર કરતા બની જાઓ, એવી અમારી હાર્દિક અભિલાષા છે. આ સ્થિતિ પ્રાપ્ત કરતાં જેટલો વિલંબ લાગે તેટલા વખત દરમ્યાન પણ આત્મા નાસ્તિકતાદિ દોષોનાં આક્રમણોથી બચી આસ્તિકતાદિ મહાગુણોની સન્મુખ પહોંચી શકે, એ ખાતર સૌ કોઈને યાદ રહી જાય તથા સુખે આચરી શકાય એવો એકાદ ઉપાય દર્શાવવાની લાલચથી અમે મુક્ત થઈ શકતા નથી. તે ઉપાય બીજો કોઈ પણ નથી, કિન્તુ આ લેખની શરૂ-આતમાં જ આપણે જેનું સ્મરણ કરી ગયા છીએ, તે પરમ પવિત્ર કૃતજ્ઞતા ગુણનું આસેવન છે! ચેપી રોગોનાં જંતુઓથી શરીરનું સંરક્ષણ કરનાર દવાઓનાં ઇંજેકશનો લઇને ડૉકટરો ચેપી રોગોના લત્તાઓમાં પણ નિર્ભયપણે ફરી શકે છે, તેમ શ્રી જિનેશ્વરદેવના શાસને ફરમાવેલો અને જગતમાં તમામ સજ્જન મનુષ્યોએ માન્ય રાખેલો એક કૃતજ્ઞતા ગુણ, તે રૂપી બખ્તરથી પોતાના આત્માને સુસજ્જિત બનાવીને ફરનાર આત્મા, નાસ્તિકતાદિ ચેપી રોગોના રાફડાઓથી ઘેરાયેલ ભયં-કરમાં ભયંકર જમાનામાં પણ પોતાને સુરક્ષિત રાખી શકે છે. એ કૃતજ્ઞતા ગુણ બીજા ગુણો કરતાં સમજવો પણ સહેલો છે અને પાળવો પણ તેટલો જ સહેલો છે! થોડું પણ સજ્જ-નપણું યા આત્માર્થિપણું જે આત્મામાં પ્રગટ્યું છે, તે આત્માને આ કૃતજ્ઞતા ગુણનું પાલન તદ્દન સુકર છે. કૃતજ્ઞતા ગુણનો રૂઢ અર્થ પોતાના ઉપર કરેલા બીજાઓના ગુણોને ન ભૂલી

જવાનો છે, પરન્તુ તે ઉપરાન્ત આપણે અહીં તેનો યૌગિક અર્થ પણ સ્વીકારવો છે. એ રૂઢ અને યૌગિક ઉભય અર્થને સ્વીકારી, કૃતજ્ઞતા ગુણનું આરાધન કરનાર આત્મા, નાસ્તિકતાદિ સર્વ દોષોના ભયથી નિર્ભય બની શકે છે.

**યૌગિક અર્થ :**

કરેલા ગુણને જાણવા કિન્તુ ભૂલી નહિ જવા, એ કૃતજ્ઞતા શબ્દનો રૂઢ અર્થ છે. તે અર્થનું પાલન પણ આત્માને સમ્યગ્‌દર્શનાદિ ગુણોની પ્રાપ્તિમાં મહાન્ સહાયક છે. અકૃતજ્ઞ કે કૃતઘ્ન આત્માઓ દુનિયાના લૌકિક વ્યવહારો માટે પણ અયોગ્ય છે, તો લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ માટે તો સુતરાં અયોગ્ય હોય, એમાં કોઈ પણ જાતિની શંકા નથી. કૃતજ્ઞ શબ્દનો યૌગિક અર્થ કરેલાને જાણવું એવો થાય છે. એ અર્થ ઉપકાર–અપકાર ઉભયને જાણવા માટે પ્રેરિત કરે છે. આ અર્થ આપણે એટલા માટે કરવો પડે છે કે–દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે : એક ઉપકાર કરનારા અને બીજા અપકાર કરનારા. અહીં કેવળ આત્માની વાત હોવાથી, આત્માને ઉપકાર કરનારા જેમ આસ્તિકતાદિ ગુણો છે, તેમ આત્માને અપકાર કરનારા નાસ્તિકતાદિ દોષો પણ છે. એજ રીતે જગતના પ્રાણિઓ ઉપર અકારણ ઉપકાર કરવામાં તત્પર આસ્તિકતાદિ ગુણોથી ભરેલા તત્ત્વચિન્તક મહાપુરૂષો જેમ છે, તેમ જગતના પ્રાણિઓના હિતનો અકારણ સંહાર કરનારા નાસ્તિકતાદિ દુર્ગુણોથી ભરેલા અતત્ત્વજ્ઞ આત્માઓ પણ છે. એજ કારણે કરેલા ઉપકારને જાણવાથી અને નહિ ભૂલી જવાથી જેમ આત્માને અપૂર્વ ફાયદો થાય છે, તેમ કરેલા અપકારને પણ જાણવાથી અને યાદ રાખવાથી આત્માનું સારી રીતિએ સંરક્ષણ થાય છે. કૃતજ્ઞ

શબ્દનો યૌગિક અર્થ 'કરેલાને જાણનાર' એટલો જ થાય છે, તો પણ ઉપકારિઓએ તેને-'ઉપકારિઓના કરેલા ઉપકારને જાણનાર'-અર્થમાં રૂઢ કર્યો છે. શબ્દશાસ્ત્રનો એવો એક નિયમ છે કે-'**योगाद्रुढेर्बलीयस्त्वम्** ।' યૌગિક અર્થ કરતાં રૂઢ અર્થની પ્રધાનતા છે. એ ન્યાયે અહીં પણ રૂઢ અર્થ પ્રાધાન્ય ભોગવે છે, પરન્તુ શ્રી જૈનશાસન લૌકિક શબ્દશાસ્ત્રના કોઈ પણ નિયમને એકાન્તિક માનવા તૈયાર નથી. એટલા જ માટે લોકોત્તર શાસનને અનુસરનારા શબ્દાનુશાસનકારોએ વ્યાકરણ-શાસ્ત્રની આદિમાં જ-'**सिद्धिः स्याद्वादात्** ।'-એ સૂત્રની રચના કરીને, શબ્દશાસ્ત્રના વિષયમાં પણ સ્યાદ્વાદની પ્રધાનતા જણાવી છે. દુનિયામાં પણ વિવક્ષાભેદથી એક જ શબ્દના વગર વ્યુત્પત્તિએ ભિન્ન અર્થ સ્વીકારી લેવામાં આવે છે. એક જ ઘટ શબ્દ વિવક્ષાવશથી 'માટીનું વાસણ'-એ અર્થમાં વપરાય છે અને વિવક્ષાવશથી 'શરીર' એ અર્થમાં પણ વપરાય છે : તો પછી 'કરેલા ઉપકારને જાણનાર' અર્થમાં રૂઢ થયેલ શબ્દ વિવક્ષા અને વ્યુત્પત્તિ ઉભયને અનુસરી-' કરેલા ઉપકાર-અપકાર ઉભયને જાણનાર '-અર્થનો વાચક બને, એમાં કોઈ અસંગતિ નથી.

<u>ઉપસંહાર :</u>

એ રીતે ઉભય અર્થમાં વાપરેલો ' કૃતજ્ઞતા ' શબ્દ અને તેના ઉપરથી નીકળતો-' કરેલા ઉપકાર અને અપકાર ઉભયને જાણવાપણું '-એ અર્થ, આત્માને નાસ્તિકતાદિ મહા દોષોથી ઉગારી લઈ, આસ્તિકતાદિ મહાગુણોનો અધિકારી બનાવવા સમર્થ છે. નાસ્તિકતાદિ દોષોના સેવન દ્વારાએ થનારા વર્તમાન અને ભાવિ મહા અનર્થો અને એના પ્રતિપક્ષી આસ્તિકતાદિ સદ્ગુણોના આસેવન દ્વારાએ થનારા વર્તમાન અને ભાવિ

મહાલાભો, એ ઉભયનો જે નિરન્તર વિચાર કરે છે અને નાસ્તિકતાદિ દુર્ગુણોના સેવનથી ભવિષ્યમાં થનારા મહાદોષોની પરંપરા અને આસ્તિકતાદિ સદ્દગુણોના સેવનથી ભવિષ્યમાં થનારી ઉત્તમોત્તમ ગુણોની પરમ્પરાને જે કદી પણ વિસરતો નથી, તેવા કૃતજ્ઞ આત્મા થોડા જ કાળમાં સર્વ પ્રકારનાં ઈચ્છિતોને સિદ્ધ કરવા સમર્થ થાય છે! એ રીતે કૃતજ્ઞ બનેલો આત્મા, પોતાના સાચા ઉપકારિઓને હરઘડી યાદ કરે છે અને પોતાના અપકારિઓથી સદા સાવધ રહે છે. નાસ્તિકતા, વિષય-લંપટતા અને લોકહેરી આત્માને લેશ માત્ર ગુણ કરનારી નથી, જ્યારે આસ્તિકતા, વિષયવિરક્તિ અને જ્ઞાનિઓનાં વચ-નોનું અનુસરણ આત્માને અચિન્ત્ય ફાયદાઓને કરી આપનાર થાય છે. આ વાત જેમ આપ્તપુરૂષોના કથનથી સિદ્ધ છે, તેમ પ્રત્યેક વિચારશીલ વ્યક્તિઓને અનુભવપ્રમાણથી પણ ગમ્ય છે. જે કોઈ આત્મા પોતાની બુદ્ધિનો સદુપયોગ કરી, અપકારી અને ઉપકારી–ઉભયને યથાસ્થિતપણે ઓળખી, ઉપકારિની સેવામાં અને અપકારિના ત્યાગમાં પોતાનું જીવન અર્પિત કરી દેશે, તે આત્મા અનેક પ્રકારની માંગલિક માલાઓનું પોતાના કંઠમાં આરોપણ કરીને થોડા જ કાળમાં સિદ્ધિવધૂનો ભોક્તા બનશે, એમાં લેશ માત્ર સંદેહ નથી. ધન્ય છે તે મહાપુરૂષોને, કે જેઓ કર્મલઘુતાના યોગે નાસ્તિકતાના ભીષણ વાતાવરણ વચ્ચે પણ તેનાથી સર્વથા અલિપ્ત રહી, પરમ આસ્તિકતા, પરમ વિષયવિરક્તતા અને અજ્ઞાન લોકહેરીથી સર્વથા વિમુક્તતા, એ આદિ ગુણોને પામી સ્વ–પરનો સાચો ઉપકાર સાધી રહ્યા છે.

# આત્મા અને પરલોક
# છે કે નહિ ?

## લેખાંક ૧ લો :

### બુદ્ધિમાન અને મૂર્ખ વચ્ચે અંતર:

જગતમાં કોઈ પણ વિચારશીલ વ્યક્તિને એવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે–'આ જન્મ લીધા પહેલાં હું હતો કે નહિ ? અગર હતો તો ક્યાં અને કેવો હતો ? હું ક્યાંથી આવ્યો છું અને વર્તમાનમાં હું કેવો છું ? અહીંથી હું ક્યારે મરીશ અને મરણ બાદ મારૂં અસ્તિત્વ રહેશે કે નહિ ? જો અસ્તિત્વ રહેશે તો ક્યાં અને કેવા પ્રકારે રહેશે ? મારૂં અન્તિમ લક્ષ્ય શું છે અને તેનાં સાધનો ક્યાં છે ?' બુદ્ધિમાન અને મૂર્ખમાં અંતર એટલું જ છે કે–'બુદ્ધિમાન આ પ્રશ્નો પર કાયમ માટે વિચાર અને વિમર્શ કરે છે, જ્યારે મૂર્ખ આ પ્રશ્નોનો ક્ષણભર માટે પણ વિચાર કરતો નથી.' વિચાર કરે યા ન કરે, પણ એ વાતમાં લેશ પણ સંદેહ નથી કે–'ચિન્તનશીલ યા મૂર્ખ બંનેના હૃદયમાં આ પ્રશ્નોનો અનુભવ સમાનરૂપથી થાય છે. એક એના રહસ્યનો અંત મેળવવા માટે આવશ્યક પ્રયત્નો ચાલુ રાખે છે, બીજો એ માટેના કોઈ પણ પ્રયત્નો જીવનમાં કરતો નથી.' આથી એમ માની લેવાનું નથી કે–'ચિન્તનશીલ પ્રત્યેક વ્યક્તિ આ પ્રશ્નોનો યથાવત્ નિર્ણય મેળવી શકે છે.' ચિન્તનશીલ યા વિચારશીલ વ્યક્તિઓમાંથી પણ એવી ઘણી જ અલ્પ વ્યક્તિઓ છે કે–

જેઓ કાયમ માટે આપોઆપ ઉઠનારા ઉપર્યુક્ત પ્રશ્નોનો સાચો નિર્ણય કરી શકે છે. ચિન્તન યા વિચાર નહિ કરનાર વ્યક્તિઓની જેમ ચિન્તન યા વિચાર કરનારાઓનો પણ મોટો ભાગ, ઉપરોક્ત પ્રશ્નોનો નિર્ણય પ્રાપ્ત કર્યા સિવાય જ જીવનનો અન્ત કરે છે અને જે કોઇ થોડા એ પ્રશ્નોના કાંઇ પણ નિર્ણય ઉપર આવે છે, તેઓમાં પણ મોટો ભાગ યથાર્થ નિર્ણયના બદલે અયથાર્થ નિર્ણયને જ યથાર્થ તરીકે માનનાર હોય છે.

ગંભીર વિચારની આવશ્યકતા :

આ એક એવો વિષય છે કે–જેના પર સઘળાયે વિચાર-શીલ પુરૂષોએ ગમ્ભીરતાપૂર્વક વિચાર કરવાની આવશ્યકતા છે. આ વિષયનો નિર્ણય મેળવવા માટે જો અતિશય સાવ-ધાની રાખવામાં ન આવે, તો ભાગ્યે જ યથાર્થ નિર્ણય પ્રાપ્ત કરી શકાય છે. પૂરેપૂરી સાવધાની અને ગમ્ભીરતાથી યોગ્ય સાધનો દ્વારા એકસરખું અધ્યયન અને મનન કરવામાં આવે, તો મધ્યસ્થ બુદ્ધિવાળો આત્મા આ અતિ ગૂઢ પ્રશ્નોના યથાર્થ રહસ્યને પામવા સફળ ન બની શકે એમ પણ નથી. આથી એ વાત સ્વયં સિદ્ધ થાય છે કે–જ્યાં સુધી આ પ્રશ્નોનો યથાર્થ નિર્ણય ન થાય, ત્યાં સુધી એનો નિર્ણય મેળવવા માટે સાવધાનીપૂર્વક અવિરત પ્રયત્નો કરવા, એ પ્રત્યેક વિચાર-શીલ વ્યક્તિનું મૂખ્ય કર્ત્તવ્ય થઈ પડે છે. જ્યાં સુધી–' હું કોણ હતો ?, શું છું ? અને કેવો થવા ઈચ્છું છું ?'–એનો જ પોતાને પત્તો નથી, ત્યાં સુધી જીવન ધ્યેયશૂન્ય રહે છે. ધ્યેય કે લક્ષ્ય રહિત જીવનવાળો જે કોઈ પ્રયત્ન કરે છે, તે અસ્ત-વ્યસ્ત હોય છે. એ પ્રયત્નો એને કોઈ નિશ્ચિત સ્થાન પર લઈ જનાર બની શકતા નથી. ધ્યેયશૂન્ય આત્મા ધ્યેય સુધી

પહોંચવાના માર્ગ કે સાધનોનો પણ જેમ વિચાર કરતો નથી, તેમ જીવનમાં માનસિક શાન્તિનો પણ તેવા પ્રકારનો અનુભવ કરી શકતો નથી. માનસિક શાન્તિ તથા વ્યવસ્થિત પ્રયત્ન નિશ્ચિત ધ્યેયવાળા આત્માના જીવનમાં જ સંભવિત છે. 'હું કોણ છું?, ક્યાંથી આવ્યો છું? અને હવે મારે ક્યાં જવું યોગ્ય છે?'–એનો વિચાર કરનાર આત્મા જ, પોતાના જીવનને નિશ્ચિત ધ્યેયવાળું બનાવી શકે છે: અને પછી તેના બધા પ્રયત્નો ધ્યેયની સન્મુખ દિશાએ થાય છે.

**આત્માનું અસ્તિત્વ:**

'આત્મા જેવી કોઈ વસ્તુ છે કે નહિ?'–એ વસ્તુનો નિશ્ચય જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી–'હું ભૂતકાળમાં કેવો હતો? અને ભવિષ્યકાળમાં કેવો હોઇશ?'–એનો વિચાર કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. એ કારણે સૌથી પહેલાં આત્મસત્તાના અસ્તિત્વનો નિષેધ કરનાર મતનું યુક્તિયુક્ત ખંડન અને જગતના અન્ય પદાર્થોના અસ્તિત્વની જેમ આત્માનું પણ અસ્તિત્વ છે, એવી જાતિનો નિશ્ચય એ જરૂરી છે: આત્માનું અસ્તિત્વ છે, એ સમજવા માટે સરલમાં સરલ ઉપાય એ છે કે–પ્રત્યેક પ્રાણિને 'અહં' અર્થાત્ 'હું'–એવું જે સ્વસંવેદ્ય જ્ઞાન થઈ રહ્યું છે, તેનો વિષય શું છે?–એની ખોજ કરવી. એની ખોજ કરવાથી ખાત્રી થાય છે કે–'અહં' પદલક્ષ્ય 'હું'થી શરીર, ઇંદ્રિય કે એવી બીજી કોઈ પણ બાહ્ય વસ્તુનું ગ્રહણ થતું નથી, પણ જેનું ગ્રહણ થાય છે તેજ આત્મા છે. શરીર, ઇન્દ્રિય કે મન વિગેરે આત્મા નથી, પણ આત્માની સાથે સમ્બન્ધ પામેલ અન્ય વસ્તુઓ છે. એ સંબંધ સ્વ-સ્વામિભાવનો છે, કે જે 'ષષ્ઠી વિભક્તિ' યાને 'સંબંધ-

કારક' દ્વારાએ વ્યક્ત થાય છે. 'હું શરીર'–'હું ઇન્દ્રિયો' કે 'હું મન'–એવો અનુભવ થવાને બદલે 'મારૂં શરીર'–'મારી ઇન્દ્રિયો'–'મારૂં મન'–એવી જાતિનો જ અનુભવ પ્રત્યેક આત્માને થાય છે. એથી સિદ્ધ થાય છે કે–'અહં–પદલક્ષ્ય' એ શરીરાદિનો નથી, પણ શરીરાદિથી ભિન્ન શરીરાદિનો સ્વામી કોઈ અન્ય છે.

લક્ષણની પરીક્ષા :

આત્માના અસ્તિત્વનો નિર્ણય થયા બાદ અને તે શરીરાદિથી પર શરીરાદિનો સ્વામી છે–એ વાતનો નિર્ણય થયા બાદ, આત્માનું સ્વરૂપ અને લક્ષણ શું ?–એ વાતનો નિશ્ચય કરવો જરૂરી છે. આત્માના સ્વરૂપ અને લક્ષણનો ખ્યાલ આવી જાય, તો–'આત્મા કયાંથી આવ્યો અને કયાં જવાનો ?–એ વિગેરે પ્રશ્નોનો નિકાલ ઘણી જ સહેલાઈથી થઈ શકે એમ છે. કોઈ પણ પદાર્થનું લક્ષણ યા સ્વરૂપ શું છે ?–એ નક્કી કરવા માટે પ્રથમ એ પદાર્થના ભ્રમાત્મક લક્ષણ, જેને સંસ્કૃતમાં ઉપલક્ષણ યા ઉપાધિ કહેવામાં આવે છે તે તથા જેનો ત્રણે કાળમાં કદી પણ વિશ્લેષ એટલે વિયોગ થતો નથી એવાં તથ્ય લક્ષણ, ઉભયનો વિચાર કરવો આવશ્યક બને છે. પ્રથમ પદ્ધતિ એ 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે અને બીજી પદ્ધતિ એ 'સમન્વયાત્મક' છે. જલનું લક્ષણ નક્કી કરવું હોય, ત્યારે વિશ્લેષણાત્મક પદ્ધતિ વડે આપણે એ નક્કી કરી શકીએ છીએ કે–ઉષ્ણતા એ જલનું લક્ષણ નથી પણ ઉપલક્ષણ યા ઉપાધિ છે. જો કે–અમૂક જલમાં ઉષ્ણતાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, પરંતુ તે ઉષ્ણતા અગ્નિસંયોગ રૂપ ઉપાધિથી જલમાં ઉત્પન્ન થયેલી છે. તે ઉપાધિ દૂર થતાંની સાથે જ ઉષ્ણતાનો વિલય થવા માંડે છે અને જલની સ્વાભાવિક શીતતા પ્રગટ

થાય છે. એ રીતે ઉષ્ણુતા એ ત્રિકાલસહવર્તિની નહિ હોવાથી જલનું લક્ષણ બની શકતી નથી, કિન્તુ ઉપાધિ યા ઉપલક્ષણ બને છે. ઉપાધિ એ જલનું યથાર્થ જ્ઞાન કરાવવા માટે સમર્થ થઈ શકતી નથી, કિન્તુ ભ્રમાત્મક જ્ઞાન કરાવે છે.

સમન્વયાત્મક પદ્ધતિનું કાર્ય ભ્રમાત્મક લક્ષણો કયાં છે એને ઓળખાવવાનું નથી, કિન્તુ પદાર્થનું યથાર્થ સ્વરૂપ યા યથાર્થ લક્ષણ શું છે? તેનું ભાન કરાવવાનું છે. જલનું યથાર્થ યાને અભ્રમાત્મક લક્ષણ શીતતા છે. એનું ભાન સમન્વયાત્મક પદ્ધતિ કરાવે છે. કોઈ પણ પદાર્થનું લક્ષણ પ્રાકૃતિક છે યા કૃત્રિમ છે?-એને સરળતાથી જાણવાનો ઉપાય એ છે કે-જ્યાં કૃત્રિમ લક્ષણ જોવામાં આવે છે, ત્યાં 'શાથી?'-એવો પ્રશ્ન ઉઠયા સિવાય રહેતો નથી. જલને ઉષ્ણ જોતાંની સાથે જ -'આ જલ શાથી ઉષ્ણ છે?-એવો પ્રશ્ન તુરત ઉભો થાય છે. જ્યારે જલનો પ્રાકૃતિક ધર્મ શીતલતાનો અનુભવ કરતી વખતે કોઈને પણ-'શાથી શીતલ છે?'-એવો પ્રશ્ન ઉઠતો જ નથી. એજ એમ બતાવે છે કે-'જલમાં ઉષ્ણુતા'-એ કૃત્રિમ છે અને 'શીતતા'-એ સ્વાભાવિક છે, તેથી સ્વાભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'સમન્વયાત્મક' પદ્ધતિ છે અને વૈભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે.

**પદાર્થોનું સનાતન અસ્તિત્વ:**

આત્માનું પ્રથમ લક્ષણ કોઈ હોય, તો તે 'સત્' યાને અસ્તિત્વ છે. આત્મા સનાતન છે, અર્થાત્-આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધ્ય છે. એ વસ્તુ સમજવા માટે સૌથી પહેલાં એ નિર્ણય કરવો પડશે કે-'આ જગતમાં અવિદ્યમાન વસ્તુ કોઇ ઉત્પન્ન થતી નથી અને વિદ્યમાનનો કદાપિ નાશ થતો નથી.'

એજ વાતને સમર્થ દર્શનકારો નીચેના શબ્દો દ્વારા સંસ્કૃત ભાષામાં જણાવે છે કે—

' नासतो विद्यते भावो, नाऽभावो विद्यते सतः ।'

'જે કદી હોતું નથી તે ઉત્પન્ન થતું નથી અને જે છે તેનો કદી અભાવ થતો નથી.'

કોઈ પણ દ્રવ્યનો વિનાશ થતો જ નથી. માત્ર તેનું રૂપ, આકાર, નામ કે સ્થાન બદલાય છે. દાખલા તરીકે મિણબત્તી પૂરી સળગી જાય છે, ત્યારે શું થાય છે ? મિણબત્તી તરીકેનો તેનો આકાર માત્ર બદલાય છે, પરંતુ જે ઉપાદાનોથી મિણબત્તી બની હતી, તે બધાં મિણબત્તી બળી જવા છતાં કાયમ રહે છે. મિણબત્તી બળે છે ત્યારે તેના ઉપાદાનભૂત હાઈડ્રોજન અને કાર્બન નામનાં દ્રવ્ય બહાર નીકળીને અનુક્રમે વરાળ તથા કાર્બન ડાયક્સાઇડના રૂપમાં બદલાઈ જાય છે. એજ રીતે સુથાર ખુરશી યા બૅન્ચ બનાવે છે, ત્યારે તે કોઈ નવો પદાર્થ ઉત્પન્ન કરતો નથી, પરંતુ બજાર યા જંગલમાંથી લાવેલ કાષ્ઠના યોગ્ય કટકા કરી, તેને વાંછિત આકારે ગોઠવે છે. આ રીતે હરેક ચીજમાં સ્થાન, આકાર યા નામ વિગેરેનું પરિવર્તન થવા સિવાય નવું કાંઈ ઉત્પન્ન થતું નથી. કોઈ પણ પદાર્થની નવીન સૃષ્ટિ યા વિનાશ આ જગતમાં છે જ નહિ. આધુનિક પદાર્થવિજ્ઞાનના શોધકોને પણ આ જ વાતનો એક યા બીજા શબ્દોમાં સ્વીકાર કરવો પડયો છે. કોઈ એને—'પદાર્થની અનશ્વરતા'—કહે છે, કોઈ એને—'પદાર્થનું અનુત્પાદ્યત્વ'—કહે છે, તો કોઈ એને—'શક્તિનું નિત્યત્વ'—કહીને સ્વીકારે છે. આત્માના વિષયમાં પણ એજ રીત લાગુ પડે છે. કોઈ પ્રશ્ન કરે કે—'જન્મ લેવાના પૂર્વે હું હતો કે નહિ ?' અગર

-'મૃત્યુ થયા બાદ હું રહીશ કે નહિ?'-તો તેને એક જ ઉત્તર આપવાનો રહે છે કે-'વર્તમાન સમયમાં તું વિદ્યમાન છે કે નહિ?'-એ પ્રશ્નનો તું જે ઉત્તર આપે, તેના ઉપર તારા પ્રશ્નોનો જવાબ અવલંબેલો છે. કોઈ પણ એમ કહી શકે એમ નથી કે-'વર્તમાન સમયમાં હું વિદ્યમાન નથી.' એથી જ એ સિદ્ધ થાય છે કે-"જો તું વર્તમાન સમયે વિદ્યમાન છે, તો તું પહેલાં પણ અવશ્ય વિદ્યમાન હતો અને પછી પણ અવશ્ય વિદ્યમાન રહીશ, એમાં કોઈ સંદેહ જ નથી." કારણ કે-જે પહેલાં નથી તેની હમણાં ઉત્પત્તિ થઇ શકતી નથી અને જે હમણાં વર્તમાન છે તેનો અભાવ કદી થઈ શકતો નથી. અલબત્ત, મિણબત્તી જેમ કાર્બન અને હાઇડ્રોજન રૂપે પરિવર્તન પામી ગઈ તથા કાષ્ઠ જેમ ખુરશી અને ટેબલ રૂપે પરિવર્તન પામી ગયું, તેમ તારામાં પણ અનેક પ્રકારનાં પરિવર્તનો થતાં રહેવાનાં, કિન્તુ તારો સર્વથા અભાવ કદી થઈ શકતો નથી. આત્મા સનાતન છે અને આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધિત છે, એ વસ્તુ સમજવા માટે દર્શનશાસ્ત્રનું કે ભૌતિક પદાર્થ-વિજ્ઞાનનું આથી આધક જ્ઞાન મેળવવાની આવશ્યકતા રહેતી નથી, એમ સામાન્યતયા કહી શકાય.

## અમરત્વ સ્વાભાવિક ગુણ:

આત્માના અસ્તિત્વની સિદ્ધિમાં આપણે એ વાત નક્કી કરી આવ્યા છીએ કે-આત્મા તે પદાર્થ છે, કે જેનો સંકેત, જેનું સંબોધન અને જેની ઓળખાણ આપણે 'હું' શબ્દથી કરીએ છીએ. 'હું' પદનું સંબોધન, 'હું' પદનો સંકેત કે 'હું' પદથી ઓળખાનાર જે વસ્તુ છે, તે જ આત્મા છે: કારણ કે-આત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુ 'હું' એ

પદનો સંકેત બની શકતી નથી. જ્યાં સુધી જગતમાં 'અહં' યા 'હું' પદનો વ્યવહાર વિદ્યમાન છે, ત્યાં સુધી આત્માની સત્તાનો નિષેધ કરનાર નાસ્તિકો પોતાની કોઈ પણ યુક્તિ વડે સફળતા મેળવી શકે એ સંભવિત જ નથી. આસ્તિક જેમ 'અહં'પદથી વ્યવહાર કરે છે, તેમ નાસ્તિક પણ પોતાની જાતને ઓળખાવવા માટે 'અહં'પદનો જ પ્રયોગ કરે છે. 'અહં'પદના પ્રયોગ સિવાય નાસ્તિકને પણ એક ક્ષણ વારેય ચાલતું નથી. 'આત્મા છે.'–એ સિદ્ધ કરવા માટે આના કરતાં બીજું કોઈ મોટું પ્રમાણ નથી. આ એક જ પ્રમાણની આગળ આત્મસત્તાનો નિષેધ કરનારી સઘળી યુક્તિઓ સામર્થ્યહીન બની જાય છે. 'અહં'પદના સંકેતથી જ્યારે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, ત્યારે 'હું' અને 'મરી ગયો' અથવા 'હું' અને 'નથી'–એ જાતિનાં વાક્યોનો પ્રયોગ જ અસંભવિત બને છે. 'હું મરી ગયો.'–એ વાક્યમાં 'મરી ગયો'–એ ક્રિયાપદના કર્તાનો, ઉદ્દેશ્ય અને વિધેય રૂપમાં કોઈ પણ પ્રકારે સંબંધ ઘટી શકતો નથી. એવી જ રીતે 'હું નથી.'–એ વાક્યમાં પણ ઉદ્દેશ્ય અને વિધેયનો સંબંધ થવાની સમ્ભાવના ત્રણે કાળમાં નથી. જેમ 'હું' અને 'નથી' એમ કહેવું તે પ્રત્યક્ષ વિરૂદ્ધ છે, તેમ 'હું' અને 'મરી ગયો'–એ કલ્પના પણ સર્વથા વિરૂદ્ધ છે. ડૉકટર અથવા સંબંધી રોગીની નાડી જોઈને કહે છે કે–'આ મરી ગયો છે.' અથવા રોગીને સ્વયં શંકા યા ભય રહે છે કે–'હું મરી જઈશ.' પરંતુ એ પ્રયોગો ઔપચારિક છે. મરવાનો વાસ્તવિક માનસિક અનુભવ કોઈને પણ થતો જ નથી. 'હું' અને 'મર્યો છું'–એ અનુભવ જ અસંભવિત છે. 'હું' અને 'નથી'–એ બે શબ્દોનો એક સાથે

પ્રયોગ કરવો એ જેમ અસત્ય છે, તેમ 'હું' અને 'મરી ગયો'-એ શબ્દોનો પ્રયોગ પણ અનુભવવિરૂદ્ધ છે. 'હું મરી રહ્યો છું.'-એવો પ્રયોગ કેટલીક વાર અનુભવાય છે, ત્યાં પણ કેવળ વર્તમાન યા ભૂતકાળનો પ્રયોગ નથી, પરન્તુ અપૂર્ણ વર્તમાનકાળનો પ્રયોગ છે. એની મતલબ ભવિષ્યત્ કાળ સાથે છે: તેથી એ પ્રયોગ પણ વાસ્તવિક મનોવિજ્ઞાનને અનુસરતો નથી, કિન્તુ ઉપચારજન્ય છે. આ વિષયને વધારે સ્પષ્ટતયા સમજવા માટે નિદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. નિદ્રાના વિષયમાં આપણે એમ કહી શકીએ છીએ કે-'હું ઉંઘી ગયો હતો.' અથવા 'હું ઉંઘવા માટે જઈ રહ્યો છું.' અથવા 'મને ઘણી ઉંઘ આવે છે.' વિગેરે. પરન્તુ આપણે એ કદી પણ કહી શકતા નથી કે-'હું ઉંઘું છું.' કારણ કે-એ શબ્દનો પ્રયોગ કરતી વખતે આપણે ઉંઘી ગયેલા નથી પણ જાગતા છીએ. એ જ વાત એ વાક્યને અસત્ય ઠરાવવા માટે મોટું પ્રમાણ છે. આમ જ્યારે નિદ્રા શબ્દનો પ્રયોગ પણ 'હું' પદની સાથે અસમ્ભવિત છે, ત્યારે 'મરવું'-એ શબ્દનો પ્રયોગ તો 'હું'ની સાથે સુતરાં અસમ્ભવિત ઠરે છે. અર્થાત્-આત્માના સમ્બન્ધમાં મૃત્યુનું કથન જ 'અસમ્ભવ' દોષથી ગ્રસિત છે. વ્યવહારમાં 'તે મરી ગયો.'-'હું મરી જવાનો છું.'-'હું ઉંઘી ગયો છું.'-'તે હું નથી.' ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ થાય છે, તે આત્માની ભિન્ન ભિન્ન અવસ્થા માત્રને જ સૂચવનાર છે, કિન્તુ તેમાંનો એક પણ પ્રયોગ આત્માના સર્વથા અભાવને સૂચવતો નથી.

**મૃત્યુ એ સ્વભાવ નથી :**

જીવન જેમ આત્માનો સ્વાભાવિક ધર્મ છે, તેમ મૃત્યુ એ આત્માનો સ્વાભાવિક ધર્મ નથી. જીવનની જેમ મરણ

પણ આત્માની સ્વાભાવિક અવસ્થા હોત, તો એનું નિવારણ કરવા માટે—મૃત્યુથી બચવા માટે કોઇ પણ પ્રયત્ન કરત નહિ. જે પોતાના માટે સહજ યા સ્વાભાવિક હોય છે, તેનાથી બચવા માટે આ જગતમાં કોઈ પણ પ્રયત્ન કરતું નથી. જે સ્વભાવ નથી, તેનાથી જ બચવા માટે સર્વ કોઈના પ્રયત્ન જોવામાં આવે છે. માછલી માટે પાણીમાં રહેવું એ સ્વાભાવિક છે, તેથી જ તે પાણીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતી નથી. પૃથ્વી પર રહેવું તેને માટે અસ્વાભાવિક છે, તેથી પૃથ્વી પર તે તરફડે છે અને પાણીમાં જવા પ્રયત્ન કરે છે. તેવી જ રીતે જીવવાથી કોઈ ગભરાતું નથી અને મરવાથી સૌ ગભરાય છે, એજ એમ બતાવે છે કે—જીવવું એ સ્વાભાવિક છે અને મરવું એ અસ્વાભાવિક છે. મૃત્યુ પણ જો આત્માનો ધર્મ યાને સ્વભાવ હોત, તો મૃત્યુથી બચવા માટે કોઈ પણ આત્મા પ્રયત્ન કરત નહિ : પરન્તુ સઘળા આત્માઓ મરવાથી બચવા માટે પ્રયત્નો કરે છે અને જીવવાની સદા કાળ ઈચ્છા રાખે છે. એજ વાત 'જીવન' એ આત્માનો સ્વભાવ છે, એ વાત સિદ્ધ કરવા માટે પૂરતું પ્રમાણ છે. જે વાત જીવન અને મૃત્યુને લાગુ પડે છે, એજ વાત સ્વાસ્થ્ય અને રોગને પણ લાગુ પડે છે. સ્વાસ્થ્યને સૌ કોઈ ચાહે છે અને રોગને કોઈ પણ ચાહતું નથી. એથી જ સિદ્ધ થાય છે કે—સ્વાસ્થ્ય એ સ્વાભાવિક છે અને રોગ એ અસ્વાભાવિક છે. કોઈ પણ માણસ જ્યારે બીમાર પડે છે અથવા એને કોઈ પીડા થાય છે, ત્યારે દરેક આદમી એને એ પ્રશ્ન કરે છે કે—'શાથી બીમારી આવી છે?' અથવા 'શું પીડા થાય છે?' એ પ્રશ્ન અને એના ઉત્તરની આવશ્યકતા જ એ સિદ્ધ કરે છે કે—

રોગ, પીડા કે દુઃખ એ સ્વાભાવિક નથી, એટલા માટે એના કારણને શોધવાની જરૂર છે. એથી ઉલટું કોઈ માણુસ સંપૂર્ણ સ્વસ્થ હોય છે, ત્યારે તેને કોઈ પણ એમ પૂછતું નથી કે-'તમે સ્વસ્થ કેમ છો?' એથી પણ એ સ્પષ્ટ થાય છે કે-'સ્વાસ્થ્ય એ સ્વાભાવિક છે, તેથી એનું કારણ જાણવાની આવશ્યકતા રહેતી નથી.' સ્વાસ્થ્ય અને રોગની બાબતમાં જ્યારે સ્વાસ્થ્ય એ સ્વભાવ સાબીત થાય છે, તો જીવન અને મૃત્યુના સંબંધમાં તો-'જીવન એ સ્વાભાવિક અને મૃત્યુ એ અસ્વાભાવિક'-એ સ્પષ્ટતયા સિદ્ધ થાય છે. એથી પણ એજ નિષ્કર્ષ નીકળે છે કે-આત્મા સનાતન છે.

## જન્મ અને મૃત્યુનો શબ્દાર્થ:

સંસ્કૃતમાં જન્મ શબ્દ '**जनि प्रादुर्भावे**' અર્થાત્-પ્રાદુર્ભાવ અર્થમાં '**जन्**' ધાતુથી બને છે અને એનો અર્થ 'આગળ આવવું અથવા પ્રગટ થવું' થાય છે. અર્થાત્-અત્યાર સુધી જે છૂપું હતું, તે હવે પ્રગટ થયું. જન્મના માટે બીજો શબ્દ 'ઉત્પત્તિ' છે. જે '**उत्**' પૂર્વક '**पद्**' ધાતુથી બને છે, તેનો અર્થ પણ-'ઉપર આવીને પ્રકટ થવું'-એ છે. બીજા શબ્દોમાં જે આજ સુધી આવૃત્ત (ઢંકાયેલું) હતું, તે અનાવૃત્ત (પ્રગટ) થઈને ઉપર આવી ગયું. જન્મ માટે ત્રીજો સંસ્કૃત શબ્દ 'સૃષ્ટિ' છે. સૃષ્ટિ શબ્દ '**सृज् विसर्गे**' એ ધાતુથી બન્યો છે. એનો અર્થ પણ-'અવ્યક્તને વ્યક્ત કરવું'-એ થાય છે. અર્થાત્-જે અંદર છુપાઈ રહ્યું હતું, તે હવે બહાર આવી ગયું છે. એ ત્રણે સંસ્કૃત શબ્દોનો આન્તરિક ભાવ એ છે કે-'કોઈ વસ્તુ એવી ઉત્પન્ન થતી નથી, કે જે પહેલાં નહોતી.' જન્મ, ઉત્પત્તિ કે સૃષ્ટિ-એ ત્રણ શબ્દો એટલું જ સૂચવે છે

કે–'જે વસ્તુ પહેલાં અમૂક પર્યાય રૂપે અવ્યક્ત હતી, તે અત્યારે અમૂક પર્યાય રૂપે વ્યક્ત થઈ.' સંસ્કૃત ભાષામાં જન્મ શબ્દનો આ ત્રણથી અતિરિક્ત કોઈ એવો ચોથો પર્યાય શબ્દ નથી, કે જે એનાથી વિપરીત સંકેતને કરતો હોય.

એજ રીતે 'મરણ' માટે સંસ્કૃતમાં કોઈ શબ્દ હોય, તો તે 'નાશ' છે. **'नश् अदर्शने'** એ ધાતુથી નાશ શબ્દ બનેલો છે. એનો અર્થ–'અવ્યક્ત યા અદૃશ્ય થઈ જવું' –એવો થાય છે. એટલા માટે નાશ શબ્દનો પ્રયોગ ત્રણે અવસ્થાઓમાં થઈ શકે છે. કોઈ વ્યક્તિ મરણ પામી હોય, કોઈ વિદેશ ચાલી ગઈ હોય અથવા થોડી ક્ષણ માટે આગળ–પાછળ છૂપાઈ ગઈ હોય, એ ત્રણે માટે નાશ શબ્દનો પ્રયોગ થઈ શકે છે. જન્મ અને મૃત્યુના શબ્દાર્થથી પણ એ સિદ્ધ થાય છે કે–જન્મ યા મરણ જીવનની આદિ અથવા અન્ત નથી, કિન્તુ અનાદિ અને અનન્ત જીવનની અમૂક અવસ્થાઓ છે. જન્મ દ્વારાએ એ અવસ્થાઓ વ્યક્ત થાય છે અને મરણ દ્વારાએ અવ્યક્ત થાય છે. આ રીતે સંસ્કૃત ભાષાનો શબ્દકોષ પણ આત્માના અમરત્વની સાક્ષી પૂરે છે. સંસ્કૃત ભાષા એ દેવભાષા પણ કહેવાય છે: કારણ કે–એ એક પૂર્ણભાષા છે. એનો કોઈ પણ શબ્દ યદૃચ્છાપ્રયુક્ત કે અનાવશ્યક નથી. એનો પ્રત્યેક શબ્દ ગમ્ભીરમાં ગમ્ભીર દાર્શનિક યા વૈજ્ઞાનિક સિદ્ધાન્તોને હૃદયપટ પર અંકિત કરી દે છે. જે સિદ્ધાન્તોની સત્યતા સમ્બન્ધમાં જીવનભર અધ્યયન કરવાથી પણ નિર્ણય થઈ શકતો નથી, અધ્યાત્મશાસ્ત્ર અને વિજ્ઞાનના તે સિદ્ધાન્તોને સંસ્કૃત ભાષા થોડા જ કાળમાં પ્રત્યાયિત કરી આપે છે. એનું જ એ કારણ છે કે–દર્શન, વિજ્ઞાન યા જગતની અન્ય કોઈ

પણ વસ્તુની સહાય વિના કેવળ 'જન્મ' અને 'મરણ' એ બે સંસ્કૃત શબ્દોનું જ પરિજ્ઞાન આપણુને આત્માના અમરત્વનો નિર્ણય કરાવી આપે છે.

❧ ❧ ❧

## લેખાંક ૨ જો:

### આત્માનો બીજો ગુણ જ્ઞાન:

જેમ સત્, અસ્તિત્વ અથવા અમરત્વ એ આત્માનું લક્ષણ છે, તેમ આત્માનું બીજું લક્ષણ જે ત્રણે કાળમાં આત્માથી પૃથક્ કરી શકાતું નથી તે લક્ષણ 'ચિત્' અથવા 'જ્ઞાન' છે. આત્માની કોઈ પણ અવસ્થા એવી નથી, કે જે અવસ્થામાં આત્મા થોડા પણ જ્ઞાનવાળો ન હોય. અજ્ઞાનમાં અજ્ઞાન આત્મા પણ એટલું તો અવશ્ય જાણે છે કે-'હું કાંઈ પણ જાણતો નથી.' 'હું કાંઈ પણ જાણતો નથી'-એ અનુભવ કરાવનાર પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. જ્યારે કોઈ માણસને એમ બોલતો આપણે સાંભળીએ છીએ કે-'હું અમૂક વિષયમાં કાંઈ જાણતો નથી.'-તે વખતે એટલો તો એને નિશ્ચય થાય છે કે-'અમૂક વિષયમાં હું કાંઈ પણ જાણતો નથી.' એ નિશ્ચય કરાવનાર કોણ છે? સૌને કબૂલ કરવું પડશે કે-અજ્ઞાનતાનો પણ નિશ્ચય કરાવનાર એક પ્રકારનું જ્ઞાન જ છે. એ જ્ઞાન પૂર્ણ છે કે અપૂર્ણ છે, યથાર્થ છે કે અયથાર્થ છે, થોડું છે કે અધિક છે, તેનો નિર્ણય આપણે અહીં નથી કરવો: પણ તે એક પ્રકારનું જ્ઞાનજ છે, એટલો જ આપણે

અહીં નિશ્ચય કરવો છે. 'સર્વ પ્રકારના જ્ઞાનથી આત્માને સર્વથા પૃથક્ કરી શકાય છે કે કેમ ?'—એજ આપણે અહીં જોવાનું છે. વિચાર કરતાં સૌને એ નિશ્ચય થઈ શકે એમ છે કે–આત્માની પ્રત્યેક અવસ્થામાં કોઈ ને કોઈ રૂપમાં, કોઈ ને કોઈ પરિણામમાં અથવા કોઈ ને કોઈ અંશમાં જ્ઞાન અવશ્ય હયાત રહે છે. એ સૌને અનુભવસિદ્ધ છે, એટલા જ માટે આત્માનું બીજું લક્ષણ જ્ઞાન છે. કેવલ જાગ્રત યા સ્વપ્નાવસ્થામાં જ જ્ઞાન કાયમ હોય છે એમ નહિ, સુષુપ્તિ અવસ્થામાં પણ જ્ઞાન હયાત હોય છે. અલબત્ત, સુષુપ્તિ યા નિદ્રાવસ્થામાં જે ચેતના રહે છે, તે એટલી દબેલી રહે છે કે–સ્પષ્ટપણે અનુભવી શકાતી નથી. નિદ્રાવસ્થામાં પણ અવ્યક્ત ચેતના વિદ્યમાન હોય છે, એનો સર્વને અનુભવસિદ્ધ પૂરાવો એ છે કે–ભરનિદ્રામાં સુતેલા છીએ ત્યારે આપણા શરીરના અમૂક ભાગ પર એક મચ્છર આવીને કરડે છે, તે વખતે ઉંઘમાં ને ઉંઘમાં હાથ ઉંચો કરીને એ ભાગને આપણે ખંજવાલીએ છીએ. જ્યારે આપણે જાગીએ છીએ અને શરીરના એ ભાગ પર રક્ત એકઠું થયેલું જોઇએ છીએ, ત્યારે જ આપણને એ નિશ્ચય થાય છે કે–ત્યાં મચ્છર કરડયો હોવો જોઇએ અને નખવતી આપણે ખણેલું હોવું જોઇએ. સુષુપ્તિ અવસ્થામાં પણ અવ્યક્ત ચેતના ન હોત તો હાથ ઉંચો–નીચો કરવાની તથા ખંજવાળવાની ક્રિયા કયી રીતે શકય બનત ? એથી એ સિદ્ધ થાય છે કે–સુષુપ્તિ, જાગ્રત કે સ્વપ્ન, કોઈ પણ અવસ્થામાં કોઈ ને કોઈ રૂપે ન્યૂનાધિક માત્રામાં જ્ઞાન નિરન્તર બન્યું રહે છે. બીજા શબ્દોમાં જ્ઞાન એ આત્માનું બીજું લક્ષણ છે, જે સ્વરૂપભૂત છે, નૈસર્ગિક છે અને આત્માની સાથે સદા જોડાયેલું છે.

**જ્ઞાન પૂર્ણ છે કે અપરિપૂર્ણ ?**

'ચિત્ અથવા જ્ઞાન—એ આત્માનું બીજું લક્ષણ છે, તો તે જ્ઞાન પૂર્ણ છે કે અપૂર્ણ ?'—એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે. આપણા દૈનિક જીવનમાં આપણે અનેક ભૂલો કરીએ છીએ, એજ એમ બતાવે છે કે—આપણું જ્ઞાન પરિપૂર્ણ નથી. પરિપૂર્ણ જ્ઞાનવાનને ભૂલો થવાનો સંભવ જ નથી. નાની યા મોટી, સામાન્ય યા ભયંકર અનેક પ્રકારોની ભૂલો અને તેનાં સ્વ અને પર ઉભયને થતાં દુઃખદ પરિણામો રોજ અનુભવવા છતાં, આપણો આત્મા પૂર્ણ જ્ઞાનવાન છે એમ માનવું, એ કોઈ પણ રીતે સંગત નથી. શાસ્ત્રો કહે છે કે—'આત્માનું લક્ષણભૂત જ્ઞાન ખંડ નહિ પણ અખંડ છે : પરિચ્છિન્ન નહિ પણ અપરિચ્છિન્ન છે : સીમિત નહિ પણ નિ:સીમ છે. આત્મા સદા ચિત્સ્વરૂપ, અર્થાત્—પૂર્ણ પ્રકાશસ્વરૂપ છે.' પરન્તુ એ વાત ભૂલવી જોઈએ નહિ કે—'પરિપૂર્ણ જ્ઞાન એ લક્ષણ, બદ્ધ આત્માનું નથી કિન્તુ મુક્તાત્માનું છે.' મુક્તાત્માઓનું જ્ઞાન નિરપેક્ષ, નિ:સીમ, સર્વ-વ્યાપક અને પરિપૂર્ણ છે. બદ્ધાત્માનું જ્ઞાન પણ સ્વરૂપે પરિપૂર્ણ હોવા છતાં, આવરણથી આવરિત છે. સંપૂર્ણ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ હોવા છતાં, બદ્ધાવસ્થામાં એ જ્ઞાન અનેક પ્રકારનાં અજ્ઞાનનાં આવરણોથી દબાએલું હોય છે. એ આવરણો હઠી જવાની સાથે જ સંપૂર્ણ જ્ઞાન પ્રકાશિત થાય છે. સૂર્ય યા પ્રકાશનાં કિરણોના દૃષ્ટાંતથી આ વાત અધિક સ્પષ્ટ થશે. બારી-બારણાં બંધ કરેલા એક ઓરડામાં, કોઈ એક બારી કે છિદ્ર દ્વારા, સૂર્યનું એક જ કિરણ અંદર પ્રવેશ થવા પામે, તેથી શું એમ કહેવું ઉચિત થશે કે—સંસારમાં સૂર્યનો પ્રકાશ આટલો જ છે ? સૂર્યનો પ્રકાશ તો અપરિમીત છે, પરન્તુ

એક જ છિદ્રની ઉપાધિ દ્વારા તે પ્રકાશ આવે છે, તેથી એટલા પ્રકાશ ઉપરથી સૂર્યનાં સમસ્ત કિરણોનું વાસ્તવિક માપ નીકળી શકે નહિ. એ જ રીતે ઘરની અંદર એક ઘણા પ્રકાશવાળો દીપક રાખવામાં આવ્યો હોય અને એનો થોડો થોડો પ્રકાશ તેવા પ્રકારનાં નાનાં નાનાં છિદ્રો દ્વારાએ બહાર નીકળતો હોય, તો જે લોક બહારથી દેખશે તે અંદર રહેલા દીપકના સંપૂર્ણ પ્રકાશનો અંદાજ શી રીતે કરી શકશે? એને તો બહારના થોડાક જ પ્રકાશનું જ્ઞાન થવાનું, કે જેટલો પ્રકાશ છિદ્રો દ્વારાએ બહાર આવેલો તે દેખી શકે છે. એજ પ્રક્રિયાને અનુસારે અજ્ઞાનનાં આવરણોથી ઢંકાયેલું સંપૂર્ણ જ્ઞાન, જેટલા પ્રમાણમાં આવરણ હઠે છે, તેટલા પ્રમાણમાં બહાર પ્રકાશિત થાય છે.

**જ્ઞાન અંતરમાં છૂપાયેલું છે:**

સંપૂર્ણ જ્ઞાન આત્મામાં છે. તેને બહાર શોધવાની જરૂર નથી. એ વાતને વધુ સ્પષ્ટ સમજવા માટે અગ્નિનું દૃષ્ટાંત છે. અગ્નિ સળગાવવો હોય ત્યારે તેને બહારથી લાવવો પડતો નથી. બે અરણિયોના મન્થનથી, ચકમક પત્થરના બે ટુકડાઓના પરસ્પર આઘાતથી અથવા દીવાસળીને બાકસના મસાલા પર ઘસવાથી અગ્નિ પ્રગટ થઈ જાય છે. તે વખતે અગ્નિ કાંઈ બહારથી આવતો નથી: કિન્તુ તે પહેલેથી જ ત્યાં અવ્યક્ત રૂપમાં રહેલો હતો. અમૂક પ્રકારના પ્રયોગથી તે વ્યક્ત રૂપમાં પ્રગટ થાય છે. વિજલીની બાબતમાં પણ એ જ વાત છે. વિજલીને આપણે નવી ઉત્પન્ન કરતા નથી, પરન્તુ અવ્યક્ત વિજલીને વ્યક્ત કરવાનાં સાધન માત્ર ઉભાં કરીએ છીએ. એજ રીતે કાષ્ઠ યા પાષાણમાં મૂર્તિ બનાવનાર,

કોઈ પણ દેવતાની મૂર્તિ બહારથી લાવીને તે કાષ્ઠ યા પાષાણમાં દાખલ કરતો નથી. જગતમાં જેટલા આકારોની કલ્પના કરી શકાય છે, તે સઘળા આકારો કાષ્ઠ યા પાષાણમાં પહેલેથી જ અવ્યક્ત રૂપે રહેલા હોય છે: પરન્તુ મૂર્તિ બનાવવાવાળાને એ સઘળાં રૂપોની આવશ્યકતા નથી. એને તો કેવળ એક વિશિષ્ટ આકારની આવશ્યક્તા હોય છે. એ આકારને ઉત્પન્ન કરવા માટે એ આકારની આડે આવતાં સર્વ પ્રકારનાં બાહ્ય આવરણોને એ તેવા પ્રકારનાં સાધનો દ્વારા દૂર કરે છે. કારીગરના છોલવા અગર ઘડવા દ્વારાએ તે વિશિષ્ટ આકારનાં પ્રતિબન્ધક બધાં આવરણો દૂર થવાની સાથે જ, ઇપ્સિત મૂર્તિનો આકાર જે અન્દર છૂપાયેલો હતો, તે બહાર આવે છે. જ્ઞાનના સંબંધમાં પણ આત્માને બહારથી કાંઈ લાવવાનું નથી. અંદર જે છે તેને યોગ્ય ઉપાયો દ્વારાએ બહાર કાઢવાનું છે: અર્થાત્–અંદર રહેલા જ્ઞાનને પ્રકટ કરવાનું છે.

## કેળવણીની વાસ્તવિક દૃષ્ટિ:

આ દૃષ્ટિએ વિચારતાં આપણને એ સ્પષ્ટ થાય છે કે-જ્ઞાન, શિક્ષા કે કેળવણી શબ્દનો પ્રયોગ ત્યાં જ કરવો વ્યાજબી છે, કે જ્યાં અંતરમાં છૂપાયેલા જ્ઞાનને પ્રકટ થવાનાં સાધનો આધક ને અધિક પ્રમાણમાં પૂરાં પાડવામાં આવતાં હોય. જે કોઈ પદ્ધતિમાં બહારથી જ્ઞાન અંદર ઘુસાડવાના પ્રયત્નો થતા હોય, તે પદ્ધતિને કેળવણી યા Education કહેવાના બદલે ગોખણપટ્ટી યા (ડૉકટરી) Injection કહેવું, એજ વધારે વ્યાજબી છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે–જેટલાં જ્ઞાન અમૂક પ્રકારના શારીરિક દંડના ભયથી અથવા પરીક્ષામાં નિષ્ફળ નિવડવાથી થનારા આર્થિક યા માનસિક

દંડના ભયથી આપવામાં આવે છે, તે (Education) એટલે કેળવણી નથી, પણ (Injection) એટલે સોયના દ્વારા શરીરની નાડીઓમાં દવાઓનો પ્રવેશ કરાવવા બરાબર છે. પરન્તુ એ રીતે બલજબરીથી જ્ઞાનને બુદ્ધિમાં પ્રવેશ કરાવવા પ્રયત્ન કરવો, તેથી વાંછિત અર્થ સરતો નથી. આપણે એ જોઇ ગયા છીએ કે–ગરમ પાણી પોતાની આગન્તુક ઉષ્ણતાનો એટલા માટે પરિત્યાગ કરી દે છે કે–ઉષ્ણતા, એ એનું અંતરંગ લક્ષણ નથી, કિન્તુ બહારથી આવેલું ઉપલક્ષણ છે. એ સિદ્ધાન્તને અનુસારે જે જ્ઞાન વાસ્તવમાં આત્માનું આંતરિક લક્ષણ નથી, કિન્તુ બહારથી અંદર લાવવામાં આવે છે, તે જ્ઞાનથી આત્માને કોઈ સ્થાયી લાભ થઇ શકવાનો નથી. નહિ ભણવાથી આજીવિકા નહિ ચાલી શકે અથવા સમાજમાં ઉંચું સ્થાન પ્રાપ્ત નહિ થાય, એવી જાતિના ભય અગર પ્રલોભનથી કેળવણી આપવાના જેટલા પ્રયાસો કરવામાં આવે છે, તે સઘળા ક્ષણિક લાભ આપવા સિવાય આત્માની શાશ્વત શાન્તિ માટે સહજ પણ ઉપયોગી થઈ શકતા નથી.

સાચા શિક્ષક :

તેજ શિક્ષણ આત્માને શાશ્વત શાન્તિ આપવા સમર્થ બની શકે છે, કે જે શિક્ષણ આત્મામાં છૂપું રહેલું જ્ઞાન ઉદ્‌બુદ્ધ થાય, એવી જાતિના પ્રયાસો કરે છે. જે જ્ઞાન આત્માના સ્વરૂપ અથવા સ્વભાવનો સહજ અગર અભિન્ન અંશ નહિ હોય, તેવી જાતિનું બહારથી આવેલું સઘળું જ્ઞાન, થોડા જ સમયમાં જળ જેમ પોતાની ઔપાધિક ઉષ્ણતાને છોડી દે છે તેમ નષ્ટ થઈ જનારૂં છે. આથી એ સ્પષ્ટ પ્રમાણિત થાય છે કે–સઘળું જ્ઞાન પહેલેથી જ આત્માની અંદર રહેલું

છે. જે શિક્ષક, ગુરૂ કે આચાર્ય ભીતરમાં છૂપાયેલા એ જ્ઞાનને પ્રગટ કરવા માટે યોગ્યતા મુજબ ઉત્તમોત્તમ સાધનોનો પ્રયોગ કરે છે, તે જ શિક્ષક, ગુરૂ કે આચાર્ય, વસ્તુતઃ શિક્ષક, ગુરૂ કે આચાર્ય કહેવડાવવાને લાયક છે. શિક્ષક નામધારી બીજાઓ તો માત્ર નામધારી છે: પોતાની જાતની તથા પોતાના આશ્રિતની વંચના માત્ર કરનારા છે. વાસ્તવમાં શિક્ષા અથવા સંસ્કારો દ્વારા કોઈ નવા જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ નથી, કિન્તુ એ શિક્ષા આત્માની અંદર રહેલા સ્વાભાવિક જ્ઞાનને બહાર લાવી, એના દ્વારા જોવા, જાણવા, અનુભવવા આદિ અનેક પ્રકારના લાભ ઉઠાવવામાં આત્માને સહાય કરે છે. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે-શિક્ષા અથવા સંસ્કારથી આત્માની પ્રકૃતિ બદલાવાતી નથી, પરન્તુ એ પ્રકૃતિની અભિવ્યક્તિ અને વિકાસ કરવાનો પૂરો મોકો મેળવી આપે છે. અર્થાત્-આત્માની પ્રકૃતિના બન્ધનને તોડી આત્માને સ્વતન્ત્ર કરી આપે છે. સઘળાનો સારાંશ એ છે કે-આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે અને એ જ્ઞાનને પ્રકટ કરવા માટે બાહ્ય ભયો યા પ્રલોભનો વાસ્તવિક ઉપાય નથી: કિન્તુ એ જ્ઞાનને દબાવી દેનાર મોહનીયાદિ દુષ્ટ કર્મોને ખસેડી દેવાં, એ જ સાચો ઉપાય છે. મોહનીયાદિ દુષ્ટ કર્મોને દૂર કરવાનો ઉપાય બતાવે, એજ સાચું શિક્ષણ, કેળવણી કે શાસ્ત્રાધ્યયન છે: અને એ જાતિનું શિક્ષણ, કેળવણી કે શાસ્ત્રાધ્યયન કરાવનાર હોય તેજ સાચા શિક્ષક, સાચા ગુરૂ અને સાચા આચાર્ય છે.

**આત્માનો ત્રીજો ગુણ આનન્દ:**

અમરત્વ અને અનન્ત જ્ઞાન: આત્માનાં એ બે લક્ષણો નિશ્ચિત થયા પછી, આત્માને ઓળખવાનું ત્રીજું લક્ષણ શું

છે?–એ આપણે જોઈએ. શાસ્ત્રો કહે છે કે–'સત્ અને ચિત્ એ જેમ આત્માનાં લક્ષણ છે, તેમ નિત્ય, શુદ્ધ અને પૂર્ણ આનન્દ એ પણ આત્માનું લક્ષણ છે.' 'આત્માનો સ્વભાવ જો આનન્દ હોય, તો જગતના પ્રાણિઓ નિરન્તર શોક અને દુઃખનો અનુભવ કરી રહ્યા છે, તે કેમ બને?'–એવો પ્રશ્ન અહીં પણ ઉઠવો સહજ છે, પણ પૂર્વોક્ત યુક્તિઓ દ્વારા એનું સમાધાન પણ સહજ અને સુગમ છે. આત્માનું લક્ષણ સમ્પૂર્ણ જ્ઞાન હોવા છતાં, મોહ અને અજ્ઞાનના આવરણથી જેમ તે જ્ઞાન દબી ગયેલું છે, તેમ અનન્ત આનન્દ એ પણ આત્માનો સહજ ધર્મ હોવા છતાં, મોહનાં ગાઢ આવરણોથી તે આવરિત છે. અનાદિના મોહાધ્યાસથી વિપરીત શ્રદ્ધા અને વિપરીત વર્તનને પરવશ બનેલો આત્મા, પોતાના સ્વાભાવિક આનન્દને પામી શકતો નથી: એટલું જ નહિ કિન્તુ વિપરીત શ્રદ્ધા અને વિપરીત વર્તનથી દુઃખ અને શોકના મહાસાગરમાં સદાય ડૂબેલો રહે છે. આનન્દ, એ આત્માનો સ્વભાવ છે, એ વાતને અધિક સ્પષ્ટતાથી સમજવા માટે રોતા મનુષ્યનું દૃષ્ટાંત ઉપયોગી છે. કોઇ મનુષ્ય રોતો નજરે પડે છે, ત્યારે લોક તેની પાસે જઇને પૂછે છે કે–' તું કેમ રૂએ છે?' પરન્તુ નહિ રોનાર પાસે જઇને કોઈ પણ પૂછતું નથી કે–'તું કેમ નથી રોતો?' એજ બતાવે છે કે–રૂદન એ આત્માનો સ્વભાવ નહિ હોવાથી, એનું કારણ જાણવાની આવશ્યકતા રહે છે અને 'નહિ રોવું' એ આત્માનો સ્વભાવ હોવાથી, એનું કારણ જાણવાની આવશ્યક્તા રહેતી નથી. આથી એ સિદ્ધ થયું કે–રોવું યા દુઃખી થવું એ આત્માનું લક્ષણ નથી, કિન્તુ કોઇ તેવા પ્રકારના તાત્કાલિક બાહ્ય કારણ રૂપ ઉપાધિથી ઉત્પન્ન થયેલ ઉપલક્ષણ માત્ર છે. આગળ વધીને

વિચારીએ તો-જે મનુષ્ય સ્ત્રીપુત્રાદિકના વિયોગ વખતે એટલા બધા દુઃખને અનુભવે છે કે-'હવે મારૂં જીવિતવ્ય અંધકારમય બની ગયું, મારૂં સર્વસ્વ નાશ પામી ગયું કે હું સદાને માટે દુઃખમાં ડૂબી ગયો.'-તેજ માણુસ દિવસો જવા બાદ શોકને કે દુઃખને સર્વથા વિસરી જાય છે. એ દૃષ્ટિએ, શું દુઃખ એ જલની ઉષ્ણતાની જેમ બાહ્ય કારણથી આવેલ માત્ર ઉપાધિ જ નથી ? જલની ઉષ્ણતા માટે જેમ બાહ્ય કારણની અપેક્ષા છે, કિન્તુ એ ઉષ્ણતાને જવા માટે કેવલ કાલના સ્વાભાવિક અતિ-ક્રમણ સિવાય અન્ય કોઈ કારણ ન મળે તો તેની અપેક્ષા નથી, તેમ આત્મામાં દુઃખ ઉત્પન્ન થવા માટે બાહ્ય કારણોની અપેક્ષા રહે છે, પરન્તુ ઉત્પન્ન થયેલા એ દુઃખનો વિલય થવા માટે કાલાતિક્રમણ સિવાય અન્ય કોઈ કારણની અપેક્ષા રહેતી નથી. આથી એ સિદ્ધ થાય છે કે-દુઃખ એ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ નથી, કિન્તુ આનન્દ એજ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ છે. આત્મા જ્યારે બાહ્ય કારણોથી દુઃખી પણ થાય છે, ત્યારે પણ આત્માનો આનન્દ, આત્માની બહાર ચાલ્યો જતો નથી, કિન્તુ દબેલો આત્માની અંદર પડયો રહે છે. એના જ પ્રતાપે એ આનન્દ, ક્રમશઃ પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરીને, બહારથી આવીને અધિકાર જમાવનાર દુઃખને દૂર કરી નાંખે છે અને પૂર્વની માફક પોતે (આનંદ) વ્યક્તરૂપ ધારણ કરી લે છે.

## આનંદપ્રાપ્તિ ક્યારે ?

સત્, ચિત્ અને આનંદ એ ત્રણ આત્માનાં લક્ષણ છે, આત્માના સ્વભાવ છે અથવા આત્માનું જ સ્વરૂપ છે,-એ વાત જેમ શાસ્ત્રો દ્વારાએ સિદ્ધ છે, તેમ યુક્તિ અને અનુભવ દ્વારા પણ સિદ્ધ છે. યુક્તિવાદની દૃષ્ટિથી કે પ્રત્યક્ષ અનુભવની

દૃષ્ટિથી વિચારતાં પણ એ સ્પષ્ટ થાય છે કે–સદા જીવિત રહેવાની ઈચ્છા એજ આત્માના અમરત્વ સ્વભાવની સાબીતી છે. એ જ રીતે પદાર્થોને જાણવાની ઈચ્છા એ જ આત્માના જ્ઞાન–સ્વભાવની સાબીતી છે તથા એજ રીતે નિરન્તર આનન્દની ખોજ કરવી, એ આત્માના આનન્દ–સ્વભાવની સાબીતી છે. સદા જીવિત રહેવાની તથા પદાર્થોને જાણવાની ઈચ્છા એ જેમ અનન્ત જીવન અને નિઃસીમ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે, તેમ સર્વ આત્માઓ હંમેશાં આનન્દની જ શોધમાં રહે છે એજ એક નિશ્ચિત અને પર્યાપ્ત પ્રમાણ છે કે–આનન્દ, એ પણ અન્તરાત્માનો સ્વભાવ છે. જે પ્રકારે માછલી કોઇ કારણસર જલની બહાર આવી જાય છે તો ફેર પાછી જલમાં જવાને માટે જ ઉદ્યમ કરે છે: કારણ કે–જલ એ જ એનું સ્વાભાવિક સ્થાન છે, એજ પ્રકારે આત્મા પણ કોઈ કારણવશાત્ આનન્દથી દૂર થાય છે, તો પાછો તુરત જ એ આનન્દને પ્રાપ્ત કરવા સતત્ ઉદ્યોગ કર્યા કરે છે: કારણ કે–આનન્દ જ આત્માનો પ્રાકૃત સ્વભાવ છે, એટલું જ નહિ પણ આનન્દ એ એનું સ્વરૂપ જ છે. આત્મા જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, તે આનન્દની પ્રાપ્તિના લક્ષ્યથી જ કરે છે. જો કે–એ આનન્દની પ્રાપ્તિ માટે ઉચિત સાધનોનો પણ ઉપયોગ કરે છે અને અવિદ્યાને વશ અનુચિત સાધનોનો પણ ઉપયોગ કરે છે તથા પોતે કેવા આનન્દને ઈચ્છે છે એનું નિરૂપણ પણ કરી શકતો નથી: પરન્તુ એ એક જૂદો જ પ્રશ્ન છે. આત્માનો સ્વભાવ આનન્દ છે, એ વસ્તુના નિર્ણયમાં ઉંધી પ્રવૃત્તિ કરવી કે નિરૂપણ ન કરી શકવું, એ લેશ માત્ર બાધક નથી. આત્મા જે આનન્દને ચાહે છે, તે આનન્દ પરિપૂર્ણ, અનતિશાયી

અને અક્ષીણ આનન્દ છે: અને તે આત્માની અન્દર જ રહેલો છે. તેને મેળવવા માટે બાહ્ય પદાર્થોની આવશ્યકતા નથી. માત્ર એ આનન્દને પ્રગટ થવામાં અન્તરાય કરનાર વિપરીત શ્રદ્ધા અને વિપરીત ચેષ્ટાઓનો જ પરિત્યાગ કરવાની આવશ્યકતા છે.

## આત્માનો ચોથો ગુણ સ્વતંત્રતા:

અમર જીવન, સર્વવિષયક જ્ઞાન અને અનન્ત આનન્દ,–એ જેમ આત્માના ગુણ છે, તેમ સ્વતંત્રતા એ પણ આત્મધર્મ છે: કારણ કે–આત્મા જ્યાં સુધી સ્વતંત્રતા પ્રાપ્ત કરતો નથી, ત્યાં સુધી તેને સંતોષ થતો નથી. સદા જીવિત રહેવાનું હોય, સર્વ પદાર્થોને જાણવાનું સામર્થ્ય પણ હોય અને મનોવાંછિત આનન્દનો ઉપભોગ પણ કરવાનું હોય, છતાં એ સઘળી વસ્તુઓનો આત્મા પોતાની ઈચ્છાનુસાર ભોગ ન કરી શકે અગર બીજાની દયાથી ભોગવી શકે, તો એ પરાવલમ્બન પણ આત્માને ભારરૂપ અને અસહ્ય લાગ્યા સિવાય રહેતું નથી. પોતાના અસામર્થ્યના કારણે કદાચ તે બન્ધનોને આત્મા ન પણ તોડી શકે અગર બંધનોનો સ્વીકાર પણ કરી લે, કિન્તુ એ સ્વીકાર સ્વેચ્છાથી નહિ, કેવળ વિવશતાથી યા પરાધીનતાથી છે. સ્વતંત્રતાની ઇચ્છા કેવળ મનુષ્યમાં જ રહેલી છે એમ નથી. બન્ધનમાંથી છૂટવાની ઈચ્છા કહો યા સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની ઈચ્છા કહો, મનુષ્યથી માંડી પ્રત્યેક સચેતન પ્રાણિમાં વ્યક્ત યા અવ્યક્તપણે એક સરખી રીતે રહેલી છે. પોતાના વિવેકનું અભિમાન ધરાવવાવાળા મનુષ્યમાં તો તે સવિશેષ હોય, એ તદ્દન સ્વાભાવિક છે. બન્ધનમાંથી છૂટવા કે સ્વતંત્ર થવાની એ ઉત્કટ ઈચ્છાને જ શાસ્ત્રમાં મુમુક્ષુતા કહેલી છે. એ મુમુક્ષુપણું કોઈમાં અધિક અંશમાં હોય છે, તો

કોઈ આત્મામાં અલ્પ અંશમાં હોય છે: પણ તેનો સર્વથા અભાવ કોઈ પણ પ્રાણિમાં હોતો નથી. સ્વતન્ત્રતા માટે સદા લાલાયિત રહેવું, એજ સ્વતન્ત્રતા એ આત્માનો સ્વભાવ છે, એ સમજવા માટે પર્યાપ્ત પ્રમાણ છે. અત એવ મોક્ષ એટલે સર્વ પ્રકારનાં બંધનોથી છૂટકારો, એ આત્માનો ચોથો સ્વભાવ છે.

પાંચમો ગુણ ઐશ્વર્ય :

સત્ અર્થાત્ શાશ્વત જીવન, ચિત્ અર્થાત્ અનન્ત જ્ઞાન, આનન્દ અર્થાત્ અસીમ સુખ અને મોક્ષ અર્થાત્ સર્વ પ્રકારની સ્વતંત્રતા,–એ જેમ આત્માનો સ્વભાવ છે તેથી પ્રત્યેક આત્મા તેને ચાહે છે, તેમ તે ચારથી અતિરિક્ત એક અન્ય પદાર્થ પણ છે, કે જેને સર્વ લોક એટલા જ પ્રેમથી ચાહે છે. પ્રત્યેક વ્યક્તિ જેને હૃદયથી ચાહે છે, એ પાંચમી વસ્તુ પ્રથમ ચાર પ્રકાર કરતાં વિલક્ષણ પ્રકારની છે. એ પાંચમી આકાંક્ષા ઐશ્વર્યની છે. પ્રથમ ચાર કરતાં એ વિચિત્ર પ્રકારની છે, એનું કારણ એ છે કે–એક બાજુ આત્મા પોતા માટે સંપૂર્ણ સ્વતંત્રતાને ઇચ્છે છે, અર્થાત્–બીજાઓની ઇચ્છાથી કે આધીનતાથી સંચાલિત થવા ઈચ્છતો નથી, પરન્તુ બીજી બાજુ એ જ આત્મા,–'બીજાઓ પોતાની ઈચ્છા મુજબ ચાલે, અર્થાત્–પોતાની ઈચ્છાનું બીજા બધા અનુસરણ કરે.'–એવી તીવ્ર આકાંક્ષા ધરાવે છે. સૌથી વધુ આશ્ચર્યજનક વાત તો એ છે કે–તદ્દન અજ્ઞાન અને અનુભવહીન બાલક પણ એ ચાહે છે કે–એના પિતા, કે જે એની અપેક્ષાએ કેઈગુણા અનુભવી અને બુદ્ધિમાન છે, તે પણ પોતાની (બાલકની) ઈચ્છા મુજબ ચાલે. આ ઉપરથી એ નિયમ સર્વથા અપવાદરહિત ફલિત થાય છે કે–પ્રત્યેક મનુષ્ય પોતાના હૃદયથી કેવલ જીવવું, જ્ઞાન

પ્રાપ્ત કરવું, સુખી થવું અને સ્વતન્ત્ર બનવું-એટલું જ નથી ઇચ્છતો, કિન્તુ બીજાઓ પર શાસન કરવાને પણ ઇચ્છે છે. કેવલ શાસન જ નહિ, કિન્તુ યદિ સંભવ હોય તો અખિલ બ્રહ્માંડનું સ્વામિત્વ ઇચ્છે છે. અત એવ ઐશ્વર્ય પણ આત્માનો સ્વભાવ છે, એ યુક્તિ અને અનુભવ-ઉભય દૃષ્ટિએ સત્ય ઠરે છે. અખિલ બ્રહ્માંડના સ્વામિત્વની ઇચ્છા છતાં, આત્મા વર્તમાનમાં ઐશ્વર્યહીન અવસ્થા અનુભવી રહ્યો છે, તેનું કારણ પણ સ્પષ્ટ જ છે. આત્માનું સ્વાભાવિક અનન્ત ઐશ્વર્ય વર્તમાનમાં એને રોકનાર કર્મનાં આવરણોથી આવરિત છે. અનન્ત દાન, અનન્ત લાભ, અનન્ત ભોગ, અનન્ત ઉપભોગ અને અનન્ત વીર્ય-એ આત્માનું સ્વાભાવિક ઐશ્વર્ય છે. અન્ય આત્માઓનાં દાન, લાભ, ભોગ, આદિમાં વિઘ્નો ઉભાં કરીને આત્મા પોતાના સ્વાભાવિક ઐશ્વર્યને ગુમાવી બેઠો છે. જ્યાં સુધી બીજાઓના દાનાદિમાં અન્તરાયભૂત થવાનું કાર્ય આત્મા ચાલુ રાખે છે, ત્યાં સુધી તેની અનન્ત દાનાદિ શક્તિઓ પ્રગટ થઈ શકતી નથી, કિન્તુ અધિક ને અધિક અવરાતી જાય છે. જેટલા જેટલા અંશે તે બીજાઓને વિઘ્નાદિ કરતો અટકે છે, તેટલે તેટલે અંશે તેની દાનાદિ શક્તિઓ પ્રગટ થતી જાય છે. જે દિવસે આત્મા બીજાઓને વિઘ્નભૂત થતો સર્વથા અટકી જાય છે, તે દિવસે તેનું દાનાદિ સંપૂર્ણ ઐશ્વર્ય તેનાથી દૂર રહેતું નથી.

**આત્મા અને ઈશ્વર :**

આપણે જોઈ ગયા કે-સત્, ચિત્, આનન્દ, મોક્ષ અને ઐશ્વર્ય,-એ પાંચ વસ્તુઓ આત્માના સહજ ગુણ છે. ગરમ કરવામાં આવેલા ઉષ્ણ જલની સ્વાભાવિક શીતલતા જેમ થોડા સમય માટે ભલે દબી જાય છે, પરન્તુ સદાને

માટે જલમાંથી નાબૂદ કરી શકાતી નથી, તેમ આત્મામાંથી એ પાંચ વસ્તુઓ સદાને માટે અભિભૂત અથવા નિર્મૂલ કરી શકાવી અશક્ય છે. આથી એ સિદ્ધ થાય છે કે–સંસારના પ્રાયઃ સર્વ ધર્મગ્રન્થો ઈશ્વરને જે વિશેષણો આપે છે, તે બધાં પ્રત્યેક આત્માના વાસ્તાવક, આન્તરિક એવં નૈસર્ગિક ગુણ છે. જાણુતાં કે અજાણુતાં, સર્વ આત્મા હૃદયથી પોતાની જેટલી શક્તિ હોય, તે સઘળી શક્તિ દ્વારા એ ગુણોને પ્રાપ્ત કરવા માટે અવિરત પ્રયત્નો કર્યા કરે છે. ઈશ્વર જેમ સત્-સ્વરૂપ, ચિત્સ્વરૂપ, આનન્દસ્વરૂપ, મુક્તસ્વરૂપ અને ઈશ્વર-સ્વરૂપ છે, તેમ આત્મા પણ ઈશ્વરના સમાન ગુણવાળો છે. એ વાતનો નિશ્ચય થયા પછી, હવે એ નિર્ણય કરવો બાકી રહેતો નથી કે–'આત્માનું ગન્તવ્ય સ્થાન બીજું કોઈ નહિ, પણ ઈશ્વરનું સ્વરૂપ એજ છે.' આત્માને પહોંચવાનું સ્થાન ઈશ્વરસ્વરૂપ છે, એ નિરધાર થયા પછી, એ સ્થાન સુધી પહોંચવાના સાચા માર્ગ કયા હોઈ શકે ?–એનો વિચાર પણ આવશ્યક બને છે. ઇશ્વરની સાથે આત્માની નૈશ્ચયિક સમાનતા છે: કારણ કે–આત્મા સ્વયં ઈશ્વર બનવા યા ઇશ્વરના સમાન બનવા નિરન્તર તલસી રહ્યો છે. એને માટેનાં યોગ્ય સાધનોનું અવલંબન તે ગ્રહણ કરતો નથી, તેના જ પ્રતાપે તે ઈશ્વર બની શકતો નથી. જે સમયે આત્મા સ્વયં ઇશ્વર યા પરમાત્મ-સ્વરૂપ બનવા માટેનાં યોગ્ય સાધનોનો સ્વીકાર કરી તે માર્ગે ચાલવા પ્રયત્ન કરે છે, તે સમયથી આત્મા પોતાના સ્વાભાવિક ગુણોને પ્રગટ કરતો જાય છે. જ્યારે તેનો પ્રયત્ન સંપૂર્ણ બને છે, ત્યારે સ્વાભાવિક ગુણો ઉપરનાં આવરણો પણ સંપૂર્ણતયા નાશ પામે છે અને સત્, ચિત્ અને આનન્દ રૂપે પરિપૂર્ણ

પ્રકાશિત થાય છે. આ રીતે આત્માનો વિચાર કરનાર પોતાના પરલોકનો જેમ નિશ્ચય કરી શકે છે, તેમ પોતાના પ્રાપ્તવ્ય સ્થાનનો પણ નિશ્ચય કરી શકે છે. પ્રાપ્તવ્ય સ્થાનના નિશ્ચય-વાળાની સઘળી પ્રવૃત્તિ સફળ પ્રવૃત્તિ બને છે: અર્થાત્-પ્રાપ્તવ્ય સ્થાનને નિકટ લાવનારી બને છે. એથી ઉલટી રીતે આત્માના નિશ્ચય વિનાના આત્માઓ ધ્યેયશૂન્ય હોવાથી, પોતાની સઘળી પ્રવૃત્તિઓ નિષ્ફળ બનાવે છે: એટલું જ નહિ, પણ આત્માના સ્વાભાવિક ગુણોના વિકાસને રૂંધનારી વિપરીત પ્રવૃત્તિઓ દ્વારા ગન્તવ્ય સ્થાનને દૂર ને દૂર હડસેલે છે. પરિણામે ભય, અજ્ઞાન, દુઃખ, દરિદ્રતા અને પરાધીનતાના ભોગ બની અનન્ત કાળ સુધી ભીષણ સંસારમાં ભટકે છે. એ જાતિની અનિષ્ટ દશામાંથી ઉગરી જવા માટે પ્રત્યેક વિચારશીલ વ્યક્તિએ વહેલામાં વહેલી તકે આત્મનિશ્ચય કરવો પરમ આવશ્યક છે અને આત્માના સહજ ગુણોની આડે આવતાં કર્મોનો વિનાશ કરવા માટે ઉદ્યમશીલ બનવું એ પરમ કર્ત્તવ્ય છે.

ખૂલાસો:

આ લેખાંકમાં-'સત્ એ આત્માનું લક્ષણ છે.'-એમ જે વારંવાર પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે આત્માના અસ્તિત્વને નહિ સ્વીકારનારો વર્ગ, જે આજે વધતો જાય છે, તે વર્ગને-'આત્મા છે અને તે નિત્ય છે'-એમ પ્રત્યાયિત કરવા માટે જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વાસ્તવમાં 'સત્' એ આત્માનું લક્ષણ નથી, કિન્તુ સ્વરૂપમાત્ર છે. 'સત્'ને આત્માનું લક્ષણ બનાવવા જતાં, તે અતિવ્યાપ્તિ દોષથી ગ્રસ્ત બને છે: કારણ કે-આત્મા સિવાય અચેતન પદાર્થો પણ 'સત્'સ્વરૂપવાળા છે. એજ રીતે બહારથી આવેલા જ્ઞાનને આત્માનું આંતરિક

લક્ષણ નથી એમ જે કહેવામાં આવ્યું છે, ત્યાં પણ 'આત્મજ્ઞાન' સિવાય અન્ય જ્ઞાન આત્માને સાચી શાંતિ આપવા સમર્થ નથી, એ અપેક્ષાએ જ વર્ણન કરવામાં આવેલું છે. બાકી કોઇ પણ પ્રકારનું જ્ઞાન એ આત્માનું લક્ષણ છે, એમ પ્રતિપાદન કરવામાં કોઈ પણ જાતનો દોષ નથી.

# પુણ્ય અને પાપનો વિવેક :

## સુખ એ અનાત્મધર્મ નથી :

જ્ઞાન એ જેમ આત્માનો ગુણ છે, તેમ સુખ એ પણ આત્માનો ધર્મ છે. જ્ઞાન કે સુખ, એ જડ પદાર્થોનો ગુણ કે જડ પદાર્થોનો ધર્મ નથી. અચેતન પદાર્થો જેમ જ્ઞાનશૂન્ય છે તેમ સુખશૂન્ય પણ છે, એ પ્રત્યેકને પ્રત્યક્ષ છે. સુખ એ જ્યારે આત્માનો સ્વભાવ છે, ત્યારે તેને મેળવવા માટે બાહ્ય પદાર્થો પાછળ ભટકવું, એ ઈરાદાપૂર્વક દુ:ખી થવાનો રસ્તો છે. જ્ઞાન અને તન્મયતા સિવાય સુખ રહી શકતું જ નથી. જ્ઞાન અને તન્મયતાની પરિપૂર્ણતા આત્મા સિવાય અન્યત્ર હોઇ શકતી નથી. જેટલું જ્ઞાન અને તેની તન્મયતા અધિક એટલું સુખ અધિક. જ્યાં પરિપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ તન્મ-મયતા, ત્યાં અખંડ અને પરિપૂર્ણ સુખ છે. સુખના અર્થી આત્માએ જ્ઞાનવાન અને સુખમય આત્માને છોડીને પર પદા-

થીમાં શા માટે ભટકવું જોઇએ? જડ પદાર્થો પર તથા વિજાતીય હોવાથી, એમાં તેવી તન્મયતા પણ ક્યાંથી થઈ શકવાની હતી? અને તન્મયતા વિના આનન્દ કે શાન્તિનો અનુભવ પણ ક્યાંથી થવાનો હતો? પરનો સ્વભાવ પોતાનો થઇ શકતો નથી અને પોતાનો સ્વભાવ જે છે તેનો કદી વિયોગ થઈ શકતો નથી. સુખ એ આત્માનો સ્વભાવ હોવા છતાં, બાહ્ય નિમિત્તોથી તે આચ્છાદિત યા વિકૃત થાય છે અને તેના પરિણામે અસ્થિરતા અને અશાાન્ત વધે છે. એ કારણે સ્વભાવની પ્રાપ્તિ અને પરિપૂર્ણતા એ જ વાંછનીય છે. પોતાનું પૂર્ણત્વ પોતાના ગુણોથી જ થઈ શકે છે. પરની ઉન્નતિ કે પૂર્ણતા, એ પોતાની કદી બની શકતી નથી. એ જ કારણે ધર્મ એ ઉપાદેય છે અને અધર્મ એ હેય છે.

**ધર્મની વ્યાખ્યા:**

પોતાનો સ્વભાવ અને તેને વિષે તન્મયતા, એજ વાસ્તવિક ધર્મ છે. ધર્મની આ વ્યાખ્યા સર્વ દેશ અને સર્વ કાળ માટે એકસરખી રીતે નિર્બાધ છે. સર્વ પ્રકારના આચારો, ધર્મ યા અધર્મ રૂપ હોવાની કસોટી કોઈ હોય, તો પણ તે આ જ છે. સર્વ સત્યોનું સત્ય કોઈ હોય, તો પણ તે આ જ છે. જગતભરમાં જેટલા સારામાં સારા નીતિ-નિયમો છે, કાયદા-કાનુનો છે, રીત-રીવાજો છે, ઉપદેશ-આદેશો છે અને કર્મ તથા ભાવનાઓ છે, તે બધાનો મૂળ આધાર કે અન્તિમ લક્ષ્ય કોઈ હોય, તો તે ધર્મની ઉપર્યુક્ત વ્યાખ્યા જ છે. આત્માનો પોતાનો સ્વભાવ જ્ઞાન અને સુખ છે. એ સ્વભાવની સાથે તન્મયતા, એ જ પારમાર્થિક ધર્મ છે. સ્વભાવની સાથે તન્મયતાની પ્રાપ્તિ કરાવી આપનાર એ સઘળા વ્યવહાર

ધર્મ છે. સર્વ આત્મા તત્ત્વથી એક જ સ્વભાવવાળા છે, એ કારણે એ સર્વનો ધર્મ પણ એક જ છે. એના સાધનો ભલે પ્રત્યેકની વર્તમાન યોગ્યતાને લીધે ભિન્ન ભિન્ન હોય, પરંતુ એ સઘળાં સાધનોનો અન્તિમ ઉદ્દેશ તો એક જ અવસ્થાની પ્રાપ્તિ છે.

## આત્માનો સ્વભાવ કેવો છે?

'આત્માનો સ્વભાવ શું છે?'–એનું જ્ઞાન શાસ્ત્રોથી પણ થઈ શકે છે, સત્સંગતિથી પણ થઈ શકે છે અને એથી પણ અધિક દુરાગ્રહરહિત સ્વયં મનન કરવાથી થઈ શકે છે. એ વાત તો સ્થૂલ દૃષ્ટિથી પણ સ્પષ્ટ છે કે–ધનસમ્પત્તિ, કુટુમ્બપરિવાર, યશ, અધિકારાદિ આત્માથી જૂદા છે, તો પછી પોતાનાં સુખ-દુઃખને એ પદાર્થોનાં આશ્રિત બનાવવાં, એ જાણીબુઝીને પરાધીનતાના સ્વીકાર સિવાય બીજું શું છે? એથી અધિક બારીક દૃષ્ટિએ જોવાથી શરીર એ પણ પર પદાર્થ છે, એ સ્પષ્ટ થયા વિના રહેશે નહિ. શરીરનું સ્વાસ્થ્ય કે જીર્ણતા, એ આપણા હાથમાં નથી. શરીરનો વિનાશ તો એક દિવસ અવશ્ય થનારો જ છે. એનાં પ્રત્યેક અંગો, ઉપાંગો કે ઉપદાનો જો જૂદાં જૂદાં લઇને વિચાર કરવામાં આવે, તો તે જડ પદાર્થ છે, એમ કોઈ પણ સુજ્ઞને સમજાયા વિના રહેશે નહિ. ચૈતન્યનો એક અંશ પણ તે એકેયમાં નથી. આત્માનું જ્ઞાન કે શાન્તિ આદિ ગુણ પણ હંમેશાં શરીરને આશ્રિત નથી. વ્યાધિની હાલતમાં પણ શાન્તિ તથા તન્દુરસ્તીની હાલતમાં પણ અશાન્તિનાં સેંકડો ઉદાહરણો નજરે પડે છે. એથી સિદ્ધ થાય છે કે–શાન્તિ, ધૈર્ય, જ્ઞાન આદિ ગુણ સર્વથા શરીરને જ આશ્રિત છે એમ નથી: પણ શરીર સિવાય કોઈ અન્ય પદાર્થને જ આશ્રિત છે. એ જ કારણે શરીરનું બલ, શરીરનું રૂપ આદિનું

અભિમાન કરવું અને શરીરના નિમિત્તથી પોતાની જાતને સુખી યા દુઃખી માનવી, એનું જ નામ અધર્મ છે. મસ્તકમાં જે વિચાર ઉઠે છે, તે પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં આત્માના નથી એમ નિશ્ચિત થાય છે: કારણ કે–આત્મા પોતે પોતાને એ વિચારોનો કેવલ જ્ઞાતા છે, એવી પ્રતીતિ કરે છે. એ વિચારોમાં 'હું'પણાનો અનુભવ નથી કરતો, પણ 'મારા'પણાનો અનુભવ કરે છે. જેવી રીતે 'હું છું.'–'હું જાણું છું.'–'હું સુખને ચાહું છું.'–એ પ્રકારની પ્રતીતિ 'હું'પણાથી પૃથક્ પડી શકતી નથી, તેવી રીતે 'હું વિચાર કરૂં છું.'–એ પ્રતીતિ હુંપણાથી પૃથક્ પડી શકતી નથી એમ નથી: અર્થાત્–પૃથક્ પડી શકે છે. એટલા જ માટે અસ્તિત્વ ( સત્ ), જ્ઞાન ( ચિત્ ) અને સુખ, શાન્તિ યા આનન્દ ( આનન્દ )–એ ત્રણ આત્માના સ્વભાવ છે, એમ સ્પષ્ટ પ્રતીત થાય છે. બીજા શબ્દોમાં એ સિદ્ધ થાય છે કે–'આત્મા સ્વભાવથી અમર છે, સંપૂર્ણ જ્ઞાનમય છે તથા અસીમ શાન્તિ અને અપાર સુખમય છે.' અસ્તિત્વનો કદી નાશ થતો નથી: કારણ કે–સત્ કદી અસત્ બનતું નથી અને અસત્ કદી સત્ બનતું નથી, એ સનાતન નિયમ છે. એથી આત્માનું અમરત્વ સિદ્ધ છે. જ્ઞાનની શક્તિ જ્ઞેયોને જાણવાની છે. એ શક્તિ આત્મા ધરાવે છે, માટે આત્મા જ્ઞાતા છે એ સિદ્ધ છે. એ જ્ઞાનગુણની સાથે જેટલી તન્મયતા તેટલી શાન્તિ અને તેટલું સુખ આત્મા અનુભવે છે. જ્ઞાનગુણને છોડીને પર વસ્તુની સાથે જેટલી તન્મયતા તે કરે છે, તેટલા દુઃખ અને અશાન્તિનો ભોગ તેને બનવું પડે છે. એથી સુખ અને શાન્તિ એ પણ આત્માનો ધર્મ છે, એ નિશ્ચિત થાય છે. પર પદાર્થના ભોગની બુદ્ધિ અને પ્રવૃત્તિથી

આત્માના સુખ અને શાન્તિનો લોપ થતો દેખાય છે: અને જ્ઞાનગુણની સાથે તન્મયતા સાધવાથી આત્મા સુખ અને શાન્તિનો સ્વાભાવિક અનુભવ કરતો માલૂમ પડે છે. અમરત્વ, જ્ઞાતૃત્વ અને સુખમયત્વ–એ ત્રણ ધર્મો, એ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવના વિકાસમાં સહાયક થનાર સર્વ કોઈ આચાર, વિચાર કે ઉચ્ચાર એ ધર્મ છે અને એ સ્વભાવના વિકાસમાં અંતરાયભૂત થનાર સર્વ પ્રકારના આચાર, વિચાર કે ઉચ્ચાર એ અધર્મ છે. ધર્મની આ વ્યાખ્યા ત્રિકાલાબાધિત છે. કોઈ પણ દેશમાં કે કોઈ પણ કાળમાં કોઈ પણ વ્યક્તિથી એનો ઈન્કાર થઈ શકે એમ નથી.

## સુખની અભિવ્યક્તિ બધાને કેમ થતી નથી?

પોતાના અસ્તિત્વ કે જ્ઞાનશક્તિનું ભાન (પછી ભલે તે અલ્પ કે ભ્રમાત્મક હોય પણ તે) તો પ્રાયઃ પ્રત્યેક પ્રાણિને હોય છે: પરન્તુ સુખ અને શાન્તિ એ પણ પોતાનો જ ધર્મ કે પોતાનો જ ગુણ છે, એનો અનુભવ સાધારણ જીવોને હોતો નથી. જો કે–ઈચ્છા દ્વારા એની અભિવ્યક્તિ પ્રત્યેક પ્રાણિમાં હોય છે, પરંતુ અસ્તિત્વ કે જ્ઞાતૃત્વની જેમ તેનો શાશ્વત અનુભવ થતો નથી. એનું કારણ બીજું કોઈ પણ નથી, પરંતુ સાધારણ જીવોનું શ્રદ્ધાન અને તન્મયત્વ સદા પર પદાર્થો પ્રત્યે ઝુકેલું હોય છે એ જ છે. પર પદાર્થ સ્વરૂપમાં એક–બીજાથી વિસદૃશ હોવાના કારણે, સાધારણ જીવોની આવૃત્તિ રાગદ્વેષાત્મક રૂપ ધારણ કરી લે છે: અર્થાત્–રૂચિને જે અનુકૂલ હોય તેની પ્રતિ રાગ અને પ્રતિકૂલ હોય તેની પ્રતિ દ્વેષ જન્મે છે. તે વખતે રૂચિને અનુકૂલ પદાર્થના જ્ઞાનથી આત્મા રાગાત્મક સુખને અનુભવે છે અને રૂચિને પ્રતિકૂળ પદાર્થના

જ્ઞાનથી આત્મા દ્વેષાત્મક દુઃખનો અનુભવ કરે છે. એ પ્રકારના રાગ–દ્વેષથી આત્માનો શાન્તિ કે સુખ અનુભવવાનો ગુણ દબી જાય છે. એ રીતે રાગદ્વેષાત્મક સુખદુઃખને પરાધીન તથા અસ્થિર બની જવાથી, શાન્તિ કે સુખને માટે તલસવા છતાં, આત્મા શાન્તિ કે સુખનો આસ્વાદ મેળવી શકતો નથી. અનુકૂલ કે પ્રિય પદાર્થના સંયોગજન્ય રાગાત્મક સુખમાં પણ આત્માને અપ્રિય પદાર્થનો દ્વેષ તથા ભય કાયમ હોવાથી, એનું એ ક્ષણિક સુખ પણ સર્વથા નિરાકૂલ કે પૂરૂં હોતું નથી. રાગદ્વેષ કેવળ શાન્તિને જ હરે છે એમ નથી, પરંતુ એ જ્ઞાનને પણ પૂર્ણ રૂપમાં પ્રગટ થવા દેવામાં અંતરાયભૂત બને છે : કારણ કે–એ હયાત હોય છે ત્યાં સુધી જ્ઞાનમાં તેવા પ્રકારની રૂચિ કે તન્મયતા પેદા થવા દેતા નથી. પર પદાર્થો પ્રત્યે શ્રદ્ધાન યા તન્મયતાના કારણે શરીરાદિ પર પદાર્થોમાં મારાપણાની ભ્રાન્તિ થાય છે તથા એ પર પદાર્થોનો જીવની સાથેનો સંબંધ સ્વભાવથી જ અસ્થાયી હોવાથી, આત્માને પોતાના સત્‌ની અવિનાશશીલતામાં પણ ભ્રમ થઈ જાય છે. આથી શ્રદ્ધાન અને તન્મયતાનું વિકૃત થવું, પર પ્રવૃત્ત બનવું, એ જ પાપ છે : અને શુદ્ધ સ્વભાવ રત થવું એજ ધર્મ છે! આત્માના ગુણ તો સદા આત્મામાં જ વિદ્યમાન રહે છે : કારણ કે–કોઈ પદાર્થ ક્યારે પણ પોતાના સ્વભાવથી રહિત કે પરસ્વભાવમય બની શકતો જ નથી. પરન્તુ વિશ્વાસ અને તન્મયતાનું મોહિત થવું, વિકૃત બની જવું, એ જ આત્માને આત્મવિસ્મૃતિ થવામાં પરમ બીજભૂત છે અને એના પ્રભાવે જ આત્મા પોતાના સહજ ધર્મ રૂપ શાન્તિનો સદા કાળ એકસરખો અનુભવ કરી શકતો નથી.

## સુખ માટે સંગત્યાગની આવશ્યકતા:

પર પદાર્થોના કેવળ સંસર્ગથી યા જ્ઞાનથી જ પાપ યા દુઃખ થાય છે એમ નથી: કારણ કે–જાણવું એ તો આત્માનો સ્વભાવ જ છે: પરન્તુ એને પોતાના માનવાથી અને એમાં તન્મયતા કરવાથી જ, આત્મા પતિત યા દુઃખિત થાય છે. પર પદાર્થો પ્રત્યેનો મોહ અને આસક્તિ, એ જ આત્માને પોતાના સ્વાભાવિક સુખના અનુભવથી ભ્રષ્ટ કરનાર છે અને અનન્તકાળ સુધી દુઃખના ગહન ગર્તામાં ડૂબાવનાર છે. જૈન સિદ્ધાંતની પરિભાષામાં એ શ્રદ્ધાન અને એ તન્મયતાને જ દર્શનમોહ અને ચારિત્રમોહ તરીકે વર્ણવેલ છે. એ બે જ સંસારનાં મૂળ બીજ છે. વિપરીત દર્શન અને વિપરીત ચારિત્ર, એ બે બીજ સંસારરૂપી વૃક્ષને વધારનાર અને વિકસાવનાર તરીકે જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. પર પદાર્થોના મોહથી અને આસક્તિથી આત્મા દુઃખિત થાય છે: એટલા માટે સૌથી પહેલાં પર વસ્તુઓના સંસર્ગના ત્યાગનું વિધાન જૈનશાસ્ત્રોમાં વિહિત થયેલું છે. વાસનાગ્રસ્ત આત્માની વાસના પ્રાયઃ વસ્તુના સંગથી જ ઉત્તેજિત થાય છે. સંગના અભાવમાં વાસના પ્રાયઃ શાન્ત રહેતી હોવાથી, આત્માને પોતાની શક્તિનો સંચય કરવાનો અવસર મળે છે અને એ શક્તિ દ્વારા પરિણામે વાસનાનો સમૂલ નાશ કરવા માટે પણ આત્મા સમર્થ બને છે.

## ધર્મ અને અધર્મની અનેક પ્રકારે સિદ્ધિ:

અત્યાર સુધી આપણે એ સિદ્ધ કરી આવ્યા કે–'જે જેટલા અંશોમાં સ્વભાવને અનુકૂલ છે, તે તેટલા અંશોમાં ધર્મ છે: અને જે જેટલા અંશોમાં સ્વભાવને પ્રતિકૂલ છે, તે તેટલા અંશોમાં અધર્મ છે.' દાખલા તરીકે અબ્રહ્મચર્ય. એ શાથી પાપ

છે ? એથી જ કે-અબ્રહ્મના સેવનમાં આત્મા પોતાના સુખને સ્ત્રી આદિ બાહ્ય પદાર્થોનું આશ્રિત બનાવે છે. બ્રહ્મચર્યનું પાલન એ સ્વભાવને અનુકૂલ છે તેથી ધર્મ છે અને અબ્રહ્મનું સેવન એ સ્વભાવને પ્રતિકૂલ છે તેથી અધર્મ છે: કારણ કે-એમાં સુખની પ્રાપ્તિ માટે સ્વભાવનો આશ્રય નહિ લેતાં, પર પદાર્થોનો આશ્રય લેવો પડે છે. બ્રહ્મચર્યના પાલનમાં પર પદાર્થોનો આશ્રય બીલ્કુલ લેવો પડતો નહિ હોવાથી, તેટલા અંશમાં તે ધર્મરૂપ બને છે. એ જ રીતે સ્વસ્ત્રીસંતોષમાં સ્વ સ્ત્રી સિવાય અન્ય સર્વ સ્ત્રીઓ પ્રત્યે વાસનાનો ત્યાગ થાય છે, તેથી તેટલા અંશમાં તે પણ ધર્મ બને છે: પરંતુ બ્રહ્મ-ચર્યનો ઘાત જેટલા અંશમાં થાય છે, તેટલા અંશમાં તો તે પણ અધર્મ જ છે. સ્વ સ્ત્રીની સાથે પણ કેવલ પશુવત્ વિષયભોગની અપેક્ષાએ મર્યાદિત ભોગ એ ધર્મ છે: કેમકે-એમાં અધિક વાસનાથી છૂટકારો છે.

**સત્ય શાથી ધર્મ છે ?**

એજ રીતે સત્ય વચનનું ઉચ્ચારણ એ ધર્મરૂપ બને છે. એનું કારણ પણ એમાં સ્વ સ્વભાવની અનુકૂલતા રહેલી છે એ જ છે. આત્મા શુદ્ધ સ્વભાવથી તો મન, વચન અને કાયાથી રહિત છે, એથી વાસ્તવિક સત્ય તો સર્વથા મૌન યા શાન્તિ છે: પરન્તુ વ્યવહારમાં જે સત્ય કહેવાય છે, તેમાં અસત્ય અને અહિતકર વચનોનો ત્યાગ છે, તથા સત્ય વચન બોલવામાં સરલતા અધિકાંશ હોવાના કારણે, કપટાચરણની અપેક્ષાએ એમાં મનોવ્યાપાર આદિની ક્રિયાઓ પણ અલ્પ થાય છે, અને એથી પોતાને તથા પરને-ઉભયને શાન્તિ અધિક થાય છે. એટલા જ માટે અસત્ય ભાષણની અપેક્ષાએ સત્ય ભાષણ એ ધર્મ છે.

## અહિંસા પણ શાથી ધર્મ છે?

આત્મા સ્વભાવથી ન તો કોઇને બાધા કરનારો છે, ન કોઈથી બાધા પામનારો છે. એટલા જ માટે અહિંસા–અબાધા એ ધર્મ છે અને હિંસા–બાધા એ અધર્મ છે. સ્વ સ્વભાવથી પરિપૂર્ણ પૂર્ણાત્મા જ પૂર્ણ અહિંસક બની શકે છે અને પોતાના તરફથી સર્વને પૂર્ણ અભય આપી શકે છે. તે સિવાયના આત્માઓ જેટલા અંશે પરને બાધા આપવાની પ્રવૃત્તિથી વિરામ પામે છે, તેટલા અંશે અહિંસક અને અભયદાતા બની શકે છે. જેટલા અંશમાં અહિંસક અને અભયદાતા બને છે, તેટલા અંશમાં એ ધર્મ છે અને શેષ અંશમાં અધર્મ છે.

## પાપ અને ધર્મ:

એજ રીતે આત્મા અમર છે માટે જ મૃત્યુનો ભય એ પાપ છે. આત્માને કોઈ દુ:ખ પહોંચાડી શકતું નથી અથવા આત્માના ગુણોનું કોઈ અપહરણ કરી શકતું નથી. એજ કારણે દુ:ખી યા દીન બનવું અગર કોઈના તરફથી હાનિનો ભય રાખવો એ પાપ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે: સમસ્ત પદાર્થોને અને પોતાને પૂર્ણ રૂપથી અને સમ્યક્ પ્રકારે જાણવા સમર્થ છે: એટલા જ માટે અજ્ઞાન, ભ્રમ કે મિથ્યા પ્રતીતિ એ પાપ છે. આત્મા સર્વશક્તિમાન છે, એટલા જ માટે નિર્બળતા ધારણ કરવી એ પાપ છે. આત્મા મન–વચન–કાયાથી રહિત છે, એટલા માટે મન–વચન–કાયા દ્વારા થતી ક્રિયાઓ પ્રત્યે મોહ યા આસક્તિ ધરાવવી એ પાપ છે અને એના સ્વભાવથી થતી એ પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીન રહેવું, મધ્યસ્થતા કેળવવી એ ધર્મ છે.

### ક્રોધાદિ એ આત્માના સ્વભાવ છે?

આત્મા સ્વયં પૂર્ણ, અખંડજ્ઞાનાત્મક તથા આત્મલીન હોવાથી, ક્રોધાદિ એ એના માટે અસ્વાભાવિક છે, એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. ક્રોધાદિ સમયે શરીર જલે છે અને આત્મા બેચેની અનુભવે છે. ક્રોધાદિને રોકવાનો પ્રયત્ન કરવાથી તે રોકી શકાય છે, ઓછા કરી શકાય છે અને એ ઓછા થવાથી આત્મામાં શાન્તિ, જ્ઞાન આદિ ગુણ વધે છે. એથી પણ ક્રોધાદિ એ અસ્વાભાવિક અને ક્રોધાદિનો અભાવ એ સ્વાભાવિક છે, એ સિદ્ધ થાય છે.

### ઇચ્છા પણ અસ્વાભાવિક:

એ રીતે ઇચ્છા પણ વધી કે ઘટી શકે છે. ઈચ્છાથી અશાન્તિ થાય છે, એટલું જ નહિ પણ આત્મા સ્વયં ઈચ્છાને વ્યાધસમાન અનુભવે છે: તેથી એને મિટાવવા, નાશ કરવા કે તૃપ્ત કરવા અવિરત પ્રયત્નો કરે છે. એટલા માટે ઇચ્છા એ પણ શુદ્ધ સ્વભાવ નથી. ઈચ્છા એક તરફ આત્માને પર પદાર્થોનો ભિખારી બનાવે છે અને બીજી તરફ આત્માની પરાધીનતા વધારે છે. ઇચ્છાની સદા ચંચળતા અને નિરંતર અતૃપ્તતા પણ, એજ સૂચવે છે કે-ઇચ્છા એ આત્માનો સ્વભાવ નથી: કારણ કે-આત્મા સ્વભાવથી ચંચળ નથી પણ સ્થિર છે તથા અતૃપ્ત નથી પણ પરિપૂર્ણ હોવાથી સ્વ ગુણો વડે જ તૃપ્ત છે. પૂર્ણતાના અનુભવ વિના આત્માને શાન્તિ મળતી નથી, એથી પણ ઇચ્છા એ સ્વાભાવિક નથી પણ અસ્વાભાવિક છે, એમ સિદ્ધ થાય છે.

### રાગદ્વેષ આત્મસ્વભાવ નથી:

આત્મા સંપૂર્ણ જ્ઞાન અને આનન્દમય હોવાથી, એને કોઈ વસ્તુના જ્ઞાનથી રતિ અને કોઈ વસ્તુના જ્ઞાનથી અરતિ

થવી, એ પણ સાહજિક નથી પણ અસાહજિક છે: એથી રતિ, અરતિ અથવા અન્ય શબ્દોમાં રાગ અને દ્વેષ એ પણ અસ્વાભાવિક છે: એટલું જ નહિ પણ જે સમયે એક વસ્તુ ઉપર રાગ છે એજ સમયે અન્ય વસ્તુ ઉપર દ્વેષ છૂપાયેલો જ છે, તેથી આત્માની ચંચળતા અને અસ્થિરતા થવામાં પણ રાગ-દ્વેષ એ જ કારણ છે. વાસ્તવમાં આત્માનો સ્વભાવ અસ્થિર કે ચંચળ નથી, એથી રાગ-દ્વેષ એ આત્માના સ્વભાવ બની શકતા નથી.

## ક્રોધાદિ સ્વભાવરૂપ શાથી લાગે છે?

'કામ, ક્રોધ, ઇચ્છા, રતિ, અરતિ, ભય, રાગદ્વેષાત્મક સુખ-દુ:ખ આદિ જ્યારે અસ્વાભાવિક છે, ત્યારે તે આત્મામાં શાથી ઉત્પન્ન થાય છે તથા એ બધા આટલા સ્વાભાવિક જેવા કેમ પ્રતીત થાય છે?'-એ વાતનો ઉત્તર આપણે પ્રથમ જ આપી ગયા છીએ કે-'એનું કારણ આત્માની વિપરીત શ્રદ્ધા તથા વિપરીત તન્મયતા છે.' એ કારણે આત્માની વિપરીત તથા અશુદ્ધ પ્રવૃત્તિ થાય છે. એ અશુદ્ધ પ્રવૃત્તિનું એક કારણ તો સ્વયં આત્માની જ એવા પ્રકારની યોગ્યતા યા શક્તિ છે: કારણ કે-આવી અશુદ્ધ પ્રવૃત્તિની શક્તિ એનામાં સ્વભાવથી જ સર્વથા ન હોત, તો એવી પ્રવૃત્તિ કદી થઈ શકત જ નહિ: અને બીજું કારણ બાહ્ય છે, જેને પ્રકૃતિ યા કર્મનો સંબંધ કહેવાય છે. જો બાહ્ય કારણ કર્મનો તેવા પ્રકારનો સંબંધ માનવામાં ન આવે, તો કેવળ સ્વભાવથી જ શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાઓ એક સાથે અને એક સમયમાં કાયમ રહેવી જોઈએ: એટલુંજ નહિ, પણ એનાથી આત્માનો કોઈ પણ કાળે છૂટકારો પણ અસમ્ભવિત બનવો જોઈએ: કારણ કે-સ્વભાવથી છૂટકારો શી રીતે થઇ શકે? ત્રિકાળદર્શી

જ્ઞાનીપુરૂષો ફરમાવે છે કે—આત્મા અનાદિકાળથી માયા, પ્રકૃતિ યા કર્મથી સમ્બદ્ધ થઈને પોતે પોતાને ભૂલી બાહ્ય પદાર્થોમાં લીન થઈ રહ્યો છે : અને એથી હંમેશ માટે અપૂર્ણતાનો અનુભવ કરતો રહીને ઈચ્છા, રતિ, અરતિ, સુખ, દુઃખ આદિ ભોગવી રહ્યો છે. એ ભોગ અને એ અનુભવ એનો એટલા કાળથી અને એટલી માત્રામાં થઇ રહ્યો છે, કે જેથી ઈચ્છાદિ એ આત્માને એટલી આવશ્યક, અભિન્ન અને સ્વાભાવિક જેવી લાગે છે, કે જેટલી એક મદિરાપાનીને મદિરા લાગે.

**આત્મા અનાદિથી અશુદ્ધ છે:**

યુક્તિથી પણ આત્મા અનાદિથી જ અશુદ્ધ છે એમ સિદ્ધ થાય છે. આત્મા સત્ હોવાથી અનાદિ અને અનન્ત છે, એમાં તો કાંઇ વિવાદ છે જ નહિ. હવે જો એને પ્રથમ શુદ્ધ રહેલો માનવામાં આવે, તો પૂર્ણ જ્ઞાનનો ભોક્તા શુદ્ધ આત્મા કેવી રીતે અશુદ્ધ બને? અને શુદ્ધ આત્મા પણ અશુદ્ધ બને, તો જે આત્મા શુદ્ધ થઈ ગયા છે તે પણ અશુદ્ધ બનીને દુઃખના ચક્રમાં ફરી કેમ ન પડે? એથી આત્મા અનાદિથી જ અશુદ્ધ છે એ સ્થિર થાય છે. 'જે અનાદિ હોય, તેનો અન્ત કેવી રીતે થઈ શકે?'—એ પ્રશ્ન અહીં ઉભો જ રહે છે : પરંતુ એનું સમાધાન તદ્દન સ્પષ્ટ છે. કર્મ અને એનાથી ઉત્પન્ન થનારા સંસ્કારો, સમુદાય યા પ્રવાહ રૂપથી અનાદિ છે, પરંતુ પ્રત્યેક કર્મ અને તજ્જન્ય સંસ્કાર તો સાદિ છે અને કેટલોક કાળ જ રહેવાવાળા છે. એનો સંબંધ સકારણ હોવાથી, એ કારણના નાશ કે અભાવમાં એ સંબંધનો નાશ કે અભાવ પણ સ્વતઃ સિદ્ધ છે. એ રીતે કર્મનો અન્ત પણ સંભવિત છે : કારણ કે—બાહ્ય કારણ રૂપ કર્મનો સંબંધ નહિ

રહેવાથી, આત્માની શ્રદ્ધા અને તન્મયતા પણ શુદ્ધ અને સ્વભાવરત બની જાય છે.

ધર્મ અને અધર્મનું ફલ:

ધર્મ અને અધર્મ પોતાનું ફલ કેવી રીતે આપે છે? જગતમાં બીજને અનુરૂપ જ ફલ હોય છે. પાપરૂપી બીજથી આત્માની પરાધીનતા દૃઢ થાય છે અને પુણ્ય રૂપી બીજથી એથી વિપરીત ફલ થાય છે. એ જ પાપ અને પુણ્યના ફળનું રહસ્ય છે. એક જ બીજ જેમ તથાવિધ સામગ્રીના બળે અનેક ફળોને આપવા સમર્થ બને છે, તેમ જ એક જ પાપ યા એક જ પુણ્ય અનેકગુણા ફળની સાથે આત્માનો સંબંધ કરાવે છે. મોહ અને આસક્તિ એ જ પાપ છે. તીવ્ર મોહ અને તીવ્ર આસક્તિમાં પરાધીનતા અધિક સૂચિત થાય છે: એથી એના ફળરૂપે તીવ્ર આત્મવિસ્મૃતિ, તીવ્ર વાસના અને તીવ્ર ઇંદ્રિયપરાયણતા જન્મે છે. તીવ્ર ઇન્દ્રિયવિષયભોગ-પરાયણતાથી ક્રોધ, લોભ, માનાદિ કષાયો, ક્રૂરતા, જૂઠ, ચોરી આદિ પાપો થાય છે. મન્દ મોહ અને મન્દ આસક્તિમાં ઓછી પરાધીનતા પ્રગટ થાય છે: એથી એમાં પાપ પણ ઓછું થાય છે અને એને અનુરૂપ અલ્પાધિક આત્મબોધ, અલ્પાધિક સન્તોષ, મન્દ વાસના અને મન્દ ક્રોધાદિ થાય છે. તીવ્ર પાપથી આત્માની વાસના, અર્થાત્—પર પદાર્થોની ઇચ્છા અને પરાધીનતા અધિક વધે છે: કારણ કે—તીવ્ર પાપમાં બીજાઓના હિતનો ઘાત અધિક થાય છે. બીજાઓની પ્રતિકૂળતાઓ પણ વધે છે અને વાસનાની તૃપ્તિ પર પદાર્થોના યોગે થઈ શકતી નથી, તેથી એ બધાનું પરિણામ એ થાય છે કે-વાસના વધે છે અને વાસના વધવાની સાથે વાસના-

તૃપ્તિનાં સાધનો ઓછાં થાય છે, જેનું ફળ સિવાય દુઃખ બીજું કાંઈ આવતું નથી. મન્દ પાપમાં વાસના કમ હોય છે, તેથી આત્માની દશા એથી વિપરીત થાય છે. એને વાસનાતૃપ્તિનાં સાધન ન પણ મળે, તો પણ તેથી વિશેષ દુઃખ થતું નથી. એ જ રીતે મન્દ પાપકર્મ બીજાઓના હિતોને સહાયક યા અવિરોધી બનવાથી, એના ફલ–સ્વરૂપ વાસનાતૃપ્તિનાં સાધન વધે છે અને એ સર્વેનું અન્તિમ ફળ શાન્તિ અને સુખમાં આવે છે. મોહ અને આસક્તિના સર્વથા અભાવથી આત્મા પર પદાર્થોથી સર્વથા નિઃસ્પૃહ અને સ્વાધીન બને છે: તેથી પૂર્ણ શાન્તિ અને પૂર્ણ આનન્દનો પોતે પોતામાં પોતાના દ્વારાએ જ અનુભવ કરે છે. તથા બાહ્ય કારણ કર્મના સંબંધનાં કારણોનો અભાવ થવાથી, શરીરાદિ પર પદાર્થોના સંબંધથી પણ સર્વથા મુક્ત થઈ જાય છે.

**સત્કર્મ એ સત્કર્મ ક્યારે?**

પુણ્ય યા સત્કર્મ સ્વયં પણ અલ્પાધિક રૂપ સમતા યા શાન્તિ છે: કારણ કે–તેમાં તદનુરૂપ તત્કાલ પણ શાન્તિ અને સ્વાધીનતાનો અનુભવ થાય છે. જે પુણ્ય યા સત્કર્મમાં શાન્તિ, સ્વાધીનતા અને પર પદાર્થોના ત્યાગની ભાવના નથી, તે સત્કર્મ સત્કર્મ કહેવાતું હોય, તો પણ તેના કરનારને સાચી શાન્તિદાયક થતું નહિ હોવાથી, સત્કર્મ જ નથી.

**શુભ કર્મો અને આત્મલક્ષ્ય:**

કેવળ આત્મિક શાન્તિ માટે જ નહિ, પણ સાંસારિક સુખ અને શાન્તિ માટે પણ વાસનાની મન્દતા થવી આવશ્યક છે. સાંસારિક સુખ માટે પણ કેવળ બાહ્ય સામગ્રી પર્યાપ્ત નથી. એક ક્રોડાધિપતિ પોતાની વિશાળ સમ્પત્તિથી પણ

તેટલું જ સુખ પ્રાપ્ત કરી શકે છે, કે જેટલો તેને પોતાની સમ્પત્તિથી સંતોષ છે અને એથી અધિક લોભનો અભાવ છે. સાધારણ રીતે રૂપીયાની પ્રત્યે એક નિર્ધનની અપેક્ષાએ ક્રોડપતિને તૃષ્ણા કમ હોય છે. જે ધનવાનને એ વાસના કમ હોય છે, તે તેની પૂર્વની મંદ વાસનાના સંસ્કારનું જ ફલ છે. પૂર્વે શુભ કર્મ કરતી વખતે અથવા એની આગળ-પાછળ જેને અતિ તૃષ્ણા યા ધનલુબ્ધતાના યોગે વિપરીત સંસ્કાર પડ્યા હોય છે, તે ધનવાન થવા છતાં પણ અતિ કૃપણ યા અતિ તૃષ્ણાવાન બને છે. શુભ કર્મ યા શુભ ભાવનાઓ આત્મજ્ઞાન યા આત્મશાન્તિના ધ્યેય વિના કરવામાં આવે છે, તો તે સાંસારિક સુખોને આપવાવાળી કદાચ થાય છે, પરંતુ તે સુખો આત્માને એના ભોગ વખતે એટલો મોહિત કરે છે અને એટલી આસક્તિ પેદા કરે છે કે-તેનું પરિણામ દુઃખ રૂપ જ આવે છે. એજ શુભ કર્મો અને શુભ ભાવનાઓ જો આત્મલક્ષ્યપૂર્વક કરવામાં આવે તો નિર્મલતર ભાવના યોગે અધિક સાંસારિક સુખ આપવાવાળી થવા સાથે આત્મજ્ઞાનના સંસ્કારથી આત્માને એ સુખોમાં મોહિત થવા દેતી નથી, કિન્તુ પરમ્પરાએ મુક્તિની સાધક બને છે.

<u>સંસ્કારોની અસર :</u>

પાપથી આત્મામાં પાપના સંસ્કાર પડે છે અને ધર્મથી ધર્મના સંસ્કાર પડે છે. પ્રત્યેક સંસ્કાર યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને પ્રાપ્ત કરીને પ્રગટ થઈ જાય છે અને પોતાની શક્તિ નષ્ટ ન થાય ત્યાં સુધી ફળ આપ્યા કરે છે. એટલું જ નહિ પણ તે કાળ દરમ્યાન પોતાના જેવા અનેક નવીન સંસ્કારોના નિમિત્ત-કારણ બની જાય છે. કેટલાક સંસ્કારોની

અસર પ્રાયઃ તત્કાળ શરૂ થઈ જાય છે અને કેટલાકોની કાલાન્તરમાં યા જન્માન્તરોમાં થાય છે. અધિક દીર્ઘકાળ સુધી લાગટ અસર કરવાવાળા સંસ્કારોની અપેક્ષાએ થોડા કાળ સુધી લાગટ અસર કરવાવાળા સંસ્કારો, સાધારણતયા જલ્દી પ્રગટ–પરિપક્વ થઈને પોતાનું ફલ આપવું શરૂ કરી દે છે. પ્રબલ સંસ્કાર તો પરિસ્થિતિઓની પણ અપેક્ષા રાખતા નથી: પરિસ્થિતિઓને પોતાને અનુકૂલ કરી લે છે. ભિન્ન ભિન્ન પદાર્થોના પ્રત્યે પ્રાણિઓની જે રૂચિ–અરૂચિ પ્રગટ થાય છે, એનું કારણ અધિકાંશમાં તેના પૂર્વજન્મથી ચાલી આવેલી આદતોના બળે પડેલા સંસ્કારો સિવાય બીજું શું બતાવી શકાય તેમ છે? એથી પણ સંસ્કારોનું હોવું સિદ્ધ થાય છે. સંસ્કારોની પરમ્પરા જન્મ-જન્માન્તરો સુધી ચાલતી રહે છે. એની અભિવ્યક્તિ માટે યોગ્ય શરીરાદિનું નિર્માણ યા બાહ્ય સંયોગાદિ સામગ્રીની અપેક્ષા રહે છે.

**નરક અને સ્વર્ગ:**

કેટલાંક પાપ એવાં હોય છે કે–જે દીર્ઘકાળ પર્યંત લાગ-લાગટ ફળ દેવાવાળાં હોય છે. એ ફલને માટે આ પૃથ્વી પર સમ્ભવિત દુઃખ અને એને ભોગવવા માટે શરીરાદિ પરિપૂર્ણ સાધન પર્યાપ્ત હોતાં નથી. એને માટે 'નારક લોક' જેવા સ્થાનનું અસ્તિત્વ અવશ્ય માનવું પડે છે: કે જ્યાં નિરન્તર અશાન્તિજનક પરિસ્થિતિઓ રહેલી હોય છે અને જ્યાં શરીર પણ એવું મળે છે કે–જે ઘોર દુઃખ, ઘોર આઘાત અને ઘોર ભૂખ, તૃષા, શરદી, ગરમી આદિની વેદનાઓમાં પણ અત્યંત દીર્ઘકાળ સુધી સ્થિત રહી શકે! એ જ રીતે કેટલાંક પુણ્ય એવાં હોય છે કે–જેમાં વાસના અત્યન્ત મન્દ યા અત્યન્ત

સૂક્ષ્મ હોય છે અને જેના ફલને માટે આ પૃથ્વી પર સમ્ભવિત સુખ અને શરીરાદિ સાધન પર્યાપ્ત યા યોગ્ય હોતાં નથી. એના માટે 'સ્વર્ગલોક' જેવા સ્થાનનું અસ્તિત્વ સ્વીકાર્યા વિના ચાલી શકતું નથી : કે જ્યાં સદા શાન્તિમય પરિસ્થિતિઓ રહેલી હોય છે અને જ્યાં શરીર પણ એવું દીવ્ય મળે છે કે–જે રોગરહિત અને જરારહિત હોય છે, જેમાં કોઈ આઘાતાદિજન્ય પીડા થઈ શકતી નથી, જેથી ભૂખ–તૃષાની વેદના પણ લાંબા કાળે તથા અત્યલ્પ જ થાય છે અને જેના બળે દીવ્ય ભોગો અને અતીન્દ્રિય જ્ઞાન અતિ દીર્ઘકાળ સુધી ભોગવી શકાય છે.

## પાપ–પુણ્યનાં ફળો ઉપર વિચાર:

આત્માની જે શક્તિનો વિશેષ ઉપયોગ થાય છે તે શક્તિ વિશેષ વ્યક્ત થતી જાય છે અને જે શક્તિનો કમ ઉપયોગ થાય છે એ શક્તિ કમ વ્યક્ત થાય છે. એ નિયમથી પણ પાપ–પુણ્યનાં ફળો પર વિચાર કરી શકાય છે. જે આત્માઓ ઈન્દ્રિયોના ભોગોમાં અધિક આસક્ત છે, તે આત્માઓ પોતાની વિવેકશક્તિનો કમ ઉપયોગ કરે છે. એના ફલસ્વરૂપ એ આત્માઓ એવી અવસ્થા પ્રાપ્ત કરે છે, કે જેમાં વિવેકશક્તિની અભિવ્યક્તિ અત્યલ્પ યા બીલ્કુલ થતી નથી. ઈન્દ્રિયભોગ–પરાયણોમાં પણ જે આત્મા કોઈ એક ઈન્દ્રિયના વિષયભોગમાં જ વિશેષ આસક્ત રહે છે, તે એવી અવસ્થાને પ્રાપ્ત કરે છે, કે જેમાં એ એક ઈન્દ્રિયનું જ્ઞાન અત્યલ્પ યા બીલ્કુલ થતું નથી.

આત્માના જ્ઞાનાદિ ગુણોમાં અલ્પાધિક રૂચિ રાખવાવાળાઓમાં, તે તે પ્રમાણમાં આત્માની જ્ઞાનાદિ શક્તિઓની

અલ્પાધિક અભિવ્યક્તિ થાય છે: એટલું જ નહિ પણ એને માટેનાં યોગ્ય ઇન્દ્રિયાદિ બાહ્ય સાધનોની પ્રાપ્તિ પણ થઈ જાય છે.

કોઈ પદાર્થના ગુણથી મોહિત થનાર આત્માને તે પદાર્થ ઉપર અત્યધિક આસક્તિ થઈ જવાથી, તે પદાર્થ જેવો જ દેહ મળે છે. એ રીતે પ્રત્યેક ક્ષણનાં કર્મો પોતાનાં ફલો આપવાની તરફ સદા પ્રવૃત્ત રહે છે. વાસનાની મંદતા થવાથી આસક્તિ કમ થાય છે અને પર પદાર્થોની આસક્તિ કમ થવાથી આત્માની વિવેકાદિ શક્તિઓનો અધિક ઉપયોગ થાય છે. એથી કાલાન્તરે અધિકાધિક શક્તિઓની અભિવ્યક્તિ થતી રહે છે.

<u>આત્મિક વિકાસનો ક્રમ:</u>

સ્થાવર જીવોને ઈન્દ્રિયોમાં માત્ર એક સ્પર્શન-ઇન્દ્રિય અને સ્પર્શજ્ઞાન હોય છે. જેમ જેમ આસક્તિ કમ થતી જાય છે, તેમ તેમ રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રવણ અને બુદ્ધિ,-એ ઈન્દ્રિયો તથા એની શક્તિઓની અભિવ્યક્તિ થતી જાય છે. એ શક્તિઓમાં આત્મા જો ફરીથી અનુચિત રૂપથી આસક્ત થઈ જાય, તો તે શક્તિઓ પુનઃ અવ્યક્ત થઈ જાય છે. કમથી કમ સ્પર્શશક્તિ તો કાયમ રહે છે. એ પણ જો અવ્યક્ત થઈ શકતી હોત, તો આત્મા સંપૂર્ણતયા જડ રૂપ બની જાય, કે જે સ્વભાવવિરૂદ્ધ છે. આ જ વિકાસનો ક્રમ છે. ચોરાસી લાખ યોનિઓમાં આવાગમનનું પણ આ જ રહસ્ય છે. અપૂર્ણ મટી પૂર્ણ બની જવા પછી, આત્માને આ ચક્રભ્રમણથી છૂટી મળી જાય છે: કેમકે-પછી તેની ન તો અવનતિ થઈ શકે છે કે ન ઉન્નતિને માટે તેને પ્રયાસ કરવાનું બાકી રહે છે: અર્થાત્-કૃતકૃત્યતા થઈ જાય છે.

## પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત થાય?

'પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત થાય?' અર્થાત્–'પાપથી આત્માની મુક્તિ કેમ થાય?'–એનો ઉત્તર એ છે કે–પૂર્ણતા તો ખૂદ આત્મામાં સદાય રહેલી છે. માત્ર આત્માની મિથ્યા શ્રદ્ધા તથા અશુદ્ધ તન્મયતા (ચારિત્ર) એ પૂર્ણતાની અભિવ્યક્તિ થવામાં–એનો અનુભવ થવામાં વિઘ્ન કરે છે: એટલા જ માટે મિથ્યા શ્રદ્ધા તથા વિપરીત ચારિત્ર્ય એ જ પાપ છે અને બીજાં સર્વ પાપોનું મૂલ છે. એનાથી મુક્ત થવા માટે પ્રારબ્ધ અને પુરૂષાર્થ બંનેની આવશ્યકતા છે. પ્રારબ્ધ અને પુરૂષાર્થ ઉપરાન્ત બીજાં પણ સહકારી કારણો છે, પણ આ બે મૂખ્ય છે. પ્રારબ્ધ કહેવાય છે પૂર્વસંસ્કારોને, જે આત્માનાં પોતાનાં જ કર્મોથી ઉત્પન્ન થાય છે. પરન્તુ એક વાર ઉત્પન્ન થયા પછી એ આત્મા માટે નિયન્તા જેવું બની જાય છે. નીચી કોટિના જીવો તો સર્વ પ્રકારે પ્રારબ્ધના જ વશમાં રહે છે. પ્રારબ્ધની અનુકૂલતા થવાથી મનુષ્યાદિને ઉચ્ચ યોનિઓમાં જન્મ, વિવેકશક્તિ, સત્સંગતિ, વાસનાઓથી થોડી–ઘણી સ્વાધીનતા વિગેરે સારાં સાધનો મળે છે અને એથી સ્વાધીન સુખના તરફ થોડી રૂચિ પણ થાય છે. આત્મા આ સાધનોનો અને તેમાં પણ ખાસ કરીને વિવેકનો, કે જે પુરૂષાર્થનું મૂખ્ય સાધન છે તેનો, સદુપયોગ કરી શકે છે. આનું જ નામ પુરૂષાર્થ છે. ત્યાર બાદ પુરૂષાર્થથી આત્મા પોતાની શક્તિઓને વધારતો જતો, વિશેષ ને વિશેષ અનુકૂલ સાધનોને બનાવતો રહે છે. અન્તમાં પ્રારબ્ધથી સંપૂર્ણ સ્વાધીન બની, પોતાની પૂર્ણ ઉન્નતિ કરી લે છે. અર્થાત્–પછી તેને માટે પ્રારબ્ધ જેવું કાંઈ રહેતું જ નથી.

**આત્મજ્ઞાનનો અર્થ :**

બુદ્ધિ દ્વારા આત્માને પોતાનું તથા પરનું જ્ઞાન થાય છે અને એજ જ્ઞાન શ્રદ્ધા થવા બાદ સમ્યગ્જ્ઞાન બની જાય છે. સમ્યગ્જ્ઞાનના યોગે તદનુસાર ચારિત્ર્ય ઘડવાની પ્રવૃત્તિ થાય છે. સાચા આત્મજ્ઞાનનો અર્થ કોરૂં શાસ્ત્રીય જ્ઞાન કે કેવળ બૌદ્ધિક વિજ્ઞાન જ નથી : પરંતુ આત્માનું એક પ્રકારનું પ્રત્યક્ષ દર્શન છે : કે જે થવાથી આત્માને આત્મામાં ગાઢ શ્રદ્ધા અને ગાઢ રૂચિ ઉત્પન્ન થઈ જાય છે. ગાઢ રૂચિ થઈ જવા બાદ, આત્માના સ્વરૂપથી તન્મય થવાને માટે, આત્મા પોતાના વર્તનને એના અનુસાર બનાવવાના પ્રયત્નો કરે છે. એવા જ્ઞાનિમાં કપટાચરણનો સંભવ નથી. એવો જ્ઞાની પરમાર્થને જાણવા છતાં, પોતાની સ્થિતિને ઉચિત વ્યવહારને છોડતો નથી. અર્થાત્-આત્માની શુદ્ધ સ્થિતિને જાણવા છતાં પણ, જ્યાં સુધી એ શુદ્ધ સ્થિતિનો પોતાને અનુભવ નથી થયો, ત્યાં સુધી પોતાની વર્તમાન સ્થિતિને ઉચિત કર્ત્તવ્યોનો અહંકારથી ત્યાગ કરતો નથી.

નીમકથી મળેલું જળ તત્ત્વદષ્ટિએ ખારૂં નહિ હોવા છતાં પણ, જ્યાં સુધી એનાથી નીમક ભિન્ન ન થાય, ત્યાં સુધી વ્યવહારમાં તો તેનો ઉપયોગ ખારા જળ જેવો જ થાય છે : તથા નીમકને એનાથી પૃથક્ કરવા માટે જેમ એ જાણવું જરૂરી છે કે-એનો અસલી સ્વભાવ ખારો નથી અને એ નીમકથી પૃથક્ થઈ શકે છે, તેમ એ પણ જાણવું ખાસ જરૂરી છે કે-વર્તમાનમાં તો તે નીમકથી મળેલું છે. અન્યથા, વ્યવહારમાં પણ સત્યતા નહિ થાય તથા નીમકને જલથી અલગ કરી દેવાની તરફ પ્રવૃત્તિ પણ નહિ થાય.

એજ રીતે પોતે તો સોયના સ્પર્શથી પણ આકૂળ થઈ જવું અને બીજા પર તલવાર ચલાવતી વખત આત્માની અમરતા તથા સુખદુ:ખરાહિત્યની વાતો કરવી, પોતે ઇન્દ્રિયાસક્તિને તો છોડવી નહિ અને આત્માને શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર કહીને સત્કર્મની ફરજથી મુક્ત થવું, પારકાનું ધન હરણ કરતી વખતે ' **सर्वं खल्विदं ब्रह्म** 'નો પોકાર મચાવવો અને પોતે ક્રોધ કે લોભના અંશને પણ ન છોડવો, એ કપટાચરણનાં ઉદાહરણો છે. સાચા જ્ઞાનિમાં એવું કપટાચરણ હોતું નથી, પણ સદાચરણ જ હોય છે.

આત્મજ્ઞાનનું ફળ :

સાચા આત્મજ્ઞાનથી નવીન કર્મ તો બંધાતાં નથી, પરંતુ પૂર્વનાં કર્મ પણ નષ્ટ થાય છે યા નિર્બલ બને છે. આત્મજ્ઞાન આત્માની દશા તથા ભાવનાને સુધારી દે છે અને એથી પૂર્વકર્મવશ ક્રોધાદિને ઉત્તેજિત કરનાર પરિસ્થિતિઓના થએલા સંયોગ વખતે પણ એ આત્મા ક્રોધાદિ નથી કરતો, પરન્તુ સમતાને ધારણ કરે છે. એથી ક્રોધાદિ પૂર્વસંસ્કારો નાશ પામે છે. એ સંભવિત છે કે–કેટલાક પૂર્વસંસ્કાર એટલા પ્રબળ હોય કે–એના કારણે આત્માના ચારિત્ર્યની પૂર્ણતા કેટલાક કાળ સુધી ન પણ થાય, તો પણ સાચું આત્મજ્ઞાન થવાથી એ સંસ્કારો કાંઈક મન્દ તો જરૂર બને છે અને ધીરે ધીરે મન્દતર બની અન્તે સર્વથા નષ્ટ થઈ જાય છે. નિર્મળ શ્રદ્ધા અને નિર્મળ આત્મબોધ પ્રાપ્ત કરી લેવા બાદ, આત્મા જો પ્રબળ સંકલ્પ કરે તો, એક જ ક્ષણમાં અનાદિકાળની સમસ્ત બન્ધસન્તતિનો વિનાશ કરી શકે છે : પરન્તુ સાધારણતયા પૂર્વસંસ્કારોને વશ પડેલો આત્મા મોહની વાસનાઓનો એકદમ સર્વથા ત્યાગ

નથી કરી શકતો અને સંકલ્પની એવી અસાધારણ પ્રબલતા પ્રાયઃ મોટા ભાગના જીવોને સુલભ નથી. થોડાં વર્ષોની આદતોને છોડવી એ પણ કેટલી મુશ્કેલ છે, તો પછી સંસ્કાર તો સન્તતિ દર સન્તતિ ચાલ્યા આવે છે, તેથી એ અનાદિ-કાળની બૂરી આદતો છે : તેનો એકદમ ત્યાગ સર્વ આત્માઓ માટે કેવી રીતે શકય છે ? ક્રમથી ક્રમ જે કામનાઓ જીવનમાં અનાવશ્યક છે, એનો ત્યાગ તો કલ્યાણનો કામી પ્રત્યેક આત્મા અવશ્ય કરી શકે છે. એથી બુદ્ધિ એકાગ્ર અને નિર્મલ બને છે અને આત્મજ્ઞાનની સાધના સુલભ બને છે. આનું જ નામ વેદાન્ત યા વેદનો અન્ત છે અને આ જ જ્ઞાનનું અન્તિમ લક્ષ્ય છે. શાસ્ત્રજ્ઞાન આપણને અહીં સુધી લઈ જાય છે. ત્યાર બાદ આત્મા પોતે જ પોતાનો ગુરૂ બની જાય છે અને સમસ્ત સદાચરણ ધીમે ધીમે અથવા એકીસાથે સ્વતઃ આત્મામાં પ્રગટ થઈ જાય છે. સમસ્ત સદાચરણ આત્મામાં પ્રગટ થવાની સાથે જ આત્મા, કે જેનો પોતાનો સ્વભાવ સંપૂર્ણ જ્ઞાનમય, અનન્ત સુખમય અને અનન્ત સામર્થ્યમય છે, તેને પ્રાપ્ત કરી લે છે. આ જ આત્માની શુદ્ધાવસ્થા યા મુક્તાવસ્થા છે. એ અવસ્થાની પ્રાપ્તિ માટે પાપને હેય અને ધર્મને ઉપાદેય માન્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. એટલા જ માટે પાપ એ હેય અને ધર્મ એ ઉપાદેય છે, એ સિદ્ધાંત ત્રિકાલાબાધ્ય છે.

# શ્રી જિનપ્રતિમા
## શ્રી જિન સમાન શાથી ?

: યાને :

### શ્રી જિનપ્રતિમાના પૂજનની
### પ્રમાણપુરસ્સર સિદ્ધિ

**પંડિત પુરૂષોએ નિશ્ચિત કરેલી વાત :**

'**જિનપ્રતિમા જિનસારિખી.**'–એ વાક્યની પાછળ અદ્ભુત તત્ત્વજ્ઞાન રહેલું છે. 'શ્રી જિનપ્રતિમાના પૂજન પ્રત્યે ઉદ્ભવેલી અરૂચિ એ અજ્ઞાનમૂલક છે, એમ દર્શાવવું.'–એ આ લેખનો વિષય છે. શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાનું વિધાન દર્શાવનાર વ્યક્તિઓ કોઈ સામાન્ય કોટિની નથી. સર્વતન્ત્રવિશારદ, પ્રખર પંડિત, ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજા ફરમાવે છે કે–

" सिद्धान्तोपनिषद्विचारचतुरैः, प्रीत्या प्रमाणीकृता । "

"શ્રી જિનપ્રતિમા, એ સિદ્ધાન્તનાં રહસ્યો સમજવામાં નિપુણ પુરૂષોએ પ્રમાણભૂત કરેલી છે."

શ્રી જિનપ્રતિમાની પૂજા અને ભક્તિ એ મુક્તિની દૂતી છે. શ્રી જિનમૂર્તિ, એ દુર્જનોના હૃદયમાં દાહ પેદા કરનારી હોવા છતાં, સજ્જનોનાં નેત્રોને અને મનને આનંદ આપનારી છે. આગમથી, યુક્તિથી અને અનુભવથી પણ શ્રી જિનમૂર્તિ શ્રી જિન સમાન ફળને દેનારી છે, એ વાત પંડિત પુરૂષોએ વારંવાર નિશ્ચિત કરેલી છે. એની સામે પ્રલાપ કરનાર આત્માઓનું હૃદય અજ્ઞાન અંધકારથી છવાઈ ગયેલું છે, મન કુબુદ્ધિથી ગ્રસ્ત થઈ ગયેલું છે અને નયનો તથા મુખ શ્રી જિનમૂર્તિની નિન્દા કરવા રૂપ વિષથી વ્યાપ્ત બની ગયેલાં છે. ટૂંકમાં આગમ, અનુમાન અને અનુભવ પ્રમાણથી સિદ્ધ એવી પણ શ્રી જિનમૂર્તિનો અપલાપ કરનાર આત્માઓ ન્યાય અને પ્રમાણ માર્ગથી સર્વથા ખસી ગયેલા છે, મોહમદિરાના કેફમાં ઉન્મત્ત બનેલા છે તથા ઘોર અજ્ઞાનની ગાઢ નિદ્રામાં સુતેલા છે.

<u>પ્રમાણો :</u>

'શ્રી જિનપ્રતિમા પ્રમાણસિદ્ધ છે.'–એ વસ્તુ સમજવા માટે, પહેલાં 'પ્રમાણ' એ શું ચીજ છે, એ સમજવું પડશે. કોઈ પણ વસ્તુનું જ્ઞાન મેળવવાનું સાધન, એ પ્રમાણ છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો આમ તો પુસ્તકાદિ અનેક છે, પરન્તુ તેવાં જડ સાધનોને અહીં પ્રમાણ રૂપ કહેવાં નથી, કિન્તુ જ્ઞાન મેળવવાનાં જ્ઞાન રૂપ સાધનોને જ પ્રમાણશાસ્ત્રોમાં 'પ્રમાણ' તરીકે સ્વીકારેલાં છે. એવાં જ્ઞાન રૂપ સાધનો મૂખ્ય પ્રમાણો છે અને જ્ઞાનનાં સાધનોના સાધન રૂપ પદાર્થો, એ ઉપચરિત પ્રમાણો છે : જેમકે–આગમશ્રવણથી થનારો આત્મામાં જ્ઞાન રૂપ ક્ષયોપશમ, એ મૂખ્ય આગમ-પ્રમાણ છે : અને એ ક્ષયોપશમ થવામાં કારણભૂત આગમ-

શાસ્ત્ર યા તેને કથન કરનાર સદ્‌ગુરૂનું વચન, એ ઉપચરિત પ્રમાણ છે. એ રીતે ચક્ષુથી થનારો બોધ, એ મૂખ્ય પ્રત્યક્ષ પ્રમાણ છે: અને એ બોધના સાધન રૂપ ચક્ષુ, એ ઉપચરિત પ્રત્યક્ષ પ્રમાણ છે. હેતુ અને દૃષ્ટાંત આદિના પ્રયોગથી થનારો બોધ, એ અનુમાન પ્રમાણ છે: અને એ બોધ કરાવનાર હેતુ અને દૃષ્ટાંતનો શબ્દપ્રયોગ, એ ઉપચરિત અનુમાન પ્રમાણ છે. આ રીતે જ્ઞાનનું સાધન જ્ઞાન, એ મૂખ્ય પ્રમાણ છે અને એ સાધનનું સાધન, જ્ઞાન સિવાયનું અન્ય, એ પ્રમાણ તરીકે ઓળખાતું હોય તો પણ ઉપચરિત પ્રમાણ છે. કોઈ ને રૂપિઆ ધીર્યા હોય અગર વિસ્મૃત થયેલ વાત યાદ કરાવવી હોય, તો કહેવાય છે કે–' એ વાતમાં અમૂક માણસ કે અમૂક લખત એ પ્રમાણ છે.' અહીં પ્રમાણનો અર્થ જ્ઞાન થતો નથી, તો પણ અમૂક માણસ કે અમૂક લખત એ વિસ્મૃત થયેલ વાતને યાદ કરાવવા માટે સાધન રૂપ બને છે, માટે તેને પણ ઉપ-ચારથી પ્રમાણ માનવામાં આવે છે: કિન્તુ મૂખ્ય પ્રમાણ તો જ્ઞાન જ સિદ્ધ થાય છે.

**પ્રમાણ અને પ્રમાણાભાસ:**

એ જ્ઞાન બે પ્રકારનું હોય છે: એક મિથ્યા અને બીજું સમ્યગ્! સમ્યગ્જ્ઞાનને 'પ્રમાણ' કહેવામાં આવે છે અને મિથ્યા જ્ઞાનને 'પ્રમાણાભાસ' કહેવામાં આવે છે. વિપરીત, સંશયિત કે અસ્પષ્ટ જ્ઞાન, એ મિથ્યા જ્ઞાન છે અને એ કારણે તે પ્રમાણ રૂપ બની શકતું નથી. પ્રમાણજ્ઞાનમાં સંશય, વિપર્યાસ કે અસ્પષ્ટતાનો લેશ પણ અવકાશ હોતો નથી.

**પ્રમાણજ્ઞાનની અનિવાર્યતા:**

એ જાતિનું સમ્યગ્જ્ઞાન, એ સર્વ પુરૂષાર્થોનું મૂળ છે.

કોઈ પણ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ સમ્યગ્જ્ઞાન વિના શક્ય નથી. સમ્યગ્જ્ઞાન, એ વસ્તુનો વિવેક કરાવનાર છે : અને વિવેક, એ દીપકની જેમ હેય, જ્ઞેય અને ઉપાદેય પદાર્થોને તેના હેય, જ્ઞેય અને ઉપાદેય સ્વરૂપે પ્રકાશિત કરે છે. વિવેક રૂપી દીપક જેઓના હૈયામાં પ્રકાશિત નથી, તેવા આત્માઓ ત્યાજ્યને ઉપાદેય માને છે અને ઉપાદેયને ત્યાજ્ય માને છે : એજ રીતે જ્ઞેયને હેય યા ઉપાદેય માનીને તથા હેય યા ઉપાદેયને જ્ઞેય માનીને પ્રવૃત્તિ કરે છે : પરિણામે તેઓ ઉન્મત્ત યા બાલકની જેમ એક પણ પુરૂષાર્થની સિદ્ધિ કરી શકતા નથી, જીવનને નિષ્ફળ પ્રવૃત્તિઓમાં વીતાવી નાંખે છે અને આ લોક તથા પરલોકમાં હાંસિપાત્ર તથા દુઃખનું જ એક ભાજન બની જાય છે. એ કારણે સમ્યગ્જ્ઞાન યા પ્રમાણજ્ઞાનની પ્રાપ્તિ, પુરૂષાર્થની સિદ્ધિ અને સુખની પ્રાપ્તિ માટે અનિવાર્ય બને છે.

**પ્રમાણજ્ઞાન વિના જિનજ્ઞાન નહિ :**

શ્રી જિન અને તેની આરાધનાની સાચી ઓળખાણ કરવા માટે પણ, પ્રમાણજ્ઞાનની પરમ આવશ્યકતા છે. શ્રી જિનની સાચી ઓળખાણ પ્રમાણવેત્તાઓ જ કરી શકે છે. પ્રમાણજ્ઞાનશૂન્ય આત્મા-'શ્રી જિન કોને કહેવાય ?'-તેનો સાચો નિર્ણય કદી જ કરી શકતો નથી.

**વસ્તુને ઓળખાવનાર ચાર મૂખ્ય ધર્મો :**

આધુનિક કે પ્રાચીન સઘળા પ્રમાણવેત્તાઓએ શ્રી જિનની મૂર્તિનો, શ્રી જિનની સમાન આદર કરેલો છે. ભાવ-જિનને માનનાર દ્રવ્ય-જિનને ન માને કે દ્રવ્ય-જિનને માનનાર સ્થાપના-જિનને અને નામ-જિનને ન માને, એ ચાલી શકે એવું નથી. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ,-એ ચારે એક જ

પદાર્થના ભિન્ન ભિન્ન ધર્મો છે. તેમાંના એક પણ ધર્મને નહિ માનનાર વસ્તુને માને છે, એમ કહેવું સદંતર ખોટું છે. પ્રત્યેક પદાર્થના અનન્ત ધર્મો છે : તે અનન્ત ધર્મોમાં પણ પ્રત્યેક વસ્તુને ઓળખાવનાર મૂખ્ય ધર્મો ચાર છે, એમ સર્વ વિજ્ઞાનવેત્તાઓએ એકી અવાજે સ્વીકારેલું છે.

**આકારથી થતું જ્ઞાન :**

લોકવ્યવહાર પણ વસ્તુને ઓળખાવનાર એ ચાર મૂખ્ય ધર્મોના અવલંબનથી જ ચાલે છે. એ ચારમાંથી એક પણ ધર્મનો તિરસ્કાર કરી દેવામાં આવે, તો સઘળા પ્રકારનો લોકવ્યવહાર પણ અટકી પડે તેમ છે. નામ કે આકાર વિનાનો કોઈ પણ પદાર્થ જગતમાં મળવો નથી. અરૂપી જ્ઞાનનો કે અમૂર્ત આકાશનો પણ આકાર છે. તે પણ ઘટજ્ઞાન, પટજ્ઞાન તથા ઘટાકાશ, પટાકાશ આદિ આકારોને ધારણ કરે છે : અને એ આકારોને ધારણ કરે છે તો જ બોધનું કારણ બને છે.

**ઘોર અજ્ઞાન :**

વસ્તુને ઓળખાવવા માટે નામ અને આકારની આટલી બધી પ્રસિદ્ધિ જોવા અને જાણવા છતાં, જેઓ–'શ્રી જિનમૂર્તિ એ શ્રી જિનનો બોધ કરાવનારી નથી.'–કે–'એની પૂજા દ્વારાએ શ્રી જિનની પૂજા થતી નથી.'–એમ કહેવા તૈયાર થાય છે, તેઓ ઘોર અજ્ઞાનમાં અટવાયેલા છે, એમ કહ્યા સિવાય છૂટકો જ નથી.

**હાસ્ય ને દયા ઉપજાવનાર વસ્તુ :**

પોતાના નામની થતી પ્રશંસા અને પોતાના આકારની થતી પૂજા જોઈને રાજી થનારા આત્માઓ પણ જ્યારે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના નામની પ્રશંસા કે તેઓના આકારની

પૂજાને નથી સહી શકતા, ત્યારે માનવું જ રહ્યું કે-તેઓ શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે ભારોભાર દ્વેષ અને અરૂચિથી ભરેલા છે. શ્રી જિનનાં નામ કે આકાર પ્રત્યે અરૂચિ દાખવનારા પણ જ્યારે-'અમે પણ શ્રી જિનના ભક્ત છીએ.'-એવો દાવો કરે છે, ત્યારે તો સજ્જન પુરૂષોને ખરેખરો હાસ્ય અને કરૂણારસ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી.

## ભાવભક્તિ એ સાધ્ય છે:

શ્રી જિનના જ એક નામ અને આકારનો ત્યાગ કરી દીધા પછી, કેવળ અન્યોના નામ અને આકારમાં જ રાચેલા-માચેલા આત્માઓને શ્રી જિનના ધ્યાન, સ્મરણ કે પૂજન માટે આધાર જ શું રહે છે? ભાવભક્તિ એ તો સાધ્ય છે. 'એ સાધ્યની સિદ્ધિ માટે જરૂરી સાધનોનો ત્યાગ કરી દેવાનું અઘટિત પગલું ભરનાર આત્માઓ સાધ્ય અને સાધન ઉભયથી ભ્રષ્ટ થાય છે.'-એમ કહેવું, એ લેશ પણ ખોટું નથી. 'જેઓને શ્રી જિનનાં નામ અને રૂપ ન ગમ્યાં, તેઓને શ્રી જિનનો ભાવ ગમશે.'-અગર-'જેઓને શ્રી જિનનો ભાવ ગમ્યો છે, તેઓને શ્રી જિનનાં નામ અને રૂપ નહિ ગમે.' -એ ઉભય વાત કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થઈ શકે એમ નથી.

## અંધા બની દર્પણમાં જોનારા:

સર્વતંત્રસ્વતંત્ર પૂ. પરમોપકારી ઉપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજા, શ્રી જિનની ભાવભક્તિનું રહસ્ય સમજાવતાં, એક સ્થળે ફરમાવે છે કે-

"नामादित्रयमेव भावभगव,-त्ताद्रूप्यधीकारणं,
शास्त्रात्स्वानुभवाच्च शुद्धहृदयै,-रिष्टं च दृष्टं मुहुः ।

तेनाऽर्हत्प्रतिमामनादृतवतां, भावं पुरस्कुर्वतां,
अन्धानामिव दर्पणे निजमुखा,—लोकार्थिनां का मतिः ?॥१॥"

"ભાવ ભગવંતની તદ્રુપ બુદ્ધિનું કારણ નામાદિ ત્રણ (શ્રી અરિહંતનાં નામ, સ્થાપના અને દ્રવ્ય) સિવાય બીજું એક પણ નથી : શુદ્ધ અંતઃકરણવાળા મહાપુરૂષોએ એ વસ્તુનો શાસ્ત્રોથી અને સ્વાનુભવથી વારંવાર નિશ્ચય કરેલો છે : તે છતાં શ્રી અરિહંતપરમાત્માઓની પ્રતિમાઓનો અનાદર કરીને, જેઓ શ્રી અરિહંતદેવના એક માત્ર ભાવને જ આગળ કરનારા છે, તેઓ અંધા બનીને પોતાનું મુખ દર્પણમાં જોવાનો પ્રયાસ કરનારા છે : એ જાતિની તેઓની વિપરીત બુદ્ધિ અતિશય ક્ષુદ્ર અને કુત્સિત છે."

**સોનામહોરનું ઉદાહરણ :**

શ્રી અરિહંતનું નામ, શ્રી અરિહંતની સ્થાપના અને શ્રી અરિહંતની પૂર્વોત્તર અવસ્થાઓ, એ શ્રી અરિહંતોથી જૂદી નથી. જેમ સોનામહોરનું નામ, સોનામહોરનો આકાર (છાપ) અને સોનામહોરનું સુવર્ણ એ જ સોનામહોર છે : અર્થાત્—એ ત્રણેનો પિંડ—એકત્ર અવસ્થાન, એ જ સોનામહોરનું સ્વરૂપ છે. એ ત્રણમાંથી એકને પણ છોડીને સોનામહોરનો વ્યવહાર થવો શકય નથી. સોનામહોરનો ભાવ (મૂલ્ય) એ ત્રણેનો સમુદાય છે. સોનામહોરના આકાર કે તેની છાપ સિવાયની વસ્તુને સોનામહોરનું નામ આપીને કોઈ સોનામહોર તરીકે ખપાવવા માગે, તો ચાલી શકે એમ નથી. એ જ રીતે સોનામહોરની છાપવાળા સુવર્ણ સિવાય અન્ય ધાતુના સીક્કાને પણ કોઈ સોનામહોર તરીકે ખપાવી શકે તેમ નથી. સુવર્ણ અને આકાર બંને હોય, પણ તેનું 'સોના-મહોર' એવું નામ કોઈ જાણતો

ન હોય, તો પણ તેનો વ્યવહાર ચાલી શકતો નથી. નામ અને આકાર (છાપ) બંને સોનામહોરનાં હોય, પણ તેનું દ્રવ્ય સુવર્ણનું ન હોય, અર્થાત્-તે સુવર્ણ સિવાયની ધાતુથી બનેલ હોય, તો પણ તેનું મૂલ્ય ઉપજી શકે તેમ નથી. સંપૂર્ણ સોનામહોર તરીકેનું મૂલ્ય તેનું જ ઉપજી શકે એમ છે, કે જેનું દ્રવ્ય સુવર્ણ છે, જેની છાપ સોનામહોર તરીકેની છે અને એ બે જ્યાં હોય ત્યાં એનું નામ પણ સોનામહોર તરીકેનું હોય જ છે. છતાં કોઈ આત્મા તેને સોનામહોર તરીકેના નામથી ન જાણતો હોય, તો પણ તેટલા પૂરતો તે તેનું સોનામહોર તરીકેનું મૂલ્ય ઉપજાવવા સમર્થ થઈ શકતો નથી. આથી એ સિદ્ધ થાય છે કે-સોનામહોર, એ એના નામાદિ ત્રણથી ભિન્ન નથી, કિન્તુ અભિન્ન છે.

રૂપભિન્નતા :

નામ-આકારાદિ, એ તેનાં અનેક સ્વરૂપોમાંનાં જ કેટલાંક સ્વરૂપ છે: જેમ કે-એક જ વ્યક્તિ જૂદી જૂદી અપેક્ષાએ પિતા, પુત્ર, પિતૃવ્ય, પતિ આદિ બની શકે છે. પોતાના પુત્રની અપેક્ષાએ પિતા અને પોતાના પિતાની અપેક્ષાએ એનો એ માણસ પુત્ર તરીકે ઓળખાય છે. એ જ રીતે પત્નીની અપેક્ષાએ પતિ અને ભાઈના પુત્રની અપેક્ષાએ પિતૃવ્ય પણ બની શકે છે. એથી પિતા, પુત્ર આદિ ભિન્ન વ્યક્તિઓ થઈ જતી નથી. એકની એક જ વ્યક્તિને સંબંધકૃત અનેક ધર્મો વડે ઓળખી શકાય છે. એ જ રીતે પ્રત્યેક પદાર્થો કાળકૃત, દેશકૃત, સ્થાનકૃત, અપેક્ષાકૃત, સંખ્યાકૃત, શબ્દકૃત, અર્થકૃત આદિ અનેક ધર્મો વડે ભિન્ન ભિન્ન રૂપે ઓળખી શકાય છે, તેથી તે પદાર્થો કાંઈ ભિન્ન બની જતા નથી. માત્ર તેના ધર્મો જ જૂદા જૂદા શબ્દો વડે વ્યક્ત કરાય છે.

સર્વ પદાર્થો ચાર નિક્ષેપાથી યુક્ત છે:

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ,—એ ચારે એક જ પદાર્થની અપેક્ષાકૃત ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે. કોઈ પણ વસ્તુ એ ચાર ધર્મોને છોડીને રહી શકતી નથી. દ્રવ્યનો અર્થ ઉપાદાન કારણ કરીએ, તો પુદ્ગલ દ્રવ્ય સિવાય જીવાદિ અન્ય દ્રવ્યોમાં એ નિક્ષેપ ઘટી શકતો નથી : તો પણ તે દ્રવ્યોની પૂર્વોત્તર અવસ્થાઓને ઉપચારથી ઉપાદાન કારણો તરીકે સ્વીકારીએ તો પ્રત્યેક પદાર્થોની ઓછામાં ઓછી ચાર અવસ્થાઓ માનવામાં કોઈ પણ જાતિની હરકત નથી. અને એ કારણે-'સર્વ પદાર્થો નામાદિ ચારે નિક્ષેપાઓથી યુક્ત છે.'—એ કથન બાધિત થતું નથી.

આધાર-આધેય ભાવ સંબંધ:

'શ્રી અરિહંત પરમાત્મા, એ પણ એક આત્મ દ્રવ્ય છે, તો તે દ્રવ્ય પણ અનેક ધર્મોથી યુક્ત છે.'—એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. દ્રવ્યને અનેક ધર્મોથી યુક્ત કહો કે અનેક ધર્મોના સમૂહને દ્રવ્ય કહો, એ બે વાતો એક જ છે. ધર્મોને છોડી ધર્મી કે ધર્મિને છોડી ધર્મો રહી શકતા નથી. બન્નેનો આધાર-આધેય ભાવ સંબંધ છે. તે સંબંધ દંડ-દંડીની જેમ કે ધન-ધનીની જેમ સંયોગ-સંબંધવાળો આધાર-આધેય ભાવ સંબંધ નથી, કિન્તુ વૃક્ષ અને શાખા અથવા સ્તંભ અને ઘરની જેમ તાદાત્મ્ય-સંબંધવાળો આધાર-આધેય ભાવનો સંબંધ છે. શાખાનો આધાર વૃક્ષ અને ઘરનો આધાર સ્તંભ છે. પરસ્પર આધાર-આધેય ભાવ સંબંધ હોવા છતાં, વૃક્ષ અને શાખા કે ઘર અને સ્થંભ, એ સર્વથા સ્વતંત્ર ભિન્ન પદાર્થો નથી, કિન્તુ એક જ પદાર્થનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. ધન અને

ધની કે દંડ અને દંડીને આશ્રય-આશ્રયી ભાવ સંબંધ હોવા છતાં, દંડીથી દંડ અને ધનીથી ધન સર્વથા ભિન્ન છે, તેથી તે તાદાત્મ્ય-સંબંધ નથી : અને જેટલા તાદાત્મ્ય-સંબંધ નથી કિન્તુ સંયોગ-સંબંધ છે, તેટલા અવશ્ય વિયોગ પામવાવાળા છે. તાદાત્મ્ય-સંબંધ તેનું નામ છે, કે જેનો ત્રિકાળમાં પણ વિયોગ નથી ધર્મ ધર્મિનો તાદાત્મ્ય-સંબંધ પણ તેવા જ પ્રકારનો છે.

**યાવદ્દ્રવ્યભાવી અને અયાવદ્દ્રવ્યભાવી સંબંધ :**

સંયોગ-સંબંધ અને તાદાત્મ્ય-સંબંધ ઉપરાન્ત, બીજા પણ અનેક સંબંધો છે : પરન્તુ તે બધા એક યા બીજી રીતે ઉપર્યુકત બે સંબંધોમાં અંતર્ગત થઈ જાય છે. વસ્તુના નામનો વસ્તુની સાથે વાચ્ય-વાચક ભાવનો સંબંધ છે અને વસ્તુની સ્થાપનાનો વસ્તુની સાથે સ્થાપ્ય-સ્થાપક ભાવનો સંબંધ છે. એ બન્ને યાવદ્દ્રવ્ય-ભાવી પણ હોય છે અને અયાવદ્દ્રવ્ય-ભાવી પણ હોય છે. અલ્પકાલીન સંબંધને અયાવદ્દ્રવ્યભાવી કહેવાય છે અને દ્રવ્યની હયાતિ સુધી રહેનાર સંબંધને યાવદ્-દ્રવ્યભાવી કહેવાય છે, કે જે સંબંધનો, દ્રવ્યના નાશ વખતે જ નાશ થાય છે. દ્રવ્યનો સર્વથા વિનાશ જૈન મતમાં સ્વીકાર્ય નથી, કિન્તુ દ્રવ્યના પર્યાયોનો જ માત્ર નાશ અને ઉત્પાદ થયા કરે છે : તેથી પર્યાયોના નામ અને આકાર અયાવદ્દ્રવ્યભાવી છે અને દ્રવ્યના નામ અને આકાર યાવદ્દ્રવ્યભાવી છે : તો પણ પર્યાય અને દ્રવ્યની સાથે તેના તેના નામ અને આકારનો સંબંધ એ સંયોગ-સંબંધ નથી, કિન્તુ તાદાત્મ્ય-સંબંધ છે, એટલો અહીં વિશેષ છે.

**જેની હયાતિ નહિ તેનાં નામાદિ નહિ :**

નામ અને સ્થાપના વસ્તુની સાથે વાચ્ય-વાચક ભાવ

અને સ્થાપ્ય–સ્થાપક ભાવ વડે સદાય તાદાત્મ્ય–સંબંધથી જોડાયેલ જ હોય છે, તેથી તે બેને વસ્તુથી છૂટા પાડી વસ્તુની ઓળખાણ કરવી, કોઈ પણ રીતે શકય નથી. વસ્તુની ઓળખાણ તેના ધર્મોથી થાય છે અને એ ધર્મોમાં નામ અને આકાર, એ બે પણ વસ્તુના મૂખ્ય ધર્મો છે. દુનિયાનો સઘળો વ્યવહાર નામ અને આકારથી જ ચાલે છે. બાળક જન્મ્યા પછી મોડામાં મોડું અમૂક દિવસે તો તેનું નામ પાડી દેવું જ પડે છે અને તે પહેલાં પણ તેને બચુ યા બેબીના નામથી જ આળખાવી શકાય છે. જેનું નામ છે તેનો આકાર હોય જ છે. નિરાકાર વસ્તુને પણ 'નિરાકાર' એવા શબ્દથી સંબોધવી જ પડે છે અને એ સંબોધન પણ એક પ્રકારનું નામ જ છે. નામ અને આકાર દ્રવ્યનાં જ હોય છે. ખપુષ્પાદિ અસત્ દ્રવ્યોનાં નામ પણ ખ ( આકાશ ) અને પુષ્પ આદિ સત્ દ્રવ્યોના અસત્ સંયોગથી જ ઉત્પન્ન થયેલાં છે. તાત્પર્ય એ છે કે–જેની હયાતિ હોતી નથી એવા ષષ્ઠ ભૂતાદિ પદાર્થોનાં નામ કે રૂપ પણ જગત્માં હયાતિ ધરાવતાં નથી. એવાં અસત્ નામોની કલ્પના સત્ દ્રવ્યોના સંયોગ, સમવાય કે આપેક્ષિક સંબંધોથી કલ્પવામાં આવે છે. સંબંધ હંમેશાં બે અગર તેથી અધિક દ્રવ્યો વચ્ચે જ રહેલો હોય છે, તેથી જેટલા એક પદવાચી વ્યુત્પત્તિસિદ્ધ પદાર્થો છે, તેટલાનાં નામ અને રૂપ પણ અવશ્ય હસ્તી ધરાવે છે : અને જ્યાં નામ, સ્થાપના અને દ્રવ્ય ત્રણે હોય છે, ત્યાં જ ભાવ રહેલો હોય છે.

<u>દ્રવ્ય આધાર અને ભાવ આધેય :</u>

ભાવ, એ દ્રવ્યની જ વાર્તમાનિક અથવા વર્તમાનકાલીન અવસ્થા છે, તેથી તે બેની વચ્ચે તાદાત્મ્ય–સંબંધવાળો આધાર-

આધેય ભાવ રહેલો છે. દ્રવ્ય એ આધાર છે અને ભાવ એ તેનું આધેય છે. આથી નામાદિ ત્રણને ભાવથી કદી પણ અલગ પાડી શકાય એમ નથી. જ્યાં ભાવ છે, ત્યાં નામાદિ ત્રણ પણ છે અને જ્યાં નામાદિ ત્રણ છે, ત્યાં ભાવ પણ રહેલો છે. છતાં જેઓ ભાવને માનવાનો દાવો ધરાવીને, નામાદિ ત્રણને અગર એ ત્રણમાંથી એકને પણ તિરસ્કારવા માંગે છે, તેઓએ ભાવને ઓળખ્યો છે એમ કહેવું એ સર્વથા ખોટું છે.

## ભિન્નાભિન્ન :

ભાવને ઓળખવાનું સાધન દ્રવ્ય છે અને દ્રવ્યને ઓળખવાનું સાધન તેનું નામ અને આકાર છે. આ રીતે એ ચારે વસ્તુ એક-બીજાથી કોઇ પણ રીતે જૂદી પડી શકે તેમ નથી : કથંચિત્ અભિન્ન છે, તો પણ એ ચારેનાં નામ, એ ચારેનાં લક્ષણ, એ ચારેનું પ્રયોજન, એ ચારેની સંખ્યા, એ ચારેનો સંબંધ, એ ચારેને ઓળખાવનારૂં વિજ્ઞાન, એ વિગેરે ભિન્ન ભિન્ન હોવાથી, એ ચારેનો પરસ્પર ભેદ પણ છે એમ માનવામાં પણ કોઈ જાતિની હરકત નથી. આ રીતે દ્રવ્ય અને પર્યાય વચ્ચે પરસ્પર રહેલ ભિન્નાભિન્ન સંબંધને જેઓ ઓળખી શકતા નથી, તેઓ જ ભ્રમમાં પડે છે અને એ ભ્રમ એ જ મિથ્યા જ્ઞાન છે. એવા મિથ્યાજ્ઞાની આત્માઓ જ્યારે પોતાના મિથ્યા જ્ઞાનના આગ્રહ ઉપર ચઢે છે, ત્યારે અનેક પ્રકારના કુમતોનો જગત્‌માં પ્રચાર કરીને, તેઓ પોતાને તેમજ અન્યોને પણ ડૂબાવે છે.

## ધર્માને ધર્મિથી સર્વથા ભિન્ન ન મનાય :

સંજ્ઞા, સંખ્યા, સંબંધ, લક્ષણ, પ્રયોજન, વિજ્ઞાન આદિના ભેદે વસ્તુના મૂખ્ય ધર્મો-નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં

જેમ ભેદ પડે છે, તેમ એ ચારેનું અધિકરણ એક જ હોવાથી, અર્થાત્–એ ચારે એક જ પદાર્થમાં રહેલા હોવાથી, એ ચારેનો અભેદ પણ છે. પુદ્ગલના રૂપ, રસ, ગંધ આદિ ધર્મો ભિન્ન ભિન્ન હોવા છતાં, એ ધર્મોનું અધિકરણ એક જ હોવાથી અભિન્ન પણ છે. એક અધિકરણ હોવા છતાં પણ, રૂપ–રસાદિનો પરસ્પર કે વસ્તુની સાથે સર્વથા ભેદ સ્વીકારવામાં આવે, તો એક જ વસ્તુ અનેક વસ્તુ રૂપ બની જાય અને તે પ્રત્યક્ષ વિરૂદ્ધ છે. કેરીનો વર્ણ પીળો છે, રસ ગળ્યો છે, ગંધ સુગંધી છે અને સ્પર્શ કોમળ છે : એટલા માત્રથી એ ચાર કેરી છે એમ કહેવાતું નથી, કિન્તુ એક જ કેરી કહેવાય છે. એજ રીતે એ ચારનો સમુદાય કેરીથી ભિન્ન નથી : અન્યથા, એક જ કેરી તરીકે તેને ઓળખી શકાય નહિ. રૂપ–રસાદિથી કેરીને ભિન્ન કે રૂપ–રસાદિને પરસ્પર ભિન્ન માનવાથી, જગત્માં જે દ્રવ્યોનો નિયત વ્યવહાર ચાલે છે, તે સર્વથા અશક્ય બની જાય. ઘટ દ્રવ્ય પટ દ્રવ્યથી ભિન્ન તરીકે ઓળખાય છે, તેનું કારણ બંનેના પરસ્પર પૃથક્ ધર્મો સિવાય બીજું એક પણ નથી. ઘટના જલાહરણાદિક ક્રિયા કરવા રૂપ ધર્મો જો ઘટમાં રહેતા ન હોય અને પટના શીતત્રાણાદિ ધર્મો પટમાં રહેતા ન હોય, તો તે બેને પૃથક્ રૂપે ઓળખવાનું કાર્ય જ અશક્ય બની જાય : પરંતુ ઘટ અને પટનો નિયત વ્યવહાર જગત્માં ચાલી રહ્યો છે, તેથી તેના ધર્મો તેનાથી અભિન્ન છે, એ વાત આપોઆપ સમજાય તેવી છે. ધર્મોને ધર્મિથી સર્વથા ભિન્ન માનવાથી જેમ ગુણ–ગુણી ભાવનો ઉચ્છેદ થાય છે, તેમ સમવાય-સંબંધ માનવાથી અનવસ્થા, નિયત કાર્યકારણ–ભાવોચ્છેદ આદિ અનેક દોષો આવીને ઉભા રહે છે.

**નૈયાયિક માન્યતાનું નિરસન :**

ગુણી ગુણથી જ ઓળખાય છે, એનું કારણ-ગુણનો ગુણિની સાથે અભેદ સંબંધ છે, તેજ છે. કેટલાક દર્શનકારોએ ગુણ અને ગુણિને સર્વથા ભિન્ન માનીને, સમવાય-સંબંધથી તે બેને જોડવા પ્રયાસ કર્યો છે, પણ તેમનો તે પ્રયાસ અનવસ્થા નામના મહા દોષથી ગ્રસ્ત થઈ જાય છે. ગુણ અને ગુણિને જોડનાર જો સમવાય-સંબંધ છે, તો સમવાય-સંબંધને ગુણ અને ગુણિની સાથે જોડનાર કયો સંબંધ છે ? સમવાયને ગુણ અને ગુણિની સાથે જોડનાર જો બીજો સંબંધ કલ્પવામાં આવે, તો તે સંબંધને જોડવા માટે બીજાની અને તેને જોડવા માટે ત્રીજાની, એમ યાવત્ અનન્ત નવા નવા સંબંધોની અપ્રમાણિક કલ્પના કરવી પડે છે અને એ જ અનવસ્થા નામનો મહા દોષ છે. એ દોષથી બચવા માટે-'ગુણ-ગુણિને જોડનાર સમવાય-સંબંધ છે, પરન્તુ સમવાયને જોડવા બીજા સંબંધની આવશ્યક્તા નથી.' -એમ કહેવા જતાં, પોતાની પ્રતિજ્ઞા તૂટી જાય છે.

નૈયાયિકોની એ પ્રતિજ્ઞા છે કે-

"अयुतसिद्धानामाधार्याधारभूतानामिह प्रत्ययहेतुः संबन्धः समवायः ।"

"આપસમાં જૂદા નહિ થવાવાળા ગુણ-ગુણી આદિ અયુત-સિદ્ધ પદાર્થોમાં 'આત્મામાં જ્ઞાન' એ જાતિનો આધાર-આધેય ભાવ પ્રગટ થાય છે તેને જોડનાર સંબંધ, એ સમવાય છે. "

સમવાય જેમાં રહે છે, તે આત્મા અને જ્ઞાનમાં કે ગુણ અને ગુણિમાં પણ આધાર-આધેય ભાવ અવશ્ય પ્રગટ થાય છે : જેમકે-આ 'સમવાયિમાં સમવાય.' કિન્તુ 'સમવાયિમાં સમવાય '-એ જાતિના આધાર-આધેય ભાવને જોડનાર અન્ય સંબંધ નૈયાયિકો માનતા નથી, તેથી તેઓની 'આધાર

આધેયભૂત અયુતસિદ્ધ પદાર્થોમાં ઈહપ્રત્યયહેતુ સમવાય સંબંધ માનવો જોઇએ.'–એ જાતિની પ્રતિજ્ઞા તૂટી જાય છે, તેથી ગુણ–ગુણિને જોડનાર બીજા સંબંધની કલ્પના કરવા કરતાં, અભેદ સંબંધ માનવો એજ ઘટિત છે.

ધર્મ–ધર્મિનો અભેદ સંબંધ નહિ માનવાથી, નિયત કાર્ય–કારણ વ્યવહાર પણ ટકી શકતો નથી. કારણ અને કાર્યનો દેશ–કાળભેદે ભેદ હોવા છતાં, કારણશક્તિ જ કાર્ય રૂપે પરિણમે છે, તેથી તે બેનો સર્વથા ભેદ કદી પણ ઘટી શકે તેમ નથી. કારણશક્તિ જો કાર્યમાં ન આવતી હોય, તો તંતુથી ઘટ અને મૃત્પિંડ ( માટીના પીંડા )થી પટ બની જવો જોઇએ, પરન્તુ તે વાત સર્વથા અસંભવિત છે. પટનાં કારણ તંતુઓ સ્વયં પટ રૂપે પરિણમે છે અને ઘટનું કારણ મૃત્પીંડ સ્વયં ઘટ રૂપે પરિણમે છે.

નૈયાયિકોનું કહેવું છે કે–' ભેદ એ વ્યાપ્યવૃત્તિ ધર્મ છે, માટે ધર્મના ભેદે ધર્મિનો ભેદ માનવો જ જોઇએ : ધર્મના ભેદે પણ ધર્મિનો ભેદ માનવામાં ન આવે, તો જડત્વ અને ચેતનત્વ ધર્મ પણ એક જ ધર્મિના બની જશે અને તે પ્રત્યક્ષ બાધિત છે. ' તેનું સમાધાન એ છે કે–ભેદ એ સર્વદા વ્યાપ્ય-વૃત્તિવાળો હોય છે, એમ કહેવું સાચું નથી. ઘટથી પટનો ભેદ ઘટત્વ અને પટત્વથી વ્યાપ્યવૃત્તિવાળો હોવા છતાં, પૃથ્વીત્વ અને જડત્વ આદિ ધર્મોથી અવ્યાપ્યવૃત્તિવાળો પણ છે. એ જ રીતે જડત્વ અને ચેતનત્વ ધર્મથી જડ અને ચેતનનો ભેદ હોવા છતાં, દ્રવ્યત્વ અને પદાર્થત્વ આદિ ધર્મોથી તે બે વચ્ચે અભેદ પણ છે : તેથી ભેદ એ એકાન્ત વ્યાપ્યવૃત્તિવાળો છે, એ સિદ્ધાન્ત ટકી શકતો નથી.

જેઓ ગુણ–ગુણી આદિ અયુતસિદ્ધ પદાર્થોમાં પણ

સર્વથા ભેદ માનવા તૈયાર છે, તેઓ ભિન્ન પદાર્થોમાં પણ અભેદનો અનાદિસિદ્ધ લોકવ્યવહાર છે, તે સમજવાને પણ નિષ્ફળ નિવડ્યા છે. સેના અને વન આદિ તેનાં પ્રસિદ્ધ દૃષ્ટાંતો છે. હાથી, ઘોડા, રથ, પદાતી અને શસ્ત્રાદિ અનેક ભિન્ન વસ્તુઓના સમુદાયને પણ એક જ 'સેના' શબ્દથી સંબોધવામાં આવે છે તથા આમ્ર, આમલી, વટ, પીંપળ, વૃક્ષ, વેલ આદિ સર્વથા જૂદાં જૂદાં વૃક્ષોની જાતિઓના સમુદાયને 'વન' શબ્દથી સંબોધવામાં આવે છે. એ રીતે ભિન્નમાં પણ અભેદનો વ્યવહાર પ્રસિદ્ધ છે, તો અભિન્નમાં ભેદ મનાવવા પ્રયાસ કરવો, એ તદ્દન બાલિશ અને લોકવ્યવહારથી પણ અસિદ્ધ ચેષ્ટા છે.

'નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ સંજ્ઞા આદિ ભેદથી, ભેદ ધરાવનારા હોવા છતાં અયુતસિદ્ધ હોવાથી અભિન્ન છે.' -એ વાત હવે સમજાવવી પડે એમ નથી. અયુતસિદ્ધ એક પદાર્થમાં ભેદ અને અભેદની વિવક્ષા ભિન્ન ભિન્ન અપેક્ષાઓએ છે, એટલી વાત સમજાઈ જાય તો એ અપેક્ષાકૃત ભેદોને વસ્તુકૃત ભેદો તરીકે માનવાની બુદ્ધિ કદી પણ થશે નહિ.

આટલો વિચાર કર્યા પછી, હવે આપણે નામ, સ્થાપનાદિમાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજનાદિથી કેવી જાતિનો ભેદ પડે છે, તેનો વિચાર કરીએ. સંજ્ઞા એ નામનું ઉપલક્ષણ છે, તેથી નામાદિ ચારેનાં નામ જૂદાં છે, એમાં વિશેષ કહેવાની જરૂર નથી. જેમ એ ચારેનાં નામ જૂદાં છે, તેમ એ ચારેનાં લક્ષણો પણ જૂદાં છે.

**નામ-નિક્ષેપનું લક્ષણ :**

'લોકવ્યવહાર ચલાવવા માટે ગુણાદિ નિમિત્તોની અપેક્ષા

રાખ્યા સિવાય જ કોઇ પદાર્થની કોઈ સંજ્ઞા રાખવી'–તે–**'નામ-નિક્ષેપ'** છે: જેમકે–કાયર માણસનું નામ પણ 'વીરજીભાઇ' રાખવું અથવા બુદ્ધિમાન માણસનું નામ પણ 'ગાંડાલાલ' રાખવું. નામ–નિક્ષેપમાં નામ પાડનાર અગર બોલનારના અભિપ્રાય સિવાય ગુણ, જાતિ, રૂપ આદિ બીજી કોઇ વસ્તુની અપેક્ષા નથી. શ્રી **અનુયોગદ્વાર** સૂત્રમાં બે પ્રકારનાં નામ બતાવ્યાં છે: એક યાદચ્છિક અને બીજાં તેથી વિપરીત. ડિત્થ, ડવિત્થાદિ યાદચ્છિક નામો છે, જેનો કોઈ અર્થ નથી. તેથી વિપરીત નામો અર્થવાળાં છે, તો પણ તેના અનેક પ્રકારો છે. કેટલાંક નામો અન્વર્થસ્થિત છે: જેમ ઈન્દ્ર, પુરન્દરાદિ. અને બીજાં કેટલાંક નામો અન્યાર્થસ્થિત છે: જેમકે–ગોપાલ દારકાદિનું ઈન્દ્ર આદિ નામ. પરન્તુ પ્રત્યેક નામ તેના પર્યાય શબ્દથી અનભિધેય હોય છે: જેમકે–કોઈનું નામ 'વિનોદચંદ્ર' હોય, તેને 'આનન્દચન્દ્ર' નામથી કોઈ બોલાવે, તો 'વિનોદચંદ્ર'નો બોધ થઈ શકશે નહિ: જો કે 'આનન્દ' એ 'વિનોદ'નો જ પર્યાય શબ્દ છે. એ રીતે સર્વત્ર સમજી લેવું. પ્રત્યેક નામ પ્રાયઃ યાવદ્દ્રવ્યભાવિ હોય છે: અર્થાત્–એક-વાર પડેલું નામ જીંદગીના અંત સુધી કામ આવે છે. અહીં પ્રાયઃ શબ્દ કહેવાની મતલબ એ છે કે–કેટલાકનાં નામ એક જ જીંદગીમાં બે, ત્રણ યા તેથી અધિક પણ બદલાય છે: જેમકે–બચપણમાં માતાપિતાએ પાડેલ 'મોતીચંદ' નામની વ્યક્તિ, જુવાનીમાં 'બાબુલાલ' તરીકે પણ ઓળખાય છે. કોઈ પણ વ્યક્તિ દીક્ષા લે ત્યારે તો તેનું નામ અવશ્ય બદલવું પડે છે, તેથી દીક્ષિત થનારને ઓછામાં ઓછાં પૂર્વોત્તર અવસ્થાનાં બે નામો તો હોય જ છે.

અહીં એક શંકા ઉપસ્થિત થવી શક્ય છે, અને તે એ કે– “ગુણાદિનિરપેક્ષ પાડેલાં નામો તો ‘તદર્થનિરપેક્ષ’ હોવાથી, ‘નામ–નિક્ષેપ’ છે: પરન્તુ ગુણસંપન્ન નામોને ‘નામ–નિક્ષેપ’ કેવી રીતે માની શકાય?”

એનું સમાધાન સરળ છે. વસ્તુમાં નામ પ્રમાણે ગુણ ભલે હોય, તો પણ એ ગુણની અપેક્ષાએ જ્યાં સુધી શબ્દ–વ્યવહાર ન થાય, ત્યાં સુધી તેને ‘નામ–નિક્ષેપ’ માનવો, તેજ વ્યાજબી છે: જેમકે–કોઇ સારા માણસનું નામ ‘સારાભાઈ’ હોય, તો પણ તેનો ‘સારાપણુ’ ગુણ મૂખ્ય કરીને સંબોધન કરવામાં ન આવે, ત્યાં સુધી તે ‘નામ–નિક્ષેપ’ છે. તેનામાં રહેલ ‘સારાપણુ’ ગુણને મૂખ્ય કરીને, પછી તેને ‘સારાભાઈ’ નામથી સંબોધવામાં આવે, તો તે સંબોધન ‘ભાવ–નિક્ષેપ’ની અપેક્ષાએ છે, એમ કહી શકાય: જેમકે–સારાભાઈ ખરેખર ‘સારા ભાઈ’ છે: તેમાં પ્રથમ ‘સારાભાઈ’ એ નામ–નિક્ષેપની અપેક્ષાએ છે અને દ્વિતીય ‘સારા ભાઈ’ એ ભાવ–નિક્ષેપની અપેક્ષાએ છે. નામ–નિક્ષેપની અપેક્ષાએ કોઈ પણ નામ (પછી તે ગુણસંપન્ન પણ ભલે હો) તદર્થ નિરપેક્ષ જ પાડવામાં આવે છે. જો એમ ન હોય, તો પ્રત્યેક ડાહ્યા માણસોનાં નામ ‘ડાહ્યાલાલ’ હોવાં જોઈએ અને સારા માણસોનાં નામ ‘સારાલાલ’ હોવાં જોઈએ.

<u>સ્થાપના–નિક્ષેપનું લક્ષણ:</u>

હવે સ્થાપના–નિક્ષેપાનું લક્ષણ તપાસીએ. ‘કોઈ વસ્તુમાં કોઈ અન્ય વસ્તુની સ્થાપના કરીને, પછી તેને તે નામથી બોલાવવી.’–તે–‘ **સ્થાપના નિક્ષેપ** ’ છે. જેમકે–પાષાણમાં શ્રી વીતરાગદેવની સ્થાપના કરીને, પછી તેને શ્રી વીતરાગદેવ

તરીકે ઓળખવા અને કહેવા : અથવા રમવાનાં પાનાંમાં રાજા, રાણી, ગુલામ આદિની સ્થાપના કરીને તેને તે શબ્દોથી બોલાવવા : અથવા અક્ષાદિમાં આચાર્યની સ્થાપના કરીને તેને આચાર્ય તરીકે માનવા અને કહેવા !

**સ્થાપનાના મૂખ્ય બે ભેદ :**

સ્થાપનાના મૂખ્ય બે ભેદ છે : એક તદાકાર સ્થાપના અને બીજી અતદાકાર સ્થાપના. મૂર્તિ, ચિત્ર આદિમાં તદાકાર સ્થાપના થાય છે અને અક્ષાદિમાં અતદાકાર સ્થાપના થાય છે

**તદાકાર સ્થાપના :**

સ્થાપ્યના મૂખ્ય આકારની સમાનતાવાળી વસ્તુમાં સ્થાપ્યની સ્થાપના કરવી, તે તદાકાર સ્થાપના છે. જો કે-સ્થાપ્યના આકારની પરિપૂર્ણ સદૃશતા મૂર્તિ આદિમાં નથી આવી શકતી, તો પણ થોડી પણ સદૃશતાથી તેને તદાકાર સ્થાપના કહેવામાં કોઈ જાતિની હરકત નથી. એ થોડી પણ સદૃશતાથી ' સાદૃશ્ય પ્રત્યભિજ્ઞાન ' દ્વારા-' આ તે ભગવાન મહાવીર આદિ છે '-એવો બોધ થઈ શકે છે.

**અતદાકાર સ્થાપના :**

સ્થાપ્યના મૂખ્યાકારની અસમાનતાવાળી વસ્તુમાં સ્થાપના કરવી, તે અતદાકાર સ્થાપના છે. અતદાકાર સ્થાપનામાં આકારની કિંચિત્ પણ સદૃશતા હોતી નથી, તો પણ-' આ આચાર્ય છે. '-એવું ' એકત્વ પ્રત્યભિજ્ઞાન ' સ્થાપનાની બુદ્ધિથી થઈ શકે છે : જેમકે-ગવર્ન્મેન્ટના સીક્કાવાળા એક કાગળથી 'આ હજાર રૂપીઆ છે.'-એવો બોધ થઈ શકે છે. કાગળના ટુકડામાં-' હજાર રૂપિઆ 'નો બોધ થવામાં નિમિત્ત રૂપિઆ અને કાગળની સદૃશતા નથી, કિન્તુ ગવર્ન્મેન્ટના સિક્કામાં

કરેલ 'હજાર રૂપિઆ'ની એકત્વ બુદ્ધિ છે. હજાર રૂપિઆ કે હજારનો ગવર્ન્મેન્ટ પેપર બન્ને એક જ છે, એવી બુદ્ધિ તમામ આત્માઓએ કરેલી છે, તેથી હજારની નોટનો કાગળ જોતાં જ-'આ હજાર રૂપિઆ છે.'-એવું જ્ઞાન થાય છે અને તે વાતને સર્વ લોક મંજુર રાખે છે. પરન્તુ કોઈ અજ્ઞાન બાળકને તેવી (એકત્વ પ્રત્યભિજ્ઞાનવાળી) બુદ્ધિ ન થઈ હોય, તો તે તેને હજાર રૂપિઆ નહિ માનતાં, એક કાગળનો કટકો પણ માનીને વ્યવહાર કરે છે. તેટલા માત્રથી ગવર્ન્મેન્ટના સીક્કાવાળી 'હજારની નોટ' એ હજાર રૂપિઆ નથી કિન્તુ કાગળનો કટકો છે, એમ સિદ્ધ થઈ શકતું નથી.

**અજ્ઞાનથી બુદ્ધિભેદ થવો શક્ય છે:**

એ જ વાત શ્રી જિનેશ્વરદેવની યા કોઈ પણ દેવની મૂર્તિને લાગુ પડે છે. જે આત્માઓએ મૂર્તિમાં દેવ તરીકેની એકતા પોતાની બુદ્ધિથી સ્થાપન કરેલી નથી, તે આત્માઓને તેજ મૂર્તિ પાષાણનો કટકો યા માટીનો પિંડો લાગવાનો પણ સંભવ છે: પણ તેનું કારણ તેની તેવા પ્રકારની બુદ્ધિ છે. ગવર્ન્મેન્ટની છાપવાળા કાગળના કટકામાં પણ-'હજાર રૂપિઆ'ની બુદ્ધિ નહિ ધારણ કરનાર આત્માને કોઈ પરાણે તેવી બુદ્ધિ ઉત્પન્ન કરાવી શકતું નથી: પરન્તુ તેજ કાગળના કટકાના 'હજાર કલદાર' મળ્યા પછી, તેને તે બુદ્ધિ આપોઆપ થઈ જ જાય છે કે-'આ દેખાવમાં ભલે કાગળનો કટકો હોય, કિન્તુ આનું મૂલ્ય કાગળના ટુકડા જેટલું નથી પણ હજાર રૂપિઆ જેટલું છે.' તેમ જે આત્માને, મૂર્તિમાં દેવની એકત્વતાની બુદ્ધિ જ થઈ નથી, તે આત્મા દેવાધિદેવની મૂર્તિને પણ પથ્થરના રમકડા રૂપ માને, તેથી તે પથ્થરના રમકડા રૂપ બની જતી નથી.

દેવાધિદેવની મૂર્તિને દેવાધિદેવ નહિ માનવામાં, તેવા આત્માઓને તેવા પ્રકારની દેવપણાની બુદ્ધિ ઉત્પન્ન થયેલી નથી, એ જ એક મૂખ્ય કારણ છે. બાળક જેમ વયે મોટો થાય છે અને કાગળના કટકાના પણ હજારો રૂપિઆનાં મૂલ્ય હોય છે એમ જાતિ-અનુભવથી જૂએ છે, ત્યારે એક વખત ફેંકી દેનાર કે ફાડી નાંખનાર વસ્તુને પણ તે ત્રીજોરીમાં રાખતાં શીખે છે અને તેની પ્રાણથી પણ અધિક રક્ષા કરે છે. આટલો બધો તફાવત પડી જવાનું કારણ સિવાય તેની બુદ્ધિ, બીજું એક પણ નથી.

## શ્રી વીતરાગ અને શ્રી વીતરાગની મૂર્તિ–બન્નેની ભક્તિથી સમાન લાભ શી રીતિએ ?

અહીં એક શંકા જરૂર થશે કે–" કાગળની નોટ પણ સરકારની છાપવાળી હોય છે, તો તેના પૈસા ઉપજે છે : જ્યારે મૂર્તિ ગમે તેવા પ્રભાવક આચાર્ય દ્વારાએ પ્રતિષ્ઠિત થયેલી હોય, તો પણ તેની રક્ષા, પૂજા કે ભક્તિ, સાક્ષાત્ દેવની ભક્તિની જેમ ધર્મોપદેશ આદિ દેવા રૂપ ઉપકાર કરી શકતી નથી, તેથી ' નોટ 'નું દૃષ્ટાંત અહીં કેવી રીતે ઘટિત થાય ?"

શ્રી જિનેશ્વરદેવો તેમની ભક્તિ કરનાર આત્માઓ ઉપર કેવી રીતિએ ઉપકાર કરનારા છે, એ નહિ સમજી શકનાર આત્માઓને આ શંકા થવી સહજ છે : તો પણ તેઓએ ' નોટ 'ના દૃષ્ટાંત ઉપર જરા અધિક વિચાર કરવાની આવશ્યકતા છે. હજારની નોટ અને હજાર રૂપૈઆ, એ બેનું મૂલ્ય સમાન છે, તે પણ સર્વ અપેક્ષાએ નહિ કિન્તુ એક જ અપેક્ષાએ : જે અપેક્ષાએ એ બે ભિન્ન પદાર્થોનું મૂલ્ય સરખું છે, તે અપેક્ષાએ તો શ્રી વીતરાગની મૂર્તિ અને શ્રી વીતરાગનું મૂલ્ય પણ સરખું જ છે. સાક્ષાત્ શ્રી વીતરાગ કે તેની મૂર્તિ, તેના પૂજ-

કને એકસરખી પરિણામની વિશુદ્ધિ પેદા કરાવે છે. એક ઉપદેશશ્રવણને છોડીને વંદન, પૂજન, નમસ્કાર, ધ્યાન આદિ સઘળી ભક્તિ શ્રી વીતરાગ કે તેની મૂર્તિની એકસરખી રીતિએ થઇ શકે છે અને તે દ્વારા સ્વપરિણામવિશુદ્ધિ રૂપી મૂલ્ય એક સરખું પ્રાપ્ત કરી શકાય છે. નોટનું મૂલ્ય 'હજાર રૂપિઆ' છે, તેમ અહીં મૂર્તિની ભક્તિનું મૂલ્ય 'પરિણામની વિશુદ્ધિ' છે. નોટના જેમ હજાર રૂપિઆ ઉત્પન્ન થાય છે, તેમ શ્રી વીતરાગની મૂર્તિની ભક્તિના પણ શ્રી વીતરાગની ભક્તિ જેટલા જ પૈસા (ફળ) ઉત્પન્ન થાય છે. તેનું કારણ મૂર્તિમાં શ્રી વીતરાગની સ્થાપના સિવાય બીજું એક પણ નથી! જેમ કાગળના ટુકડામાં હજાર રૂપિઆ પેદા કરાવવાનું સામર્થ્ય, સિવાય ગવર્મેન્ટની છાપ, બીજું એક પણ નથી: એ છાપમાં કરેલી અતદાકાર સ્થાપના એજ એના મૂલ્યનું બીજ છે. તેમ શ્રી વીતરાગદેવની મૂર્તિમાં કરેલી શ્રી વીતરાગદેવની તદાકાર સ્થાપના, એ જ એની ભક્તિના ફળમાં નિમિત્ત છે.

બુદ્ધિ વિના ફળ નહિ:

જેઓ મૂર્તિમાં શ્રી વીતરાગની સ્થાપનાની બુદ્ધિ રાખે છે, તેઓ એની ભક્તિનું ફળ 'પરિણામવિશુદ્ધિ' પેદા કરી શકે છે. જેઓને એ જાતિની સ્થાપનાબુદ્ધિ નથી, તેઓને એ જ મૂર્તિ 'પરિણામવિશુદ્ધિ' સ્વરૂપ ફળને પેદા કરનારી થતી નથી: અને એ વાત સરકારી નોટ યા વ્યવહારની કોઈ પણ બાબતમાં લાગુ પડે છે. બુદ્ધિ, એ જ મનુષ્યોના સર્વે પ્રકારના વ્યવહારોનું મૂખ્ય કારણ છે. જે બાળકને માતા પ્રત્યે 'માતા' તરીકેની બુદ્ધિ નથી, તે બાળકને માતા ઉપર પણ ભક્તિ જાગવી અશક્ય છે. જે પતિને પત્ની ઉપર 'પત્ની'

તરીકેનો ભાવ નથી, તે પતિને પોતે પરણેલી સ્ત્રી ઉપર પણ 'પત્ની' તરીકેનો ભાવ પેદા થઈ શકતો નથી: અને જેના ઉપર તે પત્નીનો ભાવ ધારણ કરે છે, તે 'ગણિકા' હોય તો પણ તેના ઉપર પત્ની તરીકેનો સ્નેહ પેદા થતો નજરે અનુભવાય છે. શત્રુભાવથી બંધુ પણ શત્રુ લાગે છે અને બંધુભાવથી શત્રુ પણ બંધુ લાગે છે. તેમ સર્વત્ર ભાવ યા બુદ્ધિ એ તેવા પ્રકારના ભિન્ન ભિન્ન વ્યવહારોમાં મૂખ્ય કારણ છે, તો પછી જે આત્માઓએ શ્રી વીતરાગદેવની મૂર્તિમાં શ્રી વીતરાગ દેવની બુદ્ધિ ધારણ કરી જ નથી, તેવા આત્માઓને શ્રી વીતરાગદેવની મૂર્તિ પણ પરિણામવિશુદ્ધિ કેવી રીતે પેદા કરાવી શકે? પરન્તુ તેવા આત્માને 'પરિણામવિશુદ્ધિ' ન થાય, એટલા માત્રથી મૂર્તિમાં વીતરાગની 'સ્થાપનાબુદ્ધિ' ધારણ કરનારને પણ, 'પરિણામવિશુદ્ધિ' ન થાય, એમ માનવું સર્વથા અઘટિત છે.

## સ્થાપના–નિક્ષેપા સંબંધી કેટલીક શંકાઓ અને તેનાં સમાધાનો:

**શંકા૦** સર્વત્ર 'ભાવ' એજ મૂખ્ય કારણ છે, તો પછી વીતરાગની મૂર્તિમાં જ વીતરાગની સ્થાપના કરવાની શું આવશ્યકતા છે? સરાગીની મૂર્તિમાં પણ 'વીતરાગ'ની સ્થાપના કરનારને સરાગીની મૂર્તિથી પણ વીતરાગની મૂર્તિની ભક્તિ જેટલું ફળ મળવું જોઈએ!

**સમાધાન૦** નામ, સ્થાપના વિગેરે તેનાં જ ફળે છે, કે જેનો ભાવ સાચો છે, એ વાત ખૂબ યાદ રાખી લેવા જેવી છે. જે વીતરાગ નથી, તેનું નામ વીતરાગ પાડી દેવાથી, તેના નામનો જાપ પણ વીતરાગના નામના જાપ જેટલો જ ફળે એમ માનવું, એ મૂર્ખતા છે. એ જ રીતે જે સ્વયં સરાગી છે, તેની મૂર્તિ વીતરાગના જેવી બનાવીને બેસાડવામાં આવે અને

તેનામાં વીતરાગની બુદ્ધિ ધારણ કરીને તેને ભજવામાં આવે, તેથી તે વીતરાગની ભક્તિના સમાન ફળને આપનાર થાય એમ માનવું, એ પણ તેટલું જ અઘટિત છે. સ્થાપનાની બુદ્ધિની વાત જેટલી જરૂરી છે, તેટલી જ જરૂરી વાત સ્થાપ્યની શુદ્ધિની છે. સ્થાપ્ય અશુદ્ધ છે, તો તેમાં સ્થાપેલી બુદ્ધિ પણ અશુદ્ધ જ રહેવાની છે. જેમ જે ગવર્મેન્ટ જ સદ્ધર નથી, તેનો સીક્કો પણ અસદ્ધર જ રહેવાનો. જેટલી સદ્ધરતા ગવર્મેન્ટની, તેટલી જ સદ્ધરતા તેના સીક્કાની! સદ્ધર સરકાર પણ જે દિવસે અસદ્ધર બની જાય છે, તે દિવસે તેના સીક્કાનાં મૂલ્ય પણ ઘટી જાય છે યા સર્વથા ઉડી જાય છે, એ વાત વ્યવહારમાં કોઈને પણ સમજાવવી પડે તેમ નથી. એ જ રીતિએ સ્વયં વીતરાગ નથી તેની વીતરાગ તરીકે કરેલી સ્થાપના પણ કાંઈ કામ આવી શકતી નથી. જે વીતરાગ છે તેની જ સ્થાપના કે તેનું જ નામ, તેની ભક્તિ કરનારને વીતરાગ સમાન ફળ આપનાર થાય છે.

**શંકા૦** શ્રી વીતરાગનાં નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ–એ ચારેની ભક્તિનું ફળ શું એકસરખું છે?

**સમાધાન૦** ફળનો આધાર આત્માના પરિણામ (અધ્યવસાય) ઉપર છે. શ્રી વીતરાગનું નામ સ્મરીને પણ કેઈ આત્માઓ મુક્તિ પામ્યા છે. શ્રી વીતરાગની મૂર્તિની ભક્તિથી પણ અનેકાનેક આત્માઓએ કલ્યાણ સાધ્યું છે. શ્રી વીતરાગના દ્રવ્ય અને ભાવ, એ ઉભયની આરાધનાના ફળમાં તો શંકા જેવું રહેતું જ નથી. શ્રી વીતરાગનું દ્રવ્ય, એ, એ તારકની પૂર્વની આરાધક અવસ્થા અથવા ઉત્તરની આરાધ્ય અવસ્થા છે તથા શ્રી વીતરાગનો ભાવ એ તો વર્તમાન આરાધ્ય અવસ્થા છે જ: તેથી તે ભક્તિ ફળનારી ન હોય, એમ બને જ નહિ.

પ્રશ્ન માત્ર નામ અને સ્થાપનાનો રહે છે અને એ નામ અને સ્થાપનાની આરાધના કરીને પણ અનન્તા આત્માઓએ પોતાનું કલ્યાણ સાધ્યું છે, એમ આગમ (આપ્તવચન) સાક્ષી પૂરે છે.

તો પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં જે ફરક રહેલો છે, તેને પણ શ્રી જિનશાસને સ્પષ્ટ કરી આપ્યો જ છે. પરમોપકારી ભગવાન **શ્રી જિનભદ્ર** ગણિ ક્ષમાશ્રમણ, **શ્રી વિશેષાવશ્યક મહાભાષ્ય**માં તથા તેના ઉપર વિશાળ અને અતિ સ્ફુટ્ વૃત્તિને રચનારા મલ્લધારી આચાર્યભગવાન શ્રી **હેમચંદ્રસૂરિજી** મહારાજ એની વૃત્તિમાં ફરમાવે છે કે–

"નામ, સ્થાપના અને દ્રવ્યમાં અભિધાન, દ્રવ્યત્વ અને તદર્થશૂન્યત્વ, એ ત્રણે બાબતો સમાન હોવા છતાં, નીચેના ભિન્નભિન્ન વિષયોથી એ ત્રણેનો તફાવત પણ સ્પષ્ટ છેઃ–

**નામની વિશેષતા** : સ્થાપના અને દ્રવ્યથી નામનું કાર્ય થતું નહિ હોવાથી, તે બેથી તેનો ભેદ સ્પષ્ટ જ છે.

**સ્થાપનાની વિશેષતા** : આકાર, અભિપ્રાય, બુદ્ધિ, ક્રિયા અને ફલ, એ પાંચ વસ્તુ જે રીતે સ્થાપનામાં જોવામાં આવે છે, તે રીતે નામ અને દ્રવ્યમાં નથી.

**દ્રવ્યની વિશેષતા** : દ્રવ્ય (પોતે ભાવ રૂપ બનીને) જે રીતે ભાવનું કારણ બને છે, તે રીતે નામ–સ્થાપનામાં અસંભવ છે.

**ભાવની વિશેષતા** : ૧–નામાદિ ત્રણથી ભિન્ન અભિધેયત્વ, ૨–કાર્યત્વ અને ૩–તદર્થયુક્તત્વ, એ ભાવનું લક્ષણ છે.'

આથી એ સ્પષ્ટ થશે કે–નામાદિ ચાર એ એક જ વસ્તુના ધર્મો હોવા છતાં, એ ચારે પૃથક્ પૃથક્ સ્વતંત્ર ધર્મો છે. તેમાંથી કોઈ એકનો પણ બીજામાં સમાવેશ થઈ શકે તેમ

નથી. વસ્તુધર્મત્વ રૂપે એ ચારે સમાન હોવા છતાં, તદર્થ-શૂન્યત્વાદિ વિશેષો વડે તે ચારે અસમાન છે.

**શંકા૦** ભાવમાં 'તદર્થયુક્તત્વ' હોવાથી, ભાવ એ વસ્તુનો પર્યાય બની શકે છે: પરંતુ નામ, સ્થાપના અને દ્રવ્યમાં તો 'તદર્થ-શૂન્યત્વ' છે, તો તે વસ્તુનો ધર્મ કેવી રીતે બની શકે?

**સમાધાન૦** ભાવ એ જેમ વસ્તુને ઓળખાવનાર હોવાથી વસ્તુનો ધર્મ છે, તેમ નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ પણ વસ્તુને ઓળખાવનાર હોવાથી વસ્તુના જ ધર્મો છે. જે જેને ઓળખાવનાર હોય, તે તેનો ધર્મ છે. 'ઘટ' શબ્દ બોલવાથી નામાદિ (ઘટના) ચારે ભેદોની એક સાથે પ્રતીતિ થાય છે. એ રીતે 'ઈન્દ્ર' શબ્દ બોલવાથી નામ-ઈન્દ્ર, સ્થાપના-ઇન્દ્ર, દ્રવ્ય-ઈન્દ્ર તથા ભાવ-ઇન્દ્ર, એ ચારે પ્રકારથી ઈન્દ્રની પ્રતીતિ થાય છે: તેથી એ ચારે ભેદો નામાદિ ઉપાધિઓના ભેદથી ભિન્ન હોવા છતાં, વસ્તુથી અભિન્ન છે.

એ રીતે નામાદિ ચાર એ વસ્તુથી અભિન્ન, વસ્તુના જ ધર્મો હોવા છતાં, પ્રથમના ત્રણ ધર્મો 'તદર્થશૂન્યત્વ' ધરાવે છે, જ્યારે ચોથો ભાવધર્મ એ 'તદર્થયુક્તત્વ'થી યુક્ત છે: એટલા પૂરતુ અંતર તેઓ વચ્ચે રહેલું જ છે. અને એ અંતરના પ્રતાપે ભાવ એ ફલસાધક થવામાં અનન્તર કારણ છે, જ્યારે નામ, સ્થાપના અને દ્રવ્ય એ ફલસાધક થવામાં પરંપર કારણ છે; અર્થાત્-નામ, સ્થાપના અને દ્રવ્ય એ ભાવનાં કારણ બનીને કાર્યસિદ્ધિ કરી આપે છે. જે નામ, સ્થાપના અને દ્રવ્ય ભાવનાં કારણ નથી બનતાં, તે નામ, સ્થાપના અને દ્રવ્ય નથી પણ ફળતાં! જે નામ, સ્થાપના અને દ્રવ્ય ભાવનાં કારણ બને છે, તે નામ, સ્થાપના અને દ્રવ્ય,

ભાવની જેમ અવશ્ય ફળે છે. અર્થાત્-ભાવ એ ફળસિદ્ધિમાં એકાન્તિક અને આત્યન્તિક છે: જ્યારે નામ, સ્થાપના અને દ્રવ્ય એ ફળસિદ્ધિમાં અનેકાન્તિક અને અનાત્યન્તિક છે. કવચિત્, કુત્રચિત્ ફળે છે, કવચિત્ કુત્રચિત્ નથી પણ ફળતા અને કવચિત્ કુત્રચિત્ અધુરા ફળને પણ આપે છે.

**શંકા૦** નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ભાવની જેમ વસ્તુના જ પર્યાય છે, તો પછી ચારે દ્વારા સમાન ફળની પ્રાપ્તિ કેમ થતી નથી?

**સમાધાન૦** અનન્ત ધર્માત્મક વસ્તુના તમામ ધર્મો એક જ ફળને આપનારા થાય, એ બનવું શક્ય જ નથી. ચૂલામાં રહેલો અગ્નિનો તાપ રસોઇ પકાવી આપે છે અને એ જ અગ્નિનો ધૂમાડો રાંધનારની આંખોને બાળે છે. ભિન્ન ભિન્ન કાર્યોને કરવા છતાં, તાપ અને ધૂમાડો બંને ધર્મો અગ્નિના જ છે, એમાં કોઈથી પણ ના પાડી શકાય તેમ નથી. કસ્તુરી નાકને સુવાસ આપે છે, તો ચામડીને કાળી કરે છે. મરચાં જીભને સ્વાદ આપે છે, તો આંખમાં પાણી લાવે છે. શેરડી ચાવનારના દાંતને દુઃખ આપે છે, તો જીભને સુખ કરે છે. એમ એક જ વસ્તુના ભિન્ન ભિન્ન ધર્મો ભિન્ન ભિન્ન કાર્યોને કરતા પ્રત્યક્ષ અનુભવાય છે. એ જ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ પણ વસ્તુના ભિન્ન ભિન્ન ધર્મો હોવાથી, ભિન્ન ભિન્ન કાર્યોને કરનારા હોય, એ સમજાઈ શકે તેમ છે.

પ્રસ્તુતમાં પ્રયોજન 'પરિણામશુદ્ધિ' રૂપી કાર્યનું છે. એ કાર્ય પ્રત્યે 'ભાવ' એ સાક્ષાત્ કારણ છે અને નામ, સ્થાપના અને દ્રવ્ય એ કારણનાં કારણ છે: અર્થાત્-ભાવ પ્રત્યે કારણ છે. ભાવ વિના જેમ ફળની સિદ્ધિ નથી, તેમ નામ, સ્થાપના અને દ્રવ્ય વિના ભાવની પણ સિદ્ધિ નથી:

તેથી પરિણામશુદ્ધિ રૂપી કાર્યમાં એ ચારે એકસરખા ઉપકારક છે, એમ કહેવામાં કોઈ પણ જાતિની હરકત નથી.

## નામાદિ ચારને નહિ માનવાથી કે એકને પણ નહિ માનવાથી ઉત્પન્ન થતી આપત્તિઓ :

શ્રી અરિહંતનું નામ, શ્રી અરિહન્તની પ્રતિમા અને શ્રી અરિહંતનો સિદ્ધશિલાગત દેહ યા આત્મા, એ ભાવ અરિહંતનાં જ અંગ, કારણ કે ભેદ છે : તેથી ભાવ અરિહંત જેટલા જ ફળદાયી છે તથા સમાન પરિણામવિશુદ્ધિને પેદા કરનારા છે, એમાં કોઈ પણ જાતિનો સંદેહ નથી. જેઓ એ ત્રણને છોડીને શ્રી અરિહંતના ભાવને ભજવાની ઇચ્છા રાખે છે, તેઓ હાથમાં રહેલા આરીસાનો ત્યાગ કરી આકાશમાં પોતાનું મુખ નિરખવાનો પ્રયાસ કરે છે. ભાવને ઓળખવાનું સાધન, સિવાય નામ, સ્થાપના કે દ્રવ્ય, બીજું એક પણ નથી.

નામ એ વસ્તુનું અભિધાન છે : સ્થાપના, એ વસ્તુનો આકાર છે : દ્રવ્ય, એ વસ્તુની કારણતા છે : તથા ભાવ, એ વસ્તુનું કાર્યરૂપે પરિણમન છે. કાર્યરૂપે પરિણમેલી વસ્તુને ઓળખવાનાં સાધન તેનું નામ, તેનો આકાર અને તેનાં ઉપાદાન કારણો છે. એ ત્રણના અભાવમાં છદ્‌મસ્થોને વસ્તુનો બોધ થવો અશકય છે.

વસ્તુનાં ચાર રૂપ ન માનવાથી વસ્તુનો બોધ થઈ શકે નહિ, એ વાતને જરા વધારે સ્પષ્ટતાથી સમજવા માટે એ ચારમાંથી એકેકને પણ ન માનવામાં આવે તો કયા કયા પ્રકારના દોષો ઉભા થાય છે, એને પણ સંક્ષેપમાં જોઈ જવું અહીં આવશ્યક છે.

## નામને નહિ માનવામાં આપત્તિઓ.:—

૧. નામ એ વસ્તુનો પ્રત્યય કરાવનાર ન હોય, તો નામ ઉચ્ચાર કરવાથી વસ્તુનો સાંશયિક, વિપરીત, અનિશ્ચિત કે યાદૃચ્છિક બોધ થવો જોઇએ : કિન્તુ તેમ થતું નથી. કોઈ પણ વસ્તુનું નામ ઉચ્ચારણ કરવાથી જ્ઞાતા આત્માને તેનો અસંદિગ્ધ અને નિશ્ચિત બોધ થાય છે.

૨. વસ્તુનું અવિરૂદ્ધ લક્ષ્ય ( જીવાદિ ), લક્ષણ ( ઉપયોગાદિ ) અને સંવ્યવહાર ( બોલાવવું, મોકલવું આદિ ) એ નામને આધીન છે.

૩. જ્ઞાન, શબ્દ અને ક્રિયા પણ અભિધાનને આધીન છે.

૪. અભિધાનરહિત હોય તે વસ્તુ જ હોતી નથી : જેમકે—અભાવ.

૫. નામ એ રૂપાદિની જેમ વસ્તુનો ધર્મ ન હોય, તો વસ્તુની પ્રતીતિ કરાવે નહિ.

## સ્થાપનાને નહિ માનવામાં આપત્તિઓ:—

૧. સઘળી વસ્તુ આકારમય છે. જે અનાકાર છે તે વસ્તુ જ નથી.

૨. વસ્તુ, વસ્તુનું જ્ઞાન, વસ્તુનો શબ્દ, વસ્તુની ક્રિયા, વસ્તુનું ફળ કે વસ્તુનું અભિધાન, એ સર્વ આકારયુક્ત જ છે.

૩. આકારરહિત વસ્તુનો ઉપલમ્ભ વ્યવહાર થતો નથી.

## દ્રવ્યને નહિ માનવામાં આપત્તિઓ:—

૧. દ્રવ્યને છોડીને વસ્તુમાં બીજું કાંઈ છે જ નહિ. ( મૃદાદિ ) પૂર્વ પરિણામ તિરોભાવ અને ( ઘટાદિ ) ઉત્તર પરિણામ આવિર્ભાવ સિવાય વસ્તુમાં અન્ય કાંઈ છે નહિ.

૨. નવું કાંઇ ઉત્પન્ન થતું નથી કે નાશ પામતું નથી: આવિર્ભાવ-તિરોભાવ માત્ર થયા કરે છે: ઉત્ફણ-વિફણ-કુંડલિતાકાર સર્પની જેમ.

૩. અચિન્ત્ય સ્વભાવવાળું દ્રવ્ય જ ક્રમશઃ આવિર્ભાવ-તિરોભાવ રૂપે પ્રત્યક્ષ થાય છે. વેષાન્તર કરનાર નટની જેમ.

૪. નામ-સ્થાપનાદિ દ્રવ્યના જ ઉપચાર છે અને ઉપચાર એ અવસ્તુ છે.

## ભાવને નહિ માનવામાં આપત્તિઓઃ—

૧. કાલાન્તરસ્થાયી કોઈ દ્રવ્ય છે જ નહિ. પૂર્વક્ષણ-નિર્વૃત્તિ અને ઉત્તરક્ષણ-ઉત્પત્તિ એ જ દ્રવ્ય છે.

૨. આરાગ્ર (ચક્રના અગ્રભાગ) ઉપર સરસવની જેમ ગયેલા નિધાનરૂપ થતા નથી, અનાગતનો પુંજ નથી તથા ઉત્પન્ન થયેલા ટકતા નથી.

૩. લોક-વ્યવહાર ભાવથી જ થાય છે, પણ અભાવથી થતો નથી. કાર્ય સિવાય કારણ જેવી ચીજ કોઇ અનુભવમાં આવતી નથી.

વસ્તુના ચાર ધર્મોમાંથી કોઈ પણ એક ધર્મને નહિ માનવાથી અગર એક જ ધર્મને માની લઇ બીજા ધર્મોનો તિરસ્કાર કરવાથી, વસ્તુનો જ તિરસ્કાર થાય છે, એ ઉપરના વિવેચનથી સ્પષ્ટ થાય છે: એ કારણે સર્વ નય સમ્મત, અત્યન્ત અનવદ્ય શ્રી જિનમતનું એ પ્રતિપાદન છે કે-લોકમાં જે કોઈ વસ્તુ છે, તે નામાદિ ચતુષ્પર્યાયવાળી છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની જેમ વસ્તુના એ ચારે પર્યાયો અન્યોન્ય અવિનાભાવી છે. એકાંશગ્રાહી, મિથ્યાભિનિવેશવશ આત્માઓ અન્ધ-ગજ-ન્યાયની જેમ પરસ્પર મિથ્યા વાદ કરી સત્યને પામી શકતા નથી.

દ્રવ્યનિક્ષેપનું લક્ષણ :

અહીં દ્રવ્ય શબ્દના અનેક અર્થ થાય છે :-

૧-ઉત્પાદ-વ્યયનું ભાજન, તે દ્રવ્ય છે :

૨-સત્તાનો વિકાર અથવા અવયવ, તે દ્રવ્ય છે :

૩-ગુણોનો સમુદાય, તે દ્રવ્ય છે : અને-

૪-ભૂત-ભાવિ-પર્યાયનું કારણ પણ દ્રવ્ય છે.

એ સમગ્ર અર્થોનો સંગ્રહ કરીને, દ્રવ્યનિક્ષેપની સંક્ષિપ્ત વ્યાખ્યા નીચે મુજબ થઈ શકે છે :-"**ભૂત અને ભાવિ અવસ્થાથી સંબંધ રાખવાવાળા નામનો પ્રયોગ વર્તમાનમાં કરવો,-તે 'દ્રવ્યનિક્ષેપ' છે.**" જેમકે-રાજપુત્ર (prince)ને 'રાજા' કહેવો અથવા પદભ્રષ્ટ થયેલ રાજાને 'રાજા' કહેવો.

દ્રવ્યનિક્ષેપના બે ભેદ :

દ્રવ્યનિક્ષેપનો વિષય ઘણો વિસ્તીર્ણ છે. જેમ લોકમાં યુવરાજને રાજા કહેવાય છે, તેમ યુવરાજ યા રાજાના મરી જવા બાદ, તેના મૃતક શરીરને પણ લોક રાજા કહે છે. એ રીતે રાજાના જ્ઞાનને પણ 'રાજા' કહેવાનો પ્રચાર છે : જેમકે-'રાજા તો એના હ્રદયમાં બેઠા છે.' હ્રદયમાં તો રાજાનું 'જ્ઞાન' બેઠું છે, નહિ કે-સ્વયં 'રાજા' : તો પણ દ્રવ્ય-નિક્ષેપથી રાજાના જ્ઞાનને જ અહીં 'રાજા' તરીકે કહેલ છે. એ સઘળા પ્રભેદોનો સમાવેશ કરી લેવા માટે, દ્રવ્ય-નિક્ષેપના મૂખ્યત્વે બે ભેદ પાડવામાં આવ્યા છે : એક આગમ દ્રવ્યનિક્ષેપ અને બીજો નો-આગમ દ્રવ્યનિક્ષેપ.

આગમ દ્રવ્યનિક્ષેપ :

કોઈ વસ્તુને જાણુવાવાળાને તે શબ્દથી કહેવો, તે 'આગમ

દ્રવ્યનિક્ષેપ' છે. દ્રવ્યનિક્ષેપનો સંબંધ ભૂત અને ભવિષ્યથી છે. એ કારણે તે જાણવાવાળાનો ઉપયોગ તે વખતે જો તે વસ્તુમાં વર્તતો હોય, તો તે દ્રવ્યનિક્ષેપ બની શકતો નથી : કારણ કે-ઉપયોગ હોવાથી વર્તમાનતા આવી જાય છે અને વર્તમાનતા આવવાથી ભાવનિક્ષેપ બની જાય છે. જાણકારનો ઉપયોગ અન્યત્ર હોય, ત્યારે જ તે 'આગમથી દ્રવ્યનિક્ષેપ' બની શકે છે.

**નોઆગમ દ્રવ્યનિક્ષેપ :**

વસ્તુના જ્ઞાનને છોડીને વસ્તુની પૂર્વોત્તર અવસ્થા અથવા તેની સાથે સંબંધ રાખવાવાલી બીજી વસ્તુને તે વસ્તુના નામથી કહેવી, તે 'નોઆગમ દ્રવ્યનિક્ષેપ' છે. એના ત્રણ ભેદ છે : જ્ઞાયક શરીર, ભાવિ અને તદ્વ્યતિરિક્ત.

**જ્ઞાયક શરીર :**

આગમ દ્રવ્યનિક્ષેપથી વસ્તુના જ્ઞાતાને વસ્તુના નામથી કહ્યો હતો. 'જ્ઞાયક શરીર નોઆગમ દ્રવ્યનિક્ષેપ'થા વસ્તુજ્ઞાતાના મૃત શરીરને તે વસ્તુના નામથી કહેવાય છે. જેમ કેવલજ્ઞાની મુનિના મૃતક શરીરને ' કેવળજ્ઞાની ' કહેવા.

**ભાવિ :**

વસ્તુના ઉપાદાન કારણને વસ્તુના નામથી કહેવું, તે ' ભાવિ નોઆગમ દ્રવ્યનિક્ષેપ ' છે. એમાં વસ્તુના જ્ઞાતાનું શરીર નહિ, કિન્તુ વસ્તુનું ઉપાદાન ગ્રહણ કરવામાં આવે છે : જેમકે-રાજાનું ઉપાદાન યુવરાજ, ઘટનું ઉપાદાન મૃત્પિંડ, પટનું ઉપાદાન તંતુ, ઈત્યાદિ.

**તદ્વ્યતિરિક્ત :**

વસ્તુથી સંબંધ રાખવાવાળા અન્ય કોઈ પદાર્થને, તે વસ્તુના નામથી સંબોધવો, તે 'તદ્વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્ય-

નિક્ષેપ' છે : જેમકે–રાજાના મૃત યા જીવિત શરીરને 'રાજા' કહેવો. 'જ્ઞાયક શરીર નોઆગમ દ્રવ્યનિક્ષેપ'માં રાજાના **જ્ઞાતાનું** શરીર વિવક્ષિત હતું અને અહીં સ્વયં રાજાનું શરીર 'રાજા' તરીકે વિવક્ષિત છે. ઘટપટાદિ જે અચેતન પદાર્થોને શરીર નથી, તે પદાર્થોના અન્ય નિમિત્ત કારણો યા સંબંધિઓને 'તદ્દવ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપ'થી તે તે પદાર્થ તરીકે સંબોધન કરી શકાય છે.

'નોઆગમ દ્રવ્યનિક્ષેપ'ના જ્ઞાયક શરીર, ભાવિ અને તદ્દવ્યતિરક્ત, એ ત્રણ ભેદોમાંથી 'ભાવિ નોઆગમ દ્રવ્યનિક્ષેપ' જીવ, પુદ્ગલ, આકાશ, કાલ આદિ દ્રવ્યવાચી શબ્દોની સાથે લાગી શકતો નથી : કારણ કે–તે દ્રવ્યો અનાદિ અનન્ત છે. 'ભાવિ નોઆગમ દ્રવ્યનિક્ષેપ' ઉપાદાન કારણમાં કરી શકાય છે. જે અનાદિ દ્રવ્યો છે, તેનાં ઉપાદાન કારણો હોતાં નથી. અનાદિ દ્રવ્યોના વિશેષ અવસ્થાઓમાં, એ નિક્ષેપ પણ લાગી શકે છે : કારણ કે–વિશેષ અવસ્થાઓની આદિ હોય છે, પરન્તુ મૂળ દ્રવ્યોને એ નિક્ષેપ લાગુ પડી શકતો નથી.

## દ્રવ્ય–નિક્ષેપ વિષે શંકાઓ અને તેનાં સમાધાનો :

**શંકા૦** દ્રવ્ય–નિક્ષેપને સ્થાપના–નિક્ષેપની અન્તર્ગત માનવામાં શું વાંધો ? જેમ સ્થાપના–નિક્ષેપમાં એક વસ્તુની સ્થાપના અન્યત્ર કરવામાં આવે છે, તેમ દ્રવ્ય–નિક્ષેપમાં પણ રાજાની સ્થાપના યુવરાજમાં, મૃત શરીરમાં અથવા રાજાના જ્ઞાયકમાં અથવા જ્ઞાયકના શરીરમાં અથવા અન્ય અન્ય કારણોમાં કરવામાં આવે છે, તો પછી સ્થાપના–નિક્ષેપ અને દ્રવ્ય–નિક્ષેપમાં ફરક શું પડ્યો ?

**સમાધાન૦** જે વસ્તુની જેમાં સ્થાપના કરાય છે, તે ઉભયનો અત્યંત ભેદ હોય છે : જ્યારે દ્રવ્ય–નિક્ષેપમાં એક જ

વસ્તુની પૂર્વોત્તર અવસ્થામાં સ્થાપના થતી હોવાથી, કથંચિત્ અભેદ છે. રાજા અને રાજાની મૂર્તિ, એ બે ભિન્ન વસ્તુઓ છે, કિન્તુ રાજા અને યુવરાજ એ બે સર્વથા ભિન્ન વસ્તુઓ નથી. યુવરાજ પોતે જ રાજા બને છે, તેથી રાજા અને યુવરાજનો કથંચિત્ અભેદ છે.

**શંકા૦** 'નોઆગમ ભાવિ દ્રવ્યનિક્ષેપ'માં અભેદ છે, એમ કહેવું વ્યાજબી છે: કિન્તુ જ્ઞાયક શરીર, તદ્વ્યતિરિક્ત અને આગમ દ્રવ્ય નિક્ષેપમાં તો અભેદ નથી, તો પછી તેને સ્થાપનાની અંતર્ગત માનવામાં શું વાંધો છે ?

**સમાધાન૦** 'નોઆગમ ભાવિ દ્રવ્યનિક્ષેપ'માં જેમ તાદાત્મ્ય સંબંધ હોવાથી અભેદ માનેલો છે, તેમ દ્રવ્યનિક્ષેપના બીજા ભેદોમાં કાર્ય-કારણ સંબંધ, વિષય-વિષયી ભાવ સંબંધ તથા એક દેશાવસ્થાન આદિ સંબંધો રહેલા છે, તેથી તેમાં પણ વ્યવહાર નયથી અભેદ માનીને વ્યવહાર કરવામાં આવ્યો છે.

**શંકા૦** વ્યવહાર નયની અપેક્ષાએ અભેદ તો રાજા અને તેની મૂર્તિમાં પણ છે. જો ન હોય તો રાજાની મૂર્તિને રાજા સમાન માન લોક કેમ આપે ?

**સમાધાન૦** સ્થાપનાનિક્ષેપમાં અભિન્નતા એ કાર્ય છે અને દ્રવ્યનિક્ષેપમાં અભિન્નતા એ કારણ છે. બંને વચ્ચે એ મોટો તફાવત છે. સ્થાપનાનિક્ષેપમાં સ્થાપનાથી અભેદ થાય છે, જ્યારે દ્રવ્યનિક્ષેપમાં અભેદ હોવાથી દ્રવ્યનિક્ષેપ ગણાય છે. વળી સ્થાપનાનિક્ષેપ સ્થાપ્ય-સ્થાપક સંબંધની પ્રધાનતાએ છે અને દ્રવ્યનિક્ષેપ એ કાર્ય-કારણ સંબંધની મૂખ્યતાથી છે, એ પણ બંને વચ્ચે મોટું અંતર છે.

**ભાવનિક્ષેપનું લક્ષણ :**

'વિવક્ષિત ક્રિયાનુભવયુક્ત પરિણામ'–તે–'**ભાવ**' છે : તેથી

વસ્તુના વર્તમાન પર્યાયને અનુસાર શબ્દનો પ્રયોગ કરવો, એ **ભાવ-નિક્ષેપ** છે : જેમકે-રાજ્ય કરવાવાળાને રાજા કહેવો.

એના પણ બે ભેદ છે : 'આગમ ભાવનિક્ષેપ' અને 'નોઆગમ ભાવનિક્ષેપ.'

કોઈ પણ વસ્તુના જ્ઞાતાને તે વસ્તુમાં તેનો ઉપયોગ હોય તે વખતે તેને તે નામથી સંબોધવો, તે આગમ ભાવ નિક્ષેપ છે. 'આગમ દ્રવ્યનિક્ષેપ' અને 'આગમ ભાવ નિક્ષેપ'માં ફરક માત્ર એટલો છે કે-'આગમ દ્રવ્યનિક્ષેપ'માં જ્ઞાતાનો ઉપયોગ વર્તમાનમાં નથી, જ્યારે 'આગમ ભાવ નિક્ષેપ'માં જ્ઞાતાનો તે ઉપયોગ વર્તમાનમાં હયાતી ધરાવે છે.

વર્તમાન પર્યાયવાલી વસ્તુને તે નામથી કહેવી, તે 'નો-આગમ ભાવનિક્ષેપ' છે : જેમકે-રાજ્યાસન પર બેઠેલ રાજાને રાજ્ય ચલાવતી વખતે 'રાજા' કહેવો.

**નામનિક્ષેપ અને ભાવનિક્ષેપ વચ્ચેનો તફાવત :**

અહીં 'નામનિક્ષેપ' અને 'ભાવનિક્ષેપ' વચ્ચેનું અંતર પણ સમજી લેવાની આવશ્યકતા છે. નામનિક્ષેપનો સંબંધ વ્યક્તિવાચક સંજ્ઞાઓથી છે અને ભાવનિક્ષેપનો સંબંધ ભાવવાચક યા જાતિવાચક સંજ્ઞાઓથી છે. 'વિદ્યાચંદ્ર' એ વ્યક્તિવાચક 'નામ' છે અને 'વિદ્યાધર' એ ભાવવાચક 'નામ' છે. 'વિદ્યાચંદ્ર' શબ્દથી એક જ વ્યક્તિ ઓળખાય છે, જ્યારે 'વિદ્યાધર' શબ્દથી આકાશગામિની આદિ વિદ્યાઓને ધરનારા સઘળાય વિદ્યાધરોની ઓળખાણ થાય છે. વિદ્યાને ધારણ કરનારાઓનું નામ 'વિદ્યાધર' રાખવાથી, એ નામનિક્ષેપ નથી બની શકતું : કારણ કે-તેનો ભાવ વિદ્યાધરની તમામ જાતિને ઓળખાવવાનો છે. ભિન્ન ભિન્ન વ્ય-

ક્તિને ઓળખાવવા માટે જે 'નામ' પાડવામાં આવે છે, તે 'નામનિક્ષેપ' છે: કારણ કે-તેનો સંબંધ જાતિ સાથે નથી. કેવળ નામ રાખવું તે નામનિક્ષેપ નથી, કિન્તુ જાતિ, ગુણ, ક્રિયા આદિ અન્ય નિમિત્તોની અપેક્ષા રાખ્યા સિવાય વ્યવહાર ચલાવવા માટે સંજ્ઞા રાખવી, તે નામનિક્ષેપ છે. જાતિ, ગુણ, ક્રિયા આદિ નિમિત્તોની અપેક્ષા પૂર્વક જે નામ રાખવામાં આવે છે, તેજ ભાવવાચક નામ હોવાથી 'ભાવનિક્ષેપ' બને છે.

એ રીતે સ્થાપનાની અપેક્ષાથી જે નામ રાખવામાં આવે છે, તે સ્થાપનાનિક્ષેપ છે અને દ્રવ્યની અપેક્ષાએ જે નામ રાખવામાં આવે છે તે દ્રવ્યનિક્ષેપ છે. નામ તો ચારે નિક્ષેપાથી રાખવામાં આવે છે, પરન્તુ તેથી ચારે નિક્ષેપા 'નામનિક્ષેપા' બની શકતા નથી.

**ભાવનિક્ષેપ સંબંધી શંકા-સમાધાન:**

**શંકા૦** 'નોઆગમ દ્રવ્યનિક્ષેપ'ની જેમ 'નોઆગમ ભાવનિક્ષેપ'ના જ્ઞાયક શરીર, ભાવિ અને તદ્વ્યતિરિક્ત આદિ ભેદો કેમ કહ્યા નહિ?

**સમાધાન૦** ભાવનિક્ષેપનો સંબંધ માત્ર વર્તમાન પર્યાય સાથે છે: ભૂત-ભવિષ્ય સાથે નથી. દ્રવ્યનિક્ષેપનો સંબંધ દ્રવ્ય અર્થાત્ અન્વયથી છે, જ્યારે ભાવનિક્ષેપનો સંબંધ ભાવ અર્થાત્ વ્યતિરેકથી છે. દ્રવ્યનિક્ષેપનો સંબંધ અન્વયથી હોવાથી ત્યાં કાર્ય-કારણ, પૂર્વચર, ઉત્તરચર, સહચરાદિની અભિન્નતા વિવક્ષિત છે: ભાવનિક્ષેપનો સંબંધ કેવળ વ્યતિરેકથી હોવાથી, તેને કાર્ય-કારણ, સહચરાદિનો સંબંધ હોતો નથી.

**નિક્ષેપ નયનો વિષય:**

નિક્ષેપ, એ નયનો વિષય છે. નયની સાથે નિક્ષેપને વિષય-વિષયી ભાવ સંબંધ છે. આદિના ત્રણ નિક્ષેપ દ્રવ્યાર્થિક

નયના વિષય છે અને છેલ્લો ભાવનિક્ષેપ એ પર્યાયાર્થિક નયનો વિષય છે. દ્રવ્યાર્થિક નયનો વિષય દ્રવ્ય અર્થાત્ અન્વય છે : અને એ અન્વય નામ, સ્થાપના તથા દ્રવ્ય એ ત્રણેમાં પ્રાપ્ત થઈ શકે છે. નામાદિ ત્રણે નિક્ષેપોનો સંબંધ ત્રણે કાળ સાથે હોવાથી, તેમાં અન્વય ઘટી શકે છે. ભાવનિક્ષેપનો સંબંધ માત્ર વર્તમાન કાળ સાથે હોવાથી, તેમાં અન્વય ઘટી શકતો નથી. અર્થાત્–કેવળ વર્તમાન પર્યાયની સાથે સંબંધ હોવાથી 'ભાવનિક્ષેપ' એ પર્યાયાર્થિક નયનો વિષય છે, જ્યારે નામાદિ ત્રણ નિક્ષેપ એ દ્રવ્યાર્થિક નયના વિષય છે.

**એકલા ભાવને ભજી શકાય નહિ :**

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ,–એ ચારે એક જ વસ્તુની જૂદી જૂદી બાજુઓ છે, એ વાત સિદ્ધ થયા પછી, હવે એ સિદ્ધ કરવાની જરૂર નથી કે–'શ્રી અરિહંતોનો ભાવ, એ જેમ પૂજ્ય છે, તેમ શ્રી અરિહંતોનું નામ, શ્રી અરિહંતોની સ્થાપના અને શ્રી અરિહંતોનું દ્રવ્ય, એ પણ પૂજ્ય છે.' બીજા શબ્દોમાં–શ્રી અરિહંતના નામ, સ્થાપના અને દ્રવ્ય દ્વારાએ જ શ્રી અરિહંતનો ભાવ ભજી શકાય છે. નામાદિ ત્રણને છોડીને, શ્રી અરિહંતના ભાવને ભજવાની ચેષ્ટા કરનારા, પૂ. ઉપાધ્યાયજી શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજાના શબ્દોમાં, દેખવા માટે મળેલી આંખોને બંધ કરી દઈ, પોતાના મુખને દર્પણમાં જોવાની ચેષ્ટા કરનારા છે. આંધળા માણસો હાથમાં દર્પણ લઈ પોતાનું મુખ જોવા પ્રયાસ કરે, તે જેમ હાંસિપાત્ર અને નિરર્થક છે, એટલુંજ નહિ પણ હાસ્યાસ્પદ છે, તેમ નામાદિ ત્રણનું અવલંબન લીધા સિવાય, શ્રી અરિહંતના ભાવનો પરિચય કરવા મનોરથ સેવવો, એ પણ નિરર્થક અને

હાંસિપાત્ર છે. નામાદિ ત્રણ એજ ભાવનું કારણ છે, એ વાત અનુભવપ્રમાણ તથા આગમપ્રમાણ ઉભયથી સિદ્ધ છે. તત્ત્વના નિશ્ચય માટે અનુભવ અને શાસ્ત્ર, એ બે જ મૂખ્ય પ્રમાણો છે. એ બેમાંથી એક પણ પ્રમાણનો અસ્વીકાર કરવો, એ તત્ત્વનિશ્ચયને બાધક છે.

## નામાદિનો ભાવ સાથે સંબંધ :

ભાવોલ્લાસ એ સ્વભાવથી થનારી ચીજ છે, એવો એકાન્ત શ્રી જૈનશાસનને માન્ય નથી : કિન્તુ તે નામાદિ ત્રણને આધીન છે. ભાવોલ્લાસને કેવળ સ્વભાવથી જ માનનારના મતે સઘળા જ પ્રકારના વ્યવહારનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવે છે : અને એ કોઈને પણ ઈષ્ટ નથી. નામાદિ ત્રણ ભાવનિક્ષેપનાં જ અંગો છે. અંગ અંગિથી ભિન્ન રહી શકતું નથી. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ભાવની સાથે અનુક્રમે વાચ્ય-વાચક, સ્થાપ્ય-સ્થાપક અને આધાર-આધેય સંબંધથી જોડાયેલા છે. કેવળ આધાર-આધેય આદિ અભિન્ન અને આંતરિક સંબંધોને માની, ભિન્ન અને બાહ્ય સંબંધોની અવગણના કરનારને, સ્થાપ્ય-સ્થાપક સંબંધની જેમ વાચ્ય-વાચક સંબંધનો પણ તિરસ્કાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. વાચ્ય-વાચક સંબંધથી સંબંધિત નામ અને તેની ભક્તિનો સ્વીકાર કરનાર, તેનાથી ઉચ્ચ પ્રકારના સ્થાપ્ય-સ્થાપક સંબંધથી સંબંધિત સ્થાપના અને તેની ભક્તિનો ઈન્કાર કરે, એ તેની દુર્બળ બુદ્ધિનું જ માત્ર ફળ છે.

## સ્થાપનાની વિશેષતા :

નામ એ દૂરની વસ્તુ છે અને સ્થાપના એ નિકટની વસ્તુ છે : એટલું જ નહિ, પણ સ્થાપના પ્રત્યે જે પ્રકારની

આદરાનુગ્રહ બુદ્ધિ થાય છે, તે નામ પ્રત્યે કદી પણ થવી શકય નથી. 'મહાવીર' નામધારી હોય તે બધા ઉપર મહાવીરના સમાન આદર કદી પણ થતો નથી, જ્યારે 'મહાવીર'ની મૂર્તિ ઉપર 'મહાવીર'ને માનનાર પ્રત્યેક વ્યક્તિને 'મહાવીર' સમાન આદર ઉત્પન્ન થાય છે.

અનાદરનું કારણ કુશિક્ષણ :

**શંકા૦** 'મહાવીર'ની મૂર્તિ ઉપર 'મહાવીર' સમાન આદર થતો બધાને દેખાતો નથી : એટલું જ નહિ પણ ઘણી વખત મૂર્તિપૂજામાં નહિ માનનાર આત્માઓને 'મહાવીર' ઉપર આદર હોવા છતાં 'મહાવીર'ની મૂર્તિ ઉપર અનાદર પણ દેખાય છે.

**સમાધાન૦** મૂર્તિપૂજામાં નહિ માનનાર આત્માને 'મહાવીર'ની મૂર્તિ ઉપર અનાદર બુદ્ધિ થાય છે, તેનું કારણ પણ સ્થાપના સિવાય બીજું શું છે ? મૂર્તિપૂજામાં માનનાર કે ન માનનાર, પ્રત્યેકને સ્થાપનામાં આદર–અનાદર બુદ્ધિ કરવી જ પડે છે. મૂર્તિપૂજામાં નહિ માનનાર આત્મા 'મહાવીર'ની મૂર્તિમાં 'મહાવીર'ની સ્થાપના જ કરતો નથી, તેથી તેને 'મૂર્તિ' ઉપર 'મહાવીર' સમાન આદર ન થાય, એ બનવા યોગ્ય છે : પરન્તુ જેઓને અનાદર થાય છે, તેઓએ 'સ્થાપના' તો કરેલી જ છે : અન્યથા, સ્થાપના નહિ કરનાર અન્ય આત્માઓની જેમ તેને અનાદર થવાનું કોઇ કારણ નહોતું. 'મહાવીર' ઉપર આદર હોવા છતાં, તેમની 'મૂર્તિ' ઉપર અનાદર થાય છે, તેનું કારણ તો તેને મળેલું કુશિક્ષણ છે. મૂર્તિને પૂજવાથી હિંસાદિક દોષ લાગે છે, તે જાતિનું મળેલું કુશિક્ષણ જ તેને આદરના બદલે અનાદર બુદ્ધિ પેદા કરાવે છે : પરન્તુ મૂર્તિ પ્રત્યે આદરબુદ્ધિ કે અનાદરબુદ્ધિનું મૂળ સ્થાપના સિવાય

અન્ય કોઈ પણ નથી, એ વાતને લેશ પણ આંચ આવતી નથી.

**સ્થાપના દ્વારા આરાધનાનું મહાફલ :**

જેઓ 'મૂર્તિ' ઉપર મનથી સ્થાપનાબુદ્ધિ જ ધરાવતા નથી, તેઓને તેના ઉપર આદર કે અનાદર—બેમાંથી એક પણ ન થાય, તેનું કારણ તેઓની બુદ્ધિ છે. સો રૂપિઆની નોટમાં સો રૂપિઆની કલ્પના જ જેને નથી, તેને તેનું સંરક્ષણ કરવાની બુદ્ધિ ન થાય, એમાં વાંક સો રૂપિઆની નોટનો નથી : તેમ દેવાધિદેવ પરમાત્મા શ્રીમાન્ મહાવીરદેવની મૂર્તિ ઉપર પણ જેને ભક્તિ ન થાય, તેમાં તે પરમ કૃપાળુ પરમાત્માની મૂર્તિનો લેશ પણ દોષ નથી. કોઇ આત્મા કોઈ એક સ્થળે સ્થાપના માનવા જ ઈચ્છતો નથી, તો તે સ્થળે ભલે તે સ્થાપનાને ન માને, પરન્તુ તેથી સ્થાપનાનો સમસ્ત વ્યવહાર સર્વ જગ્યાએ નાશ પામે છે, એમ માનવું એ નિતાન્ત મૂર્ખતા છે. શ્રી **ઉત્તરાધ્યયન** સૂત્ર તથા શ્રી **ભગવતીજી** આદિ મહાશાસ્ત્રોમાં શ્રી તીર્થંકર-ગણધરાદિ મહાપુરૂષોનાં નામ અને ગોત્રને સાંભળવાથી પણ મહાફલ બતાવેલું છે, તેમ તેઓની સ્થાપનાની ભક્તિ અને આરાધનાનાં પણ મહાફલ દર્શાવેલાં છે. શ્રી અરિહંત પરમાત્માઓના નામસ્મરણથી સમ્યગ્દર્શનાદિની વિશુદ્ધિ થાય છે, તેમ શ્રી અરિહંત પરમાત્માઓનાં બિંબોની પૂજા અને ભક્તિથી પણ રત્નત્રયીની શુદ્ધિ આદિ થાય છે તથા જન્માન્તરમાં બોધિના લાભની પ્રાપ્તિ થાય છે. શ્રી જિનેશ્વરદેવનાં સ્તવન અને સ્તુતિ કરવાથી તથા તેઓશ્રીની મૂર્તિઓની ભક્તિ, અર્ચના, સત્કાર, સન્માન આદિ કરવાથી આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિલાભને પ્રાપ્ત કરી અનુક્રમે વિમાનવાસ તથા મુક્તિવાસ આદિ ઉત્તમ પદવીઓને પ્રાપ્ત

કરવા ભાગ્યશાળી બને છે, એમ શાસ્ત્રો ભાર પૂર્વક ફરમાવે છે.

દ્રવ્યનિક્ષેપની આરાધના :

શ્રી જિનેશ્વરદેવોનાં નામ અને સ્થાપનાની જેમ, શ્રી જિનેશ્વરદેવોના દ્રવ્યનિક્ષેપની આરાધના પણ અચિન્ત્ય ફળને દેનારી છે. ચૈત્યવન્દન અવસરે પ્રથમ અને દ્વિતીય સ્તુતિ જેમ સ્થાપનાનિક્ષેપની આરાધના માટે છે, તેમ શ્રી ચતુર્વિંશતિ સ્તવ રૂપ શાશ્વત અધ્યયન 'લોગસ્સ ઉજ્જોઅગરે' એ સૂત્રનું ઉચ્ચારણ દ્રવ્યનિક્ષેપના આરાધન માટે પ્રસિદ્ધ છે. '**नमो बंभीलिविए।**'–' શ્રી બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ.' –એવાં શ્રી **ભગવતીજી** સૂત્રની આદિમાં પંચમ ગણધર ભગવાન શ્રી સુધર્મસ્વામિજીનાં વચનો પણ દ્રવ્યનિક્ષેપની આરાધ્યતા સૂચવે છે. '**अणुवओगो दव्वं।**'–એ જેમ દ્રવ્યની વ્યાખ્યા છે, તેમ ભાવના કારણ રૂપે પણ દ્રવ્યને વર્ણવેલું છે. શ્રી જિનેશ્વરદેવનાં સાક્ષાત્ વચનો પણ દ્રવ્ય શ્રુત હોવા છતાં, સાંભળનારને ભાવ શ્રુતનાં કારણો હોવાથી, ભાવ શ્રુત સમાન જ પૂજ્ય છે.

**શંકા૦** દ્રવ્ય એ ભાવની ભૂત અને ભાવિ અવસ્થા હોવાથી એ પણ જો આરાધ્ય ગણાય, તો પૃથ્વીકાયાદિકમાં રહેલા ભાવિ તીર્થંકરોના આત્માઓની આરાધના અને વિરાધના પણ ફળવી અગર કુટવી (નુકસાન કરનારી) થવી જોઈએ.

**સમાધાન૦** દ્રવ્યજિનપણાના નિયામક પર્યાયના જ્ઞાનના અભાવે દ્રવ્યજિનની આરાધના ન થાય, તે દોષ રૂપ નથી : પણ જ્ઞાનિના વચનાદિ દ્વારા દ્રવ્યજિનનો નિશ્ચય થયા પછી, નૈગમનયના અભિપ્રાયનો આશ્રય લઇ, તેની આરાધના કરવામાં ન આવે કિન્તુ વિરાધના કરવામાં આવે, તો અવશ્ય નુકશાન કરનાર થાય છે અને એ રીતે દ્રવ્યજિનનો નિશ્ચય

થયા પછી શ્રી ભરત ચક્રવર્તિની જેમ દ્રવ્યજિનની વન્દના વૈયાવચ્ચાદિ કરવાનો વ્યવહાર પણ શ્રી જિનશાસનમાં સુપ્રસિદ્ધ છે.

**સર્વનયસમ્મત અર્થ જ માન્ય કરાય:**

શ્રી જૈનશાસનમાં એકલા ભાવને જ જ્યાં પ્રધાન માનવાનું પ્રતિપાદન છે, ત્યાં પરમ શુદ્ધ ભાવને ગ્રહણ કરનાર માત્ર નિશ્ચયનયનું પ્રતિપાદન છે, એમ સમજવું જોઇએ : પરન્તુ કેવળ ભાવને જ ગ્રહણ કરનાર શુદ્ધ નિશ્ચયનય એ જ એક જો શ્રી જિનશાસનમાં પ્રમાણ હોત, તો ચતુર્થ ગુણસ્થાનકે રહેલા શ્રી **શ્રેણિક** અને શ્રી **કૃષ્ણાદિ** અનેક મહાપુરૂષો સમ્યક્ત્વ ધારણ કરનાર તરીકે પ્રસિદ્ધ છે, તે કદી જ બની શકત નહિ : કારણ કે–નિશ્ચયનયના મતે અપ્રમત્ત ગુણસ્થાનકે જ સમ્યક્ત્વ માનેલું છે. પરન્તુ શ્રી જૈનશાસનમાં નિશ્ચયનયની અપેક્ષા જેટલી માન્ય છે, તેટલી જ માન્ય નૈગમાદિ નયોની અપેક્ષાઓ પણ છે. નૈગમાદિ નયોની અપેક્ષાએ નામાદિ નિક્ષેપાઓ પણ શ્રી જૈનશાસનને સંપૂર્ણ સમ્મત છે. એક નય સમ્મત નહિ પણ સર્વનયસમ્મત અર્થ હોય, તે જ શ્રી જૈનશાસનને માન્ય છે. એક પણ નયની અવગણના કરનાર, સમસ્ત શ્રી જૈનશાસનની અવગણના કરે છે, એ વાતને સમજનાર આત્મા સહેલાઈથી સમજી શકશે કે–ભાવતીર્થંકરની આરાધના જેમ ફળદાયી છે, તેમ નામાદિ જિનેશ્વરોની આરાધના પણ અચૂક ફળને દેનારી છે. સાક્ષાત્ ભાવતીર્થંકરને વન્દન કરનાર આત્મા પણ ભાવતીર્થંકરના શરીરને જ વન્દન કરે છે, પણ આકાશની જેવા **અરૂપી** એમના એકલા આત્માને વન્દન કરતો નથી. શરીરના સમ્બન્ધથી શરીરને કરેલું વંદન, એ ભાવ ભગવાનના આત્માને જ વન્દન થાય છે, એમ માનનારો નામ, સ્થાપના કે

દ્રવ્યના સંબંધથી સંબંધિત ભગવાનના નામ, સ્થાપના કે દ્રવ્યની ભક્તિ દ્વારા ભગવાનની જ ભક્તિ થાય છે, એમ ન માને તે ચાલી શકે તેમ નથી : છતાં ન માને તો તે મિથ્યાત્વ મોહથી મોહિત દશાવાળો છે, એ સિવાય બીજું શું કલ્પી શકાય તેમ છે ?

## શ્રી જિનપ્રતિમાને નહિ માનનારાઓ તરફથી ઉભા કરાતા મુદ્દાઓનું નિરસન :

શ્રી જિનપ્રતિમાના પૂજન સંબંધી કેટલાક શાસ્ત્રીય મુદ્દાઓ, શ્રી જિનપ્રતિમાને નહિ માનનારાઓ તરફથી ઉભા કરવામાં આવે છે : તેનું પણ સંક્ષિપ્તમાં નિરસન કરવું અહીં અપ્રસ્તુત નથી.

### પ્રથમ મુદ્દો અને ખૂલાસો :

પ્રથમ મુદ્દો છે–ચૈત્ય શબ્દના અર્થનો ! "ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા નહિ કિન્તુ જ્ઞાન થાય છે."–એમ કહેનારા વ્યાકરણશાસ્ત્રથી છેક જ અજ્ઞાન છે. '**चिती संज्ञाने।**' એ ધાતુને કર્મણિ '**ण्य**' પ્રત્યય લાગવાથી '**चैत्य**' શબ્દ સિદ્ધ થયો છે. એનો અર્થ, એ થાય છે કે–

"संज्ञानमुत्पद्यते काष्टकर्मादिषु प्रतिकृतिं दृष्ट्वा।"

**અર્થાત્**–'કાષ્ટકર્માદિમાં પ્રતિકૃતિ દેખીને જેનાથી સંજ્ઞાન ઉત્પન્ન થાય છે તે.' અર્થાત્–અર્હત્પ્રતિમા.

એ રીતે ધાતુ એટલે પ્રકૃતિ અને પ્રત્યય ઉપરથી થતો ચૈત્ય શબ્દનો અર્થ પણ શ્રી જિનપ્રતિમાનું જ પ્રતિપાદન કરે છે.

રૂઢિથી થતો ચૈત્ય શબ્દનો અર્થ પણ શ્રી જિન પ્રતિમાનું જ પ્રતિપાદન કરે છે : જેમકે–

"चैत्यं जिनौकस्तद्विम्बं, चैत्यो जिनसभातरुः ।"

યૌગિક અર્થ કરતાં પણ રૂઢિથી થતો અર્થ બળવાન છે, એ શબ્દ–શાસ્ત્રનો નિયમ વિચારતાં, વિપરીત વ્યુત્પત્તિ દ્વારા ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ કરનારાઓએ પણ, રૂઢ અર્થને બલવત્તર માનવો જોઈએ.

વાક્યથી થતો અર્થ પણ પ્રતિમાને જ કહે છે: જેમકે–

"इह चेइयाइं वंदइ ।"

**અર્થાત્**–'અહીં રહેલાં ચૈત્યોને વન્દન કરૂં છું.'

"साकांक्षापदसमुदायं वाकयम् ।"

"આકાંક્ષાયુક્ત પદનો સમુદાય એ વાક્ય છે."–એમ સમજનાર શ્રી **નંદીશ્વરા**દિ દ્વીપમાં ભગવાનના જ્ઞાનને નહિ પણ પ્રતિમાઓને જ વંદન કરવાની આંકાક્ષા હોય છે, એ વાત સહેલાઇથી સમજી શકે છે: એટલું જ નહિ, પણ એ વાક્યમાં ચૈત્ય શબ્દ બહુવચનમાં વપરાયેલો છે, એ જ એમ સાબીત કરે છે કે–તે શબ્દ જ્ઞાન માટે નથી વપરાયો, કિન્તુ શ્રી જિનબિંબો માટે જ વપરાયેલો છે. જ્ઞાનાર્થે વપરાયેલ શબ્દનો બહુવચનમાં પ્રયોગ કરવાની કોઈ આવશ્યક્તા રહેતી નથી.

**બીજો મુદ્દો અને ખૂલાસો:**

શ્રી જિનપ્રતિમાનો સ્વીકાર નહિ કરનારાઓનો બીજો મુદ્દો એ છે કે—

"શ્રી જિનપ્રતિમા શ્રી જિન સમાન હોય, તો તેના ઉપર અમને રૂચિ કેમ ન થાય?"

એ મુદ્દાનું સ્પષ્ટીકરણ ઉપર થઈ ગયું છે, તો પણ વિશેષમાં સમજવું કે–ગર્દભને સિતા (સાકર) ન રૂચે, તેથી સિતા માધુર્યરહિત છે એમ કોઈ પણ રીતે સિદ્ધ થતું નથી. રૂચવું,

ન રૂચવું એ આત્માની ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતા ઉપર આધાર રાખે છે. અન્યથા, પોતાનો કદ્રૂપો પણ આકાર જેઓને અનેક વાર દર્પણમાં જોતાં કંટાળો ઉપજતો નથી કિન્તુ આનન્દ થાય છે, તેઓને શ્રી જિનનો અનુપમ આકાર દેખીને અરૂચિ ઉપજે, એ બને જ કેમ ? આજે પોતાના દેહના ફોટાઓ એન્લાર્જ કરાવી, દિવાનખાનાંઓમાં ટિંગાડનારાઓ, શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાઓના દર્શન પ્રત્યે જો સૂગ ધરાવતા હોય, તો તે તેઓની અતિશય મોહાંધ અને વિપરીત મનોદશાને જ સૂચવે છે. એવા આત્માઓ ધર્મના મર્મને સમજ્યા છે કે સારા અને ખોટાના વિવેકને પામ્યા છે, એમ કદી પણ કહી શકાય તેમ નથી.

## ત્રીજો મુદ્દો અને ખૂલાસો :

શ્રી જિનપ્રતિમા પ્રત્યે અણગમો દર્શાવનારનો ત્રીજો શાસ્ત્રીય મુદ્દો એ છે કે–

"શ્રી જિનમંદિર, શ્રી જિનપ્રતિમા અને તેની પૂજા–ભક્તિ રૂપ દ્રવ્યસ્તવ, એ આરંભ (પ્રાણિવધ)થી વ્યાપ્ત છે, તો તેનો ઉપદેશ નિરારંભી અને છ કાય જીવોના વધથી વિરામ પામેલા એવા મહાવ્રતધારી શાસ્ત્રકારો કેવી રીતે આપે ?"

આ તેઓનું કથન કેવળ અજ્ઞાનતાથી ભરેલું છે. દ્રવ્ય સ્તવનો ઉપદેશ અને અનુમતિ, ભાવ સ્તવની પુષ્ટિ માટે અતિશય આવશ્યક છે. આરંભ અને પરિગ્રહ રૂપી રોગથી ગ્રસ્ત આત્માઓને, સદારંભના સેવન રૂપ દ્રવ્ય સ્તવ એ પરમ ઔષધની ગરજ સારે છે. ગૃહસ્થો માટે અનિવાર્ય એવા દ્રવ્ય સ્તવની અનુમતિથી જો હિંસાની અનુમતિ માનવામાં આવે, તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માના સમ્યગ્દર્શન ગુણની તથા

સ્થૂલ પ્રાણાતિપાતાદિથી વિરામ પામેલા દેશવિરતિધર આત્માના દેશવિરતિ ગુણની પણ બાકી રહેલી અવિરતિની અનુમતિ મુનિને લાગવી જોઈએ: એટલું જ નહિ, કિન્તુ સરાગ સંયમની અનુમતિથી સંજ્વલનાદિક કષાયોની અનુમતિ પણ લાગવી જોઈએ : પરન્તુ તેમ માનવાથી સર્વ પ્રકારના ઉપદેશનો જ સર્વથા અન્ત આવે છે : અને ઉપદેશનો અંત થયો તેની સાથે શાસનનો પણ અંત જ થાય છે, તેથી તેવા પ્રકારની કુટિલ માન્યતાઓ કોઈ પણ રીતે ઇષ્ટ નથી.

ચોથો મુદ્દો અને ખૂલાસો :

તેઓનો ચોથો મુદ્દો એ છે કે–

"પ્રતિમા એ અચેતન હોવાથી તેમાં ગુણનો લેશ પણ નથી. ગુણપૂજક શ્રી જૈનશાસન ગુણશૂન્ય અચેતનની પૂજા કરવાનું કેમ ફરમાવે? અને ગુણશૂન્યની પૂજાથી પણ જો લાભ થતો હોય તો ગુણશૂન્ય મુનિવેષધારી ભાંડ ભવૈયાઓની પૂજાથી પણ લાભ થવો જોઈએ !'

તેઓનો આ મુદ્દો પણ વિચાર કરતાં એક ક્ષણભર પણ ટકી શકે, એવો નથી. પ્રતિમા જેમ ગુણશૂન્ય છે, તેમ દોષથી પણ શૂન્ય છે: જ્યારે મુનિવેષને ધારણ કરનાર નાટકીયા પ્રાણિવધ આદિ દોષથી ગ્રસ્ત છે, તેથી પ્રતિમાની જેમ વેષધારીની પૂજા ફળી શકતી નથી. પ્રતિમા અચેતન હોવા છતાં, સચેતન એવા સર્વથા દોષશૂન્ય વીતરાગનું ભાન કરાવે છે, એ તેનો મોટામાં મોટો ઉપકાર છે અને એ ઉપકાર દ્વારાએ તે તેના પૂજકને સાક્ષાત્ વીતરાગની પૂજા જેટલો જ લાભ કરી શકે છે.

પાંચમો મુદ્દો અને ખૂલાસો :

તેઓનો પાંચમો મુદ્દો એ છે કે–

" સુવર્ણનાં મંદિરો અને રત્નની પ્રતિમાઓ વડે ધરણિતલને મંડિત કરી દેનાર જે પુણ્ય ઉપાર્જન કરે છે, તેથી અનન્તગુણું પુણ્ય તપ, સંયમ અને બ્રહ્મચર્યને આચરનાર પ્રાપ્ત કરી શકે છે, એવું શાસ્ત્રકથન શ્રી જિનમંદિરાદિની ભક્તિની તુચ્છતા દર્શાવે છે."

આ કથન પણ તેઓનું બરાબર નથી. શ્રી જિનાર્ચાથી તપ–સંયમની અધિકતા બતાવી છે, તેથી તપ–સંયમ ઉત્કૃષ્ટતમ છે અને શ્રી જિનાર્ચા અધમતમ છે,–એવો નિર્ણય બાંધવા તૈયાર થવું, એમાં કારણ શ્રી જિનાર્ચા પ્રત્યેની અરૂચિ સિવાય બીજું એક પણ નથી. અન્યથા, તપ–સંયમના ફળની સાથે શ્રી જિનાર્ચાના ફળને જ સરખાવ્યું છે, તે તેની બીજાં અનુષ્ઠાનો કરતાં ઉત્કૃષ્ટતાને સૂચવે છે, એ સમજાયા સિવાય રહે નહિ. શ્રી જિનાર્ચા ઉત્કૃષ્ટતર છે અને તપ–સંયમાદિ ઉત્કૃષ્ટતમ છે. શ્રી જિનાર્ચા એ અધમતમ હોત કે અનુપાદેય હોત, તો તેની સાથે કરેલી સરખામણી એ તપ–સંયમની સ્તુતિ રૂપ ન ગણાત. મહાન નૃપતિથી અધિકતા, એ જ ચક્રવર્તિની સ્તુતિ છે, કિન્તુ એક ચક્રવર્તી રાજાની સામાન્ય જનથી અધિકતા વર્ણવવી, એ સ્તુતિ રૂપ નથી બનતી કિન્તુ નિન્દા રૂપ બની જાય છે.

## છઠ્ઠો મુદ્દો અને ખૂલાસો:

તેઓનો છઠ્ઠો મુદ્દો એ પણ છે કે–

" શ્રી જિનપ્રતિમા શ્રી જિન સમાન ભાવને પેદા કરાવનારી કદાચ બની શકે, તો પણ તે જો વિધિપૂર્વક ભરાવેલી અને પ્રતિષ્ઠિત કરાવેલી હોય તો જ બની શકે. આજ–કાલ જેટલી પ્રતિમાઓ પૂજાય છે, તેમાં કેટલી વિધિપૂર્વક કરાવેલી છે એનો નિર્ણય કરવો અશક્ય છે, તેથી વર્તમાનમાં કરેલી પ્રતિમાની અર્ચાઓ તથાપ્રકારના ભાવને પેદા કરાવનારી થઈ શકતી નથી."

આ મુદ્દો પણ શ્રી જિનપ્રતિમાના અર્ચન પ્રત્યેની અરૂચિમાંથી જન્મેલો છે. અન્યથા, એકલી શ્રી જિનપ્રતિમા માટે જ શાસ્ત્રોક્ત વિધિપૂર્વકની કસોટી આગળ ધરવાનું કોઈ પ્રયોજન નથી. કાળાદિકના પ્રભાવથી થતી અવિધના કારણે જો શ્રી જિનપ્રતિમા એ છોડી દેવા લાયક હોય, તો કાળાદિકના કારણે સંપૂર્ણ વિધિપૂર્વક નહિ પળાતો યતિધર્મ અને સામાયિક–પૌષધાદિ ક્રિયાઓ પણ છોડી દેવી જોઇએ. અને એ રીતે સઘળું છોડી દેવાથી શાસનનો જ ઉચ્છેદ આવીને ઉભો રહે છે. એ જ કારણે અશઠ ગીતાર્થોની આચરણા દ્વારા માન્ય રખાએલ વર્તમાન શ્રી જિનપ્રતિમાઓનું પૂજન–અર્ચન પણ ભવ્ય આત્માઓને બોધિલાભ આદિની પ્રાપ્તિ કરાવનાર થાય છે, એમ માનવું એજ યુક્તિયુક્ત છે. પૂર્વે ઘણી ઋદ્ધિ હતી, તેથી વર્તમાનમાં રહેલી થોડી ઋદ્ધિ ત્યાજ્ય ઠરતી નથી કિન્તુ અધિક રક્ષણને પાત્ર ઠરે છે : તેમ જે કાળમાં સંપૂર્ણ વિધિયુક્ત ધર્માનુષ્ઠાનો યા તેનાં સાધક પ્રતિમાદિનાં અવલંબનો ન પ્રાપ્ત થઈ શકે, તે કાળમાં થોડી પણ વિધિયુક્ત પ્રાપ્ત થતાં અવલંબનો સ્વીકારવાં એ અયોગ્ય ઠરતું નથી, કિન્તુ અનિવાર્ય થઈ પડે છે.

**સૂત્રોમાં શ્રી જિનપ્રતિમા–પૂજાના અધિકારો :**

આ રીતિએ શ્રી જિનપ્રતિમાના પૂજન પ્રત્યે અરૂચિ ધરાવનારાઓના કેટલાક મુદ્દાઓનું નિરસન કર્યા બાદ, શ્રી જિનપ્રતિમાના પૂજનથી થતા કેટલાક અનુપમ ફાયદાઓનું દૃષ્ટાન્તાદિ દ્વારા નિરૂપણ કરવું, એ પણ જરૂરી છે : પરન્તુ તે પહેલાં–'શાસ્ત્રોમાં શ્રી જિનપ્રતિમાઓનો ઉલ્લેખ જ નથી.'–એવું કહેનાર કદાગ્રહિઓના કદાગ્રહને પણ સ્પષ્ટ કરી બતા-

વવો આવશ્યક છે. શ્રી **જીવાભિગમ**, શ્રી **ભગવતીજી**, **શ્રી જ્ઞાતાસૂત્ર**, **શ્રી ઉપાસક દશાંગ**, **શ્રી જંબૂદ્વીપ પન્નતિ**, **શ્રી કલ્પસૂત્ર**, **શ્રી ઉવવાઈ સૂત્ર**, **શ્રી નંદી સૂત્ર**, શ્રી **અનુયોગદ્વાર સૂત્ર**, શ્રી **આવશ્યક સૂત્ર** તથા શ્રી **મહાનિશીથ સૂત્ર** આદિ આગમો અને સૂત્રોમાં શ્રી જિન-પ્રતિમાની પૂજાના સેંકડો અધિકારો છે: તેમાંના કેટલાક નામ માત્ર નીચે દર્શાવવામાં આવે છે.

૧–શ્રી **જીવાભિગમ** સૂત્રમાં શ્રી **વિજય** નામના દેવે શ્રી જિનપ્રતિમાને પૂજ્યાનો વિસ્તારથી અધિકાર છે.

૨–શ્રી **ભગવતી** સૂત્રના વીસમા શતકમાં શ્રી જંઘાચા-રણ મુનિવરોએ શ્રી જિનપ્રતિમાઓને વંદન કર્યાનો અધિકાર છે.

૩–શ્રી **ઉપાસક દશાંગ** સૂત્રમાં **આણંદ** શ્રાવકનો અધિકાર છે. તેમાં શ્રી જિનેશ્વરદેવ અને શ્રી જિનબિંબ સિવાય અન્યને વંદન નહિ કરવાના તેના નિયમનું વર્ણન કર્યું છે. બીજા નવ શ્રાવકો માટે પણ એ અધિકારની ભલામણ કરી છે.

૪–શ્રી **કલ્પસૂત્ર**માં શ્રી **સિદ્ધાર્થ** રાજાએ શ્રી જિન પ્રતિમાની પૂજા કર્યાનું વર્ણન છે.

૫–શ્રી **ઉવવાઈ** સૂત્રમાં ઘણાં શ્રી જિનમંદિરોનો તથા શ્રી **અંબડ** શ્રાવકે શ્રી જિનપ્રતિમાને વાંદી તથા પૂજી, તેનો અધિકાર છે.

૬–શ્રી **જંબૂદ્વીપ પન્નતિ** સૂત્રમાં **યમક** દેવતાદિકોએ શ્રી જિનપૂજા કરેલી વર્ણવી છે.

૭–શ્રી **નંદીસૂત્ર**માં **વિશાળાનગરીની** અંદર શ્રી **મુનિસુવ્રતસ્વામિજીના** મહાપ્રભાવક થૂભ (સ્તૂપ)નું વર્ણન કરેલું છે.

૮–શ્રી **અનુયોગદ્વાર** સૂત્રમાં સ્થાપનાનિક્ષેપાને માન્ય રાખવાનું પ્રતિપાદન કરેલું છે.

૯–શ્રી **આવશ્યક** સૂત્રમાં શ્રી **ભરત** ચક્રવર્તિએ શ્રી જિનમંદિરો કરાવ્યાનો ઉલ્લેખ છે. શ્રી **શ્રેણિક** મહારાજા નિરન્તર એકસો આઠ **સોનાના** જવ નવા ઘડાવીને પરમાત્માની મૂર્તિ સન્મુખ સ્વસ્તિક કરતા હતા, તેનો પણ તેમાં ઉલ્લેખ છે. સર્વ લોકમાં રહેલ શ્રી જિનપ્રતિમાને આરાધવા નિમિત્તે સાધુ તથા શ્રાવકોને કાયોત્સર્ગ કરવાનું વિધાન પણ શ્રી **આવશ્યક** સૂત્રમાં છે. પુષ્પાદિકથી શ્રી જિનપૂજા કરનારનો સંસારક્ષય થઈ જાય છે, તેનું વર્ણન પણ ત્યાં છે. **પ્રભાવતી** શ્રાવિકાએ શ્રી જિનમંદિર બંધાવ્યાનું તથા શ્રી જિનપ્રતિમા સમક્ષ નાટક કર્યાનું વર્ણન પણ છે. બીજા પણ શ્રી જિનપ્રતિમાના અનેક અધિકારો શ્રી **આવશ્યક** સૂત્રમાં વર્ણવેલા છે.

૧૦–શ્રી **ભગવતીજી** આદિ સૂત્રોમાં **તુંગિયા નગરીના** શ્રાવકોએ શ્રી જિનપ્રતિમાઓને પૂજ્યાના સ્પષ્ટ ઉલ્લેખો છે.

૧૧–શ્રી **વ્યવહાર સૂત્રના** પ્રથમ ઉદ્દેશામાં શ્રી જિન-પ્રતિમાની આગળ આલોયણા કરવાનું કથન છે.

૧૨–શ્રી જિનપ્રતિમાને પૂજવાથી, યાવત્ મોક્ષ પર્યંતનાં ફળોની પ્રાપ્તિ થાય છે, એમ શ્રી **રાયપસેણી** આદિ સૂત્રોમાં પ્રતિપાદન કરેલું છે તથા **સુર્યાભ** દેવતાએ વિસ્તારથી શ્રી જિન-પ્રતિમા પૂજ્યાનો અધિકાર પણ શ્રી **રાયપસેણી** સૂત્રમાં છે.

૧૩–શ્રી **જ્ઞાતાસૂત્ર**માં શ્રીમતી **દ્રૌપદી**એ શ્રી જિનમંદિરમાં જઈ શ્રી જિનપ્રતિમાની પૂજા કર્યા બાદ 'શક્રસ્તવ' (નમુત્થુણં) કહ્યાનો ઉલ્લેખ છે.

૧૪–શ્રી **મહાનિશીથ** આદિ સૂત્રોમાં શ્રી જિનપ્રતિમાનાં દર્શન નહિ કરનાર મુનિ તથા પૌષધવ્રતધારી શ્રાવકને છઠ્ઠ આદિ ઉપવાસનાં પ્રાયશ્ચિત્ત કહેલાં છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે–પ્રમાદથી પણ શ્રી જિનમૂર્તિનાં પ્રતિદિન દર્શન નહિ કરનાર મુનિઓ તથા શ્રાવકો શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાના વિરાધક બને છે.

ઈત્યાદિ અનેક ઉલ્લેખો શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના સમર્થનમાં શાસ્ત્રોમાં કરેલા ટાંકી બતાવી શકાય તેમ છે. જો તેમ ન હોય તો દશપૂર્વધર શ્રી **આર્યસુહસ્તિ** મહારાજાએ, રાજા **સંપ્રતિ**ને પ્રતિબોધ પમાડી સવા લાખ શ્રી જિનમંદિર અને સવા ક્રોડ શ્રી જિનબિંબ નવાં બનાવરાવ્યાં તથા પૃથ્વીતળને શ્રી જિનમંદિરોથી મંડિત કરી દીધું તે બન્યું જ ન હોત. ત્યાર પછીના પણ સુવિહિત આચાર્યોએ રાજા અને મંત્રિઓને પ્રતિબોધ કરી શ્રી **શત્રુંજય**, શ્રી **ગિરિનાર**, શ્રી **અબુર્દાચલ** આદિ પર્વતો ઉપર અને અન્યત્ર પણ હજારો શ્રી જિનમંદિરો ક્રોડોના ખર્ચે નવાં બનાવરાવ્યાં છે, જેમાંનાં ઘણાં ખરાં અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે, તે કદી હોત નહિ.

**સૂત્રના પાઠોને ઉત્થાપો નહિ :**

સૂત્રનો એક અક્ષર ઉત્થાપન કરનારને અનન્તસંસારી કહ્યો છે, તો પછી ઠેકાણે ઠેકાણે સૂત્રોમાં કહેલા શ્રી જિન-પ્રતિમાના વંદન–પૂજનના અધિકારોને ઉત્થાપનારાઓના શા હાલ થાય ?, એ તત્ત્વદૃષ્ટિએ વિચારવા જેવું છે. સૂત્રોના ઉલ્લેખો આદિને વિચારીને કદાગ્રહને છોડી દેવો, એ જ હિતકર છે. પોતાના વિચાર પર મુસ્તાક બની આગ્રહના પુચ્છને પકડી રાખવું, એથી ઉભય લોકમાં અહિત છે. કદાગ્રહને

છોડવામાં દુઃખનો લેશ નથી, જ્યારે કદાગ્રહને નહિ છોડવામાં દુર્ગતિનાં અસહ્ય દુઃખોની આપત્તિ છે. વિવેકી આત્માઓ સૈદ્ધાંતિક બાબતોમાં પોતાના ક્ષુદ્ર વિચારોને કદી પણ આગળ કરતા નથી: અને જે બાબતોમાં શાસ્ત્રો અને શાસ્ત્રકારમહર્ષિઓ અતુલ લાભનું પ્રતિપાદન કરે છે, તે બાબતમાં પોતાનો વિરૂદ્ધ અભિપ્રાય ઉચ્ચારવાનું અનુચિત સાહસ પણ કદી કરતા નથી. સરળસ્વભાવી, ભવભીરૂ અને લઘુકર્મી આત્માઓનું એ પરમ લક્ષણ છે.

**શ્રી જિનપ્રતિમાપૂજક કેટલાક પુણ્યાત્માઓ:**

છેવટે-શ્રી જિનપ્રતિમાના પૂજનથી જે આત્માઓ અપૂર્વ લાભ પામી ગયા, તેનાં કેટલાંક દૃષ્ટાંતો નામ માત્ર અહીં ટાંકી, ઉપસંહાર કરી, આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

૧. શ્રી **શ્રેણિક** મહારાજાના પુત્ર શ્રી **અભયકુમારે** મોકલેલ ભગવાન શ્રી **ઋષભદેવસ્વામિની** પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામી, શ્રી **આર્દ્રકુમારે** જાતિસ્મરણ જ્ઞાન અને અત્યંત દુર્લભ એવા સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરી: એટલું જ નહિ, કિન્તુ અનુક્રમે મુનિપણું પામી આત્મકલ્યાણ પણ સાધ્યું છે.

૨. શ્રી **દશવૈકાલિક** સૂત્રના રચયિતા ચતુર્દશપૂર્વધર શ્રુતકેવળી ભગવાન શ્રી **શય્યંભવસૂરિજી** મહારાજા સોળમા તીર્થંકરભગવાન શ્રી **શાંતિનાથજી** મહારાજની પ્રતિમા દેખીને પ્રતિબોધ પામ્યા.

૩. શ્રી **નાગકેતુકુમાર** શ્રી જિનેશ્વરદેવની પુષ્પપૂજા કરતાં શુદ્ધ ભાવ વડે કેવળજ્ઞાન પામ્યા.

૪. શ્રીમતી **દુર્ગતા** નારી પરમાત્માના બિંબની ફુલપૂજા કરતાં કેવલજ્ઞાન પામી.

૫. શ્રી **શાંતિનાથ** ભગવાનના જીવે પૂર્વભવમાં શ્રી જિનપ્રતિમાના પૂજન અને ભક્તિથી તીર્થંકર ગોત્ર બાંધ્યું.

૬. પ્રતિવાસુદેવ શ્રી **રાવણે** શ્રી **અષ્ટાપદ** ગિરિ પર **મંદોદરી** રાણીની સાથે શ્રી જિનભક્તિ કરતાં શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

ઈત્યાદિક અનેક દૃષ્ટાંતો શ્રી જિનપ્રતિમાની ભક્તિના અચિન્ત્ય ફાયદાઓને બતાવનારાં શાસ્ત્રોમાં હયાત છે.

**ભક્તિરાગથી કામરાગાદિનો નાશ થાય છે :**

શ્રી **દશવૈકાલિક** સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે કે–

" चित्तभित्तिं न निज्झाए, नारिवासुअलंकियं।
भक्खरमिव दट्ठूण, दिट्ठिं पडिसमाहरे ॥१॥"

"ચિત્રામણની ભીંત પણ સ્ત્રીથી અલંકૃત હોય, તો તેને મુનિએ જોવી નહિ : કદાચ દેખાઈ જાય તો સૂર્ય સામેથી જેમ દૃષ્ટિ પાછી ખેંચી લે, તેમ પાછી ખેંચી લેવી."

ભીંત ઉપર ચિત્રેલી સ્ત્રીની મૂર્તિ જોવાથી પણ જો કામવિકાર પેદા થાય છે, તો સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવનાં મનોહર બિંબ જોવાથી ભક્તિરાગ ઉત્પન્ન કેમ ન થાય ? એ ભક્તિરાગ કામરાગાદિ દુષ્ટ રાગોનો નાશ કરનાર છે. એ કારણે જ્યાં સુધી આત્મા ઉપર કામરાગાદિ દોષોની સત્તા બેઠેલી છે, ત્યાં સુધી તેણે તેનું નિવારણ કરવાના અમોઘ ઉપાય રૂપ શ્રી જિનપ્રતિમાદિકના દર્શન–પૂજનનું અવલંબન છોડી દેવું, એ ઈરાદાપૂર્વક નાશનો ઉપાય છે. શૃંગારરસથી ભરેલું સ્ત્રીનું ચિત્ર જેમ રાગભાવને જાગૃત કરે છે, તેમ શાંતરસથી ભરપૂર શ્રી જિનનું પ્રતિબિંબ વિરાગભાવને અવશ્ય પેદા કરે

છે. રાગ એ સંસારવૃદ્ધિનું નિમિત્ત છે અને વિરાગ એ સંસારના છેદનું પરમ કારણ છે.

**શ્રી જિનપ્રતિમાદર્શનથી થતો લાભ :**

શુભ ભાવનાને પ્રાપ્ત કરવા માટે આ પંચમ કાળમાં શ્રી જિનપ્રતિમા અને શ્રી જિન-આગમ સિવાય બીજું કોઇ સાધન નથી. શ્રી જિનપ્રતિમાને જોઇને પ્રભુના ગુણો યાદ આવે છે અને પ્રભુના ગુણો યાદ આવવાથી તેને પ્રાપ્ત કરવાની શુભ ભાવના જાગ્રત થાય છે. એ ભાવનામાં ને ભાવનામાં જ અનન્ત કાળનાં સંચિત કરેલાં મોહનીયાદિ દુષ્ટ કર્મો ક્ષય પામે છે. કર્મલઘુતા થવાથી સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવાથી તેની અખંડ આરાધના દ્વારા આત્મા અચિરકાળમાં જ સર્વ બંધનોથી મુક્ત બની અવ્યાબાધ સ્થાનને પ્રાપ્ત કરે છે.

**દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય જોઇએ :**

મોક્ષમાર્ગ એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના રૂપ છે. શ્રી જિનશાસનમાં એકલા જ્ઞાનથી, એકલી શ્રદ્ધાથી કે એકલા ચારિત્રથી મુક્તિ માની નથી. એ ત્રણેનો સમાયોગ થાય, ત્યારે જ આત્મ-મુક્તિ રૂપી કાર્યની સિદ્ધિ થાય છે. વ્યવહારમાં પણ એકલા જ્ઞાનાદિકથી કાર્યની સિદ્ધિ દેખાતી નથી. એ નિયમ મોક્ષમાર્ગમાં પણ લાગુ પડે છે. એકલા જ્ઞાનથી જ જો ફળ મળી શકતું હોય, તો ભોજનના જ્ઞાન માત્રથી આત્માની તૃપ્તિ થઈ જવી જોઈએ. એકલી ક્રિયાથી જ કાર્યની સિદ્ધિ થતી હોય, તો પૂર્વમાં જવાની ઈચ્છાવાળાને પશ્ચિમમાં ચાલવાથી પણ ઈચ્છિત સ્થાનની પ્રાપ્તિ થઈ જવી જોઈએ. એકલી શ્રદ્ધાથી જ જો ફલ પેદા થતું હોય, તો

સ્વર્ગ યા અપવર્ગ છે એવી શ્રદ્ધા માત્રથી તેનો યોગ થઈ જવો જોઇએ. ઉપાયના જ્ઞાનની શ્રદ્ધાવાળો ફોતરાં જૂદાં કરવાની ક્રિયા કર્યા વિના ફોતરાં પણ જૂદા કરી શકતો નથી. વાસણનો કાટ કે કપડાંનો મેલ, તેને દૂર કરવાનું જ્ઞાન અને શ્રદ્ધા હોવા છતાં વગર ક્રિયાએ દૂર થઇ શકતો નથી. એકલી ક્રિયા કે એકલા ચારિત્રથી જ મુક્તિ થતી હોત તો અભવ્યોની પણ મુક્તિ થઈ જવી જોઈએ. આ વિષયમાં બીજાં પણ અનેક દૃષ્ટાંતો આપી શકાય છે : જેવાં કે–એકલા ભાગ્યથી જ ઈપ્સિતની પ્રાપ્તિ થતી હોત, તો ધન પેદા કરવા કોઈને પણ પ્રયત્ન કરવો પડત જ નહિ. એકલા પ્રયત્નથી જ ધન મળતું હોત, તો દુનિયામાં કોઈ નિર્ધન રહેત જ નહિ. એકલા વચનથી જ કાર્ય થતું હોત, તો–'હું જીવતો રહું'–એટલું બોલવા માત્રથી જ કોઈને મરવું પડત નહિ. વચન વિના વિચારથી જ કાર્યની સિદ્ધિ થતી હોત, તો તૃષાતુરને પાણી માગવાની જરૂર રહેત નહિ અગર બોર ( કોઈ પણ વસ્તુ) વેચવા માટે બોલવાની આવશ્યક્તા પડત નહિ. એકલા ઉદ્યમથી જ કાર્યની સિદ્ધિ થતી હોત, તો વન્ધ્યા સ્ત્રીને પણ પુત્રની પ્રાપ્તિ થવી જોઈએ. એકલા સ્વભાવથી જ કાર્ય સિદ્ધ થતું હોત, તો કુમારી કન્યા પણ ગર્ભવતી બની જવી જોઈએ. એકલા પ્રયત્નથી જ જો કાર્ય સિદ્ધ થતું હોત તો આંબો આજે વાવેલો આજે જ ફળી જવો જોઈએ. એકલા કાળથી જ, કાર્યસિદ્ધિ થતી હોત, તો સમસ્ત સંસાર આજ પહેલાં પણ ખાલી થઈ જવો જોઈએ. અને કાર્ય સિદ્ધ થવામાં કાળની પણ જરૂર ન હોત, તો ગર્ભિણીને ગર્ભના પ્રથમ દિવસે જ પ્રસૂતિ થવી જોઈએ. ભવિતવ્યતાની પણ જરૂર ન હોત તો બધાએ ભવ્યો સાથે જ

મુક્તિ જવા જોઈએ. આથી એ જોઈ શકાશે કે-પ્રત્યેક કાર્યની સિદ્ધિમાં જ્ઞાન અને ક્રિયા, શબ્દ અને અર્થ, ઉદ્યમ અને પુરૂષાર્થ, કાળ અને સ્વભાવ, ભવિતવ્યતા અને ભાગ્ય એ બધી જ વસ્તુઓ એકત્ર થઈ ને કાર્યસાધક બને છે. એમાંથી એકેક કારણને પકડી, બીજાં કારણોની અવગણના કરવાથી કાર્યસિદ્ધિ ત્યાં જ અટકી પડે છે. મુક્તિ, એ પણ એક કાર્ય છે: તેની સિદ્ધિ માટે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સાથે સમ્યક્શ્રદ્ધા પણ અનિવાર્ય છે. એ સમ્યક્શ્રદ્ધાની પ્રાપ્તિમાં વર્તમાન કાળે શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનાગમનો જ એક મોટો આધાર છે. શ્રી જિનાગમને માન્ય રાખીને પણ, શ્રી જિનપ્રતિમાની અવગણના કરવા તૈયાર થનાર આત્માઓ, સમ્યક્શ્રદ્ધાની પ્રાપ્તિના એક અપૂર્વ અંગથી રહિત બને છે. એ અપૂર્વ અંગથી શૂન્ય બન્યા પછી, સમ્યક્શ્રદ્ધાની અભિલાષા રાખવી એ હાથ-પગને કાપી નાંખ્યા પછી જંગલમાંથી નગરની પ્રાપ્તિની અભિલાષા રાખવા જેવું છે. સમ્યક્શ્રદ્ધા યા સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ માટે શ્રી જિનેશ્વરદેવની જેમ શ્રી જિનેશ્વર-દેવની મૂર્તિની પણ તેટલા જ ભાવપૂર્વકની ભક્તિની આવશ્યકતા છે. બીજા શબ્દોમાં-શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ ઉપર જેને ભાવ થતો નથી, તેને શ્રી જિનેશ્વરદેવ ઉપર ભાવ છે, એમ માનવું એ જ ભ્રમ છે. વ્યવહારમાં પણ જેના ઉપર પ્રેમ હોય છે, તેનાં પ્રત્યેક અંગો પ્રેમીને મન આદરનો વિષય હોય છે. આશક ( કામી પુરૂષ )ને તેની માશુક ( કામનું પાત્ર સ્ત્રી )ના અભાવમાં તેની પ્રતિકૃતિ ( છબી ) સિવાય શાન્તિ આપનાર બીજું કોઈ નથી. વિરહી પુરૂષોને તેમનાં વિરહી પાત્રોની ગેરહાજરીમાં એ પાત્રોની છબીઓનાં દર્શનથી પણ શાન્તિ

થાય છે. 'એ શાન્તિ કલ્પિત છે'—એમ કહેવામાં આવે તો સાક્ષાત્ દેહનાં દર્શનથી થતી શાન્તિ પણ કલ્પિત નથી, એમ કહી શકાય તેમ નથી. છબીનાં દર્શન એ જેમ વ્યક્તિનાં દર્શન નથી, તેમ દેહનાં દર્શન એ પણ વ્યક્તિ ( આત્મા )નાં દર્શન નથી. વ્યક્તિ રૂપ આત્મા તો દેહમાં છૂપાયેલો છે. એને સાક્ષાત્ દેખવાની તાકાત છદ્મસ્થોમાં છે નહિ. છદ્મસ્થોને તો દેહનાં દર્શનથી એનું માત્ર અનુમાન છે.

ઉપસંહાર :

છબી યા મૂર્તિ એ દેહની જ છાયા છે. જેઓને દેહનું દર્શન ગમે છે, તેઓને તેની જ છાયાનું દર્શન ન ગમે, એ બુદ્ધિમાં ન ઉતરી શકે તેવી વાત છે. છતાં જેઓ એમ કહે છે કે—' અમને શ્રી જિન ગમે છે, પણ શ્રી જિનની મૂર્તિ ગમતી નથી.'—તેઓ સાચા છે એમ કયી રીતિએ માની શકાય ? સાક્ષાત્ શ્રી જિનના પ્રેમી, એમના વિરહકાળમાં શ્રી જિનની જ મૂર્તિનાં દર્શનને પામે, તો દુષ્કાળમાં ઘેબરનાં ભોજન મળ્યા જેટલો આનન્દ અવશ્ય અનુભવે. જેઓ શ્રી જિનની મૂર્તિનાં દર્શનથી એ જાતિના આનન્દનો અનુભવ નથી કરી શકતા, તેઓના અંતરમાં શ્રી જિન પ્રત્યે તેવા પ્રકારનો પ્રેમ નથી પ્રગટ્યો, એમ માનવું એ જ વ્યાજબી છે. એ રીતે પોતાની ખામીને જોતાં શીખવું, એ ઉન્નતિનો ઉપાય છે. એ સિવાય જેટલી વાતો કરવી, તેનો કાંઈ જ અર્થ નથી. શ્રી જિનેશ્વરદેવોના સાક્ષાત્ વિરહકાળમાં પ્રાપ્ત થયેલ શ્રી જિન-બિંબોની પૂજા અને અર્ચના દ્વારા આરાધના આદિમાં જે કોઈ આત્મા એકતાન બની જશે, તે આત્મા એ આરાધનાના પ્રતાપે મોહનીય અને અંતરાયાદિ દુષ્ટ કર્મોનો છેદ કરી, થોડા

જ વખતમાં શ્રી જિનનો સાક્ષાત્ સમાગમ મેળવવા પણ ભાગ્યશાળી બની શકશે : કિન્તુ એથી વિપરીત વર્તાવ કરનાર આત્માઓ પ્રાપ્ત થયેલ ઉત્તમોત્તમ સામગ્રીઓને કોડીના મૂલ્યે હારી જઈ, જાતને વિરાધક બનાવી, અનન્ત સંસારસાગરમાં ધકેલાઈ જશે : જ્યાંથી બહાર આવવા માટે પણ અનન્ત કાળ નીકલી જશે. સૌ કોઈ આવા દુર્ભાગ્યથી બચો અને આરાધનાશીલ બની કલ્યાણ સાધો, એ જ અભિલાષા. અસ્તુ.

# સર્વદર્શન-સમભાવની પોકળ માન્યતા

મિથ્યાત્વનો ઉદય:

'સર્વ દર્શનો સમાન છે.'-એ જાતિની માન્યતા આજે જ પ્રચાર પામી રહી છે, એવું કાંઈ જ નથી. શ્રી જૈનદર્શને એક એવા પ્રકારના મિથ્યાત્વનો ઉદય માનેલો જ છે, કે જેના ઉદય વખતે આત્મા સત્ય અને અસત્યનો વિવેક કરવાનું સામર્થ્ય ગુમાવી બેસે છે. સત્ય અને અસત્ય ઉભયને સમાન માનવા લલચાય છે : સત્ય અને અસત્ય ઉભયને સરખો આદર આપવો એ એને કર્ત્તવ્ય રૂપ લાગે છે. એ જાતિના મિથ્યાત્વને અનભિગ્રહિત અથવા અનાભિગ્રહિક મિથ્યાત્વ માનેલું છે. મિથ્યાત્વના બીજા પ્રકારો કરતાં એ કોઈ પણ રીતે ઉતરતું છે,

એમ માનવાની લેશ પણ આવશ્યકતા નથી. અભિગ્રહિત કે આભિગ્રહિક મિથ્યાત્વનો જન્મ જેમ સાંશયિક મિથ્યાત્વમાંથી થાય છે અને સાંશયિક મિથ્યાત્વનો જન્મ જેમ અનાભોગિક મિથ્યાત્વમાંથી થાય છે, તેમ આભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વનો જન્મ સત્યાસત્યને સમાન માનવાની વૃત્તિમાંથી ઉત્પન્ન થાય છે. સાચું અને ખોટું ઉભય સમાન છે, એ માનવાની વૃત્તિ કોઈ પણ રીતે પ્રશંસાપાત્ર નથી. કોઈ પણ દેશ કે કોઈ પણ કાળમાં એ વૃત્તિને વિવેકી આત્માઓએ સ્વીકાર કરવા લાયક માની નથી. જગતના વ્યવહારમાં પણ એવી વૃત્તિ ધરાવનારો નિર્વિવેકી, અજ્ઞાન અને મૂર્ખાનો શિરોરત્ન હોવાનું ગણાય છે.

અભેદનો અભાવ:

ભિન્ન ભિન્ન દર્શનો જો એક જ સિદ્ધાંતનું નિરૂપણ કરતાં હોય, તો તેને ભિન્ન ભિન્ન દર્શન કહી શકાય જ નહિ. ભિન્ન શબ્દ જ ભેદનો સૂચક છે. જ્યાં ભેદ છે, ત્યાં પાર્થક્ય અવશ્ય છે અને જ્યાં પાર્થક્ય છે, ત્યાં ઐક્યનો સર્વથા અભાવ છે. જો કે-શ્રી જૈનદર્શને સર્વથા પૃથક્ વસ્તુઓમાં પણ અનેક સદૃશ ધર્મો હોવાનો ઈન્કાર કર્યો નથી, પરન્તુ તેટલા માત્રથી સર્વ વસ્તુઓ સમાન છે, એ સિદ્ધાન્ત પણ શ્રી જૈનશાસનને માન્ય છે, એમ માનવું એ શ્રી જૈનદર્શનનું કારમું અજ્ઞાન સૂચવે છે. શુક્તિકા (છીપ) અને રજત (ચાંદી) એ બંનેમાં શ્વેતતા, સ્વચ્છતા, ચકચકીતતા આદિ અનેક ધર્મો સમાન હોવા છતાં, શુક્તિકા અને રજત એ બેનું સમાન મૂલ્ય આંકનારો બુદ્ધિમાન છે, એમ કહેવા માટે કોણ તૈયાર છે? રજ્જુ અને સર્પ એ બેમાં દીર્ઘત્વ, શ્યામત્વ, ભયાનકત્વ આદિ સમાન ધર્મો સ્પષ્ટ દેખાવા છતાં,

રજ્જુને સર્પ માનવા તૈયાર થવું, એ કોઈ પણ રીતે યથાર્થ જ્ઞાનની કોટિમાં આવી શકે તેમ નથી જ. એજ રીતે સ્થાણુ અને પુરૂષ, કંચન અને કથિર, ધુળ અને ધુમાડો આદિ સંખ્યાબંધ પદાર્થો એવા છે કે-જેમાં અનેક ધર્મોની સમાનતા પ્રત્યક્ષ છતાં, જગત એને સમાન માનવા તૈયાર નથી. એ જાતિનું આંશિક સમાનધર્મિપણું દેખીને જો કોઈ પણ આત્મા તે તે વસ્તુઓને એક જ સરખી કહી દેવા તૈયાર થાય, તો તેને અજ્ઞાન, બુદ્ધિહીન કે વ્યવહાર માટે સર્વથા નાલાયક કહેવા માટે પણ દુનિયા હંમેશાં તૈયાર છે.

**અમૃત અને વિષ :**

આ રીતે સમાન ધર્મોવાળા પદાર્થોમાં પણ તેવા પ્રકારના બીજા અનેક અસમાન ધર્મો વિદ્યમાન હોવાથી, તે પદાર્થોના પરસ્પરના મૂલ્યમાં જેમ અનેકગુણો તફાવત પડી જાય છે, તેમ જગતનાં સર્વ દર્શનોમાં દર્શન શબ્દ અને બીજી કેટલીક સમાનતા હોવા છતાં, પરસ્પર સર્વથા વિરૂદ્ધ સિદ્ધાન્તોના પ્રતિપાદનથી, તેઓમાં મોટું અંતર પડી જાય છે. એ અંતરને જાણનારા તત્ત્વજ્ઞ પુરૂષો ત્યાં સુધી પ્રતિપાદન કરે છે કે-

" त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ॥१॥ "

—इति श्री वीतरागस्तोत्रे हेमचंद्रसूरयः ।

પરમોપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રી **હેમચંદ્ર**સૂરિવર શ્રી વીતરાગ સ્તોત્રમાં ફરમાવે છે કે-" હે ભગવન્ ! અન્ય શાસનો સાથે તારા શાસનની સમાનતા છે, એમ જે આત્માઓ માને છે, તે આત્માઓનું ચૈતન્ય હણાઈ ગયું છે : કારણ કે-તેઓ અમૃતને જ વિષની સાથે સરખાવે છે. "

આ રીતે તત્ત્વજ્ઞ પુરૂષોનો નિર્ણય હોવા છતાં પણ, તેવા પ્રકારના મિથ્યાત્વથી રીબાતા અજ્ઞાન આત્માઓ, સર્વ દર્શનોને સમાન માનવા લલચાય, તો તેમાં જરા પણ અસંભવિત નથી. એટલા જ માટે મહાજ્ઞાનિપુરૂષો મિથ્યાત્વને એક કારમા રોગ તરીકેની ઉપમા આપે છે. મિથ્યાત્વ એ કારમો રોગ છે, એટલું જ નહિ, કિન્તુ જગતના જીવોનો એ અનાદિકાળનો કટ્ટર દુશ્મન છે. એક મિથ્યાત્વે જગતનું જેટલું અહિત કર્યું છે, તેટલું અહિત જગતના કોઈ પણ પાપે કર્યું નથી. હિંસા આદિ અનેક પ્રકારનાં પાપાચરણો આત્માનું તેટલું અહિત નથી કરી શકતાં, કે જેટલું અહિત એક મિથ્યાત્વ જ કરે છે. એ કારણે અનન્તજ્ઞાનિઓએ એ મિથ્યાત્વને કારમો રોગ, કટ્ટર શત્રુ, ગહન અંધકાર, પરમ શસ્ત્ર, પરમ દૌર્ભાગ્ય, પરમ દારિદ્ય, પરમ દુર્ભિક્ષ, પરમ સંકટ, પરમ કંતાર અને પરમ નરકસંચાર આદિ અનેકાનેક દુષ્ટ ઉપમાઓથી નવાજ્યું છે. એ જાતિની દુષ્ટ ઉપમાઓવાળા મિથ્યાત્વના કોઈ પણ અંશથી જે આત્મા લેશ પણ ઘેરાયેલો હોય છે, તે આત્માને તે હાલતમાં સાચા માર્ગનું દર્શન થવું પણ પરમ દુર્લભ હોય છે.

<u>ટૂંક નજર:</u>

શ્રી જૈનદર્શનની જેમ ઈતર દર્શનના અનુયાયિઓ પણ, પોતપોતાના દર્શનની માન્યતાઓ સત્ય છે, એમ મનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. એમનો એ પ્રયત્ન કેટલા અંશે ફલિભૂત થાય એમ છે, એનો વિચાર આપણે અહીં કરવો છે. સઘળાં દર્શનોની સવિસ્તર માન્યતાઓ આટલા ટુંકા લખાણમાં દર્શાવી શકાય એ શકય નથી, તો પણ મૂખ્ય મૂખ્ય ગણાતાં દર્શનોનું સામાન્ય માનવું શું છે અને તેની સામે શ્રી જૈનદર્શનનું

સામાન્ય વક્તવ્ય શું છે, તેને બને તેટલા સંક્ષેપથી જોઈ જવાનો આ એક પ્રયાસ છે. દર્શનોમાં ગણના થતી હોય તેવાં મૂખ્ય દર્શનો નીચેનાં દર્શનોમાં અંતર્ગત થઈ જાય છે. બૌદ્ધ, ચાર્વાક, વેદાન્ત, સાંખ્ય, પાતંજલ, નૈયાયિક, વૈશેષિક અને જૈન,–એ બધાં દર્શનો દર્શન નામથી સુવિખ્યાત છે. એ ઉપરાન્ત બીજા અનેક મતો પૂર્વ અને પશ્ચિમના દેશોમાં હયાતિ નથી ધરાવતા એમ નથી, તો પણ તે સઘળાની માન્યતાઓ એક યા બીજા પ્રકારે ઉપર્યુક્ત દર્શનોમાં સમાવેશ પામી શકે છે. એટલા જ માટે આ નાના લેખમાં આપણે ઉપર્યુક્ત મૂખ્ય દર્શનોના સિદ્ધાન્તો ઉપર ટુંક નજર નાંખી, પ્રત્યેક દર્શનોમાં રહેલી માન્યતાઓ કેટલી ભિન્ન અને પરસ્પર-વિરૂદ્ધ છે તેની તુલના કરવી છે, અને એ સર્વ માન્યતાઓમાં શ્રી જૈનદર્શન કેવું સર્વોપરિપણું ભોગવે છે, એ વિચારવું છે.

### જૈમિનીયદર્શન :

દર્શનોમાં સૌથી પ્રથમ વેદાન્તદર્શન વધુ ધ્યાન ખેંચનાર છે. તેનું સાહિત્યસર્જન પણ બહોળું છે અને તેના અનુયાયિઓની સંખ્યા પણ અધિક છે. વેદાન્તના પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એમ બે ભેદ છે. તેમાં પૂર્વમીમાંસા એ જૈમિનીયદર્શન તરીકે ઓળખાય છે અને ઉત્તરમીમાંસા એ અદ્વૈતવાદ તરીકે પ્રસિદ્ધ છે. પૂર્વમીમાંસા, કે જે જૈમિનીય દર્શનના નામથી પ્રસિદ્ધ છે, તે યજ્ઞયાગાદિક વૈદિક ક્રિયાકાંડ ઉપર મૂખ્ય શ્રદ્ધા ધરાવે છે. તત્ત્વજ્ઞાનશૂન્ય ક્રિયાકલાપો કે માત્ર અર્થશૂન્ય કર્મકાંડો જિજ્ઞાસુ અને વિચારશીલ વ્યક્તિઓને તેવા પકારનો સંતોષ આપી શકે એ શકય નથી : એટલા જ ખાતર ઉપનિષદો, કે જે વેદના જ એક અંશરૂપ ગણાય છે,

તેણે પણ તેવા પ્રકારના યુક્તિશૂન્ય ક્રિયાકલાપો અને અર્થ-શૂન્ય કર્મકાંડોનો સખ્ત વિરોધ કર્યો છે. એટલું જ નહિ, પણ ચાર્વાકદર્શનકારથી માંડી સઘળા દર્શનકારોએ તેવાં તત્ત્વજ્ઞાન-વિહીન વિધિ-વિધાનોને, પછી તે વેદમાં પણ કહેલાં હોય તો પણ, તેને સત્ય સુખનાં સાધક માન્યાં નથી.

ચાર્વાકદર્શન :

વૈદિક ક્રિયાકાંડ ગમે તેટલાં અર્થશૂન્ય હોય, તો પણ તેથી લોકોની ભોગલાલસા ઉપર અમૂક પ્રકારનો કાપ અવશ્ય પડે છે, જ્યારે ચાર્વાકદર્શનને એ બીલ્કુલ પાલવી શકે તેમ નથી. સ્વચ્છન્દ ઈન્દ્રિયવિલાસનો માર્ગ સહજ પણ કંટકમય ન બને, એ માટે ચાર્વાકદર્શને પૂરેપૂરી સાવધગીરી રાખી છે. એની ખાતર એ જૈમિનીયદર્શનનો વિરોધ કરે એ સહજ છે. કેવળ ઈન્દ્રિયપોષણાની ખાતર જ ચાર્વાકદર્શન સર્વ દર્શનોનો વિરોધ કરી રહ્યું છે. વેદોક્ત ક્રિયાકલાપો પ્રત્યે પોતાનો વિરોધ દર્શાવવા માત્રથી ચાર્વાકદર્શન બીજાં દર્શનોની કોટિમાં આવી શકે તેમ છે, એમ માનવું એ કોઈ પણ રીતિએ ઘટિત નથા. ચાર્વાકદર્શને વૈદિક કર્મકાંડો પ્રત્યે પોતાનો અણ-ગમો દર્શાવવા છતાં, '**पिब ! खाद ! च चारुलोचने !**' જેવાં અશ્લિલ વાક્યોનો ઉપદેશ કરીને, ભારતવર્ષનાં આધ્યાત્મિક દર્શનોમાં પોતાની પ્રતિષ્ટા ગુમાવી દીધી છે. એ વાત દર્શન-શાસ્ત્રોના અભ્યાસિઓથી અજાણી નથી.

બૌદ્ધદર્શન :

બૌદ્ધદર્શનનો વૈદિક ક્રિયાકલાપ સામેનો વિરોધ, ચાર્વા-કદર્શનની જેમ કેવળ યુક્તિશૂન્ય કે ઈન્દ્રિયપોષણાની ખાતર જ નથી. બૌદ્ધદર્શનની પાસે કર્મનો સિદ્ધાંત છે. 'જીવનાં સુખ-

દુઃખ કર્માધીન છે.'-એવી તેઓની દૃઢ માન્યતા છે. 'જે કાંઈ કરીએ છીએ અને જે કાંઈ કર્યું છે, તે પ્રમાણે જ સુખ-દુઃખનો અનુભવ કરવાનો છે. અસાર અને માયાવી ભોગવિલાસો ગમે તેટલા આકર્ષક લાગે, તો પણ તેની પૂંઠે પડનાર આત્મા દુઃખ અને કલેશની પરંપરા સિવાય આધક કાંઈ પણ પામી શકતો નથી. ભોગવાસનામાંથી ઉદ્ભવ પામતા અવિરત દુઃખ અને કલેશમાંથી છૂટવાનો એક જ રસ્તો કર્મની જાળમાંથી છૂટવાનો છે. કર્મની જાળમાંથી છૂટવા માટે કુકર્મોનો ત્યાગ અને સુકર્મોનું આચરણ પણ જરૂરી છે. ભોગવિલાસના સ્થાને વૈરાગ્ય અને સંયમ, તપ, જપ અને ધ્યાન, તથા હિંસા અને અસત્ય આદિના સ્થાને અહિંસા, સત્ય અને બ્રહ્મચર્ય આદિ સદાચરણો સ્થાપવાં જોઈએ. વૈદિક હિંસક યજ્ઞો નિરપરાધ પ્રાણિઓની હત્યા કરાવનાર હોવાથી, એને આચરનાર ભવભ્રમણના દુઃખ સિવાય કાંઈ પણ સારૂં ફળ મેળવી શકતો નથી.' -આ જાતિના ઉપદેશની સામ્યતાથી કોઈ પણ આત્મા એમ માનવા લલચાય કે-બૌદ્ધદર્શન અને જૈનદર્શન એ સમાન છે અગર એક જ દર્શનની બે શાખાઓ છે, તો તે સામાન્ય ભૂલ કરતો નથી, કિન્તુ ગંભીર ભૂલ કરે છે. આ જાતિની ઉપદેશસામ્યતા એક ચાર્વાકદર્શનને છોડી ઓછા-વધતા અંશે બીજાં પ્રત્યેક દર્શનોમાં રહેલી છે, પણ તેટલા માત્રથી બધાં દર્શનો વચ્ચે રહેલું પૂર્વપાશ્ચમ જેટલું અંતર અગર શ્રી જૈનદર્શનની સાથે બીજાં દર્શનોનું દિન-રાત જેટલું અંતર કદી પણ પૂરાઈ શકે તેમ નથી.

**અસત્ય અભિનિવેશ:**

બૌદ્ધદર્શનનો, હિંસક વેદશાસન અમાન્ય રાખવાનો

ઉપદેશ સત્ય છે: અહિંસા અને ત્યાગનો આગ્રહ પણ વ્યાજબી છે: કર્મબંધન છેદવાની વાત પણ તેટલી જ જરૂરી છે: તેમ છતાં પણ-'મોક્ષ શું અને આત્મા કોણ?'-તેનો બૌદ્ધદર્શન પાસે કોઈ ઉત્તર માગે, તો તેની પાસે કશો જ સંતોષકારક જવાબ નથી. તે જે કાંઈ ઉત્તર આપે છે, તેના ઉપર વિચાર કરવામાં આવે, તો તેને બુદ્ધિમત્તાની દૃષ્ટિએ ચાર્વાકદર્શન કરતાં કોઈ પણ રીતિએ ઉંચી કોટિમાં મૂકી શકાય તેમ નથી. તે કહે છે કે-'આત્મા એટલે શૂન્ય, અર્થાત્-કાંઈ જ નહિ અને મોક્ષ એટલે મહાશૂન્યમાં મળી જવું, અર્થાત્-સદાકાળ અંધકારમાં જ આથડવું.' આ ઉત્તર કોઈ પણ બુદ્ધિમાનના ગળે ઉતરે તેવો નથી. એવી જાતિના મોટી શૂન્યતાવાળા નિર્વાણ માટે કે અનન્તકાળવ્યાપી મહા સ્તબ્ધતા માટે કોઈ પણ બુદ્ધિશાળી આત્મા કઠોર તપ-સંયમાદિ આચરવા તૈયાર થાય, એ વાત છેક જ અશકય છે. આ જીવન ભલે નિ:સાર હોય, પણ તેની પછી મળવાવાળું જીવન જો આથી પણ વધુ નિ:સાર હોય, તો તેને મેળવવા માટે કયો બુદ્ધિમાન પ્રયાસ કરે? બૌદ્ધદર્શનનો આ જાતિનો અનાત્મવાદ અને તેના નિર્વાણ વિષયક કલ્પના જાણવા છતાં પણ, જૈનદર્શન અને બૌદ્ધદર્શન સમાન છે, એવી વાતો કોઈ ફેલાવતું હોય, તો તે અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે કે આભિનિવેશિક (ઇરાદાપૂર્વક જુઠું બોલનાર) મિથ્યાદૃષ્ટિ છે, તેનું માપ કાઢવું સ્વયં વાંચકોને સ્વાધીન છે.

**વેદાન્તદર્શન:**

પૂર્વમીમાંસક વેદાન્તિઓની જેમ ઉપનિષદોને માનનાર ઉત્તરમીમાંસક વેદાન્તિઓ હિંસક યજ્ઞયાગાદિનો સ્વીકાર કરતા નથી: એટલું જ નહિ, કિન્તુ બૌદ્ધોની જેમ અનાત્મવાદ કે

શૂન્યવાદનો પણ સ્વીકાર કરનારા નથી. તેઓ આત્માની સત્તા સ્વીકારે છે. આત્મા અનાદિ-અનન્ત છે એમ પણ માને છે. 'આત્મા છે, તે અનાદિ-અનન્ત છે, જન્મ-જન્માંતર કરે છે, પોતાના કરેલા કર્માનુસાર પોતે સુખ-દુઃખ ભોગવે છે.'-એ વિગેરે વસ્તુઓ માને છે, એટલા ખાતર તે શ્રી જૈનદર્શન સાથે પણ સમાનતા ધરાવે છે, એવું માની લેવાની કોઈ રખે જ ભૂલ કરે. ઉત્તરમીમાંસક વેદાન્તવાદિઓ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે-'જીવાત્મા અને પરમાત્મા વચ્ચે કાંઈ ભેદ જ નથી, એટલું જ નહિ પરંતુ જડ-ચેતનાત્મક સમસ્ત વિશ્વ એક જ સત્તાનો વિકાસ માત્ર છે.' '**एकमेवाद्वितीयम्**'-એ તેમનો એકનો એક સિદ્ધાંત છે. બહારનું કે અંદરનું જે કાંઈ વિશ્વ નજરે પડે છે, તે એક અદ્વિતીય સત્તાથી જૂદું કે સ્વતંત્ર નથી, કિન્તુ તેનો જ માત્ર બધો વિલાસ છે. તેના મતમાં 'તમે કે હું' 'ચેતન કે અચેતન' જેવી ભિન્ન ભિન્ન વ્યક્તિઓ કે ભિન્ન ભિન્ન વસ્તુઓ છે જ નહિ: કિન્તુ સર્વે પણ એક અને અદ્વિતીય છે. જગતમાં સત્યનું સત્ય કોઈ પણ હોય, તો તે અદ્વૈતવાદિઓના મતે આ એક જ છે. આ જાતિના એકપાક્ષિક સિદ્ધાન્તનું સ્થાપન કરનાર અદ્વૈતવાદને શ્રી જૈનદર્શન સમાન માનવો, એ શ્રી જૈનદર્શનને જેવો-તેવો અન્યાય નથી. અનાત્મવાદની આપત્તિમાંથી બચવા માટે આત્મવાદનો સ્વીકાર કરીને પણ, અદ્વૈતમતાવલંબિઓ યુક્તિશૂન્યતા કે પ્રમાણવિરોધિતાની મહા આપત્તિમાંથી લેશ પણ ઉગરી શકયા નથી. બકરૂં કાઢવા જતાં ઉંટનો પ્રવેશ થઈ જવો, '**छागापनयनेन क्रमेलकप्रवेशन्यायः।**' એ ન્યાય અદ્વૈતવાદને સંપૂર્ણ રીતિએ ચરિતાર્થ થઈ ગયો છે.

પ્રત્યેક આત્મા પોતાની સ્વતંત્ર સત્તા ધરાવે છે અને ચરાચર વિશ્વમાં અનન્ત અને (એક-બીજાથી સર્વથા) સ્વતંત્ર પદાર્થો ભરેલા છે, એ જાતિનો પ્રત્યેક વ્યક્તિનો પ્રત્યક્ષ અનુભવ જ, અદ્વૈત વેદાન્તમતનું નિરસન કરવા માટે બસ છે.

સાંખ્યદર્શન:

વેદાન્તદર્શનની જેમ સાંખ્યદર્શન આત્માનું બહુત્વ તથા આત્માથી ભિન્ન એક જડપ્રકૃતિનો સ્વીકાર કરવાની આનાકાની કરતું નથી. સાંખ્યો માને છે કે-' આત્મા અનાદિઅનંત હોવા સાથે અનેક પણ છે, એટલું જ નહિ પણ એ આત્માની સાથે અચેતન છતાં ક્રિયાશીલ પ્રકૃતિ નામની વિશ્વરચનાકુશળ એક શક્તિ પ્રાચીન કાળથી મળેલી છે, કે જેના યોગે સંસારની ઘડભાંજ થયા કરે છે. એ વિજાતીય પ્રકૃતિના અધિકારમાંથી આત્માને છૂટો કરવો, એનું જ નામ મોક્ષ છે.' આ રીતે સાંખ્યદર્શન, શ્રી જૈનદર્શનની સાથે આત્મબહુત્વવાદ, વિજાતીય પદાર્થનું અસ્તિત્વ, તેનો આત્માની સાથે વળગાડ અને તે વળગાડથી આત્માને છૂટો પાડવા રૂપ મોક્ષ, એ વિગેરે વિષયોમાં મળતાપણું ધરાવે છે : છતાં પણ સાંખ્યદર્શન જે અનેક પ્રકારની ત્રૂટિઓથી ગ્રસ્ત છે, તેમાંની એક પણ ત્રૂટિ શ્રી જૈનદર્શનને સ્પર્શ પણ કરી શકતી નથી. એ ત્રૂટિઓમાં એક મૂખ્ય ત્રૂટિ, કે જેનો સાંખ્યદર્શન ભોગ થઈ પડેલ છે, તે છે-તેઓની પરમાત્મવિષયક અશ્રદ્ધા. સાંખ્યદર્શનમાં કોઈ પણ શુદ્ધ કે પરિપૂર્ણ પરમાત્માને સ્થાન મળ્યું નથી. તેના મતે પુરૂષને પ્રકૃતિથી અલગ અનુભવવો તે મોક્ષ છે અને તે મોક્ષને પ્રાપ્ત કરવાનો ઉપાય એક માત્ર વિવેક અર્થાત્ પુરૂષપ્રકૃતિનું ભેદવિજ્ઞાન છે. તે સિવાય પરમાત્મા,

ઈશ્વર યા વિભુ જેવી કોઇ વ્યક્તિનું સાંખ્યદર્શનમાં સ્થાન નથી. એનું કારણ એ છે કે-તેઓના મતે પ્રત્યેક આત્મા સર્વદા જલકમલપત્રવત્ નિર્લેપ છે. સાંખ્યમતમાં સંસારી આત્મામાં કે મોક્ષ પામેલા આત્મામાં કોઈ જાતનો તફાવત છે જ નહિ. બુદ્ધિ, અહંકાર આદિ સઘળા ધર્મો જડ પ્રકૃતિના છે. આત્મા ચેતન હોવા છતાં બુદ્ધિશૂન્ય અને અક્રિય છે. તેમના મતે સર્વ પ્રકારની ક્રિયાકારિણી અને જ્ઞાનધારિણી અચેતન પ્રકૃતિ છે, કે જે બધો વ્યવહાર કરે છે. આત્મા કર્તા પણ નથી અને પરમાર્થથી ભોક્તા પણ નથી. એ રીતે માનવાથી પુણ્ય-પાપ કે બન્ધ-મોક્ષ આદિ તત્ત્વોની સુઘટિત વ્યવસ્થા કરી શકવા માટે સાંખ્યમત સર્વથા નિષ્ફળ નિવડે છે: એટલું જ નહિ, કિન્તુ સંસારી અને મુક્ત આત્મામાં કોઈ જાતિનું અન્તર નથી, એમ પ્રતિપાદન કરી પ્રમાણપ્રતિષ્ઠિત સકલકર્મમુક્ત પરમાત્મપદની સત્તાનો અસ્વીકાર કરવા પ્રેરાય છે. આવા અનેક દોષો તેમાં રહેલા છે.

**યોગદર્શન :**

પુણ્ય-પાપ કે બન્ધ-મોક્ષની વ્યવસ્થા સુઘટિત બનાવવા માટે સાંખ્યમત જ્યારે નિષ્ફળ નિવડે છે, ત્યારે તેની સામે યોગ યાને પાતંજલદર્શન એક પરિપૂર્ણ અને શુદ્ધ ઈશ્વરનો સ્વીકાર કરે છે, કે જે તેના મતે જીવ માત્રનો અધીશ્વર છે: સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ સુખ અને સંપૂર્ણ શક્તિનો આધાર છે: તથા જગતનો સ્વયં સ્રષ્ટા છે. ઈશ્વરવિષયક યોગદર્શનની આ જાતિની કલ્પના, શ્રી જૈનદર્શનથી તદ્દન વિપરીત છે. શ્રી જૈનદર્શનનો એ પ્રશ્ન છે કે-'જીવ માત્રનો અધીશ્વર તેવો ઈશ્વર જો જગતનો કર્તા છે, તો સર્વને સુખી

કેમ બનાવી શકતો નથી ?' આ એક મહાન્ પ્રશ્ન તેઓની સામે સદા ખડો છે. તેનો ઉત્તર આપવા માટે તેઓને પણ આખરે કર્મવાદનો આશ્રય લેવો પડે છે અને તેથી ઈશ્વર સર્વ શક્તિમાન છે, એ જાતિની તેઓની કલ્પનાને સખ્ત ફટકો પડે છે. જૈનોના ઈશ્વિર જગતના સ્રષ્ટા નથી, કિન્તુ પરિપૂર્ણ, શુદ્ધ, નિર્દોષ અને આદર્શ સ્વરૂપજ્ઞાતા છે. તેમનું એકાગ્ર મને ધ્યાન, પૂજા કે ભક્તિ અનેકવિધ બંધનોથી બદ્ધ આત્માઓને પરમ આશ્વાસનનું કારણ છે. તેમની ભક્તિ મુક્તિ માટેની યોગ્યતા પ્રાપ્ત કરાવી આપે છે : એટલું જ નહિ, કિન્તુ ભકિત સ્વયં મુક્તિ રૂપે પરિણમે છે. આટલું મહદંતર શ્રી જૈન-દર્શન અને યોગદર્શન વચ્ચે કેવળ ઈશ્વિરવિષયક માન્યતામાં પણ વિદ્યમાન હોવા છતાં, સર્વદર્શનસમભાવના ઓઠા તળે બેઉને એક માનવા કે મનાવવા તૈયાર થવું, એ નરી અજ્ઞાનતા જ છે.

વૈશેષિકદર્શન :

આત્મા અથવા પુરૂષથી જે કાંઈ સ્વતંત્ર–તે બધું પ્રકૃતિમાં સમાઈ જાય છે, એમ સાંખ્ય અને યોગ ઉભય દર્શનની માન્યતા છે. એનો તાત્પર્યાર્થ એ છે કે–આત્મા સિવાય સત્ પદાર્થમાત્ર એ પ્રકૃતિરૂપ છે. 'આકાશ, કાળ અને પરમાણુઓ જેવી જગપ્રસિદ્ધ વસ્તુઓ શું છે ?'–તેનો તાત્ત્વિક નિર્ણય આપવામાં સાંખ્યદર્શનના પ્રણેતા કપિલ અને યોગદર્શનના પ્રણેતા પતંજલ ઉભય નિષ્ફળ નિવડચા છે. એ વિષયમાં ચરાચર વિશ્વબંધુ પ્રકૃતિની વિકૃતિ છે, એમ કહીને તેઓને સંતોષ માનવો પડચો છે. વૈશેષિકદર્શન આકાશ, કાળ અને પરમાણુઓ સંબંધી પણ કાંઈક તાત્ત્વિક નિર્ણય આપવા તૈયાર થાય છે. તેઓના મતે આત્મા અને કર્મની

જેમ દિશા, કાળ અને પરમાણુ પણ અનાદિ અને સ્વતંત્ર સત્ પદાર્થો છે. સ્વભાવ અને લક્ષણો ભિન્ન ભિન્ન હોવા છતાં દિશા, કાળ અને પરમાણુઓને એક જ પ્રકૃતિનો વિકાર માનવા યુક્તિપ્રવીણ વૈશેષિકો કે નૈયાયિકો તૈયાર થતા નથી. ચાર્વાક કેવળ પ્રત્યક્ષવાદી હોવાથી અને શૂન્યવાદી બૌદ્ધ કોઈ પદાર્થનો જ સ્વીકાર નહિ કરનાર હોવાથી દિશા, કાળ આદિને ન માને એ બનવાયોગ્ય છે : પરંતુ અનુમાનાદિ અન્ય પ્રમાણોને માન્ય રાખનાર પદાર્થવાદી સાંખ્ય, યોગ અને વેદાન્તાદિ દર્શનો પણ એની પૃથક્ સત્તા છે કે નહિ, તેનો નિર્ણય કરી શક્યા નથી. એજ તે તે દર્શનના પ્રણેતાઓની અલ્પજ્ઞતા સૂચવવા માટે પર્યાપ્ત પ્રમાણ છે. શ્રી જૈનદર્શનની જેમ માત્ર વૈશેષિક અને નૈયાયિક દર્શને આકાશ (દિશા), કાળ અને પરમાણુઓ પણ સ્વતત્ર દ્રવ્યો છે, એમ પ્રતિપાદન કર્યું છે.

**નૈયાયિકદર્શન :**

વૈશેષિકની જેમ નૈયાયિકો પણ એ ત્રણેને પૃથક્ દ્રવ્યો માને છે : એટલું જ નહિ, કિન્તુ ગૌતમપ્રણીત ન્યાયદર્શને પોતે માનેલા પદાર્થોની સિદ્ધિ માટે યુક્તિપ્રયોગ પણ બીજાં દર્શનો કરતાં વધુ પ્રમાણમાં કર્યો છે. તર્કવિદ્યા, એ ગૌતમીય ન્યાય-દર્શનનું પ્રધાન અંગ છે. અનુમાનનાં અંગો-પક્ષ, હેતુ, સાધ્ય, ઉપનય, નિગમન આદિ-વિષયક લંબાણુ વિવેચન જેટલું ગૌત-મીય ન્યાયદર્શનમાં નજરે ચઢે છે, તેટલું વૈશેષિકાદિ ઈતર દર્શનોમાં નથી, એ વાત સત્ય છે : તે છતાં યુક્તિપુર:સર પદાર્થોના પ્રતિપાદનનો સ્વીકાર કરનાર ન્યાયદર્શન કે દિશા, કાળ અને પરમાણુ આદિને સ્વતંત્ર દ્રવ્યો તરીકે સ્વીકારનાર વૈશેષિકદર્શન પણ શ્રી જૈનદર્શનની હરોળમાં આવી શકે

તેમ તો છે જ નહિ. શ્રી જૈનદર્શન અને ન્યાય-વૈશેષિક દર્શન વચ્ચે અમૂક દ્રવ્યો તથા અમૂક યુક્તિઓ વિષયક સમાનતા હોવા છતાં, જે જાતિનું દ્રવ્યવિષયક તથા યુક્તિવિષયક યથાર્થ પ્રતિપાદન શ્રી જૈનદર્શનમાં રહેલું છે, તેનો એક અંશ પણ પણ ન્યાય-વૈશેષિક દર્શનોમાં મળે તેમ નથી. લોકવ્યવસ્થાનાં મૂળભૂત ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો તથા લોકમાં રહેલા અનન્તાનન્ત જીવોનું પ્રતિપાદન તેમજ સ્યાદ્વાદ અને સપ્તભંગી નયાદિ યુક્તિઓનો સમૂહ, જે શ્રી જૈનદર્શનમાં છે, તેનો તે દર્શનો સ્પર્શ પણ કરી શક્યાં નથી. શ્રી જૈનદર્શનનો દ્રવ્યવાદ, જીવવાદ, અજીવવાદ તથા સ્યાદ્વાદ કેસરીની ગર્જનાઓથી ગર્જિત યુક્તિવાદ કેવળ ભારતવર્ષના જ નહિ, કિન્તુ દુનિયાના કોઈ પણ મત, પંથ કે દર્શનમાં શોધ્યા જડે તેમ નથી, એ જ શ્રી જૈનદર્શનની અન્ય સર્વ દર્શનો કરતાં સર્વોપરિતા સૂચવવા માટે સર્વોત્તમ પ્રમાણ છે.

નિષ્પક્ષ અવલોકન :

ઉપર મુજબ ભારતનાં મૂખ્ય મૂખ્ય દર્શનોનું સામાન્ય પ્રતિપાદન અને શ્રી જૈનદર્શનનું સામાન્ય પ્રતિપાદન પણ કેટલું મહદંતર ધરાવે છે, એ સમજી શકનાર આત્મા કયી રીતે કહી શકે એમ છે કે-'જગતનાં સર્વ દર્શનોમાં મતભેદ છે જ નહિ ?' અગર 'મતભેદ છે તો પણ બધાનો ઉદ્દેશ એક જ છે ?' જો એક જ ઉદ્દેશ છે, તો મતભેદ થવાનું કારણ શું છે ? બધાં દર્શનોના પ્રણેતા અનન્તજ્ઞાની અગર સરખા જ્ઞાની છે એમ મનાય, તો મતભેદ ઉત્પન્ન થવાનું કોઈ કારણ રહેતું નથી. મતભેદ છે એ ચોક્કસ છે, તો પછી તેના પ્રણેતાઓ સરખા જ્ઞાનવાળા નથી એ પણ ચોક્કસ છે. સરખા જ્ઞાનવાળા

નથી, માટે જ સંપૂર્ણ જ્ઞાનિનું પ્રતિપાદન કર્યું હોઈ શકે, એની પરીક્ષા કરવી આવશ્યક છે. એ પરીક્ષામાં શ્રી જૈનદર્શન સિવાય અન્ય કોઈ પણ દર્શન ઉત્તીર્ણ થઈ શકે એમ નથી. દરેક દર્શનોનાં જૂદાં જૂદાં પ્રતિપાદનોના નિષ્પક્ષ અવલોકનથી એ વાતનો નિર્ણય કરવો સરલહૃદયી અને વિચક્ષણ આત્મા માટે મુશ્કેલ નથી.

ગૂન્હાહિત કાર્ય:

આજે જે જાતિનો સર્વદર્શનસમભાવનો વાયુ પ્રસરી રહ્યો છે, તે સર્વ દર્શનના અભ્યાસમાંથી જન્મેલો છે કે અનભ્યાસમાંથી, તે કહી શકાય તેમ નથી. પોતાને સર્વ દર્શનના અભ્યાસી કહેવડાવનારાઓ પણ સર્વ દર્શનોને સમાન કહે છે અને સર્વ દર્શનોનો અભ્યાસ નહિ કરનારાઓ પણ બધાં દર્શનોનો આશય એક જ છે એમ બોલે છે. અહીં એ કહ્યા વિના ચાલી શકે તેમ નથી કે-તેમ બોલનારા જો જ્ઞાની હોય તો ઈરાદાપૂર્વક અસત્ય બોલે છે અને અજ્ઞાની હોય તો અજાણમાં પણ મહાપાપ કરે છે. સત્ય વાત તે છે કે-શ્રી જૈનદર્શન અને અન્ય દર્શનોનાં સામાન્ય પ્રતિપાદનોમાં પણ જો આટલું અંતર સ્પષ્ટ જોઈ શકાય છે, તો તેનાં વિશેષ પ્રતિપાદનોમાં તો સુમેરૂ અને પરમાણુ જેટલું મહદંતર પડી જતું હોય, તો તેમાં લેશ માત્ર આશ્ચર્ય નથી. જેટલાં દર્શનો આ ભારતવર્ષમાં ગણાય છે, તે બધાં ભિન્ન ભિન્ન સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરે છે અને તેમાંથી એક પણ દર્શન શ્રી જૈનદર્શનને છોડીને સંપૂર્ણ પદાર્થોનું કે સઘળી યુક્તિઓનું પ્રતિપાદન કરી શકવા સમર્થ થઇ શકેલ નથી. અન્ય દર્શનોએ પોતાના મતની સિદ્ધિ માટે જે પદાર્થો અને

જે યુક્તિઓનું પ્રતિપાદન કરેલ છે, તે તદ્દન અધુરૂં અને અસંગત છે અને એ જ વસ્તુ એના પ્રણેતાઓની અસર્વજ્ઞતા અને અલ્પજ્ઞતાને સિદ્ધ કરે છે. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં પણ, સર્વદર્શનસમભાવની ભાવના કેળવવી કે પ્રચારવી, એ સર્વ દર્શનના પંડિત હોવાનું અભિમાન લેનારાઓ માટે કેટલું અઘટિત યાને ઈરાદાપૂર્વક ગૂન્હાહિત કાર્ય છે, એ સૌ કોઈ સમજી શકે તેમ છે. જો કે–એ ગૂન્હો એવો નથી કે–જેનું શાસન વર્તમાન સરકાર કે સત્તા કરી શકે : તો પણ ગૂન્હો તે ગૂન્હો જ છે. ગૂન્હો કર્યા પછી તેના શાસનમાંથી વર્તમાનકાળે છૂટી જનારા ભવિષ્યમાં પણ તેના શિક્ષાથી છૂટી જનારા છે, એવી માન્યતા બાલીશ છે. એવી બાલીશ માન્યતા ધરાવવા માટે કોઈ પણ બુદ્ધિમાન તૈયાર હોય, એમ માની શકાય તેમ નથી.

## ઉદારતા કે ઉડાઉપણું ?

સર્વદર્શનસમભાવનો પ્રચાર ઈતર દર્શનોને હજુ પાલવી શકે તેમ છે, પરન્તુ સર્વશ્રેષ્ઠ શ્રી જૈનદર્શનના અનુયાયિઓને એ જાતિના પ્રચારમાં સહમત થવું, એ કયી રીતિએ પાલવી શકે તેમ છે ? તેમ છતાં તેવા પ્રકારના તીવ્ર મિથ્યાત્વ-મોહનીય રૂપી કારમા રોગથી રીબાતા આત્માઓ શ્રી જૈન-દર્શનને પણ ઈતર દર્શનોની સમાન માનવા કે કહેવા તૈયાર થાય, તો તેમાં તેઓની દુર્ભાગ્યતા જ કારણ છે : પરન્તુ–'તેવાઓ શ્રી જૈનદશનના અગર સર્વ દર્શનના પંડિત છે, એટલું જ નહિ કિન્તુ ઉદાર વિચારોને ફેલાવનારા છે.'–એવું માનવાની ભૂલ અજાણતાં પણ જૈનસમાજની કોઈ પણ વ્યક્તિ ન કરે, એની ચેતવણી માટે આ લેખનો પ્રયાસ છે. પરમોપકારી

કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ પણ આસન્નોપકારી, ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવની સ્તવના કરતાં કરતાં, તે દ્વારા પણ આપણને એ જ ચેતવણી આપી છે કે—

" सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये, मणौ च काचे च समानुबन्धाः ॥१॥"

**–इति श्री अयोगव्यवच्छेदद्वात्रिंशिकायाम् ।**

**ભાવાર્થ**—" હે નાથ ! જે પરીક્ષકો મધ્યસ્થતાનો દાવો કરીને તારૂં શાસન અને અન્યનું શાસન સમાન છે એવો દેખાવ ધારણ કરે છે, તે આત્માઓ ખરેખર મધ્યસ્થ નથી, કિન્તુ એક પ્રકારના તારા શાસનના દ્વેષી આત્માઓ છે: એટલું જ નહિ કિન્તુ જગતના પણ હિતશત્રુઓ છે, એમાં લેશ માત્ર સંદેહ નથી: કારણ કે–તેઓ મણિ અને કાચમાં સમાનતાની બુદ્ધિને પેદા કરાવી, જગતને છેતરવાનો અધમમાં અધમ પ્રયાસ કરનારા છે. "

**" शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥ १ ॥**

" સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણિઓના સમૂહો પરહિતમાં નિરક્ત બનો, દોષો નાશને પામો અને સર્વત્ર લોક સુખી થાઓ. " એજ એક ભાવનાપૂર્વક આ લેખ અને પુસ્તક સમાપ્ત કરવામાં આવે છે.

## અગત્યના સુધારા

૧–પૃ. ૭૩મામાં ત્રણ જગોએ '**પ્રાગ્ભાવ**' શબ્દ છપાયો છે, તેને બદલે '**પ્રાગભાવ**' અર્થાત્–પ્રાગ્+અભાવ એમ જોઈએ.

૨–પૃ. ૯૧ ની ૪થી લાઈનમાં છેલ્લો શબ્દ "**શરીરાદિનો**" છપાયો છે, તેને બદલે "**શરીરાદિ**"–એમ જોઈએ : અર્થાત્–'નો' એટલું ભૂલથી વધારે છપાયેલ છે.

૩–પૃ. ૮૯, ૯૧, ૯૩, ૯૫, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૩, ૧૦૫, ૧૦૭, ૧૦૯, ૧૧૧ અને ૧૧૩માં ઉપલી ફીગરની લાઇનોમાં "...**ત્રણ વિનાશક ચેપી બદીઓ**"–એમ છપાયેલ છે, તેની જગ્યાએ–"...**આત્મા અને પરલોક છે કે નહિ ?**"–એમ જોઈએ.

૪–પૃ. ૧૧૫, ૧૧૭, ૧૧૯, ૧૨૧, ૧૨૩, ૧૨૫ અને ૧૨૭માં ઉપલી ફીગરની લાઈનોમાં–"...**ત્રણ વિનાશક ચેપી બદીઓ**" એમ છપાયેલ છે, તેની જગ્યાએ–"...**પુણ્ય અને પાપનો વિવેક**" એમ જોઈએ.

૫–પૃ. ૧૩૮માની ૮મી અને ૯મી લીટીમાં છપાયું છે કે–"**અને નયનો તથા મુખ શ્રી જિનમૂર્તિની નિન્દા કરવા રૂપ વિષથી વ્યાપ્ત બની ગએલાં છે.**" એની જગ્યાએ એમ જોઈએ કે–"**અને નયનો તથા મુખ શ્રી જિનમૂર્તિ પ્રત્યેની અરૂચિ તથા નિન્દા કરવા રૂપ વિષથી વ્યાપ્ત બની ગયેલાં છે.**"

૬-પૃ. ૧૪૫ની ૨૩મી લીટીની શરૂઆતમાં "છે." એ શબ્દથી જે વાક્ય પૂર્ણ થાય છે, તે વાક્યમાં જ છેલ્લે ઉમેરવું કે-"**અથવા સ્તંભનો આધાર ઘર છે.**"

૭-પૃ. ૧૬૧માની ૮મી લીટીમાં '**સ્ફુટ્**' એમ છપાયું છે, તેને બદલે '**સ્ફુટ**'-એમ જોઈએ.

૮-પૃ. ૧૭૩માની ૨૩મી લીટીમાં જ્યાં "**હાસ્યાસ્પદ**" શબ્દ છપાયો છે, ત્યાં તેને બદલે "**કરૂણાસ્પદ**" શબ્દ જોઈએ.

૯-પૃ. ૨૦૫માની ૨૧મી લાઈનમાં જે "**વિશ્વબંધુ**" શબ્દ છપાયો છે, તેની જગ્યાએ-"**વિશ્વ બધું**"-એમ જોઈએ.

આ ઉપરાન્ત કેટલેક સ્થળે છાપતાં ટાઈપોની હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ, હ્રસ્વ ઉ, દીર્ઘ ઊ, રેફ, વિગેરે તૂટી ગયેલ હોય (જેમકે-આધકને બદલે આધક થઈ ગયું હોય) તે તથા પ્રુફસંશોધન દોષ કે મતિદોષથી જે ભૂલો રહી જવા પામી હોય, તે સુધારી લેવાની વિનંતિ છે.

**નાસ્તિક-મત-વાદનું નિરસન**

**: પ્રથમ ભાગ :**

**સમાપ્ત**

Printed at The Virvijay Printing Press
by Ramnik P. Kothari.
Ratanpole : Sagar's Khadki, Ahmedabad.

निव्वुइ-पह-सासणयं,
जयइ सया सव्वभावदेसणयं।
कुसमय-मय-नासणयं,
जिणिंदवर-वीरसासणयं ॥

निवृत्तिमार्गनुं प्रतिपादक,
सर्व पदार्थोनुं प्ररूपक,
— अने —
मिथ्यामार्गनुं उच्छेदक
-એવું જિનેન્દ્રવર શ્રી વીરનું શાસન
સદા જયવંતુ વર્તે છે.